# ચાલતો વિસામો



GBGV2

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# વાટને વિસામે

(નવલિકાસંગ્રહ)

બીજી સુધારેલી આવૃત્તિ

સંપાદક : શ્રી ભગવતપ્રસાદ ચૌહાણ

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન
એલિસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

: પ્રકાશક :
**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી,**
સાહિત્ય સેવાસદન,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.

**પ્રથમ આવૃત્તિ :** જાન્યુઆરી, ૧૯૮૩ નકલ : ૧૦૦૦
**બીજી સુધારેલી આવૃત્તિ :** ૧૯૯૭ નકલ : ૧૦૦૦

**મૂલ્ય** રૂ. ૪૦/૦

: મુદ્રક :
**મરક્યુરી પ્રિન્ટર્સ**
૧, ધનલક્ષ્મી ચેમ્બર્સ, બીજે માળ,
કમિશ્નર ઓફિસની પાસે, શાહીબાગ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.
ફોન : (ઓ) ૫૬૨૪૦૨૯ (ઘર) ૭૪૮૦૫૫૯, ૬૪૨૩૬૫૪

# પ્રસ્તાવના

આ પુસ્તકના પ્રકાશન માટે પુત્રવધૂ શ્રીમતી વાયોલેટ સીડની સેમ્યુલ તરફથી પોતાનાં વહાલાં મરહૂમ સાસુ શ્રીમતી કુસુમબહેન તથા વહાલા સસરા મરહૂમ શ્રી અર્નેસ્ટ સેમ્યુલ ક્રિશ્ચિયનનાં સ્મરણાર્થે ઈ.સ. ૧૯૯૪માં રૂા.૫૦૦૦/-નું ઉમદા દાન આપ્યુંછે આ માટે શ્રીમતી વાયોલેટબહેનનો હું હૃદયના ઊંડાણથી આભાર માનું છું.

મરહૂમ શ્રી અર્નેસ્ટ સેમ્યુલ તેઓના જીવનમાં પ્રભુએ તેમને જે અનેકગણા આશીર્વાદો આપ્યા છે તે માટે પ્રભુના નામની સ્તુતિ કરું છું. પોતાની મંડળીમાં, બાઈબલ સોસાયટીમાં અને સામાજિક ક્ષેત્રે તેઓની સેવાઓ પ્રભુએ અજાયબ રીતે આશીર્વાદિત કરી છે. આ ઉપરાંત સન્ડેસ્કૂલનાં પુસ્તકોનું ભાષાંતર તથા બીજાં અંગ્રેજી પુસ્તકોનાં ભાષાંતર કાર્યમાં પણ તેમની જે કૂનેહ હતી તે પણ પ્રભુના તરફથી મળેલી અજાયબ ભેટ હતી.

પ્રભુના આશીર્વાદોમાં તેમના બાળકોએ બહુ જ સારી કેળવણી પ્રાપ્ત કરીને નોકરીનાં સ્થળોએ ઉન્નત શિખરો સર કર્યા છે. આ ઉપરાંત તેમનાં બધાં જ બાળકો પણ સુખી તથા આશીર્વાદિત છે. પ્રભુના આ નમ્ર સેવક માટે પ્રભુનાં નામની સ્તુતિ થાઓ.

આ સમયે ફરીથી શ્રીમતી વાયોલેટબહેનનો ખરા મનથી આભાર માનુંછું. કારણ કે ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીનાં પ્રકાશન કાર્યમાં તેમનાં તરફથી અજાયબ જેવો આર્થિક ટેકો મળ્યો છે.

આ પુસ્તકની મારફતે વાંચકોને પ્રભુનો આશીર્વાદ મળશે જ એ મારી શુભ આશા તથા પ્રાર્થના છે.

પ્રભુની સેવામાં

**ઈમાનુએલ સી. ક્રિસ્ટી**

**સેક્રેટરી**

તા.૧-૧૨-'૯૭

*ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી*



**પુત્રવધૂ શ્રીમતી વાયોલેટ સીડની સેમ્યુલ તરફથી**

**માતાપિતા સ્વ. શ્રી અર્નેસ્ટ સેમ્યુલ અને**

**સ્વ. શ્રીમતી કેથરીન (કુસુમબહેન) માર્ટીન ઠક્કરના**

# સ્મરણાર્થે

**સ્વ. શ્રી અર્નેસ્ટ સેમ્યુલ ક્રિશ્ચિયન**

જન્મ : તા. ૨૦-૭-'૧૧ મરણ : તા. ૯-૫-'૮૬

**સ્વ. શ્રી કેથરીન માર્ટીન ઠક્કર (કુસુમબહેન)**

જન્મ : તા. ૨૦-૪-'૧૩ મરણ : તા. ૨૯-૧-'૮૬

# પ્રારંભે થોડુંક

૧૯૮૨-'૮૩નું વર્ષ લોકપ્રિય ખ્રિસ્તી માસિક 'ખ્રિસ્તીબંધુ'ના સુવર્ણ મહોત્સવ વર્ષ તરીકે ઊજવાઇ રહ્યુંછે. ગુજરાતમાં બહુ ઓછાં સામયિકો આવું દીર્ઘ આયુષ્ય ભોગવવા સદ્ભાગી બન્યાં છે. આ સુવર્ણ મહોત્સવના એક ભાગ રૂપે 'ખ્રિસ્તીબંધુ'ના પચાસ વર્ષના લગભગ ૬૦૦ જેવા અંકોમાંથી અમુક સારી વાર્તાઓ પસંદ કરી તેને એક પુસ્તકના રૂપમાં પ્રગટ કરવામાં આવે તેવું કાર્યવાહક સમિતિમાં નક્કી થયું અને તેનું સુફળ તે આ પ્રકાશન.

ગુજરાતી ખ્રિસ્તી સાહિત્યનો ઈતિહાસ જોતાં તેમાં પ્રારંભનાં વર્ષોમાં ઓછું રચનાત્મક સાહિત્ય પ્રસિદ્ધ થયેલું દેખાય છે. મોટે ભાગે અનૂદિત ધાર્મિક સાહિત્ય જ છે. કવિતાના ક્ષેત્રમાં થોડીક આશાસ્પદ કલમો દૃશ્યમાન થાય છે, પરંતુ નવલિકાને ક્ષેત્રે ઝાઝું કામ થયેલું દેખાતું નથી. પરંતુ છેલ્લાં થોડાંક વર્ષોમાં એ સ્પષ્ટ રીતે દેખાવા માંડ્યુંછે કે ગુજરાતના ખ્રિસ્તી સમાજમાંથી સારી નવલિકાઓ રચી શકે તેવાં યુવાનયુવતીઓ પણ છે. નવલિકાનાં બધાં જ ઘટક તત્ત્વો-વસ્તુ, વસ્તુ સંકલના, પાત્રાલેખન, સંવાદ, ભાષા, શૈલી, શબ્દચિત્રો વગેરે ધ્યાનમાં રાખી આ વાર્તાઓ રચાઈ છે. થોડુંક આધુનિકતાનું તત્ત્વ (modernity) આ વાર્તાઓ ખૂટતું ગણાશે, પણ મારા નમ્ર અભિપ્રાય મુજબ તેમાં કેટલીક સુશ્લિષ્ટ અને સુવાચ્ય વાર્તાઓછે. એમાં પણ કેટલાક માટે વાર્તાલેખનનાં આ પ્રારંભિક પ્રયાસો પણ હશે, પરંતુ સ્પષ્ટપણે મોટા ભાગનાં લેખક-લેખિકાઓ પાસે અભિવ્યક્તિની સચોટતા, વર્ણનકલાનું સામર્થ્ય અને વસ્તુગૂંથણીની અસરકારકતા પણ છે જ. વાર્તાઓમાં સ્વાભાવિક રીતે થોડુંક ઉપદેશનું તત્ત્વ છે, પરંતુ મોટા ભાગની વાર્તાઓ ઉપદેશના ભારથી દબાઈ ગઈ નથી.

. બધી જ વાર્તાઓ સર્વથા દોષમુક્ત છે એવું કહી શકાય તેમ નથી. કેટલીક વાર્તાઓમાં સચોટતા અને સરસતા સુસંકલિત રીતે સંકળાયેલા જોવા મળતાં નથી. પાત્રાલેખન પણ કેટલીક વાર્તાઓમાં કથળે છે. અમુકમાં આરંભ અને અંતની અસરકારકતા નથી.

આમ છતાં આ વાર્તાકારોનું ભવિષ્ય અત્યંત ઊજળું છે. આ વાર્તાલેખકો હજુ પણ નવલિકાને ક્ષેત્રે વધુ ગજુ કાઢશે-વધુ વિકાસ સાધશે અને ગુજરાતના નવલિકા આકાશમાં પોતાનું સ્થાન શોભાવશે- તેજસ્વી તારકો તરીકે શોભી રહેશે-તેવી સાચા અંતઃકરણની સદ્ભાવનાપૂર્ણ શુભેચ્છાઓ.

પ્રૂફ વાચનમાં કરેલી મદદ માટે શ્રી ઈમાનુએલ સી. ક્રિસ્ટીનો આભાર માનું છું. ટ્રાક્ટ સોસાયટીના પ્રમુખ રેવ. જયાનંદ ચૌહાન અને સેક્રેટરી ડૉ. હેમીલ્ટન સત્વેદીનો પણ તેમના સાથસહકાર માટે આભારી છું.

આ આવૃત્તિમાં કેટલીક નવી વાર્તાઓ ઉમેરવામાં આવી છે તે પૃષ્ઠમર્યાદા સાચવવા અમુક વાર્તાઓને રદ કરવામાં આવી છે.

**તા. ૨૬-૧-૧૯૯૫** **- ભગવતપ્રસાદ ચૌહાણ**

●●●

## અ...નુ...ક...મ...ણિ...કા


| વિષય | લેખકનું નામ | પૃષ્ઠ |
|---|---|---|
| ● વિમલ | શ્રી પીટર અંતુનભાઈ ............ | ૧ |
| ● અધૂરાં અરમાન | શ્રી ક્રિસ્ટોફર એચ. રાઠોડ ...... | ૧૬ |
| ● વિષવેલ | શ્રી પીટર અંતુનભાઈ .......... | ૨૯ |
| ● રાજીનામું | શ્રી ભાઈલાલ એમ. સોલંકી .... | ૪૦ |
| ● અભિપ્રાય | કુ. ભારતી એફ. પટેલ .......... | ૪૬ |
| ● વિસામો | શ્રી. ક્રિસ્ટોફર એચ. રાઠોડ ..... | ૫૫ |
| ● હાથ | શ્રી શાંતિલાલ ખુ. ખ્રિસ્તી ...... | ૬૧ |
| ● અનાથોથનાં ખેતરોમાં | શ્રી ભાઈલાલ એમ. સોલંકી .... | ૬૯ |
| ● 'રિયાલિટી' (વાસ્તવિક્તાં) | શ્રી એલ્હાનાન લુસિયસ ........ | ૭૫ |
| ● જેને દેવે જોડ્યાં છે. | શ્રીમતી ભારતી સત્યપાલ ...... | ૭૯ |
| ● દિવ્યજ્યોતિ | શ્રી પીટર અંતુનભાઈ .......... | ૮૫ |
| ● મહેક | શ્રી ક્રિસ્ટોફર એચ. રાઠોડ ...... | ૯૫ |
| ● શ્રેયસ | રેવ. જોસફ જી. ક્રિશ્ચિયન ..... | ૧૦૪ |
| ● પુનરુત્થાનની પ્રભાતે | ......................... | ૧૧૫ |
| ● મહાન આશા | પ્રીતિ સેસીલ ઘડિયાળી........ | ૧૧૯ |
| ● જીવનની સફળતા | ......................... | ૧૨૩ |
| ● અનુરાગ | કાન્તિ જે. કૉન્ટ્રેક્ટર .......... | ૧૨૭ |
| ● ક્યાં સુધી ?...?...? | શ્રીમતી મીનલ જે. મિસ્ત્રી ..... | ૧૩૪ |
| ● માનવતાની મહેંક | પીટર એ. બ્રિગેન્ઝા .......... | ૧૩૯ |

| | | |
|---|---|---|
| ● દિલની મોટાઈ | સ્નેહા ક્રિશ્ચિઅન | ૧૫૮ |
| ● આકાશનાં આંસુ | પ્રસાદ | ૧૬૨ |
| ● ચમત્કાર | પકેશ ઠાકોર | ૧૬૬ |
| ● નવું જીવન | કું. પ્રીતિ ગિલ્બર્ટ મેકવાન | ૧૭૧ |
| ● ચિત્કાર (નવલિકા) | વસંત કામદાર | ૧૭૪ |
| ● બૂમરેંગ | સંજયકુમાર સેમ્યુઅલ મેકવાન | ૧૮૦ |
| ● રોંગ નંબર | માઈકલભાઈ ક્રિશ્ચિયન | ૧૮૬ |
| ● સૂરમંદિર | શ્રી સુધીર એમ. સીઓની | ૧૯૨ |
| ● થોમાની આંગળી | | ૧૯૮ |
| ● જીવન-પરિવર્તન | ભગવતપ્રસાદ ચૌહાણ | ૨૦૬ |
| ● આતંકવાદીની સાથે | રેવ. ડૉ.જે.એચ.આનંદ | ૨૧૨ |
| | ક્રિસમસની એક રાત | |
| ● અનોખી નાતાલ | કુ. મીનલ લિંકન ક્રિશ્ચિયન | ૨૨૨ |
| ● 'શમે ના વેર થી વેર' | કુ. મીનલ લિંકન ક્રિશ્ચિયન | ૨૨૬ |
| ● ઓળખાણ | રેવ.યાકૂબ એલ. મેકમાન | ૨૩૫ |
| ● નાતાલની આગલી સાંજ | માઈકલ એસ. ક્રિશ્ચિયન | ૨૩૮ |
| ● આવારા | કુ. ભારતી એફ. પટેલ | ૨૪૨ |
| ● અભિપ્રાય | કુ. ભારતી એફ. પટેલ | ૨૫૦ |
| ● આત્મસંતોષ | કુ. ભારતી એફ. પટેલ | ૨૫૮ |
| ● હિરણ્યની ભાવના | કુ. ભારતી એફ. પટેલ | ૨૬૫ |
| ● જિંદગી | કુ. ભારતી એફ. પટેલ | ૨૭૧ |


●●●

# વિમલ

*શ્રી પીટર અંતુનભાઈ, અંકલેશ્વર*

ધવલને ત્યાં આજે આનંદ આનંદ થઈ રહ્યો હતો. હવેલીને સુંદર રીતે નવો ઓપ આપી શણગારવામાં આવી હતી. આવતી કાલે એની ધર્મભગિની વિમલનાં લગ્ન હતાં. સગાંસંબંધી તથા મિત્રમંડળને નિમંત્રણો અપાઈ ચૂક્યાં હતાં.

વિમલનો અતીત ઘણા વિચિત્ર પ્રકારનો હતો. અઢાર વર્ષ પહેલાં જ્યારે તે નવજાત શિશુ હતી ત્યારે ધવલની હવેલીના બાગમાં લૂગડામાં લપેટીને કોઈ તેને ત્યાં મૂકી ગયું હતું. ત્યારે ધવલની ઉંમર માત્ર ૧૦ વર્ષની હતી. સવારે બાગમાં રમતાં રમતાં રડતાં બાળક પર તેની નજર પડતાં તે દાદીમાં પાસે દોડી ગયો અને ઊંચા શ્વાસે બધું ઓચરી દીધું. બહાવરા બની દાદીમાં ત્યાં દોડી ગયાં અને ત્યારે ખબર પડી કે તે બાળકી છે. ત્યારે હરખપદુડાં બની ગયાં હતાં, કારણ કે તેમના ત્યાં પૌત્રમાં એક માત્ર ધવલ જ હતો.

દાદીના પુત્ર રાહુલને લગ્ન થયાને માંડ મહિનો થયો હતો. અને કાર દુર્ઘટનામાં તે માર્યો ગયો હતો. કોડીલી નવવધૂ રોહિણી વિધવા બની. વિધવા થતાં તેના કોડ મૂરઝાઈ ગયા. જીવનમાં વસંત આવવાને બદલે તેના જીવન પર પાનખરનો ક્રૂર પંજો ત્રાટકી પડ્યો. વહાલસોયા પતિ સાથે જીવન જીવવાના પોતે કેટકેટલાં અરમાનો ઘડ્યાં હતાં. પણ તેમાંનું એકે સાકાર ન થયું.

જોતજોતામાં તો તેના વૈધવ્યના એક મહિના કરતાં યે ઘણા બધા દિ' વહી ગયા. ને એક દિવસ તેને ઊલટી થઈ. તરત તેના સાસુ હકીકત પામી ગયાં કે વહુના ઉદરમાં નવું જીવન પાંગરી રહ્યું છે. આવું થતાં કઈ સ્ત્રીને આનંદ નહીં થાય ? પણ પોતે તો વિધવા છે. સાસુને લાગ્યું હતું કે વહુને ક્ષોભ થતો હોય એવું લાગે છે. ત્યારે તેમણે જ રોહિણીને કહ્યું હતું, "બેટા, તારે હિંમત હારવાની જરાયે જરૂર નથી".

ત્યારે રોહિણીને તેના મૃત પતિનું માર્દવતાભર્યું એક વાક્ય યાદ આવ્યું, "એય, સાંભળે છે ?"

"શું ?"

"આપણને પ્રથમ બાબો જ આવશે."

શરમાઈ ગઈ હતી રોહિણી. દરેક પરિણીત સ્ત્રીના લગ્ન પછીની આ એક જ ઝંખના હોય છે. પોતે પણ પરિણીત સ્ત્રી હતી. પતિની એ ઈચ્છાની પુત્રપ્રાપ્તિની એષણાઓનું એક ઘેઘુર વૃક્ષ પોતામાં ઊછેરવા માગતી હતી. એના દિલમાં પણ પુત્રપ્રાપ્તિ માટેનાં અરમાનો ઈંડાના કોટલામાંથી બહાર આવતા બચ્ચાની જેમ ઠીંગરાઈ રહ્યાં હતાં. આજે જાણે એ મજાકભર્યું વાક્ય સાકાર થતું હોય એવું એણે અનુભવ્યું.

પણ પુત્રી થાય તો ?

ના, ના, પુત્રી નહીં થાય. ઈશ્વરે તેના સંસારને ઉજાડવામાં કશું જ બાકી રાખ્યું નથી, એટલે સુધી કે તેના વહાલસોયા સ્વામીને પણ પોતાની પાસેથી છીનવી લીધો હતો. શું સુખ માણ્યું હતું પોતે રાહુલ સાથે ? કશું જ નહિ ! તો શું રાહુલના અંતરમાંથી નીકળેલું એ વાક્ય ઈશ્વર સાકાર નહિ કરે ? હા જરૂર ! જેથી કરીને એમની એ

નિશાનીનું તો પોતે જતન કરી શકે, અને એ જ આશામાં તે દિવસો વિતાવવા લાગી.

અને એક દિવસ તેને શૂળ ઊપડી. રોહિણીને અવતરનાર સંતાનનો પગ ગર્ભાશયમાં વાંકો થઈ જવાથી સિઝેરિયન કરવું પડ્યું. સિઝેરિયન દ્વારા બાળક કાઢ્યું તો ખરું પણ રોહિણીનું રક્ત ઘણું વહી ગયું હોવાથી તે બચી ન શકી.

મૃત રાહુલનું રોહિણીને અપાયેલું વાક્ય સાકાર તો થયું પણ રાહુલની જેમ તે પોતાના પુત્રને જોઈ ન શકી. જાણે સંસારને સુખ ભોગવવું ગમતું ન હોય તેમ તેય તેના સ્વામીની જેમ રંગભીની વાદળીઓની મોજ માણવા દોડી ગઈ.

પુત્ર પછી વહુ પણ આ રીતે ચાલી જતાં દાદીની ગમગીનીનો કોઈ પાર રહ્યો નહીં. પાકટ વયનું પાન ખરી પડવાને બદલે તેમની સમક્ષ પુત્રો પુત્રી રૂપી નાજુક પાન ખરી પડતાં, મા-બાપોને લાગતો આઘાત ઘણો કારી હોય છે. દાદી માટે પણ એમ જ બન્યું. પરંતુ બીજી જ પળે તેમની સમક્ષ પુત્ર અને વહુનું નવલું પુષ્પ ખડું થઈ ગયું અને બાળકરૂપી પુષ્પને ઊછેરવાની સઘળી જવાબદારી તેમને શિરે છે, એ યાદ આવતાં પોતાની સઘળી ગમગીની તેમણે દૂર ખેરવી દીધી. વળી માણસ ગમગીન પણ ક્યાં સુધી રહે ? તેથી પુત્ર અને વહુની અંતિમ નિશાનીની પરવરિશ કરવાનું તેમણે શરૂ કર્યું. તેનું નામ ધવલ રાખવામાં આવ્યું. અને એ ધવલ શૈશવને પાર કરી દશ વર્ષનો કિશોર બની ગયો. જેની નજર બાગમાં રમતાં નવજાત શિશુ પર પડી. તે જ વિમલા !

હરખપદુડા બની ગયાં દાદીમા ! પણ તે બાળકી એકલી ન હતી. હર્ષઘેલાં થઈ તેમણે તેને ઊંચકી લીધી. તો તેના વીંટાળેલ કપડાંમાંથી એક ચિઠ્ઠી ખરી પડી, જેમાં લખ્યું હતું :

'પૂજ્ય દાદીમા,

ગરીબીથી ત્રાસેલી એક ખ્રિસ્તી નારી છું. ગરીબી અને ભૂખની વેદના બરદાસ્ત ન થતાં મારા પતિ ક્યાં ગયા તેના કોઈ વાવડ જ નથી. હું સગર્ભા હતી. પતિના આ રીતે ચાલ્યા જતા મારો રહ્યો સહ્યો આધાર પણ પાંગળો થઈ ગયો અને મને મારા અવતરનાર સંતાનની વધુ ચિંતા હતી કે મારી ગરીબીને કારણે મારા સંતાનને પણ મારી માફક જિંદગીની ઠોકરો ખાવી ન પડે. તેથી મને વિકલ્પ સૂઝયો કે આપને ત્યાં પૌત્રમાં માત્ર એક જ સંતાન છે. તેથી કદાચ આપ મારી પુત્રીને આપના પૌત્રના જેટલો જ પ્યાર આપી ઊછેરશો. તો મારા પતિ કે જે ગરીબીથી ત્રાસી જઈ કંઈક ચાલ્યા ગયા છે તેમની ખોજ કરી શકું. મારી રઝળપાટમાં મારી પુત્રીનું શું ? તેથી એને હું આપને સહારે છોડી જાઉં છું. આપ એની પરવરિશ કરશો તથા એને જો ખ્રિસ્તી ધર્મનું શિક્ષણ અપાય તો આપશો. પરંતુ એને ક્યારે ય પણ એ ખયાલ ન આવવા દેશો કે એ મા વગરનું સંતાન છે. આપ આટલું કરશો એમાં મને લવલેશ શંકા નથી.'

**દુઃખિયારી;**
**રોઝી**

રોઝીની પુત્રીનું દાદીમાએ જતન કરવા માંડ્યું કારણ કે પૌત્રમાં તેમને માત્ર ધવલ જ હતો. કદાચ તેઓ તેનું નામ પણ રોઝી જ રાખત પણ એ વિચારોને દૂર હડસેલી તેમણે તેનું નામ 'વિમલ' રાખ્યું કારણ કે વિમળનો અર્થ થાય છે શુદ્ધ કે પવિત્ર. વળી તે શુદ્ધ અને પવિત્ર હતી, કારણ કે નાનાં બાળકો શુદ્ધ અને પવિત્ર હોય છે જ !

સમયનાં વહેણમાં ધવલ અને વિમલ બાળક મટી યૌવનને ઉંબરે આવી ઊભાં રહ્યાં. બંને એકબીજાનાં ધર્મભગિની બંધુ હતાં. પરંતુ

ધવલે કદી પણ વિમલને પોતાની સગી બહેનથી ઓછો પ્યાર નથી કર્યો.

ધવલ ૨૦ વર્ષનો થયો ત્યારે વિમલની ઉંમર ૧૦ વર્ષની હતી. તેથી ધવલની સામે દાદીમાએ ઘરમાં નવી વહુ આવવાનો પ્રસ્તાવ મૂક્યો અને ધવલ તેમના આ પ્રસ્તાવની અવહેલના ન કરી શક્યો. અને ધવલ પરણી ગયો. ઘરમાં નવી વહુ આવી, પરંતુ નવી વહુ આવતાં પણ વિમલ પ્રત્યે ધવલનો પ્રેમ તો એટલો જ રહ્યો, જેટલો પ્રથમ હતો.

ધવલનાં લગ્ન પછીના ઘણાં વર્ષોનાં વહાણાં વાઈ ચૂક્યાં. હવે વિમલ સંપૂર્ણ યૌવનમાં આવી હતી. અને તેથી તેના યૌવનનો એ રસથાળ કોઈકના ચરણોમાં ધરી દેવા માટે ધવલે તલાશ આદરી અને એવું એક ખોરડું મળી પણ ગયું. જેમાં દીકરો અને બાપ જ હતા. બાપની છાની મિલકત હતી. પણ એમને એમ હતું કે પોતાનો દીકરો કોઈ નોકરી કરે તો સારું. અને તેથી તેમના દીકરાએ 'ડાયમંડ સેટર'નો ધંધો શરૂ કર્યો હતો.

નજદીકમાં ચર્ચ ન હોવાથી લગ્ન-મંડપમાં જ લગ્ન લેવાયાં. વળી લગ્ન મંડપમાં પણ ચર્ચ જેટલી જ ગંભીરતા જાળવી શકાય છે. લગ્નવિધિ પવિત્ર હોય છે. મુસાફર અલગ અલગ રાહેથી આવે છે. અને જીવનભરને માટે એક બની જાય છે.

લગ્ન પછી વિદાયની ઘડી જ ઘણી વસમી ઘડી હોય છે અને તે તો અનિવાર્ય છે. વિમલ માટે પણ આમ જ બન્યું. લગ્ન કરી તે હંમેશને માટે આ ઘરેથી વિદાય લઈ રહી હતી. આથી તે આસપાસની ખુશી જોઈને પણ ઉદાસ હતી. જે ઘરમાં પોતે જીવનના અઢાર વર્ષ વિતાવ્યાં હતાં, તે આજે પરાયું બની રહ્યું હતું.

જીવનમાં દરેક યુવતી માટે લગ્નની આ ઘડી એવી જ આવે છે. જ્યારે તેણે સર્વ વસ્તુનો ત્યાગ કરી દેવો પડે છે. મા-બાપને ત્યાં ભલે ને તે પ્રચુર વૈભવમાં ઊછરી કેમ ન હોય !

તેનું મન ડૂબી રહ્યું હતું. તુષાર બિંદુની માફક આંસુ તેની પલકોમાંથી વહેતાં હતાં. જે મોતીઓની માફક ચમકીને વિસર્જન થતાં હતાં. તેમાં રૂદનનો કોઈ પાર ન હતો. તેના હૃદયમાં એક અનોખી હલચલ મચી રહી હતી.જ્યારે તે વધારે સહન ન કરી શકી તો તેણે મોઢામાં સાડીનો આંચલ લઈને રડવા માંડ્યું.

ધવલની આંખોમાં આંસુ હતાં. તેણે વિચાર્યું. શું એક છોકરીની પોતાના જીવનમાં દરેક ચીજ પરાયી થઈ જાય છે ? તેણે બનેવીનો હાથ પકડી લીધો અને કહ્યું . "વિલાસ ! આજે વિમલને તમને સોંપી રહ્યો છું. મારા ઘરની રોનક ફૂલોમાં ગૂંથીને તમારા ગળામાં નાખી છે. જાણ્યે અજાણ્યે તેની કોઈ ભૂલ થાય તો મારી ભૂલ સમજી તેને માફ કરશો." દાદીમાએ તો હૈયાધારણ જ ગુમાવી દીધી હતી. અને વિમલે વિદાય લીધી.

નારી જીવનમાં સુહાગરાતનો પ્રસંગ માત્ર પ્રથમ રાત્રિએ જ આવે છે. એ સુહાગરાત માત્ર લગ્નજીવનનો જ નહિ, એના સમસ્ત જીવનનો પણ યાદગાર પ્રસંગ હોય છે. કોડીલાં વરવધૂ એકબીજાને મળવા આતુર હોય છે. તે મિલનમાં મુગ્ધતા હોય છે. યૌવન સુલભકૌતુક હોય છે.

પરંતુ વિમલની સુહાગરાત કંઈ ઓર જ હતી ! પ્રતીક્ષા કરવામાં મઝા આવે છે પણ જો એ પ્રતીક્ષાનો અંત જ આવતો ન હોય તો એ પ્રતીક્ષા ભારે પડી જાય છે. પોતાના પતિના આવવાની પ્રતીક્ષામાં હવે તેની આંખો પણ ભારે થવા લાગી. આ રાતે મોટી પાર્ટી રાખી હતી. મિત્રોને આમંત્ર્યા હતા. પરંતુ મિત્રોની એ પાર્ટીમાં શરાબના

જામ ઊછળ્યા. એક નવોઢાના અરમાનોને કચડતો રંગ ઊછળ્યો હતો! એ પ્રથમ દૃષ્ટિમાં ગમી જતા રંગની મોજ વિમલનો પતિ માણી રહ્યો હતો. રાત અડધા કરતાં ઘણી વધારે પસાર થઈ ગઈ હતી. ત્યારે વિલાસ મદિરાપાનથી વિલાસી બની આવ્યો. કમાડ ખાલી અડાડી રાખેલું હતું. પદધ્વનિ સંભળાયો. નવોઢાને પતિના પ્રથમ સ્પર્શે થતી ઝણઝણાટી માફકની ઝણઝણાટી વિમલની કાયામાં પ્રસરી ગઈ. તેના અંગે અંગમાં વીજળી દોડી ગઈ. સ્વામી આવે છે ! ભરથાર આવે છે! ને જોતજોતામાં કમાડ ખૂલ્યું. ધબકારા એટલા બધા વધી ગયા કે જાણે જીવ નીકળી જવાનો ન હોય !

પરંતુ લગ્નની પ્રથમ રાત્રે એણે શું જોયું ? એનો પતિ કે જે તેના જીવનબાગનો માળી હતો, તેની આંખો કોઈ ભયંકર જલ્લાદની આંખોની માફક લાલઘૂમ હતી. તેના મુખમાંથી માથું ફાટી જાય એવી શરાબની દુર્ગંધ આવતી હતી અને એનો એ પીધેલ પતિ પોતાના માટેનો એક હરફ સરખો યે ઉચ્ચાર્યા વિના પલંગ સામેના સોફામાં જઈને સૂઈ ગયો. પાસે જવાની વિમલની હામ ન ચાલી.

ત્યારે વિમલને લાગ્યું કે શું મારે આમ જ શેકાવાનું છે ? શું મારા અરમાનોની આ જ પ્રકારે હોળી થવાની છે ?

સુહાગરાતની એ મધુર રજનીએ તેની નીંદ વેરણ થઈ ગઈ. રાત આખી પાસાં ફેરવીને પસાર થઈ. ને પરોઢ ઊગ્યું.

રાત આખી જાણે કશું બન્યું જ નથી તે પ્રમાણે ઊઠી, નાહી ધોઈ તેણે બાઇબલ વાચન કર્યું. સસરાને ચા નાસ્તો આપ્યા. વિલાસ તો હજુ યે ઘોરતો હતો. વિમલ કામકાજમાં પરોવાઈ એ દરમિયાન વિલાસ ક્યારે ઊઠ્યો અને ઘરમાંથી ક્યારે ગયો તેનાથી વિમલ સાવ અનભિજ્ઞ હતી.

નવા ઘરમાં આવી વિમલે થોડા જ દિવસમાં સસરાનું મન જીતી લીધું. સવાર-સાંજ નિત્ય તે બાઈબલ વાચન કરતી. સાથે તે સસરાને પણ બેસાડતી. ત્યારે સસરા આવી ગુણિયલ વહુ પામવાથી કૃતકૃત્ય બની જતા. ઘણીવાર તે કહેતા, "વિમુ, બેટા, તું મારા ઘરની શોભા છે ! બેટા ! હું જાણું છું કે રાત્રે તે ઘણો જ મોડો આવ્યો હતો અને તે પણ શરાબ પીને ! બેટા પ્રથમવાર તને જોઈ પછી તને મારા ઘરની વહુ બનાવી લેવાની ઝંખના દ્રઢતર થઈ હતી એ આશાએ કે મારો દીકરો સુધરી શકે, બેટા, એ બાબતનું મેં તને કશું કહ્યું જ નથી, આજે મારા દીકરાને સુધારવાનું ભગીરથ કાર્ય તારા હાથમાં સોંપુ છું." એટલું કહેતા તેમની આંખો ચૂઈ પડી હતી.

વાત એમ હતી કે વિમલનો પતિ વિલાસ અચ્છો 'ડાયમંડ સેટર' હતો. ઉસ્તાદ હીરાજડુઓમાંનો તે એક હતો. તે એવું તો સરસ હીરા જડવાનું કામ કરે કે, એની હીરા જેટલી વીંટીમાં રૂ ઠેરવો તોય ક્યાંય તાંતણો સુદ્ધાંયે ન બાઝે. પરંતુ તેનામાં નામ પ્રમાણેના જ દુર્ગુણ હતા. તેનો સ્વભાવ ધૂની, અતડો અને કંઈ મિજાજી, થોડો શંકાશીલ પણ ખરો !

બજારોમાં તો ભાવોની રોજિંદી વધઘટ થયા જ કરે છે ને તેથી વિલાસે વધુ વિલાસી થવા માટે બે મિલ શેરો ખરીદેલા. એમાં એણે ડબલ ભાવ જોયો ને વેચી દીધા. પ્રથમના સોદામાં એને નફો થયો પછી તો એ સટ્ટાના ધંધામાં પડ્યો. છ મહિનામાં તો પરિસ્થિતિ પલટાઈ ગઈ. ડાયમંડ સેટરનો ધંધો બંધ કરી દીધો. એ ધંધામાં ઘણો નફો થયો.

પરંતુ એ બધું ક્ષણજીવી નીકળ્યું. પૈસા જેવા આવ્યા તેવા ચાલ્યા ગયા. અને માત્ર એક વર્ષમાં જ પરિસ્થિતિ પલટાઈ ગઈ. સટ્ટામાં બધું જ ખલાસ થઈ ગયું. પૈસા દરમિયાન તે શરાબની લતે ચઢી ગયો.

પૈસાના અનેક અનિષ્ટોમાં આ મુખ્ય છે. ખરાબ મિત્રોની સંગતના કારણે તે શરાબ પીતો અને જુગાર ખેલતો થઈ ગયો હતો. પિતાજી પાસેથી હાથખર્ચીના થોડા ઘણા પૈસા મળતા તેનાથી હવે તે માત્ર શરાબ જ પીતો.

પિતા પુત્રની કુટેવોથી માહિતગાર હતા. ને તેથી તેને સુધારવા માટે ઘણા પાસા ફેંકી જોયા. જેમાં તેઓ કારગત ન થયા. પરંતુ વિમલને જોતાં જ તેમની આંખોમાં એક આશાનું કિરણ ફૂટ્યું હતું કે જરૂર તેના થકી તેમનો દીકરો સારા રાહે આવશે.

પાંચમાં દિવસે પણ આમ જ બન્યું. વિલાસ ઘણો જ ચકચૂર થઈને આવ્યો હતો. વિમલે તે જોયું અને તેની પાસે જવા તૈયાર થઈ ત્યાં જ સસરા બોલ્યા.

"બેટા વહુ."

"જી, બાપુજી," "બેટા, તેને જોતા આઘાત તો તને પણ હશે. પણ તું એક બાપના હૃદયને નહિ જાણે ! એની માના મૃત્યુ પછી એને એટલાં અરમાનોથી ઊછેર્યો હતો કે, દુનિયાની ખોટી હવા તેને લાગી ન જાય ! પરંતુ મારો દીકરો એ રાહે ચાલ્યો ગયો છે. જ્યાંથી તેને પાછો..."

તેમને ત્યાં જ અટકાવતાં તે બોલી, "નહિ, બાપુજી, એવું બોલશો મા. હું તમને વચન આપું છું કે એક મહિનામાં હું એમને ન સુધારી શકું તો માનજો કે, જે વહુને તમે અરમાનોથી ઘરની શોભા બનાવવા લાવ્યા હતા, તેણે તમારા અરમાનોને કચડી નાખ્યા છે," ને એટલું બોલતાં બોલતાં તે ત્યાંથી વિલાસ ભણી ચાલી ગઈ.

તે શરાબ પી રહ્યો હતો. વિમલને જોતાં જ તે નજીક આવ્યો અને નશામાં જ બબડ્યો, " આવો દેવીજી, તમે એકલા આવ્યાં તે સારું ન લાગ્યું. સાથમાં તમારો ધવલ હોત તો ઓર વટ પડત !"

શરાબી શું બોલે છે તેનું તેને નશામાં ભાન નથી હોતું.

"સ્વામી, તમે આ શું બોલો છો ? મારી સમજમાં કશું આવતું નથી."

"તું ડરે છે શા માટે ? જીવન એક વ્યાપાર છે. અને પ્રેમ એ વ્યાપારમાં વપરાશનો ચલણી સિક્કો છે. હું સાચું જ કહું છું કે દેવીજી! એ તારી સાથે લગ્ન ન કરી શક્યો એ સાચું..."

વિમલે તેને કંપતા સ્વરમાં કહ્યું :

"આપ મારા પતિ છો, જે મનમાં આવ્યું તે બોલી દીધું પણ એટલુંય ન વિચાર્યું કે બીજાને પણ હૃદય હોય છે. આશાઓ હોય છે. આપે તો થોડી જ ક્ષણોમાં રમકડું તોડીને તે ફેંકી દીધું. આ જ કેટલા દિ'થી આ ઘરમાં આવી છું... પણ તેની વાતને ત્યાં જ અધ્યાહાર રાખતાં તે લવી ઊઠ્યો : "હું કવિની ભાષા નહિ તારો ઉત્તર ચાહું છું."

"મને ખબર છે. આપ મારી પાસેથી પૈસા ઇચ્છો છો. તો એક કામ કરો મને બજારમાં લઈ જઈને લિલામ કરી દો."

"વિમલ !" તે ક્રોધમાં બૂમ પાડી ઊઠ્યો.

"જીવન એક વ્યાપાર છે. અને પ્રેમ એ વ્યાપારમાં ચાલવાવાળો ચલણી સિક્કો છે. જ્યારે આ દેહમાં બંને છે તો પછી એનું લિલામ નહીં કરશો તો શું કરશો, મારા પ્યાર."

તેણે વિમલના ગાલ પર તમાચો ચોડી દીધો. એક ધડાકો થયો ને મૌન છવાઈ ગયું. ભોળી ભલી વિમલે પોતાની અપૂર્ણ આશાઓ પર તમાચો પડતો જોયો અને તે સમસમી ગઈ. તેને એ આશા ન હતી કે વિલાસ તેનું આટલું હદ સુધી અપમાન કરશે અને જેવી તે આવી હતી તેવી ત્યાંથી ચાલી ગઈ.

એ પછીના બે દિવસ કોઈ કોઈની સાથે ન બોલ્યું. જાણે આખી હવેલીએ કોઈના મૃત્યુનો શોક ન પાળ્યો હોય ! પરંતુ વિમલે બાઈબલ વાચન ચાલુ જ રાખ્યું. સાથે સસરાની જરૂરિયાતોને પણ સાચવી લેતી.

ત્રીજો દિવસ થયો અને ફરી પાછો વિલાસ નશામાં ચકચૂર થઈને આવ્યો. આવે ટાણે વિમલ તેની પાસે જવાનું ટાળી ન શકી. તેનામાં ઉદાત્ત ગુણોનો ભંડાર હતો. ઉપરાંત વિલાસ તેનો સ્વામી હતો.

જેવી તે વિલાસ પાસે ગઈ કે તેણે તેને શરાબ બનાવતો જોયો. બહાર તો તે પીતો હતો. પરંતુ ઘરને પણ તેણે મદ્યખાનું બનાવી મૂક્યું. વિમલને જોતાં જ તે લવી ઊઠ્યો.

"આવો, દેવીજી, આજે તો મારે તમારા હાથનો જ શરાબ પીવો છે." કહેતાં તેણે શરાબનો જામ તેના તરફ લંબાવ્યો.

શરાબની બદબૂથી સમસમી ગઈ, વિમલ !

'કેમ, તને શરાબ સારો નથી લાગતો ?' કહી તેણે તેનો હાથ પકડી પોતા તરફ ખેંચી, "સારું તું ન પીવડાવે તો કાંઈ નહીં, હું જ તને પીવડાવું છું." કહી તેણે શરાબનો જામ તેના તરફ લંબાવ્યો.

ગભરાઈ ગઈ વિમલ, અને ઝટકો મારી તેની પકડમાંથી દૂર થઈ ગઈ.

"પગલી ડરે છે શા માટે ? દિલનું જે દર્દ છે તે ચાલ્યું જશે, ચેન મળશે." કહેતાં તેણે તેને પકડી અને જામ ફરી તેનાં મોં આગળ ધર્યો.

"છોડો મને" કહેતાં તેણે એક હાથ ગ્લાસ પર માર્યો ને તે દૂર જઈને પડ્યો, અને ચૂરચૂર થઈ ગયો.

ગ્લાસ તૂટ્યો ને વિલાસની આંખોમાંથી અંગારા વરસવા લાગ્યા. તેને એવું લાગ્યું કે જાણે વિમલે તેના દિલને ઝાટકાથી તોડી નાખ્યું છે. તેણે શરાબની બોટલ પકડવા હાથ લંબાવ્યો. પરંતુ વિમલે તરત તેનો હાથ થામી લીધો, અને કહ્યું, "આજે હું તમને વધારે નહીં પીવા દઉં."

"કેમ ?" તે ગર્જ્યો. "તારી આ હિંમત ?"

"દરેક વાતની સીમા હોય છે."

"ઓહ સીમા !"

"તો શું જુલમની સીમા નથી હોતી ? અત્યાચારની કોઈ સીમા નહીં ? આપ મારા પર કેવો જુલમ કરી રહ્યા છો ?"

"હું...હું"...ક્ષણ માટે તે નિરુત્તર થઈ ગયો.

"કહોને આ શું છે ? જુલમ નથી કે આપ મારી સાથે કેવો વ્યવહાર કરી રહ્યા છો ? આપનો આ અત્યાચાર નથી કે, મને લાચાર સમજીને મારી મરજી વિરૂદ્ધનું કામ કરી રહ્યા છો ? શું એ અન્યાય નથી કે, પત્ની હોવા છતાં આપે મારી આંખો બંધ કરવાનું વિચાર્યું અને મારી જીભ સીવી લેવા ચાહ્યું ? હું આપના રંગરાગ અને વિલાસ જોઉં અને ચૂપ રહું ? એટલા માટે કે આપ મારા પતિ છો, સ્વામી છો. શું ઈશ્વરને આપને પુરુષ હોવાને માટે આટલો અધિકાર આપ્યો છે ?"

"ઓહ ! આ ચિડિયા પણ બોલવા લાગી. વાહ રે !" અને સામે પડેલી શરાબની બોટલ ઉપાડી તેણે વિમલને મારી દીધી. એક જ ઘા અને લોહીની ટશરો ફૂટી નીકળી. બોટલ નીચે પટકતાં તે ફૂટી ગઈ. ફરસ પર શરાબ વહી રહ્યો. શરાબના એ રંગમાં વિમલના ખૂનનો રંગ ભળતાં નવો જ રંગ ખડો થયો, એ રંગમાં એ દિવસે એક જિંદગીના લક્ષ લક્ષ આંસુ વહી ગયાં.

એ ધમાલમાં સસરા ત્યાં આવી ગયા. વહુના માથેથી લોહી વહેતું જોતાં તેઓ સઘળી બીના પામી ગયા. પોતાના પુત્રને સુધારવાનું કપરું કામ તેમણે જ તેને સોંપ્યું હતું. તેનો હવે અફસોસ થવા લાગ્યો. તેમનો ગુસ્સો હદ વટાવી ગયો. હાથમાં પકડેલી છડી તેમણે વિલાસ પર ઉગામી પણ વિમલ તેમની વચમાં આવી અને તેમને વારતાં બોલી :

"રહેવા દો, બાપુજી ! નાહકનો ઝગડો થશે તો આડોશી-પાડોશીઓ પ્રેક્ષકો થશે ને ઘરની આબરુનું લિલામ થશે !"

"બેટા, લિલામ કરવામાં તેણે શું બાકી રાખ્યું છે ? તેને..." તેમને રોકતા તે બોલી, "નહિ, બાપુજી. એવું અપ્રિય બોલશો મા," કહી તે સસરાને તેમના રૂમમાં લઈ ગઈ.

સવાર થયું, નાહીધોઈ તેણે બાઈબલવાચન કર્યું.

આજે ઘણે મોડે સુધી તેણે બાઈબલવાચન કર્યું. જાણે ઈસુ વિના પાસે કોઈ દૈવી શક્તિ માગતી ન હોય ! વાચન પતાવી તેણે સસરા તથા વિલાસને ચા-નાસ્તો આપ્યા. આ પ્રકારે ઈતરકામ કરી દિવસ પૂરો કર્યો.

આજે તેણે મનમાં બરાબર ગાંઠ વાળી હતી કે, ગમે તે થાય વિલાસને સુધારવા જતાં જાનની બાજી પણ કેમ ન આપી દેવી પડે ! અને તેથી તે રોજ કરતાંયે વધારે કીમતી પોષાકમાં વિલાસ પાસે ગઈ અને બોલી.

"આપ કહેતા હતા ને કે મારે તારા હાથનો જ શરાબ પીવો છે. હું તમને તમારે જોઈએ તેટલો જ્યારે કહો ત્યારે આપીશ. માત્ર શરત એટલી કે તમારે તમારી જાતે કે અન્ય કોઈના કહેવા આપવાથી

પીવો નહિ. મારા હાથનો જ શરાબ પીવાનો. હું ખુદ જ તમને શરાબ પાઈશ !"

પહેલાં તો વિલાસ માની ન શક્યો. પણ વિમલના સ્વભાવથી તે માહિતગાર હતો. અને એ દિવસથી પતિ કહે ત્યારે, માગે તેટલો શરાબ પાવાનું વિમલે શરૂ કર્યું. શરાબની માથાફાડ વાસ શરૂશરૂમાં તો શ્વાસ રૂંધી નાખતી. ઉબકાય આવતા, પણ કાળજું કઠણ કરી બધુંય સહન કરી લીધું કારણ કે તેનાં આ પગલા પાછળ પતિના પીવા પર કાબૂ રાખવાનો એ બદીમાંથી છોડાવી, એમને સન્માર્ગે લાવવાનો તેનો આશય હતો.

શરૂશરૂમાં તો તે શુદ્ધ શરાબ પીવા આપતી. ત્યાર પછી તેણે શરાબમાં રફતે રફતે પાણીનું પ્રમાણ વધાર્યું પણ એટલું ધીમું હતું કે પતિને શરાબના સ્વાદ-ફેરની કશી જ ખબર ન પડી અને માત્ર મહિનામાં જ ધીરજ અને ચીવટ રાખી તેણે વિલાસને શરાબને બદલે પાણી પીતો કરી દીધો.

શરાબની લત છૂટતાં વિલાસ ઠેકાણે આવી ગયો એટલે સુધી કે વિમલ જેમ કહેતી તેમ જ તે કરતો, સસરાએ આ જાણ્યું ત્યારે તેમના આનંદનો પાર ન રહ્યો. તેઓ બોલ્યા, "બેટા વહુ, જે કામમાં સૌને નિષ્ફળતા મળી તેમાં તને સફળતા શી રીતે મળી ?"

"બાપુજી, તમે મને આશાથી કામ સોંપ્યું હતું અને તે માટે મેં પણ મારા પ્રભુને એ જ આશાથી જણાવ્યું હતું કે, "પ્રભુ મને સહાય કરો." અને પછી બાઈબલ લાવી કહ્યું, "બાપુજી, એ આ બાઈબલનું શુભ પરિણામ છે."

સસરા બોલ્યા, "આ આનંદના પ્રસંગે હું આ શહેરમાં નવું ચર્ચ બંધાવવા માટે રૂપિયા પચાસ હજારનું આજે જ દાન કરું છું. અને તે

માટે હમણાં જ મંડળીના પાસ્ટર સાહેબ પાસે જઈ તેમને તે બાબતની જાણ કરું છું." અને પછી આગળ બોલ્યા, "તમે બંને જણ જઈને ધવલ તથા માજીને નિમંત્રણ આપી આવો કે અહીં એક ભવ્ય પાર્ટી રાખવામાં આવી છે."

"હા,બાપુજી, આવી સુંદર વહુથી લોકોના દીકરા-દીકરીઓ જો સન્માર્ગે આવતા હોય તો, તમે તમારી વહુને કહો કે, એના નિત્ય બાઈબલવાચનમાં મને પ્રથમ બોલાવે."

"હા, બેટા. હવે તો એમ જ થશે." એટલું કહેતાં સસરા ત્યાંથી ચાલ્યા ગયા.

વિલાસે પત્નીને પોતા તરફ ખેંચી અને કહ્યું, "હવે તો આવશે ને મારી પાસે ?"

પત્ની માટે પતિનો એટલો જ સ્પર્શ અને એટલા જ શબ્દો ઘણા જ મનભાવન હોય છે. તે વિલાસના સીનામાં જડાઈ ગઈ.

વિલાસ બોલ્યો, "વિમલ ! તારે પેટે કેવા કેવા હીરલા પેદા થશે એની મને ખબર નથી. તારા જેવી સદ્ગુણી સ્ત્રી મળવાથી હું ઈશ્વરનો આભારી છું."

વિમલને શરમના શેરડા લાગી ગયા. તે બોલી :

"મને ખાતરી જ હતી કે, તમે જરૂર સુધરશો. આખરે ચંદ્ર ક્યાં સુધી વાદળોમાં છુપાયેલો રહે ?" કહેતાં તે સ્વામીના બાહુબંધમાં જકડાઈ ગઈ.

•••

# અધૂરાં અરમાન

*શ્રી. ક્રિસ્ટોફર એચ. રાઠોડ*

દહેરાદૂન એક્સપ્રેસ હવે મહાકાય મુંબઈ નગરી છોડી ગ્રામ્ય વિસ્તારમાં પ્રવેશી ચૂક્યો હતો. ધીમે ધીમે ગતિ પકડતી ટ્રેનના મધ્યભાગના ડબ્બામાં બારી પાસે બેઠેલો અરુણ બહારની સૃષ્ટિને તાકી રહ્યો હતો. વર્ષો પછી આજે તે પોતાને ઘરે જઈ રહ્યો હતો. અંતરમાં કેટલાંય અરમાન ભરીને ટ્રેનની ગતિએ બદલાતાં દૃશ્યોની સાથે અરુણના માનસપટ પર પણ એક પછી એક દૃશ્યો બદલાતાં હતાં.

ડુંગરોની હારમાળાઓ વચ્ચે પ્રકૃતિની ગોદમાં આવેલું એક નાનકડું ગામ. ગામની સીમમાંથી સર્પાકારે વહી જતી નદી. પૂર્વમાં નાનકડી ટેકરી પર આવેલું દેવળ. એક જથ્થામાં આવેલાં પચ્ચીસેક જેટલાં ખ્રિસ્તી કુટુંબોનું એ ફળિયું. અને એ ફળિયામાં સૌથી મોખરે આવેલું એક નાનકડું છતાં પાકું ઘર. અરુણ સમક્ષ એનો ભૂતકાળ તરવરી રહ્યો.

અરુણના પિતા ખેડૂત હતા. ઘરમાં પિતાજી, બા, મોટાભાઈ અનિલ અને અરુણ પોતે. એમ ચાર સભ્યોનું આ નાનકડું કુટુંબ સુખ-શાંતિની સીમાઓમાં વિચરતું.

વર્ષભરનું અનાજ રળી શકે એટલી જમીન હતી. કામગરા બળદોની સાથે ચોખ્ખાં દૂધ-ઘી પૂરી પાડતી સાંઢણી જેવી ત્રણ ભેંસો હતી. પોતાની ધિંગામસ્તીથી ઘરને સહાય કિલ્લોલતું રાખતા બંને પુત્રો પર માતા-પિતા સ્નેહની ઝડીઓ વરસાવતા.

સમય સરી રહ્યો હતો. અનિલ યુવાનીમાં પ્રવેશી ચૂક્યો હતો. જ્યારે અરુણ યુવાનીના ઉંબરે ઊભો હતો. માબાપને ખેતીકામમાં ટેકારૂપ થવા અને પોતે ખેતી સંભાળશે જ્યારે અરુણ આગળ અભ્યાસ કરશે એમ વિચારી અનિલે એસ.એસ.સી. પછી અભ્યાસ કરવાનું માંડી વાળ્યું હતું.

માનવી માટે સુખનું નિર્માણ સદાય માટે હોતું નથી. સુખના દિવસો પસાર કરતાં આ કુટુંબ પર કાળનો ક્રૂર પંજો ત્રાટક્યો. ટાઈફોઈડમાં સપડાયેલ બા અંતે મોતને ભેટ્યાં. કાળના આ ક્રૂર ફટકાનો આઘાત પિતા-પુત્રો માટે અસહ્ય થઈ પડ્યો. પરંતુ એમ ભાંગી પડ્યે છૂટકો નહતો. હિંમત અને આશ્વાસન આપતા પિતા પત્નીના મૃત્યુ પછી આ માળો વિંખાઈ ન જાય એની સતત કાળજી રાખતા.

બાના મૃત્યુને લગભગ વરસ થવા આવ્યું હતું. ઘરમાં કામ કરનાર વ્યક્તિની અને એમાંય ખાસ કરીને ગૃહિણીની ઉણપ સાલતી હતી. આથી એ જ ઉનાળામાં અનિલનાં લગ્ન લેવાયાં.

ઉષાના આગમને ઘરનાં વાતાવરણમાં કંઈક મીઠી લહેરો જાગી. નવ ધોરણ સુધી અભ્યાસ કરેલ ઉષા સ્વભાવે ધીર-ગંભીર હતી. ક્યારેક શબ્દોમાં સંગીત સથવારે એ ખૂબ રમૂજી વાતો કરી ઘરમાં અને ફળિયામાં પોતા વિષેની છાપ ખોટી ઠેરવતી ! ઘરના કામકાજ પ્રત્યે પણ ઉષા એટલી જ સભાન હતી. આથી જ ખાટલામાં બેસીને હુક્કાની લિજ્જત માણતા સસરાને પણ ઘણી વાર થતું કે, પત્નીની ખોટ વહુએ પૂરી કરી, અને આમ વિચારતાં મનોમન ઈશ્વરનો આભાર માની લેતા.

ઉનાળાની રજા પૂરી થઈ. એસ.એસ.સી પાસ કરીને અરુણ હવે નજદીકના શહેરમાં આર્ટસ કોલેજમાં દાખલ થયો. શહેરમાં અભ્યાસ અર્થે જતા પુત્રને વિદાય આપવા સીમ સુધી આવેલા પિતાની આંખમાં આંસુ આવી ગયાં. અનેક શિખામણો આપી ભારે હૈયે તેઓ પાછા વળ્યા હતા. એ સાથે મોટાભાઈની તેમ જ અરુણની આંખો પણ ભીની થઈ ગઈ હતી.

પોતાને શહેરમાં ફાવી ગયું છે અને ધ્યાન રાખીને અભ્યાસ કરે છે, એવા અરુણ તરફથી અવારનવાર પત્રો આવતા. છતાં શહેરની ઝળહળતી રોશનીમાં અરુણ આડે રસ્તે ન ચડી જાય, આથી અરુણને પત્ર લખતી વેળા પિતાજી હંમેશાં અનિલ પાસે અનેક શિખામણો લખાવતા.

શરૂઆતના એકાદ બે માસ તો અરુણમાં કશો જ ફેર ન હતો. પોતાની જિંદગી ન બગાડે એ માટે શિખામણોનો શ્રોત વરસાવતા પિતા પ્રત્યે એને અપાર લાગણી ઉપજતી. ભાઈ-ભાભીનાં પોતાને ભણીગણીને 'મોટા માણસ' બનાવવાનાં સ્વપ્નો વાંચતા એનો ચહેરો હસુ-હસુ થઈ રહેતો.

પરંતુ અરુણ ધીમે ધીમે શહેરની ઝળહળતી રોશનીમાં અંજાતો ગયો. એ હવે નહોતો રહ્યો નાનકડા ગામડાનો સાદો, શરમાળ, નિખાલસ અરુણ, હોસ્ટેલમાં એ ખરાબ મિત્રોની સોબતે ચડી ગયો હતો. એના વસ્ત્રોથી માંડીને એનાં આચાર-વિચાર, માન્યતાઓ આ બધાંમાં ધરમૂળ પરિવર્તન આવ્યું હતું. હવે પિતાના શિખામણભર્યા પત્રો વાંચતાં પિતા તરફ લાગણી ઉપજવાને બદલે એને ચીડ ચડતી. પોતે હવે કોલેજીયન છે, સુધરેલ, આગળ વધેલ છે, એવું માનતો અરુણ ગામડામાં રહેતા એ અભણ પિતા અને પોતાને 'મોટો માણસ'

બનાવવાનાં સ્વપ્નો જોતાં પ્રેમાળ ભાઈ-ભાભીને મનોમન અજ્ઞાન, ગામડીઆ અને તરંગી તરીકે ખપાવી નાખતો.

અભ્યાસના ભોગે અરુણ પોતાનાં મિત્રો સાથે હોટલો અને સિનેમાઘરોમાં પોતાનો સમય ગાળવા લાગ્યો. ઘણી વખત તો આખી રાત એની પથારી ખાલી રહેતી.

હોસ્ટેલ રેક્ટરે અરુણના આવા વર્તન અંગે ઘરે પત્ર લખ્યો. અનિલે આખો પત્ર પિતાને વાંચી સંભળાવ્યો. અનિલ પત્ર વાંચી રહ્યો ત્યારે પિતાજીના મુખમાંથી ઊંડો નિશ્વાસ સરી પડ્યો. પોતે આપેલી શિખામણો ઉપર અરુણે પાણી ફેરવી દીધું. ભાઈ અને ભાભીને પણ લાગ્યું કે, અરુણને 'મોટો માણસ' બનાવવાનું તેમનું સ્વપ્ન નંદવાઈ રહ્યું છે. બીજે દિવસે અનિલ અને પિતાજી અરુણની હોસ્ટેલે પહોંચ્યા. આટલાં વર્ષો સુધી લાડકોડમાં ઊછરેલ અરુણને કડક શબ્દોમાં ઠપકો આપવાને બદલે પિતાએ શાંતિપૂર્વક સમજાવટનો માર્ગ અપનાવ્યો. અનિલે પણ શિખામણરૂપે કહેવા જેવું કહ્યું. અરુણ નતમસ્તકે બધું સાંભળી રહ્યો હતો.

પરંતુ આડે રસ્તે ચડી ગયેલા અરુણ પર પિતાજી અને મોટા ભાઈની શિખામણોનું કશું જ ઉપજ્યું નહીં. તેણે ફરીથી પોતાનો રાબેતા મુજબનો જીવન વ્યવહાર શરૂ કર્યો. પરંતુ હવેથી રેક્ટરની નજરે ઝડપાઈ ન જવાય તેની ખૂબ જ તકેદારી રાખતો.

આમ કરતાં વરસ પૂરું થયું. પરીક્ષા આપીને અરુણ ઘરે પણ આવી ગયો. છતાં અત્યાર સુધી બીજી વાર એના વિષે કોઈપણ ફરિયાદ ન આવી તેથી અનિલ અને ખુદ પિતાજી પણ માનવા લાગ્યા કે અરુણ સુધરી ગયો છે. પરંતુ અરુણ કેટલી હદે સુધર્યો હતો કે બગડ્યો હતો તેની પ્રતીતિ તો અરુણના પરિણામના દિવસે થઈ.

સવારમાં વહેલો ઊઠીને ગ્રામપંચાયતની ઓફિસે આવતાં છાપામાં પોતાનું પરિણામ જોવા અરુણ નીકળ્યો. રસ્તે જતાં એના પરિણામ વિષે વિચારવા લાગ્યો. પોતે કેટલાય દિવસથી કોલેજ ગયો નથી, અધ્યાપકોના લેકચર્સની નોટસ ઉતારી ન હતી. અને આખું વર્ષ રખડ્યા પછી છેલ્લા મહિનામાં એણે બધા જ અભ્યાસક્રમને પહોંચી વળવા હવામાં બાચકા ભરવા જેવા પ્રયત્નો કર્યા હતા. આ બધું વિચારતાં એને પહેલેથી જ ખાતરી બંધાઈ ગઈ હતી કે, હવે તો કોઈ ચમત્કાર સિવાય પોતે પાસ થઈ શકે નહીં.

છાપું હાથમાં લઈ અરુણ પોતાનો નંબર શોધી રહ્યો હતો. પરંતુ અંતે એને નિષ્ફળતા સાંપડી. ખિન્ન ચહેરે એણે ઘર તરફ પગલાં માંડ્યાં. પોતે નાપાસ થયો છે એવું જાણતાં પિતાજી, મોટાભાઈ અને ભાભી શું કહેશે ? અભ્યાસના બદલે પોતે એશઆરામ કર્યો છે તેની સૌને જાણ થઈ જવાની છે. એક તરફ પિતાજીને શો જવાબ આપવો તે અંગે ભય લાગતો હતો. બીજી તરફ આડે રસ્તે ચડી ગયેલા જિંદગીથી પ્રાપ્ત કરેલ બેફિકરાઈથી જવાબ આપી દેવાની વૃત્તિ જન્મતી હતી. જાતજાતના વિચારો કરતો એ ઘરે પહોંચ્યો. ત્યાં જ પરસાળમાં બેઠેલા પિતાજીએ આતુરતાપૂર્વક પૂછયું : "શું થયું બેટા ? પાસ થઈ ગયો ને ?"- અરુણને પરિણામ પૂછતાં પિતાનો અવાજ સાંભળી ભાઈ-ભાભી પણ પરસાળના દરવાજે આવી ઊભાં. અરુણનો ચહેરો સાવ કાળો પડી ગયો. ધીમા અવાજે તે માત્ર એટલું જ બોલ્યો, "નાપાસ થયો."

"પણ તું નાપાસ કેવી રીતે થયો ?" પિતાજીએ ઊંચે સાદે પૂછયું.

ગમે તે રીતે પિતાના પ્રશ્નો સામે ટક્કર ઝીલવાનું મનોમન નક્કી કરેલું એટલે અરુણે જવાબ આપ્યો, "ભણવા બેઠા છીએ તો કોઈવાર નાપાસ પણ થવાય."

"પણ તું નાપાસ..." પિતાજી પોતાનું વાક્ય પૂરું કરે તે પહેલાં જ પિતાના વારંવારના આ એક પ્રશ્નથી અકળાઈ ઊઠેલ અરુણ બોલી ઊઠ્યો,- "હું નાપાસ ન થાઉં તો કોણ મારા પ્રોફેસર નાપાસ થશે?" એના અવાજમાં રોષ હતો.

અરુણના આવા જવાબોથી પિતાજીનું મુખ તંગ થવા લાગ્યું. એમની આંખોમાં ક્રોધ સ્પષ્ટ વર્તાતો હતો. ગુસ્સે થઈને એ બોલ્યા- "અરુણ ! તને આગળ વધેલો જોવાનાં અમારાં સ્વપ્ન હતાં. તને અમે કોઈ વાતની ઉણપ સાલવા દીધી નથી. તારી પાછળ અમે કેટલા પૈસાનો ધુમાડો કરી નાખ્યો અને તું..." કહેતાં ઘડીભર અટકીને એ આગળ બોલ્યા, "તેં આડા રસ્તે ચડી જઈ તારા અભ્યાસને નેવે ચડાવ્યો."

"મેં તો આખું વર્ષ અભ્યાસ પાછળ લોહીનું પાણી કર્યું છતાં નાપાસ થઉં એમાં હું શું કરું ? તમે તમારા પૈસાનો આટલો બળાપો કરો છો તે થોડાક તમારી કબરમાં પણ..."

અરુણ પોતાનું વાક્ય પૂરું કરે તે પહેલાં તો ગુસ્સાથી લાલ થઈ ઊઠેલા પિતાએ "અરુણ..."ની એક મોટી ત્રાડ નાખી એના મોં પર ત્રણ ચાર તમાચા ચોડી નાખ્યા. અનિલ ગુસ્સે થઈ ગમે તેમ બોલવા લાગ્યો. ઉષા અરુણનો હાથ પકડી ઘરમાં ખેંચી ગઈ. ખુરશી પર બેઠેલા પિતાના મુખ પર હજી ક્રોધ સ્પષ્ટ તરી આવતો હતો.

ભાભીના હાથમાંથી પોતાનો હાથ છોડાવી પોતાની બેગ ખોલી એમાં પોતાના સામાન એકઠો કરવા ઘરમાં આમતેમ દોડી રહ્યો. સાથે ગુસ્સામાં બબડતો હતો, "હું આ ઘરમાં એક મિનિટ પણ રહેવા માગતો નથી." ઉષા અને અનિલ એના હાથ પકડીને ન જવા માટે સમજાવી રહ્યાં હતાં. ઉષાની આંખમાંથી આંસુ ટપકી રહ્યાં

હતાં. અનિલ પણ ગળગળા સાદે અરુણને વારંવાર ઘર ન છોડી જવા વિનંતી કરતો હતો. પરંતુ ધૂંઆપૂંઆ થયેલો અરુણ હવે બેકાબુ બન્યો હતો. આખરે પોતાની બેગ લઈને દોડતે પગલે બહાર નીકળી ગયો. પાછળ પાછળ અનિલ અને ઉષા એને પાછો ફરવા વિનંતી કરતા જતાં હતાં. ફળિયાનાં નાનાં મોટાં સૌ અત્યાર સુધી જંપીને રહેતા આ કુટુંબમાં સંઘર્ષનો આવો પ્રથમ બનાવ નિહાળી રહ્યાં હતાં. એમાંથી પણ કેટલાંક અરુણને સમજાવી જોવાના પ્રયત્નો કર્યા, પણ આખરે બધું જ વ્યર્થ. જિદ્દી અરુણ પોતાના નિર્ણયમાં અડગ હતો.

લગભગ કલાક પછી નિરાશ થઈને પાછાં ફરેલાં અનિલ ઉષાએ ઘરમાં પગ મૂક્યો કે તરત જ આંખોમાંથી વહી જતાં અશ્રુઓને ખાળવાનો પ્રયત્ન કરતાં પિતાએ ભીના સાદે પૂછયું, "આખરે એ ન માન્યો ?"

પિતાના પ્રશ્નનો જવાબ આપવાને બદલે બંનેની આંખમાંથી આંસુ સરી પડ્યાં.

ઘર છોડીને અરુણ દિલ્હી-મુંબઈ-જનતા દ્વારા સીધો મુંબઈ પહોંચી ગયો. માયાનગરી, મુંબઈમાં પ્રથમવાર જ પગ મૂકતો અરુણ સેન્ટ્રલ સ્ટેશનનાં પગથિયાં ઉપર બેગ મૂકી થોડી વાર ઊભો રહ્યો. હવે ક્યાં જવું એ એક પ્રશ્ન હતો. પરંતુ પોતે કોલેજકાળ દરમિયાન એક વર્ષ નાનકડા શહેરનો અનુભવ લીધો હતો. તેનામાં થોડી હિંમત આવી.

સૌ પ્રથમ નજીકની જ એક સસ્તી લોજમાં ઊતર્યો અને તે જ દિવસથી કોઈ નાની સૂની નોકરી માટે એણે તપાસ આદરી. સતત રખડપટ્ટી કર્યા પછી ચોથા દિવસે તેને સાબુની એક ફેક્ટરીમાં કાઉન્ટર

ઉપર નોકરી મળી. અરુણ પ્રથમવાર જ મુંબઈ આવે છે, એમ જાણતાં ફેકટરીના માલિકે એને ફેકટરીની બાજુમાં આવેલી એક અવડ ઓરડી રહેવા માટે સાફ કરાવી આપી.

અરુણની જિંદગી હવે ફરીથી આનંદથી પસાર થવા લાગી. પોતાના ભરણપોષણ ઉપરાંત મોજશોખ પણ કરી શકે તેટલો પગાર, કોઈની રોકટોક નહીં, અને ઉપરથી મુંબઈ જેવી માયાનગરી ! મસ્તીમાં દિવસો વિતાવતો અરુણ કવચિત જ પિતા કે ભાઈ-ભાભીને યાદ કરતો. પરંતુ એ વખતે એના મોં પર ઘૃણાના ભાવ તરી આવતા. એણે નિર્ણય કરી લીધો, કે પોતે હવે આમ એકલો મોજથી જિંદગી કાઢી નાખશે અને ફરીથી ક્યારેય ઘરે પગ નહીં મૂકે. આવા નિર્ણય પાછળ એના જિદ્દી અને અભિમાની સ્વભાવનો પણ મોટો ફાળો હતો.

બીજી તરફ અરુણના ગયા પછી તેના પિતા રોજ સવારે પુત્ર આગમનની આશા લઈને ઊઠતા અને રાત્રે ઊંઘી જાય ત્યારે એ આશા ચૂર થઈ જતી. ઘણીવાર અરુણ ઉપર હાથ ઉપાડવામાં પોતે ખોટી ઉતાવળ કરી હતી એમ કહેતા અન્યની આગળ આંસુ સારતા. અનિલ અને ઉષા પણ અરુણના આગમનની રાહ જોતાં. એમનું સ્વપ્ન હવે સંપૂર્ણ તૂટી ગયું. એનો બંને જણ ખૂબ અફસોસ કરતાં. પરંતુ અરુણનો એક પણ પત્ર નહોતો. આવી વિશાળ ધરતી પર એને ક્યાં શોધવો ?

આમ કરતાં પાંચેક વર્ષ થવા આવ્યાં. એક રવિવારની સાંજે અરુણ પોતાના રહેઠાણથી થોડે દૂર આવેલા એક વિશાળ પાર્કમાં આસોપાલવના ઘટાદાર વૃક્ષના થડનો ટેકો લઈને બેઠો હતો. રજાની મઝા માણવા મુંબઈવાસીઓનાં ટોળેટોળાં આજે ઊમટી પડ્યાં હતાં. વાતાવરણમાં તાજગી ભરી દેતો મસ્ત પવન વાતો હતો. એ પવનની

લહેરોએ પાર્કમાંના ઘટાદાર વૃક્ષો જાણે નર્તન કરતાં હતાં. અરુણ એક નજરે આ સૌંદર્યને પી રહ્યો હતો. ત્યાં જ એના કાને શબ્દો પડ્યા.

"લો અબ્બા..."

"તું આ ગયા બેટા !"

અરુણે પાછળ નજર કરી, બારેક વર્ષનો ફાટ્યાં-તૂટ્યાં કપડાં પહેરેલો એક ભિખારી છોકરો પોતાના વૃદ્ધ અંધ પિતાને ભીખ માંગીને લાવેલી ખાવાની મિશ્ર વાનગીઓનું એક પડીકું હાથમાં આપી રહ્યો હતો. પેલો અંધ વૃદ્ધ હાથમાં બરાબર સંભાળીને પડીકું લેતાં બોલ્યો, "તું ભી બેઠના ! થકાન લગી હોગી."

"તુમ ખાઓ અબ્બા, મેં આપકે પાસ હી બેઠા હૂં." કહી પોતે છોકરો નીચે બેસી ગયો.

"તું અભી તક ચુપચાપ બેઠા હૈ, તું ભી ખાના," થોડીવારે વૃદ્ધે કહ્યું, "નહીં અબ્બા મુઝે ભૂખ નહીં હૈ !"

પરંતુ વૃદ્ધ પિતાના આગ્રહ આગળ છેવટે છોકરો પેલા પડીકામાંથી ખાવા લાગ્યો. પેલા વૃદ્ધના મુખ પર પુત્ર પ્રત્યેનો વાત્સલ્યભાવ રમી રહ્યો હતો. અને પુત્ર પણ પિતાને સ્નેહભરી આંખે નિરખી રહ્યો હતો.

અરુણ આ ભિક્ષુક પિતા-પુત્રને જોઈ રહ્યો. એનું મન ચકરાવે ચડ્યું. તરત જ એની નજર સમક્ષ એના પિતાની મૂર્તિ ખડી થઈ. જાણે અજાણે તે પેલા ભિક્ષુક છોકરા સાથે મનોમન પિતાની તુલના કરવા લાગ્યો. આ એક ભિક્ષુક પુત્ર, કાચી ઉંમર, દુનિયાની જવાબદારી વહન ન કરી શકે તેવી એની સ્થિતિ અને છતાંય... કેટલા પ્રેમથી એ પોતાના અંધ પિતાની શુશ્રૂષા કરતો હતો. અને

બીજો...હું! જેને પિતાએ અનેક લાડ લડાવ્યાં. ભાભીએ સમાજમાં સારા સ્થાને બિરાજી શકું માટે કેટલી કાળજી લીધી ? કેટલા પૈસા ખર્ચ્યા ? પુત્ર પ્રત્યેની એમની કેવી ઊંડી લાગણી ? અને છતાંય... એ લાગણીને, એ પ્રેમને, ઠુકરાવીને પ્રેમાળ પિતાના હૈયાને ભાંગી નાખ્યું...ક્યાં હું ? અને ક્યાં આ ભિક્ષુક છોકરો ! એની નજરમાં પેલો ભિક્ષુક છોકરો એના કરતાં લાખ દરજ્જે સારો લાગવા માંડ્યો. પશ્ચાત્તાપનો શ્રોત એના અંતરમાં વહેવા લાગ્યો. એની આંખમાંથી ટપટપ આંસુ લીલા ઘાસ ઉપર ઠરતાં હતાં.

એકાએક એણે પોતાના ઘેર જવાનો નિશ્ચય કર્યો. પણ હવે પોતાના જેવા અધમ પુત્રને પિતા ફરી સ્વીકારશે ખરા ? એના અંતરમાં એક પ્રશ્ન ઊઠ્યો. ત્યાં જ એને બાઇબલની પેલી ઉડાઉ દીકરાની વાત યાદ આવી. આનંદની એક મીઠી લહેર એના સમગ્ર મન પર ફરી વળી. હું ઘરે જઈશ. મારા પિતાજી મને કદી કાઢી નહીં મૂકે. મને સ્વીકારશે જ. હું પણ ઉડાઉ દીકરાની જેમ સાચા પશ્ચાત્તાપ સાથે આંસુઓ સહિત પિતા સમક્ષ મારી ભૂલની માફી માગીશ. પછી ?... પિતાજી મને ભેટી પડશે. પેલા ઉડાઉ દીકરાને એના પિતા ભેટ્યા હતા. તેમ ! તેઓ મને કદી તરછોડશે નહીં... ના...નહીં જ. નહીં. જ ...તીવ્ર મનોમંથનમાં સ્થળકાળ ભૂલી બેઠેલ અરુણને સમય ક્યારે પસાર થઈ ગયો તેની ખબર ન રહી. ધરતી પર પોતાનું સામ્રાજ્ય જમાવવા માગતા અંધકારે અરુણને જાગ્રત કર્યો. એણે પાછળ ફરીને જોયું. પેલા ભિક્ષુક પિતા-પુત્ર ચાલ્યા ગયા હતા. તે ઊભો થયો અને ધીમે ધીમે ઘર તરફ આગળ વધવા લાગ્યો.

આજે એણે જમવાનું ન બનાવ્યું. એને ભૂખ જ નહોતી. ઘરે આવીને બધો સામાન વ્યવસ્થિત કરવા લાગ્યો. આવતી કાલે પોતે

ઘરે જવાનો હતો; એક બેગમાં કપડાં અને જરૂરી વસ્તુઓ ભરી આખરે એ પથારીમાં પડ્યો. આજે એની ઊંઘ ઊડી ગઈ હતી. વિચારોની લાંબી હારમાળા એના નાના મગજમાં આકાર લેતી હતી. એમ ને એમ જ રાત્રિ પસાર થઈ ગઈ. સવારે ઊઠી ચા-પાણી પતાવી પોતાના શેઠ પાસે રજા લેવા ગયો. નોકરીએ લાગ્યા પછી આટલા લાંબે ગાળે પ્રથમવાર વધુ રજા લેતો હોવાથી શેઠે પણ કંઈ જ આનાકાની વગર રજા આપી.

અને અત્યારે તે વધી રહ્યો હતો પોતાના ઘર તરફ. અંતરમાં કેટલાંય અરમાન ભરીને !

પાસે બેઠેલ મુસાફરોના હલનચલનના અને સામાન લે-ઉતારના અવાજે ભૂતકાળમાં ખોવાયેલો અરુણ જાગ્રત બન્યો. ટ્રેન ઊભી રહી હતી. એણે બારીમાંથી ડોકિયું કર્યું. આ એ જ સ્ટેશન હતું જ્યાં એને ઊતરવાનું હતું. હાથમાં બેગ લઈ એ ઝડપથી નીચે ઊતરી ગયો. એણે કાંડા ઘડિયાળમાં જોયું. રાત્રિના આઠ વાગ્યા હતા.

પ્લેટ ફોર્મ છોડી એ બે ઘડી ઊભો રહ્યો. ઉપર આભમાં વીજળીના ચમકારા થતા હતા. પોતાના આગમનની સાથે વરસાદનું પણ આગમન થતું હતું. કાળાં વાદળો ધસતાં જતાં હતાં. બેગ ઉપાડી એ ઘર તરફના રસ્તે ચાલવા લાગ્યો.

અનેક વિચારોમાં અટવાતો અર્ધા કલાકના અંતે એ પોતાનાં ઘરનાં આંગણામાં ઊભો રહ્યો. પરસાળમાં નાનકડો દીવો પ્રકાશી રહ્યો હતો. ફળિયામાં કેટલાક માણસો પરસાળમાં બેસી ધીમા અવાજે વાતો કરતા હતા. કેમ આ બધા અહીં એકઠા થયા હશે ? એના મનમાં પ્રશ્ન ઊઠ્યો.

ત્યાં તો બહાર કોઈ ઊભું છે એમ લાગતાં પરસાળમાંથી આધેડ વયની વ્યક્તિએ દરવાજામાં ઊભા રહી કહ્યું, "કોણ છે ભાઈ ? આમ અંદર આવી જાઓ !" અરુણે એ અવાજ પારખ્યો. એ આ મંડળીના આગેવાન જોનકાકા હતા. પરંતુ એ તો પોતાના પિતાનો અવાજ સાંભળવા માગતો હતો. કેમ પિતાજી બહાર ન આવ્યા ? ફરી વાર એના મનમાં પ્રશ્ન ઊઠ્યો. તે ત્યાં જ સ્થિર ઊભો રહ્યો. બહાર ઊભેલી વ્યકિતને પોતે કહ્યા છતાં ત્યાં જ સ્થિર થયેલી જોઈને જોનકાકાએ ટોર્ચનો પ્રકાશ ફેંક્યો. અને... એમના મુખમાંથી શબ્દો સરી પડ્યા, "અરુણ !"

"અરુણ" સાંભળતાની સાથે જ ઘરમાંથી અનિલ અને તેની પાછળ ઉષા દોડી આવ્યાં. અનિલ અરુણને બાઝી પડ્યો. અને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો. રડતાં રડતાં એ બોલતો હતો, "અરુણ !... અરુણ!!... તું આટલાં વર્ષ ક્યાં ખોવાઈ ગયો'તો મારા ભાઈ ! અને તારે આવવું જ હતું તો પછી એક દિવસ વહેલો કેમ ન આવ્યો ! તને મળવાની પિતાજીની એક આશા અધૂરી રહી ગઈ...!"

તે જ સમયે આભમાં ભયંકર ગર્જના થઈ. અને વીજળીનો એક તેજ લિસોટો ઝબકી ગયો. અરુણનું હૃદય ચૂર થઈ ગયું. એના મનમાં થયું આજ ક્ષણે ભારે કડાકા સાથે વીજળીનો ચમકારો થાય અને પોતાનો અંત આણી દે.

ધ્રૂસકે રડતા અનિલને અલગ કરી સૌ ઘરમાં આવ્યા. અરુણ પરસાળમાં જ ભીંતનો ટેકો લઈને બેસી પડ્યો. એની તમામ શક્તિઓ હણાઈ ગઈ હતી. પાસે બેઠેલા જોનકાકાએ અરુણને આશ્વાસનના બે શબ્દો કહ્યા. એ સાથે આટલાં વર્ષો સુધી પિતાએ અરુણની કેવી આતુરતાપૂર્વક રાહ જોઈ હતી. માંદગીના બિછાને પણ અરુણને

એકવાર મળી લેવા માટે એમનો જીવ કેવો સળવળતો હતો તે કહી સંભળાવ્યું !

અરુણ નતમસ્તકે બધું સાંભળતો હતો. પોતાને એક વાર મળવાનું પિતાનું અરમાન અધૂરું રહી ગયું. પિતાને ભેટી પડવાનું આંસુ સારીને એમની ક્ષમા માગવાનું અને હવે પછી બાકીની જિંદગી એમની પડખે રહી ગુજારવાના એનાં અરમાન પણ અધૂરાં રહી ગયાં. એને રડવું હતું. ધ્રૂસ્કે ધ્રૂસ્કે પણ એ રડી શક્યો નહીં. અંતરની વેદના ઠલવાતી હતી. એની એ આંખોમાંથી અવિરત વહેતા અશ્રુશ્રોતથી!

ત્યારે બહાર મોસમનો પ્રથમ વરસાદ મન મૂકીને વરસી રહ્યો હતો !

•••

# વિષવેલ

***શ્રી પીટર અંતુનભાઈ, અંકલેશ્વર***

પ્રાર્થના કરવામાં આજે 'ઉપદેશ'નું ચિત્ત ચોંટ્યું નહિ. ઈશ્વરપિતાને લળી લળીને વંદન કરતાં એમનું અંતર કંતાઈ ગયું, અને તેનો એક ઘા તેમના મસ્તક પર લાગ્યો હોય, તેવી વેદના અનુભવી ધ્રૂજી ઊઠ્યા. તે વખતે તેમનું વ્યથિત હૈયું બોલી ઊઠ્યું. "પ્રભુપિતા, જોજો એવા પાપમાં મને ભાગિયો ન બનાવતા. આયખું આખું અધરમથી છેટા રહી ગાળ્યું છે. એમાં વળી આ જતે દા'ડે શા માટે ખરડાવું ?"

"કેમ મેણાય ગયા છો આજે ? બાઇબલ નથી વાંચવું ?" નીનાબાએ પૂછયું.

"ના, નીનુ !" વૃદ્ધ ઉંમરે પણ ઉપદેશ જૂની ટેવને લીધે, હવે ફેર માત્ર એટલો પડ્યો હતો કે 'નીના'ને બદલે 'નીનુ' કહેતા હતા.

પતિના રોજના નિત્યક્રમમાંથી આજે બાઇબલ વાચનની 'ના' સાંભળી નીનાબાને આશ્ચર્ય થયું. પોતાની જૈફ ઉંમર સુધીનો કદાચ આ પહેલો પ્રસંગ હશે. અને તેથી તેમનાથી બોલાઈ ગયું.

"કેમ, શરીરને આજે કાંઈ અસુખ છે ?"

"હા, શરીરને જ નહિ, જીવને પણ અસુખ છે. હમણાંથી મને રોજ એવું લાગે છે કે રોજની મારી પ્રાર્થના અને બાઇબલવાચન બધું

એળે જઈ રહ્યું છે ! આ ઘરમાં હું એવું બનતું જોઈ રહ્યો છું, જે ભાળીને મને કરાર નથી વળતો. ધરમથી જતન કરેલી ખ્રિસ્તી જેવા ઉચ્ચ કુળની આ ધરતીમાં અધરમનો છોડ પાંગરે પછી મારાથી એ શેં જોવાય ?"

"પરંતુ નીનુ, મારા હૈયાનો એ ઉકળાટ અને હાહાકાર તને નહિ સંભળાય ! તું ફક્ત મા છે. માની નજરમાં દીકરાના કરતૂત સદાય પરાક્રમી જ લાગવાના ! દીકરાના દુરાચાર તારા મમતાના હૈયાને ક્યાંથી ડંખે ? તિનિશ આટલા બધા રૂપિયા ક્યાંથી લાવે છે ? ટૂંકા પગારમાંથી કઈ રીતે એ આટલાં બધાં નાણાં બચાવે છે ? જ્યારે ને ત્યારે એ તને નોટોના બંડલ બતાવે છે. એ જોઈ કોઈ દિ' તને વિચાર સરખોયે નથી આવતો ? વળી હમણાંથી તો ગર્ભશ્રીમંતોથી ઊભરાતાં એવા અલકાપુરીમાં ફલેટ બાંધવાની પણ વાતો કરે છે. આ બધું અધરમનું રળેલું ધન મારે નથી જોઈતું, નીનુ !"

"તમને તો દીકરાની ચડતી કળાની અદેખાઈ આવે છે ! બીજું શું."

"નીનુ ! શું બોલે છે તું ? માવતરોને તો કોઈ દિ' સંતાનોની ચડતી કળાની અદેખાઈ આવતી હશે ? અરે ! હું પણ ભૂલ્યો ! કારણ કે તું જેવી મા છે તેવો બાપ હું નથી ! એવો બાપ હોત તો દીકરાની આ ઢગલાબંધ કમાણીને, ચાંદીનો નકલી ચળકાટ માનવાને બદલે સોનાની લંકા માની જરૂર ફુલાઈ ગયો હોત ! પરંતુ આયખું આખું વગર પરસેવાની એક પાઈ હું લાવ્યો નથી. તેમ લાવવાની ઇચ્છા સરખીયે નથી કરી. તું મારા પડખે રહીને હવે એ પાપના પલ્લામાં બેસી જાય છે, એ જાણી કાળજું મારું રેંસાઈ જાય છે, નીનુ ! પોતાનાં કાળજાના કટકા જેવા ફરજંદોની ગંદા હાથની કમાણી જોઈ ભારતવર્ષની આ પુનિત ભૂમિ પર એવી તો કેટલીયે નારીઓ હશે,

જે પોતાનાં ફરજંદોની પાપલીલાની કમાઈનાં બણગાં ફૂંકતાં થાકતી નહિ હોય, અને પુખ્ત ઉંમરની થઈ ગયેલી પોતાની પુત્રી કે પુત્રને હજુ તો તું ઘણી નાની છે, કે ઘણો નાનો છે કહી, પોતે કેટલી પાતળા વિચારની છે એવો દાર્શનિક પુરાવો રજૂ કરી, એ પર સારસની જેમ ડોક ઊંચી રાખી અભિમાન લે છે. પરંતુ ખ્રિસ્તી સમાજના ભદ્રકુળની તારા જેવી નારી પોતાના સંતાનની અધરમની કમાણીમાં પોતાની જિંદગીનું સાફલ્ય શોધતી. સંતાનને વધુ ને વધુ એવી બરબાદીની ગર્તામાં ધકેલતી જોઈને લાગે છે, કે પાપની કમાણીના ભાગમાં તારું પલ્લું ઘણું નીચું છે, જ્યારે મારું ઘણું ઊંચું. જ્યાંથી તને મારી વિકળ મનોદશાનો સાદ ક્યારેય નહિ સંભળાય, નીનુ !" એટલું કહી ઉપદેશ બહાર જઈ બેઠા. એમની મનોસૃષ્ટિ આજે અટવાઈ ગઈ હતી. પોતે જેના આચરણને ખાતર આખી જિંદગી વિતાવી હતી, જે વારસો પોતે સ્થાપી જવા માગતા હતા, તેના પર પાણી ફરતું જોઈ, તેમનો આત્મા આળો થઈ ચિત્કાર કરી ઊઠ્યો.

નોકરીમાંથી નિવૃત્ત થઈ તેમની એક માત્ર ઈચ્છા તિનિશને કામધંધે વળગાડવાની હતી. અને તે માટે પોતે ઘણે ઠેકાણે અરજીઓ પણ કરાવી હતી. કેટલાક ઓળખીતા-પાળખીતા અમલદારોને તેમણે વાત પણ કરી હતી. લાંચ-રૂશ્વતની બદીના કારણે ઝટ નોકરી નહોતો મેળવી શક્યો. તેથી ઉતરાવસ્થાએ વૃદ્ધ ઉપદેશની ચિંતા વધી પડી હતી. દીકરાને નોકરીધંધે ચડાવી પોતે પોરો લેવા ઈચ્છતા હતા. રોજની પ્રભુપ્રાર્થનામાં પણ તેઓ જાણ્યે-અજાણ્યે આ માગણી મૂકતા હતા. અને જાણે પ્રભુએ તેમની પ્રાર્થના સાંભળી હોય તેમ, તિનિશને કારકુનની નોકરી મળી પણ ગઈ, અને સંતોષથી જીવવાનું સાધન પ્રાપ્ત થઈ ગયું.

થોડા જ વખતમાં તિનિશ તેના કામથી પાવરધો થઈ ગયો. એના ખાતામાં એની કદર થતી ગઈ અને થોડાંક વર્ષોમાં તો તેને બઢતી પણ મળી ગઈ. હવે ઘરમાં માત્ર પૈસાની છૂટ જ નહતી બલકે ધનનો ઢગલો થવા લાગ્યો હતો. આખા આયખાભર કમાણી કરીને ઉપદેશ જે વસાવી શક્યા નહતા તે તિનિશ થોડા જ વખતમાં વસાવી શક્યો. સુખ-ચેનનાં સાધનો ઉપદેશે નહોતાં ભોગવ્યાં. તે તિનિશે ગોઠવી દીધાં હતાં. રેડિયો, સોફાસેટ, પંખો, ગેસનો ચૂલો, ટેપરેકોર્ડર સ્ટિરીયો, ટેલિવિઝન લાવ્યો ત્યાં સુધી ઉપદેશે હરફ સુદ્ધાં, નહોતો કાઢ્યો. પણ તેણે મોટર-સાઈકલ 'બાઈક' વસાવી દીધું. ત્યારે તેમણે તિનિશને હળવી ટકોર કરી હતી, પરંતુ તેણે તેમની વાતને ઉડાવી દેતાં કહ્યું હતું. "બાપુજી, તેમાં તમે શા માટે ટકટક કરો છો ? હું કમાઉં છું ને લાવું છું ! મારે જરૂર છે એની ! જાણતા નથી કેટલે દૂર સુધી જવું પડે છે ? તમતમારે આનંદ પ્રમોદમાં રહો ને ! અને સારી રીતે પ્રભુનું નામ લો ને !"

"તિનિશ, તું કમાય છે અને વાપરે છે તેની સામે મને જરાયે વાંધો વચકો નથી, પરંતુ તું કેટલું ને કેવી રીતે કમાય છે તે મારે જોવું છે ! તું કઈ કમાણી પર આ બધું લાવી શકે છે ?"

"હવે એવા સવાલો તમે મને પૂછી શકશો નહિ. બાપુજી ! તમારી જેમ આ ઘરમાં હવે હું કંગાળ હાલતમાં જીવી શકીશ નહિ. બહુ વખત પહેલાં તમારી પાસેથી સાદાઈના પાઠ શીખ્યો હતો, હવે નહિ !"

"એ બધું મારા ઘરમાં નહિ ચાલી શકે." ગુસ્સામિશ્રિત સ્વરે ઉપદેશે કહ્યું : "મારા જીવતાં હું અનીતિનાં નાણાં અહીં નહીં પેસવા દઉં."

પિતાનો બગડેલો ચહેરો જોઈ તિનિશ વધુ બોલી શક્યો નહીં, અને બહાર ચાલ્યો ગયો.

બસ, આ ઘટનાથી ઉપદેશનો જીવ આ ઘરમાં ગૂંગળાયેલો રહેવા માંડ્યો, સતની કમાણી પર તો તેમણે આખું જીવન જીત્યું, અને જીવ્યું હતું. ત્યારે પંડનો જ દીકરો અવળે રસ્તે ચાલે એ એમનાથી સહેવાતું જ ન હતું.

એમણે નીનાબાને તિનિશ ઉપર નજર રાખવા કહેલું, પણ નીનાએ તો સ્ત્રી સહજ સ્વભાવે કહેલું. "તમે નાહકના વે'મ લાવો છો ! જોતા નથી. રાતદા'ડો મે'નત કરે છે ! ઓફિસના કામે બહાર જાય છે, તે ભાડાંભથ્થાં તો ચડે જ ને ! અને આજના યુગ પ્રમાણે દીકરો જરા નવી ઢબથી રહે તેમાં આપણે શા કામ આડા આવવું જોઈએ ?"

પોતાની વાત પત્નીના ગળે નથી ઊતરતી જાણી, ઉપદેશની અંતરવેદનાનો પાર નહોતો રહ્યો. અને એ વેદના રફતે રફતે ઘેરી બનતી ગઈ હતી. ટૂંકા પગારમાં શી રીતે દીકરો આવડી મોટી બાથ ભીડી શકે છે ? એ બધું ઉપદેશની વૃદ્ધ નજરોમાં સોયની અણીની જેમ ભોંકાતું હતું.

આજે સાંજે એ દીકરા સાથે બધી વાતની ચોખવટ કરી લેવા માગતા હતા. "આ ઘરમાં કાં એ નહિ, કાં પોતે નહિ." હવે તેઓ જરાયે નભાવી શકે તેમ નથી. એમને હવે દીકરાની કમાણી ઉપર જીવવાનું અસભ્ય લાગતું હતું. પરસેવાની પાઈ ઉપર તો તેમણે આ ઘરના પાયા ટકાવી રાખ્યા છે. ત્યારે એ પાયામાં જ સડો લાગે એ શેં વેઠાય ?

સાંજે તિનિશ નોકરી પરથી ઘરે આવ્યો. ઉપર મેડે ગયો. નિરાંતે

બેસે પછી વાત કરે. એ આશયથી તેઓ ઉપર ગયા નહિ. પરંતુ એટલામાં વેપારી જેવો માણસ આવ્યો, "સાહેબ છે કે ?"

"હા, હા ! આવો ઉપર." તિનિશે કહ્યું.

વેપારી પરબારો ઉપર ગયો. અને પાધરોક બોલ્યો, "સાહેબ, પછી પેલી અરજીનું શું કર્યું ?" "હું તો રાહ જોઉં છું તેના લાયસન્સની?"

"હા, મેં આગળ રવાના કરી છે, પણ હજી વાર લાગશે !"

"વાર લાગે તો તો હું માર્યો જાઉં ! પછી એ ક્વૉટા મંજૂર થાય ક્યારે ? હું તો રખડી પડું, સાહેબ ! ગમે તેમ કરો પણ એનું ઠેકાણું પાડી આપો, હું તમને ખુશ કરી દઈશ."

થોડીવારે તિનિશ બોલ્યો, "જુઓ, ત્યારે એમ કરો. કાલે ઓફિસ છૂટતી વેળા આવીને લઈ જજો."

"સારું, સારું સાહેબ !" કહેતો વેપારી ગયો.

તિનિશ 'રાજી' થયો હતો. વેપારી 'હરખાતો' હતો. પરંતુ ઉપદેશનું હૃદય રડી રહ્યું હતું. એ જ પળે ઉપર જઈ આગ વરસાવતા તેઓ બોલ્યા, " તિનિશ, હું જીવું છું, ત્યાં સુધી આ ઘરમાં તું આવો અધર્મ આચરી કમાઈશ નહિ. અસતનો પૈસો મને ખપતો નથી. ભલે, મને રહેવા દે ભૂખ્યો, પરંતુ મારે એવાં પાપનાં નાણાંથી પેટ નથી ભરવું કે નથી આ કુટુંબનું ભરવા દેવું !"

"બાપુજી, તમે નાહકના હાયવોય કરો છો. આ તો મહેનતાણું છે. કામ કર્યાનો બદલો રાજી થઈને આપે છે તેમાં તમને અધરમ લાગે છે ?"

"હા, ચોખ્ખે ચોખ્ખો અધરમ ! ડાબા હાથનો એ બદલો તું કયા

ભવે વાળીશ ? હું પણ નોકરી કરીને ઘરડો થયો છું. બદલો અને મહેનતાણું સારી પેઠે જાણું છું મને આજ ને આજ તારા પગારની પાઈએ પાઈનો હિસાબ દેખાડી દે અને જે હોય તે સાચું જણાવી દે, નહિ તો..."

"બાપુજી, હું જે કાંઈ કરું છું તે બધાંના સુખ માટે જ કરું છું. તમે મને જે સુખ આપ્યું તેનાથી હું સહેજે અજાણ્યો નથી. મને આગળ ભણાવી ન શક્યા એ જ તમારી સુખ-સાહેબી ને એ જ તમારો ધરમ ને ! મારી સાથેના મારા મિત્રો કેટલા બધા આગળ વધી ગયા છે, એનો છે ખ્યાલ તમને ?"

"ત્યારે તું શું પાછળ પડ્યો છે ? મારે આ ઘરમાં તારું એ સુખ નથી જોઈતું... કાં તું નહિ... કાં હું નહિ !"

"તો, મને એમ રહેવું નહિ પોષાય, મને તમે વગોવી રહ્યા છો, મારા ઉત્કર્ષથી તમને ખુશી નથી... તમારી બુદ્ધિ."

"હા, હા. કહે ને કે મારી બુદ્ધિ બહેર મારી ગઈ છે. બગડી ગઈ છે !"

વ્યથિત હૈયે ઉપદેશ હેઠે ઊતરી આવ્યા.

નીનાબા બધું સાંભળી રહ્યાં હતાં. પરંતુ એકે અક્ષર બોલવા જેટલી તેમનામાં નૈતિક હિંમત ન હતી. ત્યારે તો ઉપદેશને એ જીવન જીવવા જેવું ન લાગ્યું. એ સાંજે બાઈબલ વાંચતા બાઈબલનાં પાનિયાં પર એમની આંખોમાંથી મેઘબિંદુ જેવા બે અશ્રુબિન્દુ ખરી પડ્યાં.

મોડી રાત સુધી એમના જીવને કળ ન વળી. દીકરાના આ વર્તને એમને ઠેસ પહોંચાડી હતી. દીકરા સામે આજે એમનો ખુલ્લો અનાદર થયો. એમણે નિહાળ્યો અને તેઓ એ વેઠી શક્યા નહિ. ટીપી ટીપીને

ઘડેલો દીકરો બાપને આજે ગમે તેમ સંભળાવી દે, તે બને જ શી રીતે ? પથારીમાં પડ્યા પડ્યા મધરાતના તારલિયા સામે જોતાં વિચારતા રહ્યાં.

"જે ટેક માટે તેઓ અભિમાન લે છે. જેણે આખી નોકરી દરમિયાન એવા ડાઘને લાગવા દીધો નથી. સૂંઘી સૂંઘીને પૈસા લીધા છે. સહેલાઈથી મળતાં પ્રલોભનો સેંકડોવાર એમણે ઠોકરે ઊડાવ્યાં છે, અને એને લીધે જ એમની ઊંચી છાપને આજે પણ લોકો વખાણે છે. એ ગૌરવગાથાને લીધે તો પોતે ઊંચે મસ્તકે હરીફરી શકે છે. ત્યારે એવા ખ્રિસ્તી કુટુંબોના ભદ્રમાણસનો દીકરો અવળે માર્ગે જાય એ કેમ કરીને સહેવાય ! અને શાળા કોલેજનાં ભણતર કરતાંય સદ્‌ગુણો અને ચારિત્ર્યનું એવું પાકું ચણતર કર્યું હતું કે એમાંથી એક કાંકરી પણ ખરી શકે એમ નહોતી. પરંતુ આજે એમની એ શ્રદ્ધાનો દીપ ઝંખવાયો હતો. દીકરાએ એ જ્ઞાન માત્ર પચાવ્યું જ ન હતું, લજવ્યું ય હતું. અને એ કોયડો એમના દિલમાં ઘા કરી ગયો. એમને થયું કે દીકરાના સંસ્કારોના સિંચનમાં ક્યાંક ઝેરની કણી આવી ગઈ છે. નહિ તો આવી 'વિષવેલ' પાંગરે જ શી રીતે ?

બાલરવિના સુવર્ણ રશ્મિ વસુંધરાને રંગી રહ્યાં હતાં. વિહંગોનો કર્ણપ્રીય કલરવ પ્રભાતના ખૂટતા અંકોડામાં કંઈક વધારો કરતો હતો. એવા પ્રભાતની મોજ અને આનંદ તો એ જ માણી શકે જે પ્રભાતે વહેલો ઊઠી શકે ! એવા મનોહર પ્રભાતે જગત જાગ્યું. તિનિશ જાગ્યો, પરંતુ ઉપદેશ પથારીમાં હતા નહિ ! નીનાબા દોડતાં આવ્યાં. તિનિશને જણાવ્યું. આખા ઘરમાં અને ગામમાં શોધ કરી પણ પત્તો લાગ્યો નહિ. ન તો કોઈએ એમની ભાળ આપી. માણસો મોકલી તપાસ આદરી પણ નિરર્થક !

તિનિશે નીનાબાને કહ્યું, "બા, મને તો હમણાંથી એમના મગજનું કંઈ ઠેકાણું જ નહોતું લાગતું. અને તેથી સવારે ઊઠીને ક્યાંક ચાલ્યા ગયા છે. એ તો જરા દિલ હળવું થશે એટલે એમની મેળે પાછા આવશે."

પરંતુ નીનાબા ગળગળા સાદે બોલ્યાં, "તારા કરતાં હું એમનો સ્વભાવ વધારે જાણું છું. એ તો સ્વમાની અને ટેકીલો જીવ છે. જાને ક્યાંક તું જોઈ આવને ! હું જ મૂર્ખ છું કે, એમને ન ઓળખી શકી." અને નીનાબાએ ડૂસકું મૂક્યું.

મહિનો બે મહિના વીતી ગયા પણ ઉપદેશના કશા જ વાવડ ન આવ્યા. તેથી તિનિશે છાપામાં જાહેરાત આપી.

"મગજની અસ્થિરતાને કારણે ચાલ્યા ગયા છે. શોધી આપનારને યોગ્ય ઈનામ આપવામાં આવશે." નીચે ઘરનું સરનામું આપ્યું હતું.

આમ ને આમ બીજા બે મહિના વીત્યા, પરંતુ ઉપદેશના કશા જ સમાચાર મળ્યા નહિ. સૂરજ ઊગે ને આથમે ત્યાં સુધી નીનાબા રાહ જોતાં હતાં પરંતુ એમને ઉપદેશની કાંઈ જ એંધાણી નહોતી મળતી.

અને એક દિ' એક પત્ર આવ્યો.

તિનિશે પત્ર કાઢી વાંચ્યો.

"ઘરનાં સર્વજનો,

ખોવાયેલા પિતાની શોધ માટેની દીકરાએ આપેલી જાહેરાત છાપામાં વાંચી. વાંચીને જવાબ નહોતો લખવો કારણ કે એ ઘર માટે મને કાંઈ જ આશા કે મોહ રહ્યાં નથી. જ્યાં સાદાઈ અને સદાચાર, પ્રભુની પ્રાર્થના તથા બાઈબલ વાચન પરવારી ગયાં હોય, ત્યાં

રહેવામાં મારો આત્મા સંઘર્ષ અનુભવે છે. અને તેથી ઊંડી વેદના લઈ ઘર છોડી ગયો છું. અને જ્યાં આવ્યો છું ત્યાં સુખી છું. ઠામ ઠેકાણું લખતો નથી. મારી શોધ કરવાનું માંડી વાળશો, અસ્થિર મગજવાળાને ઘરમાં પાછો બોલાવી લાવી શા માટે મુશ્કેલી વો'રો છો ?''

પ્રમાણિક અને સાચા બોલો બાપ, જો દીકરાની નજરમાં અસ્થિર મગજવાળો ગણાતો હોય તો, મને એવા બાપ થવામાં આનંદ છે. પરંતુ આ દેશની ધરતી ઉપર તિનિશો છે કે, જેમનાં ડાહ્યાડમરાં કરતૂતો ઉપર તેમનાં મા-બાપો આફરીન થાય છે. એવા ડાહ્યાડમરાં બાપ મારે નથી થવું. મને કહેવા દો, કે એવી 'વિષવેલ' ઊછેરતાં માબાપોનું ખસી ગયું છે, જે એવી વેલની જાળ આ દેશની ધરતી ઉપર પાથરવામાં સહાય કરે છે. અને એવાં કડવાં ફળમાં મીઠાશ માણી હરખ અનુભવે છે.

વિશાળ દુનિયામાં મારા જેવા એક પામર જીવ માટે થોડી જગા મળી રહેશે એવો આત્મવિશ્વાસ છે. તમને જણાવ્યા વગર ચાલ્યો ગયો એની મતબલ એમ નહિ કે હું ગુનેગાર છું. પરંતુ મારી હાજરીથી તમારા જીવનમાં જે સંવેદનો જન્મ્યાં હતાં તેની કલ્પના માત્રથી મને દુઃખ ઊપજે છે. માટે જ મારો પડછાયો પણ તમારા વિમલ જીવનોમાં ન પડે એવા મક્કમ નિર્ધાર સાથે હું ખૂબ દૂર ચાલ્યો ગયો છું. મારો નિર્ણય તમને નહિ ગમ્યો હોય છતાં વિનવું છું. મને શોધવાના વ્યર્થ પ્રયાસો કરશો નહિ.

તમને સૌને પ્રભુપિતા સદ્‌બુદ્ધિ આપે એ અભિલાષા સાથે જીવનના વિશાળ ફલક પર ટપકું બની, વામન બની જતાં ઉપદેશના વિરાટ સંસ્મરણો.

તા.ક. : લખતાં અંતર વલોવાઈ જાય છે કે ખ્રિસ્તી સમાજમાં આ રીતે ગૃહત્યાગ કરવો ન શોભે તો યે મારાથી જાણ્યે-અજાણ્યે કરાઈ ગયો છે તેની પ્રભુપિતા સમક્ષ ક્ષમા માગી લઉં છું. છતાં મારા એ ગૃહત્યાગથી તમારા કલુષિત જીવતરોમાં થોડા પણ ડાઘ ધોવાશે તો મને તેનો અફસોસ નહિ થાય.

- "ઉપદેશ"

પત્ર વાંચતાં તિનિશની આંખો અશ્રુભીની થઈ ગઈ. પત્ર પૂરો કરી તેણે તે નીનાબાને આપ્યો. પત્ર હાથમાં લેતાં તેમનાં હાથ ધ્રૂજી ઊઠ્યાં. તેમની આંખો ડબડબી ઊઠી ત્યારે તિનિશ નીનાબાને વળગી પડતાં બોલ્યો, "બા, હું બાપુજીનો ગુનેગાર છું. મારા જેવી કેટલીય 'વિષવેલ' આ ભૂમિ પર પાંગરી સદ્‌ગુણી મા-બાપોનું ધનોતપનોત કાઢી નાખતી હશે, પરંતુ બા હવે તમે તેની લેશમાત્ર ચિંતા કરશો નહિ." કહેતા પત્ર તેણે નીનાબાના હાથમાંથી લઈ લીધો અને કવર પર મહોર જોવા લાગ્યો, જેના ઉપર પત્ર ક્યાંથી લખાયો છે તેની મહોર મહદઅંશે વાંચી શકાતી હતી.

પુત્રના બદલાણથી નીનાબાની આંખો હર્ષાશ્રુ વહાવી ઊઠી.

બીજા દિવસે જ્યારે તિનિશ ઉપદેશ પાસે જવા નીકળ્યો ત્યારે પસ્તાવાના સાગરમાંથી સ્નાન કરીને ઊઠ્યો હોય તેવો પ્રકાશ તિનિશના મુખ ઉપર પ્રકાશી રહ્યો હતો. ત્યારે વૃદ્ધ નીનાબા ચાલ્યા જતા દીકરાને ક્યાંય સુધી જોતાં રહ્યાં. એ આંખોમાં પતિ પામવાના કોડ કોઈ ષોડશીયુવતીની જેમ મહેરાઈ રહ્યાં હતા.

●●●

# રાજીનામું

શ્રી ભાઈલાલ એમ. સોલંકી, નડીઆદ

"આવો દીપકભાઈ !"

મંદ સ્મિત વેરતા સાહેબે પોતાની પાસેથી ખુરશી ખસેડી બેસવા ઈશારો કર્યો. દીપક મૂંગો મૂંગો બેઠો. અને સામે જ સમૂહમાં બેઠેલા સ્ટાફના મિત્રોની સામે ગંભીર ચહેરે જોઈ રહ્યો. અનેક સ્મરણો તેના મનમાં ઊભરાઈ આવ્યાં.

આ જ ઓફિસ હતી કે જ્યાં આજથી સાત વર્ષ પહેલાં તે નવોસવો દાખલ થયો હતો. જિંદગીની એ પહેલી જ નોકરી હતી. કેવું કામ કરવાનું હશે ? સાહેબ કેવા હશે ? સ્ટાફના સાથીદારો કેવા હશે... એવી અનેક આશંકાઓ દિલમાં હતી પણ પંદર દિવસમાં તો તે બધાનો લાડીલો "દીપકભાઈ" બની ગયો હતો.

કામ નવું જ હતું છતાં તેણે બહુ થોડા સમયમાં બધું શીખી લીધું. આપેલા પત્રોનો ત્વરિત નિકાલ કરવાની તેની આદત હતી. કયું કામ કયા સમયે પતાવવું એ બાબતનું તેણે વ્યવસ્થિત આયોજન કર્યું. અને તેથી જ સાહેબ હવે તેના ટેબલ સંબંધી નિરાંત અનુભવતા હતા. તેની વહીવટી કાબેલિયત પર સાહેબ આફરીન હતા. તેનાં લખેલા કાગળો પર તે સીધેસીધી સહી કરી દેતા. તેનામાં આવડતની સાથે પ્રમાણિકતાનો સુભગ સમન્વય થયો હતો. તેથી સાહેબ તેના પર સંપૂર્ણ ભરોસો રાખતા હતા.

સ્ટાફમાં પણ તેના પ્રત્યે સૌ માનથી જોતા. તેનાથી ઉંમરમાં મોટા અને જેમને બધાં "કાકા" કહીને બોલાવતા એવા વડીલો પણ તેને "દીપકભાઈ" કહીને જ બોલાવતા. તેનો ઓછાબોલો સ્વભાવ, સર્વ પ્રત્યે પ્રેમભાવ અને કામમાં મચ્યા રહેવાની લગની સર્વની પ્રશંસા મેળવતાં હતાં. કોઈએ કદી તેને માટે અપશબ્દ સાંભળ્યો ન હતો. ઘણી વાર કામની શરૂઆતમાં તે આંખો બંધ કરી એકાદ ક્ષણ પ્રાર્થના કરતો માલૂમ પડતો. ચા પીતાં પહેલાં કે બધાંની સાથે નાસ્તો કરતાં પહેલાં પણ તે પ્રાર્થના અચૂક કરતો.

આ બધાં લક્ષણોને કારણે કેટલાક તેને "ભગત" પણ કહેતા હતા. ઓફિસમાંથી રજા લેવાની અરજીનાં કારણોમાં પણ તે મોટે ભાગે કોઈક ધાર્મિક કાર્યક્રમની વાત જ બતાવતો હતો. થોડા પરિચય પછી સ્ટાફના મિત્રોએ તેની ધાર્મિક માન્યતા સંબંધી પૂછપરછ કરી ત્યારે તેણે હિંમતથી તેની સાક્ષી આપી કે ખ્રિસ્તે કેવી રીતે તેનું જીવન બદલી નાખ્યું હતું. તેના જણાવ્યા મુજબ તેનું ઉચ્ચ નૈતિક ધોરણ તો તેના આંતરિક બદલાણના બાહ્ય ફળરૂપ જ હતું. ખ્રિસ્ત પર વિશ્વાસ કરી નવો જન્મ પામી તે તેનો શિષ્ય બન્યો હતો. પછી તેણે ખ્રિસ્તને પોતાનું સંપૂર્ણ સમર્પણ કર્યું હતું. હવે તેને પૂરા સમયની ઈશ્વરની સેવા માટેનું તેડું મળ્યું હતું. અને આજે તે રાજીનામું મૂકી, નોકરી છોડી બાઇબલ કોલેજમાં દાખલ થવા માટે વિદાય લઈ રહ્યો હતો.

સ્ટાફના મિત્રોના ચહેરા ગમગીન દેખાતા હતા. તેણે ધીમે ધીમે એક પછી એક દરેકની સામે જોવા માંડ્યું.

સામે બેઠેલો સુધાંશું દવે તેનો ખાસ મિત્ર હતો, આ ચુસ્ત બ્રાહ્મણ સાથે તે ઘણી વાર વાદવિવાદમાં ઊતર્યો હતો. આખરે દવે બાઇબલનો અભ્યાસ કરવા સંમત થયો હતો. અને દીપકે તેને બાઇબલ ભેટ આપ્યું હતું.

રાજુ આંગડિયા સાથે પણ તેને સારું ફાવતું હતું. રાજુ નિખાલસ અને જિજ્ઞાસુ હતો. બધા ધર્મો વિશે અભ્યાસ કરવા તે આતુર હતો. અને દીપકે તેને સારું એવું ખ્રિસ્તી સાહિત્ય આપ્યું હતું.

એક બાજુએ બેઠેલા માધવલાલકાકા પણ ગમગીન જણાતા હતા. તે ચુસ્ત સ્વામીનારાયણપંથી હતા. દીપકને તે "સાધક" તરીકે ઓળખાવતા હતા. દીપકની માન્યતાઓ સાથે સંમત થયા ન હતા. પણ દીપકની વાત તે આદરથી સાંભળતા હતા. તેમણે પણ દીપકની પાસેથી થોડું સાહિત્ય લીધું હતું.

પોતે પટાવાળો હોવા છતાં સાહેબ જેટલો રૂઆબ કરનાર શંકર બીજી બાજુ બેઠો હતો. તેણે ઘણીવાર દીપકની વાતનો અમલ કર્યો ન હતો. અને તેની મશ્કરી ઉડાવી હતી. પરંતુ આજે તો તે પણ ગમગીન જણાતો હતો. દીપકભાઈ સાથે વારંવાર આચરેલા અયોગ્ય વ્યવહાર બદલ જાણે તે પશ્ચાત્તાપ અનુભવતો હતો.

દીપકની નજર બધા પર ફરતી ફરતી છેલ્લે બેઠેલા કિરણ પટેલ પર જઈ અટકી. "કિરણ" એ નામનો વિચાર કરતાં જ દીપકના અણુએ અણુમાં પ્રેમ પ્રગટતો હતો. ઓફિસમાં કામ શરૂ કર્યું ત્યારે તેને ઉમળકાભર્યો આવકાર અને પ્રેમ આપનાર સૌ પ્રથમ કિરણ હતો. બંનેના દિલ થોડા દિવસોમાં મળી ગયાં હતાં. એટલે સુધી કે બંનેને એકમેક વગર ચાલતું નહિ. વળી દીપક ખરો ખ્રિસ્તી હતો. તેણે પ્રભુની તારણસાધક સુવાર્તા કિરણથી પાછી રાખી નહિ અને તેના પ્રાર્થનાપૂર્વકના પરિશ્રમના પ્રતાપે કિરણ પટેલમાં આત્માએ અદ્‌ભુત કાર્ય કર્યું. કિરણે પ્રભુ ઈસુને પોતાના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા.

પછી તો બંનેની દોસ્તી ખૂબ જ ગાઢ બની. ઓફિસ છૂટ્યા પછી પણ બન્ને છૂટા પડતા નહિ. બંને સાથે મળીને બાઇબલનો અભ્યાસ

અને પ્રાર્થના, યુવકશિબિરો અને પ્રાર્થના પરિષદોમાં દીપક કિરણને અચૂક લઈ જતો. પ્રભુને માટે આત્મા જીત્યાનો અવર્ણનીય આનંદ દીપક અનુભવતો હતો.

પરંતુ તેને એક વાતની બેચેની હતી. કિરણ હજી ખુલ્લી રીતે બહાર આવ્યો ન હતો. તેના બદલાણની વાત તેનાં કુટુંબમાં તેણે જણાવી ન હતી. ઘરમાં બધાં જો આ વાત જાણે તો તેને ઘરની બહાર કાઢી મૂકે એવી તેને બીક હતી. દીપકે ઘણું સમજાવ્યું અને પ્રભુનાં વચનોથી હિંમત અને ઉત્તેજના આપ્યાં, ત્યારે તે ઘરમાં સાક્ષી આપવા તૈયાર થયો. પણ પરિણામ કંઈક જુદું જ આવ્યું.

જેવી આ વાત તેના ઘરમાં જણાઈ કે તરત તેના પર ભારે દબાણ લાવવામાં આવ્યું. તેનાં લગ્ન તાબડતોબ ગોઠવવામાં આવ્યાં. દીપકની સલાહ લેવા પણ તે જઈ શક્યો નહીં. તેના પિતાજી સામ, દામ, દંડ, ભેદ બધામાં નિપુણ હતા. જો તે દીપકને મળશે તો દીપકને નુકસાન પહોંચાડીશું એવી ધમકી આપી. કિરણ હતાશ થઈ ગયો. એક ક્ષણ તો તેને નાસી છૂટવાનું મન થઈ આવ્યું. પણ હિંમત ચાલી નહીં. આખરે તેણે નમતું જોખ્યું. બાપ્તિસ્મા લેવાની અને પ્રગટ સાક્ષી આપવાની વાત વિસારે પડી અને નાતની એક છોકરી સાથે તે લગ્ન સંબંધથી બંધાઈ ગયો.

સાડા ત્રણ વર્ષ વીતી ગયાં એ વાતને. પછીથી દીપક કિરણને અનેક વાર મળ્યો હતો. પણ પ્રથમનો એ સંબંધ ફરીથી ન સ્થપાયો તે ન જ સ્થપાયો. કિરણનો બધો ઉત્સાહ ચાલ્યો ગયો હતો. અને હવે તે વ્યવહારુ સંસારી જીવન સિવાય બીજું કશું વિચારવા તૈયાર ન હતો. છતાંયે દીપક તેના પર અપાર પ્રેમ પ્રદર્શિત કરતો હતો. અને તેના માટે રોજ પ્રાર્થના કરવાનું ચૂકતો ન હતો.

બધાં ખુરશી પર ગોઠવાઈ ગયા એટલે વિદાય સમારંભની કાર્યવાહી શરૂ થઈ. એક પછી એક વક્તાએ દીપકનાં અનેક ગુણો વર્ણવી બતાવ્યા અને તેની કામગીરી બિરદાવી. લગભગ દરેકે તેની ધાર્મિકતાનો ઉલ્લેખ પણ કર્યો. એકાદ-બે જણ તો બોલતા બોલતા ગળગળા પણ થઈ ગયા.

છેલ્લે દીપક ઊભો થયો. ધીરગંભીર અને સર્વગ્રાહી નજર તેણે નાખી અને બોલવાનું શરૂ કર્યું. પ્રારંભિક પ્રસ્તાવના પછી તેણે પોતાની વાત કહેવાનું શરૂ કર્યું. આખા ઓરડામાં અદ્‌ભુત શાંતિ હતી. અને દીપક ખ્રિસ્તે તેના જીવનમાં કરેલાં અદ્‌ભુત કૃત્યો કહી રહ્યો હતો. તેણે બધું જ કહ્યું... તેની ભૂલો, નબળાઈઓ, હાર અને જીતના પ્રસંગો બધું વર્ણવ્યું. તેના શબ્દોમાંથી પ્રભુ પ્રત્યેનો પ્રેમ ટપકતો હતો. અત્યારે ખ્રિસ્તે કેવી રીતે તેને પૂર્ણ સમયની સેવા માટે બોલાવ્યો હતો એ તેણે કહેવા માંડ્યું અને ત્યારે "સ્વાર્પણ" ની ઉત્તેજના તેના સ્વરમાં ઝણઝણાટી ઉપજાવતી હતી. નાશ પામતા જગત માટે ન્યોછાવર થઈ જવાની તેની ઊંડી લાગણી જ્યારે તેણે પ્રગટ કરી ત્યારે તેની આંખોમાં આંસુ ધસી આવ્યાં.

વક્તવ્ય પૂરું કરતાં તેણે એક ગીત ગાવાની ઇચ્છા દર્શાવી. તેણે એક ઇશારો કર્યો. એટલે ક્યારનાયે આવીને છેલ્લે બેઠેલા તેના એક ખ્રિસ્તી મિત્રે આગળ આવીને તેને વાયોલિન આપી. ટાંકણી પડે તોપણ સંભળાય એવી શાંતિમાં તેણે વાયોલિનના તાર મેળવ્યા અને ખ્રિસ્તના અદ્‌ભુત પ્રેમનું ગીત તેનાં મુખમાંથી સરવા લાગ્યું.

હું એક મુસાફિર છું,
આ જગ નથી મારું ઘર;
મુજ દ્રવ્યનો ખજાનો ત્યાં,
ઉન્નત અંબર ઉપર;

સ્વર્ગના ખુલ્લા દ્વારેથી,
સ્વરદૂતો મને બોલાવે;
મુજ દિલ બેચેન બનાવે,
આ જગ મને ખારું લાગે.

વાયોલિનનો સૂર વહેતો ગયો અને દીપક એમાં ખોવાતો ગયો. તેના શબ્દોની સાથે જાણે તેનો આત્મા પણ ઘૂંટાઈને બહાર આવતો હતો. ઘડીક તેની અમીભરી નજર વાયોલિન પર સ્થિર થતી તો ઘડીક ત્યાંથી ઉપર ઊઠી અનંતને વીંધતી આમતેમ ફરતી અતલ આકાશગંગાનાં ઊંડાણોને પેલે પાર તેના પ્રભુ સુધી જાણે તેનું ગીત વહેતું જતું હતું. જ્યારે ગીત પૂરું થયું ત્યારે પટેલ અને બીજા કેટલાંક મિત્રો પણ આસું વહેવડાવતા હતા. ભારે હૈયે દીપકે બધાની વિદાય લીધી.

બીજા દિવસે ટપાલનું ટેબલ સંભાળતો કલાર્ક ગમગીન ચહેરે ટપાલ તૈયાર કરતો હતો. સરખું જ કારણ દર્શાવતા રાજીનામાંનાં બે પત્રો ઉપલી ઓફિસે રવાના થતાં હતાં. એક હતો દીપકનો અને બીજો કિરણ પટેલનો.

•••

# અભિપ્રાય

*કુ. ભારતી એફ. પટેલ, વ્યારા*

આછો તડકો બારીની જાળી ચળાઈને ૬ નંબરના વોર્ડમાં ફેલાઈ ચૂકયો હતો. અશેષ મચ્છરદાનીમાં સહેજ સળવળ્યો. એણે આંખો ખોલવા પ્રયાસ કર્યો. આંખોનાં પોપચાં સહેજ ઊંચકાયાં. અધખુલ્લી આંખે અશેષ સફેદ દીવાલને તાકી રહ્યો. એણે બેસવાનો પ્રયાસ કર્યો. પણ શરીરમાં ખૂબ થાક વર્તાતો હતો. પડખું ફરતાં જ શરીરમાં દર્દ ફરી વળ્યું.

"હું ક્યાં છું ?" એ અધખુલ્લી આંખે બબડ્યો.

"તમે અમારી મિશન હોસ્પિટલમાં છો." એક શ્વેત વસ્ત્રધારી નર્સે એને ઉત્તર આપ્યો.

અશેષ કાંઈ યાદ કરવા મથી રહ્યો. કશું જ યાદ આવતું ન હતું. ના...કશું જ નહીં. "હું...અહીં શી રીતે ?"

"તમને ટ્રક અકસ્માત થયો હતો."

"ઓહ !"

પછી ડોક્ટરે પ્રશ્ન કર્યો.

"તમારું નામ કહેશો ?"

"મારું નામ...મારું નામ છે જ ક્યાં ?" એ પાગલની જેમ હસી પડ્યો, અને પછી બાળકની જેમ રોઈ પડ્યો. "ના...ના મને મારું નામ યાદ નથી."

મગજને કસીને એણે પોતાનું નામ યાદ કરી જોયું પણ નામ યાદ આવતું ન હતું !

"લાગે છે આ યુવાન પોતાની સ્મૃતિ ગુમાવી બેઠો છે. એની પરિચિત વસ્તુઓ, પરિચિત માનવીઓને એ નિહાળે તો કદાચ એની સ્મૃતિ એના સ્થાને ફરી શકે છે." ડોક્ટર મોઝીસ બોલ્યા.

"યેસ સર..." નર્સે એમાં હકાર ભણ્યો.

"આ પેશન્ટને અડધા કલાક પછી ઘેનનું ઈન્જેકશન આપી દેજો." કહીને ડોક્ટર મોઝીસ ચાલવા લાગ્યા. ૬ નંબરના વોર્ડના દ્વાર આગળ ફરી ડોક્ટર મોઝીસ ઊભાં રહ્યા.

"મિસીસ જેકવેલીના, શેમ્યુલ ૨૪ નંબરના વોર્ડમાં ડ્યુટી પર છે એને મારી કેબિનમાં મોકલી આપો."

પાછળ જોયા વિના એમણે નર્સને આદેશ આપ્યો.

"યેસ...સર..."

૬૭ વર્ષના ડોક્ટર મોઝીસ ૬ નંબરનો વોર્ડ છોડી ગયા.

અશેષને લાગ્યું કે ડોક્ટરે ઉચ્ચારેલ નામ કંઈક જાણીતું લાગી રહ્યું છે. જેકવેલીના... છતાં એને યાદ ન આવ્યું કે આ નામ કોનું હોઈ શકે ? મસ્તક પર જોર દેવા છતાં એને આ નામનું માલિક કોણ હોઈ શકે તે યાદ જ ન આવ્યું. હતાશ થઈને પલંગ પર પડી રહ્યો.

અડધા કલાક પછી પેલી શ્વેત વસ્ત્રધારી નર્સ એને ઈન્જેકશન આપીને ચાલી ગઈ. એ પોતાનું ભાન ગુમાવી રહ્યો હતો.

જ્યારે અશેષ ભાનમાં આવ્યો ત્યારે દર્દ કંઈક ઓછું થયું હતું. ડોક્ટર મોઝીસ એની પાસે બેઠા હતા. નર્સની પીઠ અશેષ તરફ હતી. જે વોશબેસીન પાસે બેસીને ગ્લાસ ભરી રહી હતી.

"જેકવેલીના, પેશન્ટના જમવાની વ્યવસ્થા કરો." કહીને ડોક્ટર ચ [illegible] ા. એમની કાર્યદક્ષતા જોઈને જ એમને રીટાયર્ડ થવા છતાં સ[illegible]સ પર રાખવામાં આવ્યા હતા.

જેકવેલીના કે જેને અત્યારે જ ૬ નંબરના વોર્ડની ડ્યુટી સોંપવામાં આવી હતી. એણે પલંગ સામે ટેબલ ખસેડીને તેના પર જમવાની ડિશ રાખી દીધી.

"જમી લો." એણે અશેષને ટેકો આપીને બેઠો કર્યો. ચમચી વડે એ અશેષના મુખમાં કોળિયો મૂકવા લાગી.

અશેષને જમાડતાં એ વિચારે ચઢી. આ અશેષ...! જેકવેલીનાની આંખોમાં ભીનાશ વ્યાપી. કેટલા બદલાઈ ગયા છે ? શા હાલ બનાવી દીધા છે એમણે ? દાઢી વધી ગઈ છે. આંખો ઊંડી જતી રહી છે.

"તમે...તમે જ મિસ જેકવેલીના છો ?"

"હા...!" જેકવેલીનાનું ગળું રૂંધાઈ રહ્યું હતું. એને લાગ્યું કે એનાથી રડી પડાશે. ક્ષણભર એને થયું કે પોતે કહી દે. અશેષ હું મિસિસ જેકવેલીના બનીને રહી ગઈ છું. વાસ્તવમાં હું તમારી જેકી છું."

છતાં એણે પોતાની જાત ઉપર કાબૂ રાખ્યો. "મેં તમને જોયા છે... પણ ક્યાં ?" અશેષ ફરી યાદ કરવા પ્રયાસ કરવા લાગ્યો.

"હવે તમે આરામ કરો. હું બાજુના વોર્ડમાં જઈ આવું."

"તમે મારી પાસે નહીં બેસો ? ન જાણે કેમ તમારા સાનિધ્યમાં મને કાંઈક સાંત્વના સાંપડે છે."

જેકવેલીના અશેષની યાચનાભરી આંખો નિહાળી રહી.

"મિસિસ જેકવેલીના હું વિચારું છું કે હવે મારી જિંદગીનો અર્થ જ રહ્યો નથી. હું મારો આત્મવિશ્વાસ ગુમાવી બેઠો છું.

"ધૈર્ય રાખો. સઘળું ઠીક થઈ રહેશે શાને આવા વિચારો મનમાં લાવો છો ?"

"વિચારું નહીં તો શું કરૂં ? માનવી જ્યાં પોતાની સ્મૃતિ જ ગુમાવી બેસે ત્યાં એ જીવીને કરે પણ શું ?"

"એવું ન બોલો. જીવનની ક્ષણો વિચારીને વેડફી દેવા માટે નથી. તમારી જિંદગીને અર્થ મળી શકે છે. કંઈક સારું વિચારો કે જે ઉન્નતિના માર્ગે દોરી શકે."

"મિસિસ જેકવેલીના..."

"મને માત્ર 'જેકી' કહેશો તે ગમશે."

"જેકી...જેકી... ઓહ ! હું વિચારું છું કે આ નામ પણ મારાથી ખૂબ પરિચિત છે. તમારો અવાજ પણ એટલો જ પરિચિત છે."

"ચાલો, હવે ઈન્જેકશનનો સમય થઈ ગયો."

જેકવેલીનાએ ઘેનનું ઈન્જેકશન મૂક્યું.

"મને આ તમારા સોયા પર ચીઢ ચડે છે. કારણ કે જે મને શાંતિ આપી શકે છે તેની જોડે બે વાતો કરવામાં ડિસ્ટર્બ કરે છે." અશેષ હસ્યો. જેકવેલીના દર્દીલું હસી.

અશેષની આંખો ઊંઘથી ઘેરાવા લાગી હતી. રાતનો સન્નાટો વાતાવરણમાં ફેલાઈ ચૂક્યો હતો. હોસ્પિટલની આસપાસનાં વૃક્ષોની ડાળીઓ એકબીજી સાથે અથડાઈને અજબ ધ્વનિ ઉત્પન્ન કરતી હતી.

જેકવેલીનાની આંખોમાં ઊંઘનું નામ ન હતું. આજે ઊંઘ આવશે પણ નહીં, એમ એ વિચારી રહી. અશેષના શબ્દો એને ઘેરી વળ્યા હતા.

અશેષની સ્મૃતિ ફરી લાવવી જ રહી. છેવટે અશેષ એનો પતિ હતો. હા, અશેષ સેમ્યુલ જોડે એ લગ્નગ્રંથિથી ખ્રિસ્તી રીતરિવાજો મુજબ જોડાઈ ચૂકી હતી. અશેષ માટે એને માત્ર હમદર્દી જ હતી ? ના. એના દિલમાં અશેષ માટે અફાટ પ્રેમનો સાગર છલકાતો હતો!

અશેષ શારીરિક રીતે ઘણો બદલાઈ ચૂક્યો હતો. શું માનસિક રીતે પણ એનામાં એટલો જ ફેરફાર થયો હશે ? ખબર નહીં. એ વિચારી રહી.

બાકી અશેષ વધુ પડતું પ્રગતિકારક માનસ ધરાવતો હતો. એનાં મંતવ્યો હંમેશ કરતાં ભિન્ન.

અશેષ જોડે ઘણી વાતો થતી. અશેષ માનતો કે જિંદગી જીવવી એટલે બસ હરવું-ફરવું, પિકચર જોવા, મોજમઝા કરવી, જીવનની જેટલી ખુશીઓ દુન્યવી લોકો માટે જરૂરી છે, એવી દરેક ખુશી માણી લેવી. જિંદગીનું બીજું નામ જ રંગીની છે. એ કહેતો, "પૈસા હાથમાં આવે તો જિંદગીની ખુશીઓ આપણા પગ ચાટવા આતુર રહે છે."

જેકવેલીના એવું માનતી નહીં.

એ કહેતી, "કોઈ પણ બાબતનો અતિરેક સારો નહીં. જ્યાં અતિરેક હોય છે ત્યાંથી સારો આનંદ વિદાય લે છે. તમારી પાસે પૈસો હશે ત્યારે ઈચ્છિત દરેક ચીજ તમારા હાથમાં આવશે. પછી તમે શાની આશામાં રાચશો ? ઈચ્છેલી દરેક ચીજ જડી જતાં તેનું મૂલ્ય ઘટી જાય છે. મનવાંચ્છિત દરેક ચીજ જડી જાય તો મનોરથો અને અરમાનોનું મૃત્યુ થઈ જશે. શા માટે હાથે કરીને જિંદગીને નીરસ બનાવવા માગો છો ?"

" તારી આ ફિલસૂફી તારી પાસે રાખ જેકી. જીવન શું છે એ તને નહીં સમજાય, કામનો બોજ માથે લઈને ફર્યા કરવો એને તું

જિંદગી કહે છે ? ઓફિસમાં બેસીને આખો દિવસ થોથાં ઊથલાવવા એને તું જિંદગી કહે છે ? ગુલામીની પણ લોકોને એક આદત શી થઈ ગઈ છે. સૌ અબુદ્ધ છે. કોઈ સમજદાર નથી."

"પણ જિંદગી માત્ર મોજમઝાનું નામ નથી. એમાં ઈશ્વરનું સ્થાન પણ જરૂરી છે. ખ્રિસ્તને જીવનમાં પ્રથમ અને ઉચ્ચ સ્થાને બિરાજમાન થવા દેવો જોઈએ. જ્યાં પ્રભુની કોઈ ગણના નથી, ત્યાં આનંદ નથી. આત્માનો આનંદ જ ખરો આનંદ છે. અને ત્યારે જ પ્રાપ્ત થાય છે કે જ્યારે ઈશ્વરની સ્તુતિ કરીએ, એણે દર્શાવેલ માર્ગ પર ચાલીએ."

"ના, જેકી ના. જિંદગીનો તારા માટેનો અભિપ્રાય બિલકુલ ખોટો છે. જિંદગી શું છે તે સમજવાને તું અસમર્થ છે."

જેકવેલીના પછી ચૂપ જ રહેતી.

બંને વચ્ચે અનેક મતભેદ થતાં. પછી અશેષને જુગારની લત લાગી. એ મોડી રાત સુધી જુગાર ખેલતો, શરાબ પીતો પણ થયો. રાતે આવીને જેકવેલીનાએ એના હાથનો માર સહેવો પડતો. એક સુશિક્ષિત અને બુદ્ધિશાળી યુવાન શેતાની યુક્તિઓને લઈને પોતાની વિવેકબુદ્ધિ ખોઈ બેઠો હતો. આવું ક્યાંય સુધી ચાલ્યું.

છેવટે એક દિવસ કંટાળીને જેકવેલીનાએ અશેષનો સાથ છોડ્યો. પિયર જવાને બદલે એણે મિશનની હોસ્પિટલમાં નર્સની નોકરી ડૉક્ટર મોઝીસની મદદથી મેળવી લીધી. ડૉક્ટર જેકવેલીનાની સઘળી હકીકતથી વાકેફ હતા.

અશેષની ડાયરી વાંચી હતી, અને એમને ખાતરી થઈ ચૂકી હતી કે ઘવાયેલ પેશન્ટ અશેષ સેમ્યુઅલ તે જ મિસિસ જેકવેલીનાના પતિ છે.

લગ્નની શરૂઆતમાં અશેષ પત્નીને ખૂબ પ્યાર કરતો. "જેકી" લાડલા નામથી એને બોલાવતો. પરંતુ પાછળથી મિત્રોની બૂરી

સંગતને કારણે એણે જીવનમાં અનીતિને નોતરી લીધી.

જેકવેલીનાના ગૃહત્યાગ પછી અશેષ પર કોઈ અંકુશ રાખનાર ન હતું. એ વધુ બગડ્યો. જિંદગી એને વધુ રંગીન લાગી. એ શરાબ અને જુગારમાં ડૂબતો જ રહ્યો, ત્યાં સુધી કે પોતાની નોકરી પણ ગુમાવી દીધી.

આ વાતની જેકવેલીનાને જાણ થઈ હતી. હૃદયમાં એક પીડા ઊતરી આવી હતી. એ અશેષ પાસે જવાનું વિચારી રહી હતી, ત્યારે અશેષ જ એની પાસે આવી પહોંચ્યો હતો. પણ કેવી પરિસ્થિતિ વચ્ચે એ જીવી રહ્યો હતો ?

જિંદગી વિશેના અલગ અભિપ્રાયોએ બંનેને અલગ કરી દીધાં હતાં.

અગર અશેષની સ્મૃતિને ફરી લાવવી જ હોય તો એ માટે પોતે જ પરિશ્રમ કરવો પડશે એવું એ વિચારી રહી.

અશેષનું શરીર સળવળ્યું. એ ભાનમાં આવી ગયો હતો. એની આંખો જેકવેલીના પર મંડાઈ ગઈ હતી. જેકવેલીના એની નજીક ગઈ. અશેષના વાળમાં એની આંગળીઓ ફરી રહી.

"જાગી ગયા ?"

"હા, પાણી આપશો ?"

જેકવેલીનાએ પાણી આપ્યું. એ વિચારી રહી હતી કે શરૂઆત ક્યાંથી કરવી. વળી, અશેષ એને જોઈને કંઈક ભારપૂર્વક યાદ કરી રહ્યો હતો.

જેકવેલીનાએ મનોમન ઈશ્વરને પ્રાર્થના કરી. અને બોલી, "એક વાત પૂછું ?"

"બોલો."

"તમને કશું જ યાદ નથી ?"

"હું પ્રયત્ન કરી રહ્યો છું. તમને જોઈને મને લાગે છે કે આપણે ખૂબ પરિચિત છીએ." "મારી સામે જુઓ. ધ્યાનથી જુઓ. યાદ કરો કે એ દિવસો જ્યારે તમે મને જેકી કહીને બોલાવતા હતા. અશેષ..અશેષ હું તમારી પત્ની છું. આપણું એ મઝાનું ઘર યાદ કરો..."

પછી જેકવેલીનાએ વીતાવેલ કારણોની યાદી અશેષ સામે ધરી દીધી. અશેષની સ્મૃતિ સળવળી ઊઠી.

એને સમગ્ર અતીત યાદ આવી રહ્યો હતો. અતીત તૂટેલા કાચના ટુકડાઓની માફક નજર સમક્ષ વેરાઈ ગયો હતો. જેકવેલીના એ જ "જેકી" છે, એ તે જાણી ચૂક્યો હતો.

શરીરની પીડા ઘટી ચૂકી હતી. અને મનની ખુશી-બેવડાઈ ગઈ હતી.

"જેકી. આપણા અતીતને લઈને હું શરમિંદો છું. તને દુ:ખી કરવામાં મેં કશું જ બાકી રાખ્યું નહતું. તારા ચાલી ગયા પછી મને થયેલું કે હું કેટલો ફ્રી છું ? હવે મને કોઈ રોકટોક કરનાર રહ્યું નથી. ઈશ્વરને તો હું ક્યારનોય ભૂલી ચૂક્યો હતો. મેં એશઆરામની જિંદગી વીતાંવવા માંડી. ઓફિસ પણ જતો નહીં. નશામાં ચૂર રહેતો. મેં મારી નોકરી પણ ગુમાવી દીધી. મારો ગમ વધી ગયો. આથી શરાબ પીને હું રસ્તે ચાલતો હતો. ત્યારે ટ્રક અકસ્માત નડ્યો. પછીની વાત તું જાણે છે જેકી. જિંદગી માટેનો તારો અભિપ્રાય સાચો હતો તે હવે હું સમજ્યો છું. મારો અભિપ્રાય નથી. તું મને માફ કરશે ને જેકી ?"

"હું માફ કરનાર કોણ ? ઈશ્વરે તમને ક્યારનીય ક્ષમા બક્ષી છે." ખરેખર ? અશેષની આંખો છલકાઈ ગઈ હતી.

"હા...અશેષ..."કહીને ખુશીથી છલકતી આંખે જેકી અશેષને ભેટી પડી.

પછી "૬"નંબરના વોર્ડવાળા પેશન્ટની જાગ્રત થયેલ સ્મૃતિના ખુશખબર આપવા એ ડૉક્ટર મોઝીસની કેબિનમાં દોડી ગઈ !

●●●

# વિસામો

*શ્રી. ક્રિસ્ટોફર એચ. રાઠોડ, દાહોદ*

ચોતરફ કાન ભરી દેતો કોલાહલ... ધુમાડાથી વાતાવરણને પ્રદૂષિત કરી મૂકતી મિલોની તોતિંગ ચીમનીઓ...ઘડિયાળના કાંટા સાથે જિંદગીના કદમ માંડતા માનવીઓની ભીડથી ઊભરાતા આ મહાનગરના રાજમાર્ગ પર વૈશાખી બપોરે એક વૃદ્ધા ધીમા ડગલે આગળ વધી રહી છે. આયખાના આરે આવી ઊભેલી એની ક્ષીણ કાયામાં જાણે હવે આગળ વધવાનું જોર નથી રહ્યું. ઊંડે ઊતરી ગયેલ એના ચક્ષુઓ શોધી રહ્યાં છે...વિસામો !

રૂખીબા એમનું નામ...ગામડાની ધરતીનું ફરજંદ...ખૂબ ભર્યોભાદર્યો હતો એમનો સંસાર...! ફસલના અંતે અનાજના ઢગ ખડકી દેતી ફળદ્રુપ જમીન. દૂધ ઘીની રેલમછેલ રાખતી ગાય, ભેંસો, માતેલા સાંઢ જેવા બળદો, બાવડાના જોરે દિનપ્રતિદિન સમૃદ્ધિમાં વધારો કરતો પુરુષાર્થી પતિ મંગળ, અને પાછલી ઉંમરે દેવનો દીધેલ એકનો એક પુત્ર આનંદ...! પ્રકૃતિની ગોદમાં વસતા આ ખ્રિસ્તી ખેડૂત કુટુંબની સુખ-સાહેબી જોઈ અન્યને પણ ઈર્ષ્યા આવે એવો ભવ્ય અને સમૃદ્ધ હતો એમનો ભૂતકાળ.

પોતે ભલે અભણ રહ્યાં પણ આંખની કીકી સમા આનંદના ભણતર પાછળ આ ખેડૂત દંપતીએ શરૂઆતથી જ કાળજી રાખી.

પરિણામે આનંદ પ્રતિવર્ષ મોખરાના સ્થાને પાસ થતો. આનંદના બુદ્ધિ-ચાતર્ય જોઈ આ અભણ માતપિતાનાં હૈયાં હરખઘેલાં બની જતાં. ભવિષ્યમાં પોતાનો વિસામો બનનાર આવા પનોતા પુત્ર માટે ઈશ્વરપિતાનો આભાર માનતાં. પરંતુ સુખનાં દિવસો વ્યતીત કરતા આ સુખી કુટુંબ પર અણધારી આફત આવી પડી. એક દિવસ ખેતરે ગયેલ મંગળને એરુ ડંખ્યો અને પલકવારમાં પ્રેમાળ પત્ની તથા જીવથી પણ અધિક એવા પનોતા પુત્ર આનંદને છોડીને મંગળે આ દુનિયામાંથી વિદાય લીધી....ત્યારે આનંદ મહાનગર અમદાવાદમાં કૉલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો.

મંગળના મૃત્યુ પછી આ સુખી કુટુંબની સમૃધ્ધિમાં ધીરે ધીરે ઓટ આવવા લાગી. છતાં રૂખીબા હિંમત ન હાર્યાં. રાત-દિવસ પરિશ્રમ કરીને મા-દીકરાનું ગુજરાન સરળતાથી ચાલી શકે તેટલું અનાજ રળી લેવા એ હંમેશા પ્રયત્નશીલ રહેતાં. પરંતુ અમદાવાદ જેવા ખર્ચાળ શહેરમાં અભ્યાસ કરતા આનંદના ખર્ચનું ભારણ એટલું બધું હતું કે, ઘણી વાર રૂખીબાને જીવન જરૂરિયાતની વસ્તુઓની અછત રહેતી. તેમ છતાં શહેરમાં અભ્યાસ કરતા આનંદને કોઈ વાતે તકલીફ વેઠવી ન પડે તે માટે રૂખીબા આનંદની માગણી મુજબ પૈસા મોકલ્યા કરતા. બે વર્ષ પછી તો આનંદ નોકરીએ જશે અને ફરી સુખનું પ્રભાત ખીલશે. એ આશામાં રૂખીબા પોતાનું દુઃખ ભુલવા પ્રયત્ન કરતાં.

અને સાચે જ બે વર્ષ પછી ગ્રેજ્યુએટ આનંદને અમદાવાદની જ એક મિલમાં સારી નોકરી મળી. રૂખીબાના જીવનમાં સુખના કિરણો ક્રમથી રેલાવા લાગ્યા. એ પછીના વર્ષે તેમણે આનંદને હરખભેર પરણાવ્યો. છતાં ખેતીની જવાબદારી રૂખીબાના શિરે જ રહી. કારણ કે આનંદ અને નેહા બંનેને નોકરી માટે અમદાવાદમાં જ સ્થિર થવું પડે એવી પરિસ્થિતિ હતી. વૃધ્ધ માતાની ખબર જોવા આનંદ અવારનવાર ઘેર

આવતો. ઘણી વાર નેહાને પણ સાથે લઈ જવા પ્રયત્ન કરતો. પરંતુ શહેરી વાતાવરણમાં ઊછરેલી નેહાને ગ્રામ્ય વાતાવરણ તરફ એક પ્રકારની સૂગ હતી. નેહા આવતી ન હતી. એથી રૂખીબાના જીવને ઘણું લાગી આવતું છતાં એમણે આનંદને આ વિશે કશું જ કહ્યું નહોતું.

નેહા શહેરી જીવનમાં ઊછરી હતી.....આધુનિકતા એની નસોમાં પ્રસરેલી હતી. મોડર્ન ફેસેલિટી સાથે જીવવાનાં એના અરમાન હતાં. તેથી જ બે રૂમનાં નાનકડા મકાનમાં ગૂંગળામણ અનુભવી નેહાએ એક દિવસ આનંદને કહ્યું, "આનંદ, આ નાનકડા ઘરમાં ખૂબ સંકડાશ લાગે છે...એના કરતાં તો કોઈક સોસાયટીમાં આપણે પોતાનું જ ઘર વસાવ્યું હોય તો !"

"તારી વાત હું સમજું છું નેહા .....! પણ હજી તો સર્વિસ કરતાં માંડ બે વર્ષ થયાં છે....અને મકાનોની કિંમત આજે કેટલી ઊંચી છે આપણે જરૂર આપણું એક સરસ ઘર વસાવીશું...પણ થોડાં વર્ષ ધીરજ ધરવી પડશે...! આનંદે શાંતિપૂર્વક નેહાને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

આનંદનો જવાબ સાંભળી નેહાના ચહેરા પર ઉદાસી છવાઈ ગઈ. પરંતુ થોડી ક્ષણો બાદ જ કંઈક ઉકેલ મળી આવતાં નેહા બોલી. "આનંદ....એક ઉપાય છે....!"

"ઉપાય...! શો ઉપાય ?" આનંદે આશ્ચર્ય સહ પૂછ્યું.

"જુઓને...આપણે તો અહીંયા જ રહેવાનું છે બરાબર..... ઘરે જે જમીન છે એમાંથી તો હવે દેખરેખના અભાવે ઝાઝું ઉપજતું નથી.... વળી બા પણ હવે તો વૃધ્ધ થયાં..... એમના શિરે નકામી જવાબદારી રહે છે. એના કરતાં એ જમીન વેચીને એમાથી એક સગવડતાવાળું મકાન ખરીદી લઈએ..... અને બાને પણ આપણી સાથે જ રહેવા બોલાવી લઈએ, જેથી આ ઉંમરે એમને પણ શાંતિ

મળે.બોલો શું વિચારો છો, તમે...?" આનંદનો જવાબ સાંભળવા નેહા ઉત્સુકતાથી તાકી રહી.

"આમ તો તારી વાત ખોટી નથી નેહા...! હું બાને વાત કરીશ." આનંદનો જવાબ સાંભળી નેહાના અંગે અંગમાં આનંદની લહેરો પ્રસરી રહી. તત્કાળ એનાં ચક્ષુઓ સમક્ષ એક સગવડતાભર્યું મકાન ખડું થયું.

આંનદને પણ નેહાની વાત યોગ્ય જણાઈ. આથી જ થોડા દિવસો પછી એણે ઘેર જઈને રૂખીબા સમક્ષ જમીન વેચીને પોતાની સાથે રહેવા આવવાની વાત ખૂબ વિગતે સમજાવી. જે ભૂમિની ઉપજમાંથી આયખું વિતાવ્યું એ જ ભૂમિને વેચવાની વાત સાંભળી રૂખીબાના જીવને આઘાત લાગ્યો. પરંતુ બીજી તરફ વિચારતાં પોતે ખેતીમાં ધ્યાન આપી શકે તેમ ન હતાં. વળી આનંદ પણ અહીં રહેવા આવી શકે તેમ નહોતો. આથી જ તેમણે આનંદની વાત સ્વીકારી લીધી. અને થોડા જ દિવસોમાં જમીન-ઘરબાર વેચીને રૂખીબા વર્ષો જૂની ભોમકા છોડીને આંસુભીની આંખે અમદાવાદ જવા રવાનાં થયાં.

જમીનની રકમમાંથી આનંદે બેઠા ઘાટનો નાનકડો બંગલો ખરીદી લીધો. નેહાના આંનદની સીમા નહતી. થોડાક દિવસોમાં તો આધુનિક ફર્નિચર અને સરસામાનથી એણે આ નવા મકાનને સજાવી દીધું. એની મનોકામના પૂરી થઈ... પોતાનું ઘર.. સગવડતાભર્યું ઘર....ગામડાના મુક્ત વાતાવરણમાં અકળામણ અનુભવતાં છતાં પુત્ર અને વહુનું સુખી જીવન જોતાં શાંતિમાં દિવસો પસાર કરતાં.

પરંતુ સમય વીતતાં નેહા રૂખીબા પ્રત્યે ઓરમાયું વર્તન દાખવવા લાગી. આનંદના સુખી સંસારમાં દાવાનળ સળગી ન ઊઠે એટલા ખાતર જ રૂખીબા બધું જ ચૂપચાપ સહન કરી લેતાં. પરંતુ ધીમે ધીમે

નેહા મર્યાદા ઓળંગવા લાગી. રૂખીબા પ્રત્યે એ દિનપ્રતિદિન વધુ ને વધુ કઠોર બનતી જતી હતી. આથી દરરોજ માતા અને પુત્ર-વહુ વચ્ચે તણખા ઝર્યા કરતા... અને એક સવારે ક્રોધના આવેશમાં આનંદે વૃદ્ધ માતાને નજીવી બાબતમાં ખૂબ જ કડવા શબ્દોમાં નવાજી નાખ્યાં.

પોતાના લીધે આનંદનો સંસાર સળગી ઊઠશે એવું વિચારતાં રૂખીબાને આ ઘર છોડીને ચાલ્યા જવું મુનાસિબ લાગ્યું. વિલંબ કર્યા વિના તે જ દિવસે નેહા અને આંનદ નોકરીએ ગયાં બાદ પડોશીને ચાવીઓ સોંપી રૂખીબા મહાનગરના અજાણ્યા રાજમાર્ગ પર ચાલી નીકળ્યાં...!

ધોમધખતો વૈશાખી બપોર. વૃદ્ધ કાયા...અને એમાં પણ જેને ખૂબ મુશ્કેલીઓ વેઠીને ભણાવ્યો. જેને પોતાની વૃદ્ધાવસ્થાને વિસામો માન્યો હતો, એ એકના એક પુત્ર આનંદ તરફથી મળેલ જાકારાએ વૃદ્ધ રૂખીબાના શરીરમાં રહેલ થોડીઘણી શક્તિ પણ હણી નાખી. આખરે એક ડગલું પણ આગળ ન ભરી શકાય એવી સ્થિતિ આવી પહોંચી. અને વૃદ્ધ રૂખીબા ફૂટપાથ પર જ થાંભલાના ટેકે જ બેસી પડ્યાં. આંખમાંથી સરી જતાં આંસુ સાથે આ મહાનગરની ભીડને એ નિહાળી રહ્યાં. માનવીઓની અવરજવર, પણ સૌ પોતપોતાની મસ્તીમાં પસાર થઈ જતાં દીનદુ:ખીઓની પૃચ્છા કરવાની વાત તો બાજુએ રહી. પણ એમના તરફ એક નજર નાખવાની પણ કોઈને ફુરસદ નથી. રૂખીબા વિચારી રહ્યાં હતાં. "હવે જવું ક્યાં ?"...ત્યાં તો એક યુવાન એમની નજદીક થંભી ગયો. ધીમેથી રૂખીબા પાસે બેસતાં એણે પૂછ્યું. "માજી, રડો છો શા માટે ?... તમારું ઘર ક્યાં છે ? તે મને જણાવો તો હું તમને પહોંચાડી દઈશ." એની આંખોમાં રૂખીબાએ કરુણાનો સાગર ઊમટતો જોયો.

"ઘર...! દીકરા મારે કાંઈ ઘર નથી... આ દુનિયામાં મારું કાંઈ નથી...!" આટલું બોલતાં જ એમની આંખોમાંથી અશ્રુપુર ઊમટ્યાં."

"તો પછી...મારા ઘેર ચાલો..." યુવાન પ્રેમાદ્ર સ્વરે બોલ્યો. "તારા ઘરે...! હું તને ઓળખતી નથી. દીકરા...! પછી કેમ કરીને તારી સાથે આવું... મારા લીધે નાહક દુ:ખી ન થા. બેટા... જા... તારા કામે જા બેટા...?" દુ:ખીત સ્વરે રૂખીબા બોલ્યાં.

"મારું નામ ડેવિડ છે. માજી...! તમારી જેમ મારે પણ આ દુનિયામાં કોઈ નથી... હું અનાથ છું... તમે મારી સાથે રહેશો તો મને પણ માના મળ્યાનો આનંદ થશે...!" અને ડેવીડ આગ્રહપૂર્વક રૂખીબાને પોતાના નાનકડા ઘરે લઈ ગયો. રૂખીબાને પથારીમાં આરામ કરવાનું કહી થોડી વારમાં ડેવીડ ચાહ-નાસ્તો તૈયાર કરી લાવ્યો. ધીરે-ધીરે રૂખીબાની વૃદ્ધ કાયામાં ચેતનનો સંચાર થયો. જ્યારે અનાથ ડેવીડના ચહેરા પર વર્ષો પછી એક માતા મેળવવાની પ્રસન્નતા છવાઈ રહી...!

સંધ્યા ટાણે ઘરની સામે જ આવેલ વિસામાસમાન ઘેઘૂર વડલા પર આનંદથી કિલ્લોલતાં પક્ષીઓનો અવાજ સાંભળતાં રૂખીબા પોળના નાકે હાથમાં થેલી લઈને પ્રવેશતાં પોતાના વિસામાસમાન અનાથ ડેવીડને પ્રેમથી નિરખી રહ્યાં.

●●●

# હાથ

**_શ્રી શાંતિલાલ ખુશાલભાઈ ખ્રિસ્તી, નડિયાદ_**

એક સાસુબા હતાં. તાવથી તરફડતાં હતાં. તાવથી પથારીવશ હતાં. અશક્ત અને નિર્ગત બની ગયાં હતાં. સગાંસ્નેહીઓ તેમની સરભરામાં હતાં. સૌ સૌની ફરજ બજાવતાં હતાં. પિતર પણ ત્યાં હાજર હતો. કારણ કે આ સાસુબા તે પિતરનાં જ હતાં.

પિતરને આમ સાસુબાને તાવમાં તરફડતાં જોઈ એક વાત યાદ આવી. ગુરુ પ્રભુ ઈસુ યાદ આવ્યા. તેણે ગુરુની ચમત્કારિક શકિત જોઈ હતી. અનુભવી હતી. પોતાનાં સાસુબાની વાત કરી. તાવ મટાડવા વિનંતી કરી...

ગુરુ ઊઠ્યા. ઊભા થયા અને આવ્યા...સાસુબા પાસે ગયા અને પોતાના જ હાથે સાસુબાનો હાથ પકડીને તાવવાળાં સાસુબાને બેઠાં કર્યાં. તાવ ગયો ! અને પૂર્ણ શક્તિશાળી બનાવ્યાં.

"વાહ ભાઈ વાહ ?" કેવળ હાથમાં હાથ પકડીને બેઠાં કરવાથી તાવ ગયો. આ તાવ ભગાડનારના હાથની વાત અજબ કહેવાય !" ત્યાં ઊભા રહેલા સ્નેહીઓમાંથી કોઈક બોલી ઊઠ્યું.

અરે ! આનો હાથમાં હાથ પકડીને ફક્ત તાવ જ મટાડીને સાજાપણું બક્ષ્યું...!

પરંતુ એક કોઢિયો હતો. તેના શરીરે હાથ ફેરવ્યો અને પછી...! જોયું તો શુદ્ધ અને સુંદર શરીર...!!

'હેં.. કેવળ હાથ ફેરવીને કોઢ મટાડ્યો ?' તમે જરૂર પૂછશો.

"હા, કેવળ હાથ સ્પર્શથી કોઢિયાનો કોઢ ગયો." કોઢિયાની ઇચ્છા, પ્રાર્થના અને વિનંતીથી ગુરુ સમજી ગયા અને ગુરુ જાતે જ તેની પાસે ગયા. ત્યારે કોઢિયાએ પાયે પડીને કહ્યું કે, "પ્રભુ, તમારી ઇચ્છા હોય તો મને શુદ્ધ કરો."

અને પ્રભુની ઇચ્છા તો હોય જ...! તરત જ હાથ લંબાવી કોઢિયાના શરીરે અડકાવ્યો અને કહ્યું. "મારી ઇચ્છા છે કે તું શુદ્ધ થા."

પ્રભુના હાથ અડક્યા. અને તરત જ કોઢ ગયો !

કેટલું બધું ચમત્કારિક બળ ! ગજબનું ચમત્કારિક બળ !

પ્રભુની ઇચ્છાને આધીન થવાથી. આપણાં પાપરૂપી કોઢને હાથથી સ્પર્શ કરાવી, મટાડી શુદ્ધ પવિત્ર બની શકાય છે.

"ગજબનું ?...આ તો ભારે કહેવાય...?...?" તમે કહેશો જ.

અરે ? હજુ એથી પણ વધુ આગળ હું જણાવું. તો એથી વધુ અચંબામાં તમે પડી જશો.

એક સ્ત્રી હતી. પરંતુ આ સ્ત્રી સુંદર ન હતી. અને કદરૂપી પણ ન હતી. પરંતુ હતી કૂબડી. શરીરે વાંકી વળેલી હતી. બેડોળ દેખાતી હતી. વાંકી વળેલી હોવાથી કઢંગી દેખાતી હતી. તેથી લોકો તેને નફરતથી જોતા હશે.

સ્ત્રી ખૂબ જ દુઃખી થઈ ગઈ હતી. ચાલવામાં, બેસવામાં, ઊઠવામાં કે કામકાજમાં ખૂબ જ હેરાન પરેશાન થઈ ગઈ હતી. જે તેના દર્દથી સૌ કોઈ સમજી શકે એમ હતું.

જ્યાં સીધા ઊભા રહેવાતું જ ન હોય તો પછી ચાલવાની વાત જ ક્યાં ? પોતાની જાતથી !!...

માટે એને બીજા માણસની મદદની જરૂર પડે તે સ્વાભાવિક. માટે આ રીતે તેની સેવા કરી, તેને મદદ કરી. તેનાં સગાંસ્નેહીઓ તંગ આવી ગયાં હતાં...

ત્યાં પ્રભુના આગમનની વાત જાણી. પણ તેમની પાસે જવાય કેમ ? અઢાર અઢાર વર્ષથી તંગ બનેલી સ્ત્રીએ ગુરુ પાસે જવું કેમ કરી ? સગાં સ્નેહીઓને પણ કેટલુંક કહેવું ? ભયંકર બીમારી મટાડવા દવાદારૂ કર્યા છતાં સાજાપણું ન મળતા હવે આ રોગથી મુક્ત કેવી રીતે થવાય ?

કેટલાંક લોકોને આજીજી વિનંતી કરી જોઈ...!!

પણ માણસોમાંથી જાણે દયા મરી પરવારી ન હોય ! સગાંસ્નેહીઓ પણ હવે સ્વાર્થી હોય આમ એકલી તરછોડીને ચાલ્યાં ગયાં. ન તો આવી એની ઉપર દયા કે રહેમ !!

ના, ના દયા મરી પરવારી નથી. કોઈક દયાળુ તો હોય જ. તેવી વ્યક્તિએ તેને મદદ કરી. સભાસ્થાન સુધી આણી. પ્રભુની નજર પડે ત્યાં સુધી લાવવામાં આવી.

રોગથી પીડાતી સ્ત્રી, કંટાળેલી સ્ત્રી, દુઃખી સ્ત્રીએ પેલી અહીં સુધી લાવનાર વ્યક્તિને અંતરથી દુઆ દીધી. અને મુખ પર અહીં સુધી આવી તંદુરસ્ત બનવાનાં આનંદની એક લહેર આવીને....ચાલી ગઈ....!

ત્યાં જ ગુરુની નજર આ સ્ત્રી ઉપર પડી. એને બોલાવી તથા અંતરયામી પ્રભુ ઈસુએ તેની મનોવ્યથા, તેનો પ્રયત્ન, તેની ઇચ્છા, તેનો પરિશ્રમ, તથા લોકોએ પણ તેના દુઃખની કહાણી કહી તથા

દયાળુ વ્યક્તિ દ્વારા અહીં સુધી લાવવામાં આવી છે. અને સ્ત્રીને સાજાપણું પામવાની ઇંતેજારી જાણી, સાબ્બાથવાર હોવા છતાં પ્રભુ ઈસુએ, "બાઈ, તારા મંદવાડથી તું છૂટી થઈ છે." કહી તેની નજીક જઈ તેના ઉપર હાથ મૂકી સાજી કરી. સ્ત્રી તરત જ ઊભી થઈ.

પડતી આથડતી સ્ત્રી થઈ ગઈ ટટ્ટાર ! થઈ ગઈ શુદ્ધ ! તથા બિલકુલ નિરોગી.

અને ?

તરત જ તેણે ઈશ્વરની સ્તુતિ કરી તથા પ્રભુનો આભાર માનતી પોતાને ઘેર ગઈ.

આમ હાથ અડકાવીને કૂબડી સ્ત્રીને પૂર્ણ સાજાપણું બક્ષ્યું. અદ્ભુત ચમત્કાર કરી લોકોમાં આશ્ચર્ય ફેલાવી મૂક્યું.

આપ પણ આ ચમત્કારિકપણામાં આશ્ચર્ય થઈ ગરકાવ થઈ ગયા લાગો છો... બધાં કેવા શાંત થઈ ઈંતેજારીથી સાંભળો છો ?

પણ થોભો...!

હજુ એથી પણ વિશેષ આશ્ચર્યકારક વાત જણાવું છું. ધીરજ રાખો.

"એથી પણ વધુ આશ્ચર્યકારક ?" એમ કેમ પૂછતાં નથી ? નહીં પૂછો તો પણ હું તો કહીશ જ. તમે સાંભળો...!"

એક વખત આપણા ગુરુ પહાડ ઉપર ઉપદેશ આપી રહ્યા પછી શિષ્યોને તે લોકોને ખાવાનું આપવાનું જણાવ્યું.

આપણે સૌ સ્વાભાવિક વિચારીશું કે આટલાં બધાં માણસોને નિર્જન અને શહેરથી દૂર પહાડ ઉપર ખાવાનું ક્યાંથી આપી શકાય ?

અરે ! તમે તો મારી વાત સાંભળો છો, પણ કેટલા માણસો હતાં એવું કેમ કોઈ જ પૂછતું નથી ?

તમે નહીં પૂછો તોપણ હું તે પણ જણાવી જ દઉં કે પાંચ હજાર જેટલા પુરુષો હતા.

"ના, ભાઈ ના. ચાર હજાર હતા. તમે ખોટું બોલો છો." એમ તમારામાંથી મને જૂઠો પાડવા પ્રયત્ન કરશો જ !...!

પરંતુ હા, એ વાત પણ સાચી છે. પણ એ બીજો પ્રસંગ છે ! પ્રથમ વખતે પાંચ હજાર હતા. અને બીજી વખત ચાર હજાર હતા. આમ બે વખતના આ સત્ય પ્રસંગો છે.

"હા, હવે આગળ એનું શું થયું ?" તમે ઈંતેજારી તૂટતાં જરૂર પૂછશો જ.

હા, હવે તમને લાગેલી તાલાવેલીની વાત કરું.

જુઓ, એ પાંચ હજારને જ્યારે ગુરુએ ખાવાનું આપવાનું કહ્યું ત્યારે શિષ્યો અંદરોઅંદર મૂંઝાયા... અને કોઈક લાવ્યું છે કે નહિ, તેની શોધ કરવા લાગ્યા.

"હવે શું કરીએ ? આટલાં બધાં માટે ખાવાનું ક્યાંથી મેળવીએ?" એની વિમાસણમાં થોડી ક્ષણો વીતી.

ત્યાં તો ગુરુ પોતે જ બધી વાત પામી ગયા !! શિષ્યોની મૂંઝવણ સમજી ગયાં અને તરત જ પૂછયું.

"જુઓ, જો કોઈની પાસે છે ?"

ત્યાં એક પ્રેમાળ અને કાળજીવાળા મા-બાપનો છોકરો નજીક જ હશે તે બોલ્યો, "મારી પાસે બે માછલી અને પાંચ રોટલી છે."

પ્રભુએ આ બે માછલી અને પાંચ રોટલી હાથમાં લીધાં અને

તેના ટુકડા કર્યા. તેના ઉપર પ્રાર્થના કરી. અને એ ટુકડાઓ શિષ્યોને આપ્યા. અને લોકોને હારબંધ ગોઠવી પીરસ્યા.

લોકોને કકડીને ભૂખ લાગી હતી. શાંતિથી લાઈનમાં ગોઠવાઈને પેટ ભરીને ખાધું. સાંત્વન મેળવ્યું.

"હાશ"નો ઓડકાર આવ્યો. ખાઈને તૃપ્ત થયા. અને પછી ટુકડાઓ તો વધ્યા, તેની ટોપલીઓ ભરી, તો બાર ભરાઈ.

આ છે પ્રભુ ઈસુના હાથનો ચમત્કાર.

અરે હાં, પેલા ચાર હજાર માણસોનો પ્રસંગ પણ આ પ્રકારનો જ છે. પરંતુ તે વખતે સાત રોટલી અને થોડીક નાની માછલી હતી. તેની પણ સ્તુતિ કરીને ભાંગી, પ્રાર્થના કરી, અને ચાર હજાર લોકો જમ્યા. તથા છેલ્લે સાત ટોપલી ભરીને ટુકડા વધ્યા.

આમ બબ્બે વખત અજાયબીભર્યા ચમત્કાર કરી લોકોને આશ્ચર્યમુગ્ધ કરી મૂક્યા. લોકોને વિચારતા કરી મૂક્યા કે "આટલો બધો ખોરાક ક્યાંથી અને કેવી રીતે લાવ્યા ?"

પણ જ્યારે ખાનારાઓએ પ્રભુના હાથની વાત જાણી ત્યારે સૌના મુખે "ગુરુનો હાથ કહેવો પડે ! જે રોટલી અને માછલીને અડકીને આપણા સૌનો ખોરાક પૂરો પાડ્યો."

હા. તમે પણ હવે એમ જ કહેવાના, "કે ખ્રિસ્ત પ્રભુ ઈસુનો હાથ જબરો ચમત્કારિક કહેવાય. આપણને પણ એવો ખોરાક પૂરો પાડતો હોય તો ?"

જરૂર તે એમ જ ખોરાક પૂરો પાડે છે. પણ પેલા છોકરાની માફક જે કાંઈ હોય, તે બીજાને માટે પોતાની ચિંતા કર્યા વગર સોંપી દઈએ. તેની આજ્ઞા માની પંગતમાં બેસી જઈ અને "ખોરાક તો નથી" એમ

ન વિચારતા "ખોરાક મળશે" એવો વિશ્વાસ રાખી પાંચ હજાર અને ચાર હજાર માણસો જેવા થઈએ-ઇચ્છીએ તો !

અરે ! ખોરાક તો શું પણ એથી વિશેષ અને ચમત્કારિક બળ પોતાના હાથે પ્રદર્શિત કરે છે.

"હેં ?" તમને પ્રશ્ન થયો ?"

"હેં" ? કરીને મને પ્રશ્ન ન કરશો. આજે કહેવા બેઠો છું તો હું તમને કહેવાનો જ.

યાઐરસ નામે એક ધર્મસભાનો અધિકારી હતો. યાઐરસ તેની મરણતોલ માંદી છોકરીને સાજી કરવા પ્રભુને વિનંતી કરે છે. અને ગુરુને પોતાને ઘેર લાવે છે. ત્યાં રસ્તામાં જ માંદી છોકરી મરણ પામી, એવા આઘાતજનક સમાચાર સાંભળ્યા છતાં ઈસુ તેના ઘરે ગયા.

પ્રભુ યાઐરસના વિશ્વાસને જોઈને તેની વિનંતીને માન આપી મરેલી છોકરી પાસે આવી પોતાના હાથથી છોકરીનો હાથ પકડીને, "છોકરી, હું તને કહું છું કે ઊઠ" કહી બેઠી કરે છે...

છોકરી તરત જ બેઠી થઈ ચાલવા લાગે છે. લોકો રડતાં કૂટતાં શાંત થઈ ગયા. શોકમાંથી આનંદભર્યું વાતાવરણ થઈ ગયું અને પ્રભુના હાથથી મરેલી છોકરીને સજીવન થયેલી જોઈ બધાં અચંબામાં પડી ગયાં.

અદ્ભુત પ્રસંગથી બધાં નવાઈમાં .ડૂબી ગયાં. "વાહ... વાહ"...ના પોકાર શરૂ થઈ ગયા.

તમે પણ આવા અચંબામાં અને નવાઈમાં ડૂબી ગયાં છો ? જાગો, એવા આપણા ગુરુના અજાયબ, અદ્ભુત અને નવાઈ પમાડે તેવા હાથનો અનુભવ પામો.

આવો, તમે પણ અનુભવ કરી જુઓ. એ શી તરેહનું માણસ છે ? એવો પ્રશ્ન ન પૂછતા. એ તો તરેહ તરેહનું માણસ છે. તેના હાથનું સ્પર્શનું પારખું કરી જુઓ. વિશ્વાસથી વિનંતી કરી જુઓ. પોતાની પાસે જે કાંઈ છે તે અર્પણ કરી જુઓ. તમારી સર્વ માગણીઓ તેને જણાવો. અને પછી જુઓ કે એ શી તરેહનું માણસ છે ? તેના હાથ કેવા છે ?

(માથ્થી : ૮:૪૧થી ૫૫; ૧૫:૩૪થી ૩૮; માર્ક ૧:૪૦ થી ૪૧; ૫:૪૧થી ૪૨; લુક ૧૩:૧૧ થી ૧૩ના સંદર્ભમાં)

●●●

# અનાથોથના ખેતરોમાં

*શ્રી. ભાઈલાલ એમ. સોલંકી, નડીઆદ*

યરુશાલેમથી થોડા જ કિલોમીટર દૂર આવેલા અનાથોથની સીમમાં એક ઝૂંપડી છે. ઝૂંપડીમાં એક ડોસો પથારીવશ પડ્યો છે. જેવી ઝૂંપડી જીર્ણ થઈ ગયેલી છે તેવું જ ડોસાનું શરીર પણ જીર્ણ છે. આજકાલ મહિનાઓથી એ આમ ખાટલાવશ છે. દિવસરાત એ કહ્યા કરે છે. નીંદ વેરણ થઈ ગઈ છે. પડખું ફેરવવાની શક્તિ રહી નથી. તેથી ચામડી પર ભાઠાં પડ્યાં છે. હવે તો મૃત્યુ આવે અને આ વેદનામાંથી તેને છોડાવે તેની તે રાહ જુએ છે. માગ્યું તો મોત પણ ક્યાં મળે છે ? કોણ જાણે ક્યારે તેની રિબામણનો અંત આવશે ?

તેની પથારીમાં પડખે એક મધ્યમ વયનો માણસ બેઠો છે. ડોસાનો એ એકનો એક પુત્ર છે. પિતાનું દુઃખ તે જોઈ શકતો નથી પરંતુ લાચાર છે. બનતી સેવાચાકરી તે કરે છે. અને સાંત્વન આપે છે.

થોડી વારે ગામમાંથી શોર-બકોરનો અવાજ આવવા લાગ્યો. ઘણાં માણસો હોંકારા-પડકારા કરતા હોય અને દોડતા હોય એવું લાગતું હતું. ડોસાના ક્ષીણ થઈ ગયેલા કાનોએ પણ એ અવાજ પડ્યો. તેણે બૂમ પાડી "યોનાથાન !"

દીકરાએ જવાબ આપ્યો, "આ રહ્યો, પિતાજી. બોલો શું કરવાનું છે ?"

"આ શાનો ઘોંઘાટ સંભળાય છે ? લૂંટારાનું ધાડું આવ્યું છે કે શું ?"

"ના પિતાજી. હવે તો આ રાજમાં લૂંટારાની મજાલ નથી કે લૂંટી શકે. આ તો રાજાની સવારી ગામમાંથી પસાર થાય છે તેનો અવાજ સંભળાય છે. શલોમોન રાજા પાટનગર પાછા ફરી રહ્યા છે. ઓફીરનું સોનું ભરેલાં વહાણો એસ્યોનગેબેર બંદરે લાંગર્યાં છે. ત્યાંથી આ સોનું લાવતાં કાફલાની સાથે શલોમોન રાજા પણ પાછા ફરે છે.

"ઓફીરનું સોનું ? કેમ સોનાની એટલી બધી જરૂર ઊભી થઈ છે ?"

"પિતાજી, શલોમોન રાજા પવિત્ર યહોવા દેવનું મંદિર બંધાવે છે, તેમાં વાપરવા માટે આ સોનું મંગાવ્યું છે."

"યહોવાનું મંદિર ? અરે પ્રભુ !" ડોસાએ હળફળતો નિસાસો નાખ્યો. "હું ફરી કદી હવે યહોવાનો કોશ જોવા પામીશ નહિ." તેની ઊંડી ઊતરી ગયેલી આંખોમાં આંસુ તગતગી ઊઠ્યાં.

"પિતાજી, હવે વલોપાત કરવાથી શું વળશે ?" યોનાથાન બોલ્યો. "ગઈ ગુજરી ભૂલી જાવ અને ઈશ્વરમાં જ ધ્યાન રાખો."

"દીકરા, ભૂતકાળ એમ ભૂલાતો નથી. કેટલાંક પ્રસંગોની યાદ તો મરણ સુધી ચિત્તને વળગી રહે છે. ફક્ત એક જ ભૂલ મેં કરી, અને એ ભૂલે મારા જીવનને અંધકારમય કરી નાખ્યું."

"પિતાજી, મને પણ એ દિવસો યાદ આવે છે. શલોમોન રાજાની સવારીમાં આજે તમારે અને મારે કેવાં માનપૂર્વક જોડાવાનું હોત પણ

આજે આપણને કોઈ યાદ કરતું નથી. યહોવાના મંદિરની ભવ્યતાનાં વખાણ જતાં-આવતાં મુસાફરો પાસેથી સાંભળું છું. ત્યારે યાદ આવે છે કે એ મંદિરમાં સેવા કરવાનો હક તમારો અને મારો હતો. પણ ઈશ્વરને કંઈક જુદું જ ગમ્યું હશે... જે થઈ ગયું તે ન થયું થવાનું નથી."

"બેટા, દાવિદ રાજાની યુવાનીથી જ હું તેનો સાથીદાર હતો. તને પણ યાદ હશે કે, શાઉલ રાજા હતો ત્યારે દાવિદને નાસતા ફરવું પડ્યું હતું. હું નોબમાં મારા પિતા સાથે અહીમેલેખ યાજક સાથે રહેતો હતો. ભાગતા દાવિદને મારા પિતાએ ઉતારો આપ્યો, પવિત્ર રોટલી આપી અને ગોલ્યાથની તલવાર આપી. તેમને ત્યારે ખબર જ નહિ કે આનો અંજામ બૂરો આવશે. શાઉલે આ વાત જાણી તે બહુ ક્રોધાયમાન થયો. તેણે યાજકોની કતલ કરાવી. ફક્ત હું જ બચીને નાસી છૂટ્યો. તે દિવસથી હું દાવિદનો સાથીદાર બન્યો."

આટલું બોલતાં તો ડોસાને ખાંસી ચઢી. યોનાથાને પાણી આપ્યું ત્યારે તેને કળ વળી. સ્વસ્થ થઈ તેણે થોડીવાર આંખો બંધ કરી આરામ લીધો. બંધ આંખો જાણે તે ભૂતકાળનાં દશ્યો જોતો હતો. પછી તેણે આંખો ખોલી. ખાંસી ખાઈ તેણે ફરી બોલવાનું શરૂ કર્યું.

"હું નોબથી નાઠો ને કઈલાહ ગયો. દાવિદે ત્યારે કઈલાહને પલિસ્તીઓના હાથમાંથી ઉગારી લીધું હતું. તેણે મારો આવકાર કર્યો ને દિલાસો આપ્યો. પણ અમે ઝાઝુ રહી શક્યા નહીં. ત્યાંના લોકો વિશ્વાસઘાતી નીકળ્યા. તે અમને શાઉલના હાથમાં સોંપી દેવાની પેરવી કરતાં હતાં. આથી અમે જંગલોમાં અને પર્વતોની ગુફાઓમાં સંતાઈ જવા નાસી છૂટ્યા. છેલ્લે અમે સિકલાગમાં રહ્યા. પછી પલિસ્તીઓ સાથે લડતાં શાઉલ માર્યો ગયો ને દાવિદ હેબ્રોનમાં તેની

સાથે રહ્યો. પછી તે આખા ઈઝરાયલનો રાજા થયો અને હું દાવિદનગરમાં તેની સાથે રહેવા લાગ્યો. ત્યાં જ તારો જન્મ પણ થયો."

યોનાથાન અહીં વાત અટકાવતાં બોલ્યો, "આરામ કરો, પિતાજી. ફરી પાછી ઉધરસ ચઢશે ને હેરાન થશો. વીતી વાતો પર શોક કરવાથી શો ફાયદો ?"

"શોક કરીને ય હવે શું થવાનું છે ? તને આ વાત સંભળાવું છું તે એટલા માટે કે તને એમાંથી શીખવાનું મળે. આપણી ભાવિ પેઢીને પણ બોધપાઠ મળે." વાતનો દોર આગળ સાંધતા ડોસાએ કહેવા માંડ્યું. "થોડાં વર્ષો શાંતિથી રહ્યાં એટલામાં આબ્શાલોમે બંડ કર્યું. સાદોક યાજકની સાથે હું પણ યહોવાનો કોશ લઈ દાવિદની પાછળ જવા નીકળ્યો. પરંતુ દાવિદે અમને ના પાડી. પછી શું બન્યું એ તો તું જાણે છે. આપણે નગરમાં રહી દાવિદને માટે જાસૂસી કરતા હતા."

"હા, પિતાજી. હું ને અહીમાઆસ એન રોગેલ પાસે રહેતા હતા. એક વાર તો જાસૂસી કરતાં અમે પકડાઈ જવાના જ હતા. પેલી સ્ત્રીએ જો અમને કૂવામાં સંતાડી દીધાં ન હોત તો અમે જીવ ગુમાવ્યો જ હોત."

"રાજાને વફાદાર રહેતાં જીવનું જોખમ પણ વહોરી લેવું એ તો આપણી ફરજ હતી. દીકરા, પછીથી બિન્યામીની શેબાએ બંડ કર્યું. ત્યારે પણ આપણે દાવિદને જ વફાદાર રહ્યા. ભૂલ મારી થઈ ફક્ત અદોનિયાની બાબતમાં જ. અદોનિયાની વાતમાં હું આવી ગયો. ને મને રાજા થવાનો એનો હક સાચો લાગ્યો. વળી સેનાધિપતિ યોઆબ પણ મારી સાથે હતો. એટલે મને લાગ્યું કે હું સાચા માર્ગે છું. મેં વિચાર્યું નહીં કે સાદોક યાજક અમારી સાથે નથી. તેનું શું કારણ છે.

મેં તપાસ કરી નહીં કે દાવિદ રાજાની ઇચ્છા શી છે. મેં અદોનિયાને રાજા બનાવવામાં મારી ઉન્નતિ જોઈ. તેના રાજ્યમાં તે મને અને મારી પાછળ તને મુખ્ય યાજક બનાવે એ સ્વાર્થ મારા મનમાં હતો. અત્યાર સુધીની મારી ઉજ્જવળ કારકિર્દી પર મારા એ કૃત્યે ધબ્બો લગાવ્યો. હું દરિયો તર્યો ને કિનારે ડૂબી ગયો.

"પિતાજી, હવે એ બધું યાદ કરશો નહિ. એવું યાદ કરી કરીને દુઃખી થાવ છો તેથી જ તમારી બીમારી જતી નથી."

પુત્રની વાત સાંભળતો જ હોય તેમ ડોસો બોલ્યે જતો હતો :

"મારી એ ભૂલનો ન્યાય રાજા શલોમોને ચૂકવ્યો. અદોનિયા અને યોઆબને તો તેણે મારી નાખ્યા. પણ મને જીવતો રાખ્યો. રાજા દાવિદની મેં સેવા કરી હતી. કષ્ટ વેઠ્યાં હતાં. તે તેણે લક્ષમાં લીધું. મને જીવનદાન આપ્યું. પરંતુ મને યાજકપદેથી બરતરફ કર્યો અને યરુશાલેમથી હદપાર કર્યો, તે દિવસથી માંડીને આજ સુધી અનાથોથનું આ ખેતર મારું ઘર બન્યું છે. હવે મને કોઈ ઇચ્છા રહી નથી. હવે તો મરણની જ રાહ જોઉં છું.

યોનાથાન ચૂપ રહ્યો. આખો ભૂતકાળ તેની નજર સમક્ષ હૂબહૂ તરી આવ્યો. પિતાનું દુઃખ તે સમજી શક્યો. સફળ બનવા સર્જાયેલી દેખાતી જિંદગીમાં એક ઠોકરે આખું ચિત્ર બદલી નાખ્યું હતું. સોને મઢ્યા મંદિરના પવિત્રસ્થાનમાં ઊભા રહેવાને બદલે સર્જાયેલો યાજક આજે સીમમાં સબડતો હતો. ક્ષણેક્ષણની સતત સાવધાની જ સફળ જિંદગી તરફ દોરી જઈ શકે એની અહીં પ્રતિતી થતી હતી.

દિવસભરની મુસાફરી પૂરી કરી સૂરજ અસ્તાચળે ઢળી ગયો હતો. પવન પડી ગયો હતો. રાજાની સવારીના પડઘા હવે દૂર ને દૂર ચાલી ગયા હતા. નીરવ શાંતિમાં ડોસાની ખાંસી વધતી જતી

હતી. ઝૂંપડામાં ટમટમતા કોડિયાનાં અજવાળામાં યોનાથાન અસહાયશો બેસી રહ્યો હતો.

અંધકારના ઓળા પૃથ્વી પર ઊતર્યા. તારાજડિત આકાશમાંથી એક તારો ખર્યો ને પ્રકાશની લાંબી સેર ઘડીભર ચમકી ઊઠી. એક મોટી ઉધરસ સાથે ડોસાએ માથું ઢાળી દીધું. કોડિયાની જ્યોત થરથરી. યોનાથાનની આંખોમાંથી બે આંસુ ટપકી ભોંયતળિયાની જમીનમાં સમાઈ ગયાં. અબ્યાથાર યાજક હવે આ પૃથ્વી પર ન હતો.

•••

# 'રિયાલિટી'

*(વાસ્તવિકતા)*

***આલેખન : શ્રી એલ્હાનાન લુસિયસ***

ટરરરર.......ટરરર......ટરરર.......

બેન્ક ઓફ સીટીઝન્સના યુવાન, કાર્યદક્ષ મેનેજર શ્રી સનત શાહની આંગળીઓનાં ટેરવાથી દબાયેલ બઝર કર્કશ અવાજે પ્યુનને અંદરથી આવવાની આલબેલ પોકારી ઊઠ્યું.

"અરે, કિશોરસીંગ. મિ. સોલેસ આવ્યા હોય તો મારી પાસે મોકલો."

"હા, સાહેબ; આવ્યા છે. હમણાં જ મોકલું."

અને બીજી જ પળોમાં શ્રી. શાહની સિગારેટમાંથી વછૂટેલા ધૂમ્રગોટ વચ્ચે યુવાન, ઉત્સાહી કર્મચારી અજય સોલેસનો ચમકીલો તેજસ્વી ચહેરો હસી રહ્યો, બળતી સિગારેટ એશ-ટ્રેમાં સરી પડી.

"હેલ્લો સર, ગુડ મોર્નિંગ, સવાર સવારમાં કેમ યાદ કર્યો ?"

"યસ, મિ. સોલેસ, વેરી ગુડ મોર્નિંગ. આઈ એમ કોન્ફીડન્ટ ધેટ યુ આર એ પ્રોફાઉન્ડ બેન્કર. એન્ડ યુ વેરી વેલ નો... હમણાં બધી બેન્કોમાં ઓવરટાઈમ ઉપર સિલીંગ આવી ગઈ છે.

એક્ઝીક્યુટીવ ડાયરેકટરનો પણ સરક્યુલર છે. એટલે હવે બદલાતા સંજોગોમાં રૂટિન અને પેન્ડીંગ કામ કઈ રીતે ઉકેલી શકાય ? તે મારો પ્રશ્ન છે. સો આઈ ઈન્વાઈટ યોર રેમેડીયલ સજેશન્સ !"

પછી થઈ આખી બેંકના વિવિધ ડીપાર્ટમેન્ટસની કાર્યવહેંચણી, પુનઃરચના અને મર્જર, લેજર એલોટમેન્ટ, પ્રીમાઈસીઝ લે-આઉટ, રીલીવર એન્ડ બેલેન્સીંગ સેલની રચના. ઓફિસર્સની હાજરીમાં ફાઈનલ ટચ અને પહેલી તારીખથી અમલ ! ક્વીક ડિસ્પોઝલ !

અજય જેમ્સ સોલેસ બાહોશ, કર્તવ્યનિષ્ઠ અને "ડાયનેમીક" વિચારસૃષ્ટિ ધરાવતો યુવાન ઓફિસર હતો. આત્મવિશ્વારથી ભર્યો ભર્યો અને આક્રમક અભિગમ ધરાવતો ખ્રિસ્તી યુવાન હતો. તારણ પામ્યા પછી જો કે હમણાં જ આત્મિક જીવનનાં પગથિયાંઓ સર કરવાની શરૂઆતમાં હતો. કુટુંબમાં સૌથી મોટો દીકરો હોઈ નાની ઉંમરે અભ્યાસ સાથે જ નોકરીની ધૂરામાં જોડાવું પડ્યું. લાંબી હક્ક રજા લઈ ડીગ્રીની ફાઇનલ પરીક્ષા આપી દીધી ! અને છતાંય રીઝલ્ટ આવ્યું ત્યારે "સ્પાર્કલીંગ સકસેસ !" ફર્સ્ટ કલાસ બી. કોમ ! આખી બેન્કના અભિનંદનો અને આઈસ્ક્રીમના કપ વચ્ચે ભીંજાતો રહ્યો !

હા, હવે પોતે જીવનમાં 'સેટ' થઈ ગયો હતો. માતા-પિતાએ લાયક કન્યા માટે શોધ આદરી. તેણે નિમીષા ક્રિસ્ટી વિશે સાંભળ્યું હતું. એમ.કોમ. સાથે અર્ધ-સરકારી સંસ્થાની નોકરીમાં હમણાં જ જોડાયેલી. મિત્રો, શુભેચ્છકો વગેરેની પાસેથી માહિતી મળી. 'એ' તેના બેન્કના રસ્તેથી જ પસાર થતી નિત્યક્રમ !

અને એક સાંજે.

"એસ્ક્યુઝ મી મેડમ, મિસ નિમીષા ક્રિસ્ટી તમે જ ?"

"હા, હું જ નિમીષા. બોલો શું કામ છે ?"

"કામ તો કાંઈ નહિ, પણ એક અંગત કામ હતું."

"અંગત ?"

"હા. અંગત."

"તો જરૂરથી ઘેર આવી શકો છો. નજીક રહું છું."

"ક્યારે મળી શકો ?"

"જુઓને, આમ તો દરરોજ સર્વિસે જવાનું હોય ને !"

"તો રવિવારે આવીશ. ઓ. કે. થેન્કસ."

પછીના રવિવારે દેવળમાં ગયો. પાળક સાહેબે "જગતનું અજવાળું" એ વિષય પર મૌલિક, પડકારરૂપ સંદેશો આપ્યો. બપોર નાનાં ભાઈ-બહેનો સાથે કિલ્લોલમાં વીતી. સાંજે પહોંચ્યો નિમીષાને ઘેર પણ...નિમીષા નહોતી. એ જુવાનોની મિટીંગમાં ગઈ હતી. થોડા સમય પહેલાં જ શહેરમાં ચાર્લ્સ બેકર નામના ઈશ્વરના ધુરંધર ધર્મસેવક આવેલા. તેમણે અમદાવાદને ધ્રુજાવેલું. ફલસ્વરૂપે એકસો સાડત્રીસ વ્યક્તિઓએ તારણની જીંદગી પ્રાપ્ત કરી. તેમના અનુવર્તી કાર્યની ફોલો-અપ મિટીંગ હતી.

એક ટૂંકી ઔપચારિક મુલાકાત પતી ગઈ. નિમીષાના માતા-પિતાએ કેટલાંક દેખીતા કારણોસર અજયનો પ્રસ્તાવ નાકબૂલ રાખ્યો. અજય ડબલ-ગ્રેજ્યુએટ નહોતો. વળી તેણે 'ડાયરેકટ એપ્રોચ' કર્યો. જે તેમને રુચ્યો નહિ હોય.

સમયના લંબાતા પડછાયામાં વધુ બે વર્ષ સમાઈ ગયાં. હવે અજયની મનોભૂમિકામાંથી 'નિમીષા' નામશેષ થઈ ચૂકી હતી. કઠોર વાસ્તવિકતાને પગલે તેની 'બેન્કીંગ કેરિઅર'માં તે દીપી ઊઠ્યો.

આજે તો અજયને પ્રમોશન મળી ચૂક્યું છે. યુ.પી.ના લખનૌ ઝોનની મેઈન ઓફિસમાં ડેવલપમેન્ટ ઓફિસર તરીકે પોતાની પ્રતિભાનાં ઓજસ પાથરી રહ્યો છે. લખનૌ જતાં પહેલાં પોતાના સમાજની જીગિષા સાથે લગ્નગ્રંથિથી જોડાઈ ચૂક્યો હતો. જીગિષાને એક સુંદર બાબો છે. અજયની પ્રતિકૃતિ જેવો ! ત્રણે પોતાના માળામાં સુખેથી જિંદગી બસર કરે છે.

એક મેઘલી સાંજે નિમીષા તેની સખી સાથે અજયના ઘર આગળથી પસાર થાય છે. હા, અજય આજે અમદાવાદમાં નથી. રહી ગયા છે માત્ર સ્મૃતિના શેષ અવશેષો !! જે કાળક્રમે ખંડેર બની જશે- બિહામણાં ખંડેર !!

પણ હા, ચોગાનમાંના પેલાં બોરસલી, આસોપાલવ ને સરૂનાં ઉત્તુંગ વૃક્ષો આજેય આકાશ સાથે પ્રેમાલાપ કર્યા કરે છે !!

•••

# જેને દેવે જોડ્યાં છે

*શ્રીમતી ભારતી સત્યપાલ, અમદાવાદ*

"મારો ના'વાનો રૂમાલ અને કપડાં હજી સુધી મૂક્યાં નથી ? ખબર છે કે મને દાઢી કરીને તુરત જ નાહવાની આદત છે." સુધીરે લગભગ બરાડા પાડતા સ્વરમાં ઉચ્ચાર્યું.

સુધીરની બૂમો સાંભળી તેનાં મોટાં બહેન તુરત જ બહાર આવી બોલ્યાં. "ભાઈ, તું ગમે તેટલી બૂમો પાડને, કોઈ સાંભળવાનું નથી. રોજની ખબર છે તોય ભાભી ઉપરથી કપડાં લઈને ઊતરતાં નથી."

હજી તો ભાઈ બહેનની આવી વાતો ચાલ્યાં જ કરત, પરંતુ સામેથી સુધાને જોઈને બહેન મોં ફેરવીને ચાલ્યાં ગયાં. સુધાને જોતાં જ સુધીર તો તપાવેલા મગજે ઘાંટા પાડવા જતો જ હતો. ત્યાં સુધાએ કહ્યું. "નાની બેબીને દૂધ પિવડાવતી હતી. તેને મૂકીને આવવું મારાથી શક્ય નહોતું." "ઓહ! ભૂલ થઈ ગઈ." સુધીરને પોતાની ભૂલ સમજાઈ જતાં તે બોલ્યો. "તે તમે આટલાં બૂમબરાડા કરી મૂકી બહેનને કહેવાની તક આપી તે બધું 'ભૂલ થઈ ગઈ' શબ્દમાં સમાઈ જતું નથી." કહીને સુધા રસોડામાં પાછી વળી.

તે દિવસ તો બગડ્યો જ. બીજા દિવસે સુધાને તેની પોરબંદરથી આવેલી બહેનપણીને મળવા જવાનું થયું. એણે ધાર્યું હતું કે સુધીર ઓફિસેથી પાછો ફરે એ પહેલાં તો એ જરૂરથી ઘેર પાછી આવી જશે જ. પણ ઘણા વખતે બે બહેનપણીઓ ભેગી મળી હતી. અંતરની વ્યથાની

કથાને સધિયારો મળ્યો હતો, ઘેર પાછાં ફરતાં થોડુંક મોડું થયું. ઈંધણ ચેતાવી મૂકેલું જ હતું "એને તો એની બહેનપણી ચઢાવે છે તેમ ચઢે છે. પોતાના ઘરની તો એને કશી પડી જ નથી." ઇત્યાદિ ભંભેરણી વચનોએ સુધીરના મગજને બરાબર તપાવ્યું હતું.

સુધાએ રસ્તામાં જ વિચારેલું કે ઘરે જઈને સુધીરને કહીશ કે આજે તો જૂની-પુરાણી યાદોને વાગોળી અમે વર્તમાનમાં ભૂતકાળને માણ્યો, અને વાતમાં ને વાતમાં જરા મોડું થઈ ગયું. પણ ઘરમાં પ્રવેશતાં જ પતિનુ ભારેખમ મોઢું જોઈ એ સડક જ થઈ ગઈ. ખભા પર સૂતેલી બેબીને આસ્તેથી નીચે સૂવડાવીને તે હાથ-મોં ધોવા જતી હતી. ત્યાં જ સંભળાયું : કેમ, બહેનપણીને ત્યાં જાવ છો તે પછી ઘર જ યાદ આવતું નથી ?" સુધા સમજી તો ગઈ હતી કે આ બધું બહેનની ચઢવણીનું પરિણામ છે. પણ કંઈ પણ બોલ્યા વગર તેણે સુધીરને ભાવતા ગરમાગરમ માલપૂડા ઉતારી આપ્યા. સુધીરને ભાવતી ચીજ જોઈને પત્નીની તેના માટેની લાગણીની કદર થઈ. તેને થોડોક પશ્ચાત્તાપ થયો, કે વગર વિચાર્યું વર્તન થઈ ગયું. પણ હવે થાય શું ?

તે રાત બંનેએ દુઃખી મને પસાર કરી. અને કદાચ બીજો દિવસ અને રાત પણ આમ જ બગડત. કારણ હૃદયનો ભોળો સુધીર બહેનનો ચઢાવ્યો ચઢી રહ્યો હતો. અને ઈશ્વરની સમક્ષ લીધેલા કોલ-કરારને વિસરી જઈ વિસંવાદિત જીવનની ગતિ પ્રતિ ધકેલાતો હતો. દેવે જોડેલા આ યુગલનું દામ્પત્યજીવન આમ છિન્ન-વિચ્છિન્ન દશામાં ચાલતું હતું. તેટલામાં જ બહેનની પુત્રી માંદી પડી, એટલે પાછું તેમને ઘેર જવાનું થયું. સુધા-સુધીરનો સંસારરથ વળી પાછો સારી ગતિએ ચાલવા લાગ્યો.

સુધીર સુધાને ખૂબ ચાહતો હતો અને સુધા પણ સુધીરને અનહદ

ચાહતી. બન્ને એકબીજાને સમજીને ચાલતાં. પ્રભુના આશીર્વાદથી એ કુટુંબ સુખી હતું. દર રવિવારે તેઓ ભક્તિસભામાં જતાં. પ્રમાણિક અને સાદું જીવન જીવતાં.

પોતાને ઘરે પાછાં ગયેલાં બહેનની માંદી પુત્રીને જોવા જવાનો બન્નેને સમય મળ્યો નહીં. કારણ કે તેમની નાનકડી દીકરી સ્મિતાને સખત તાવ આવતો હતો. તેને સાથે લઈને મુસાફરી કરવી શક્ય ન હતી. આથી સુધાએ સુધીરને એકલાં જઈ બહેનની પુત્રીની તબિયત જોઈ આવવાનો આગ્રહ કર્યો. સુધીરને એકલો આવેલો જોઈ બહેને ગળગળા સાદે આવકાર આપતાં કહ્યું : "આવ, ભાઈ, તારા વગર કોને મારી ચિંતા કે લાગણી થશે ? પારકી આવેલીને તો ક્યાંથી થાય? આપણાં કુટુંબમાં હવે આપણે બે જ રહ્યાં." સુધીરને હંમેશાં આવું સાંભળવું ગમતું નહીં. તેણે સ્વાભાવિક રીતે જ કહ્યું. "બહેન, સ્મિતાને તાવ આવે છે અને રાતના ઉજાગરા થાય છે, તેથી સુધાની તબિયત પણ સારી રહેતી નથી." "તું તારે સુધાનું જ ખેંચ. ભણેલી છે તે ચઢાવ્યા કરે તેમ ચઢ. બહેનની પરવા ય કોણ કરે ?" કહી બહેને આંખમાં આંસુ લાવી દીધાં. ભાઈ પીગળ્યો, અને હંમેશ થતું એમ જ થયું.

બહેનની વાતો સાંભળી ઘેર આવેલા સુધીરને કોલબેલ મારી ખાસ્સી વાર થોભવું પડ્યું. સુધાએ બારણું ખોલતાં વેંત જ તે ઉપર ચઢી ગયો. તેણે ન પૂછ્યા બેબીના સમાચાર, ન પૂછી સુધાની ખબર. માંડ ખાળી રાખેલાં આંસુની ધારા સુધાના ગાલ પર થઈને ઊભરાવા માંડી, માંડ કરીને સૂતેલી બેબી અચાનક જાગી ગઈ, અને રૂદન કરવા લાગી. હજી તો સાંજની રસોઈ બનાવવાની હતી. બેબી શાંત રહેતી નહોતી. સુધા અકળાઈ ગઈ હતી. તેણે નીચેથી હાંક મારી સુધીરને બોલાવ્યો. સુધીર આવ્યો. સુધાએ કહ્યું : "જો તમે થોડીવાર બેબીને

રાખો તો હું સાંજની રસોઈ કરી શકું.'' સુધીર તરત જ તાડૂક્યો. ''તે તમારાં એકલાંના ઘરમાં છોકરાં માંદા પડતાં હશે ? રાંધો, રાંધવું હોય તો, નહીં તો મારે ચાલશે.'' આ વચનો સુધાએ સાંભળ્યા. પલભર તે કશું બોલી નહીં. ધીમેથી સોફા પર બેઠી. બેબી શાંત હતી. ધીમેથી તે બોલી : ''બહેનને મળીને આવ્યા લાગો છો.''

''તેનું શું છે ?'' સુધીરે પૂછ્યું.

'' તેનું હોય શું ? કશું ય નહીં આ તો તમારા વર્તન પરથી લાગ્યું.'' સુધાએ કહ્યું.

''શા માટે બહેનને વચ્ચે લાવે છે ?''

''તમારા હરહંમેશના વર્તન પરથી હું ન સમજી શકું એટલી અબુદ્ધ તમે મને કલ્પી ? તેમને તમારામાં, મારામાં અને આપણાં સંસારમાં અનેરો રસ છે. માટે તેમણે ચઢાવેલી રેકર્ડ એક વાર વગાડી લો. સાંભળી લઉં.'' સુધા બોલી.

ખલાસ. તે રાત બગડી.

બીજે દિવસે સવારે સુધા બાથરૂમ ધોતી હતી, અને પગ લપસ્યો, તે પડી ગઈ. પગ મચકોડાઈ ગયો. સુધીર બહાર બેઠો હતો. તેણે અવાજ સાંભળ્યો. છાપું વાંચવાનું પડતું મૂકી તે તુરત જ દોડી આવ્યો. ''શું થયું ?'' ''કશું ય નહીં.'' કહેતાં સુધા રડી પડી. સુધીર પગે માલિશ કરવા માંડ્યો. પણ રોષે ભરાયેલી સુધાએ તેનો હાથ તરછોડી નાખ્યો. અને બીજા ઓરડામાં ચાલી ગઈ.

આમ બંનેનું દામ્પત્યજીવન ખોરંભાઈ ગયું હતું. અલબત્ત, થોડાક વખત પછી ઠેકાણે આવતું. અને રિસામણાં પછીનાં મનામણાંની મદભરી મસ્તીમાં બન્ને મહાલતાં.

એમાં પાછી સુધાની વર્ષગાંઠ આવતી હતી. બંનેએ સારી રીતે ઉજવવાનો કાર્યક્રમ ઘડી રાખેલો.

અને, તે જ દિવસે સુધીર તે વાત તદ્દન જ ભૂલી ગયો. ઓફિસમાં અચાનક કામ આવી પડતાં ઘેર ફોન કર્યો. ત્યારે સુધા બજારમાં ખરીદી કરવા ગઈ હતી. કામવાળી બાઈએ ફોન ઉપાડ્યો. સુધીરે તેને પોતે મોડો આવશે એમ સંદેશો આપવા કહ્યું. કામવાળી બાઈએ "સાહેબ"નો સંદેશો આપ્યો. સુધાને માઠું લાગ્યું. બેબીને તૈયાર કરી તે ઘર બહાર નીકળી ગઈ. રાતના મોડી આવી. સુધીર સૂનમૂન બેઠો હતો. તેને પોતાના વર્તન માટે ખૂબ દુઃખ થયું હતું. એણે સુધાને મનાવી લેવાની અનેક યુક્તિપ્રયુક્તિ વિચારી લીધી હતી. પણ સુધા ધાર્યા કરતાં મોડી આવી. અને આવતાંની સાથે જ સુધીર પ્રતિ ઉપેક્ષા સેવી. તે બેબીને સુવાડી પોતે ઊંઘવાની તૈયારી કરવા લાગી. પતિદેવનો અહં ઘવાયો. તેને તેની બહેનનાં વાક્યો યાદ આવ્યાં. અને ગુસ્સા પરથી કાબૂ ગુમાવી બેસતાં તે બોલ્યો : "આટલી મોડી રાત સુધી ક્યાં હતી ?"

"ગમે ત્યાં. તમારે શું પડી હતી ?" સુધાએ કહ્યું.

"એટલે તું શું કહેવા માંગે છે ?"

"એટલું જ કે તમને મારી નથી પડી તો પછી મારે શું કામ ઉપર પડીને રાખવું ?"

"આજના દિવસ માટે કહે છે ? એમાં મારી ભૂલ..."

"રહેવા દો, એ મારે સાંભળવું જ નથી."

"શા માટે નહીં ?"

"તમને ક્યાં કશું યાદ જ રહે છે ?"

"તને અડધી રાત સુધી ભટકવા જવા સિવાય શું છે ?"

"તો શું તમને જ એ પરવાનો મળેલો છે ?"

"મારી સાથે તારી તુલના ન કર."

આ ધડાકા-ભડાકા પછીનું મૌન દીર્ઘકાલ ચાલ્યું. એ દરમિયાન સુધાને ઝીણો તાવ રહેતો. તાવ વધતો હતો. અબોલા હતા. સુધીરને કશુંય કહેવાય તેવું ન હતું. સુધા મનમાં ને મનમાં જ બળીને સૂકાવા લાગી. એકવાર સુધીરનું ધ્યાન એની કૃશકાયા ને મ્લાનમુખ પર પડ્યું. તેણે પૂછ્યું : "સુધા ! કેમ તારું શરીર સારું રહેતું નથી શું ?"

માંડમાંડ રોકી રાખેલા રુદનનો બંધ એક જ વાક્યે તૂટી ગયો. સુધીર પાસે ગયો. સ્નેહથી હાથ પકડતાં તેને લાગ્યું કે તાવ સખત છે. "સુધા તને તો તાવ છે ! ક્યારથી આવે છે ?" "અઠવાડિયાથી." સુધા ઉત્તરમાં રડી પડી. સુધીર તુરત જ રીક્ષા કરી ડૉક્ટરને ઘેર તેડી લાવ્યો. નાનાં બાળકની જેમ સુધાની માવજત કરી. અને પુનઃ પ્રાપ્ત થયેલા આરોગ્ય સાથે સુધા, સુધીર અને સ્મિતા સાથે રવિવારે દેવળમાં આવી. બંનેએ પ્રભુ પાસે પોતાનાં દામ્પત્યની એકતા અખંડ જળવાઈ રહે તેવી પ્રાર્થના કરી અને ફરી પાછું એ નાનું કુટુંબ આનંદ કિલ્લોલથી ગૂંજતું બન્યું.

• • •

# દિવ્યજ્યોતિ

**શ્રી. પીટર અંતુનભાઈ, અંકલેશ્વર**

વહેલી સવારથી આકાશ વાદળોથી ઘેરાયેલું હતું. દિવસ ધૂંધળો હોવાથી ઠંડો અને સૂસ્ત હતો. ઠંડો હિમ જેવો અલ્લડ અનિલ મોં પર લપડાકો લગાવ્યે જતો હતો. કાળા ડિબાંગ જેવાં વાદળાં આભને ટોડલે એવાં ટિંગાઈ રહ્યાં હતાં, જાણે હમણાં જ તૂટી પડવાનાં ન હોય. પરંતુ કોણ જાણે કેમ, વર્ષોથી અણનમ ઊભેલાં પેલાં ચાંદી-શાં બરફ મઢ્યાં ગિરિશૃંગોની અડગતા જોઈને હોય, કે પછી કો ગ્રામ્ય ગોરીનાં નુપૂર ઝનકાર શાં કર્ણમધુર સંગીત રેલાવતાં પેલાં ઝરણાનું મૃદુ સંગીત સાંભળતા થંભી ગયાં હોય તેમ વરસ્યા વિના જ મસ્તક પર ઝળૂંબી રહ્યાં હતાં.

કોઈ નાનકડું બાળક માના લીલી સાડીના પાલવ ઓથેથી ગોળ મટોળ મોં બહાર કાઢી આછું મલકાતું ડોકાઈ રહ્યું હોય, તેવી લીલીછમ વનરાજી વચ્ચે શોભતાં-પ્રકૃતિધામ પહેલગામમાં લીદર નદીને કાંઠે આવેલી "પ્લાઝા" હોટલની એક રૂમમાં રજાઈ કામળો ઓઢીને હૂંફ મેળવી રહેલાં અતિને, પલંગમાં પડ્યા પડ્યા જ નોકરને બૂમ પાડી. "એ પૃથ્વીનાથ ! અરે, કોઈ હય કિ નહિ !" પૃથ્વીનાથ આજ આયા હય યા નહીં ?"

"સાબ, પૃથ્વીનાથ આ જ નહિ આયા." બીજા નોકરે જવાબ આપ્યો.

"ક્યોં ?"

"પતા નહિ, જનાબ !"

"અચ્છા, તુમ જાઓ હમારા ખાના આજ યહાં ભેજ દેના ઔર પૃથ્વીનાથ આયે તો ઉસે સીધા યહાં પર ભેજ દેના !"

અચ્છા, સાબ !"

આજે જ એ ન આવ્યો ! "દરરોજ તો હું જાગ્યો પણ ના હોઉં અને 'સરકાર ચાય ! બાબુજી નાસ્તા !" કરતો અંધારામાં જ હાજર થઈ જાય છે અને આજે જ્યારે સખત ઠંડી છે, દિવસ પણ ધૂંધળો હોઈ બહાર નીકળવાનું પણ શક્ય નથી. સગડી પણ ટાઢી થઈ ગઈ છે. ત્યારે જ તે ન આવ્યો."

અને એક મિનિટ માટે અતિનને હોટલની પહેલી સવાર યાદ આવી ગઈ; જ્યારે પૃથ્વીનાથ તેની સમક્ષ ઉપસ્થિત થયો હતો, "બાબુ સા'બ ! એ બાબુ સા'બ ! મેં યહ ફરમાઈશ પાને કે લિયે આયા હું કી બેડ ટી અભી હી લાયા જાય, યા કુછ દેર બાદ ?"

બેરાની મનોદશા પર હસી પડ્યો હતો. અતિન ! એટલું બોલતાં બેરાની જાડી ગરદન પર ઝુલતો ક્રોસ જોયો. પ્રથમ વાર તેને ખ્યાલ આવ્યો હતો કે, હોટલના નોકરોની સ્થિતિ કેટલી દયાજનક હોય છે! અને તેને એ જ્ઞાન પણ લાધ્યું હતું કે, પોતે પણ ખ્રિસ્તી ફરજંદ છે ! બનવા જોગ છે, વિસ્મૃત થઈ ગયેલાં એ સનાતન સત્યનું જ્ઞાન અતિનને, પૃથ્વીનાથનાં ગળા પર લટકતા ક્રૂસ પરથી લાધ્યું હોય !!

પલ બે પલ માટે, બેરાને સાંભળી રહ્યો, અને પછી અર્ધીપર્ધી ઊઘડેલી આંખો પૂરી ઊઘાડી ઘેરા ઘેરા સ્વરે બોલ્યો હતો, "મેં ઉન બાબુ સાહેબો મેં સે નહિ, જો રાત કે, બાસી ગંદે મુંહસે બેડ ટી કે ધૂંટ લેને કે બાદ હી બિસ્તર સે ઊઠ સકતે હૈ !"

બસ પછી શું જોવાનું ? દાતણ ધરીને તે ઊભો થઈ ગયો હતો અને ત્યારથી અતિનને તેની સાથે આત્મીયતા બંધાઈ ગઈ હતી.

અને ફરી પાછો અતિન પૃથ્વીનાથને કોસવા લાગ્યો.

"હં...નામ ન જોયું હોય તો મોટું પૃથ્વીનાથ ! આખી પૃથ્વીનો નાથ ! પહેરવાને તો પૂરું કપડું મળતું નથી. ત્રણ-ચાર છોકરાં અને ઘરવાળીનું પૂરું થતું નથી. એવાં તો રોજ મારી આગળ રોદણાં રડ્યાં કરે છે અને ગામ બહાર છાપરામાં પડ્યો રહે છે. એટલે તો રોજ મને નોકરીએ લઈ જવા માટે વિનંતી કર્યા કરે છે. શું જોઈને એની માએ એનું નામ આવું પાડ્યું હશે ? વૈતરાં કરી ખાવા ? એમાંય વળી પાછી આળસ અને બેદરકારી રાખે પછી છોકરાં ભૂખે જ મરે ને !"

દરરોજ વહેલો અને નિયમીત આવતો નોકર એક દિવસ મોડો પડ્યો તેમાં અતિન અકળાઈ ઊઠ્યો.

પ્રથમ સવારની પ્રથમ નજરે તેને પૃથ્વીનાથ ગમી ગયો હતો અને તેથી જ અતિને પૃથ્વીનાથને પોતાની તહેનાતમાં રાખી લીધો હતો. અતિન તેની સાથે અલક-મલકની વાતો કરતો. 'શિકારગાહ' કે 'આ રૂપારાનાં' ગાઢ જંગલોમાં, લીલી જાજમ મઢ્યાં વાંસના મેદાનમાં પાંચેક માઈલ દૂરના જળધોધ પાસે કે, ચંદનવાડીનાં પથ્થર શા બરફથી બનેલ 'સ્નોબ્રીજ' પર પણ તે પૃથ્વીનાથને લઈને ફરવા નીકળતો. પૃથ્વીનાથ તેની લાલચોળ અને મૃગલાં જેવી મોટી આંખોવાળી બાળકી 'રોમા' ને લઈને મઘમઘતા ફૂલ આપવા આવતો ત્યારે પેલી બાળકી 'રોમા' 'પૂલ લીજીએ સલકાલ' ! હમાલે યહી કે પૂલ પાંચ દિન તક તાજે લહેંગે ! અને અતિન પોતાનો મોભો કે દોર દમામ ભૂલી જઈ, રોમાને ઊંચકી લેતો એના હાથમાંથી ફૂલ લઈ લેતો અને પરચુરણથી એની બેય મુઠ્ઠીઓ ભરી એને ખુશખુશ કરી દેતો.

પરંતુ આજ પૃથ્વીનાથને મોડું થતાં અતિન તેના પર ગુસ્સે ભરાવા લાગ્યો. આવી બેદરકારીને લીધે જ ભિખારી ને ભિખારી રહ્યો છે. બબડીને અતિને ખીજ ઠાલવી. નહિતર મારો જ દાખલો જુઓ ને ! ક્યાંક ઢીંચણ સમાણી ધૂળ તો, ક્યાંક વેંત વેંતના ખાડા પડ્યા હોય, તેવા રસ્તાવાળા દેશી નળિયાના ઘરોવાળા એક ખૂણાના નાનકડા ગામમાં જન્મેલો હું આપમેળે આગળ વધ્યો ને ?

મા-બાપ તો નાનપણથી ભાઈ ભાભીને પનારે છોડીને સ્વર્ગે સિધાવી ગયાં હતાં. ગામડાની ધૂળિયા નિશાળમાં ખપ જોગું ભણ્યો પણ મોટાભાઈની ઇચ્છા હતી કે નાનોભાઈ શહેરમાં જઈને ભણે તો કંઈક આગળ વધે અને કુટુંબને તારે. આથી તેમણે ભણવાને બહાને મને દૂર કાઢ્યો ! હા કાઢ્યો જ કહેવાય ને ! નાનો ભાઈ ક્યાંક નોકરી પર લાગી જાય તો, બાપિકી જમીનજાગીર પોતાને પચી જાય, એ આશયે જ મીઠું મીઠું બોલી મને ભણાવ્યે રાખ્યો અને માગું એમ પૈસા મોકલ્યે રાખ્યા.

મોટાભાઈ તનતોડ મહેનત કરતાં દેખાવ કરવા જ એ મહેનત કરતાં હશે ને ? ભાભી અને એમનાં બાળકો પણ ખેતરમાં જ પડ્યાં પાથર્યાં રહેતાં હતાં. હું વેકેશનમાં ઘેર જતો અને બાળકોને ભણાવવાનું કહેતો તો કહેતાં તારા એકલાનું જ ખર્ચ પૂરું થતું નથી ને ! તું ભણીગણીને તારા ભત્રીજાઓને ભણાવજે ને ! તને છૂટ છે ! હં હ... અમે તો જાણે પાણીને 'ભૂ' કહીયે એવા કીકલાં હોઈએ ને કાંઈ સમજતા ન હોઈએ એમ વળી કહે. પૂરું થતું નથી અને દેવું કરવું પડે છે.

મેં કહ્યું, "ખેતરોની બધી આવક ક્યાં જાય છે ? તો કહે, તું જ શેઠને ચોપડે બધો હિસાબ જોઈ લેજે ને ! બાપુજી મૃત્યુ પામ્યા ત્યારથી એકડે એકથી બધું લખાવી રાખ્યું છે."

મારી હોશિયારી જોઈને બાજુના ગામનાં કંચનલાલ જેવા ખ્યાતનામ વકીલે એમની દીકરી 'દીપ્તિ'ને મારે વેરે પરણાવી એમાં તો મોટાભાઈ ફૂલાઈને ફાળકો થઈ ગયા હતા. લગ્નમાં પણ બિનજરૂરી કેટલું ખર્ચ કરી નાખ્યું હતું. હું પરણીને શહેરમાં વસ્યો ને કંઈક કમાતો થયો ત્યારે ઉપરથી પૈસા મંગાવવા માટેના સંદેશા મોકલવા લાગ્યા. પછી દીપ્તિ ચિડાઈ જ જાય ને !

એણે કહ્યું, "તો આપણે ભાગ લઈ લો." અને છેવટે હું ભાગ લેવા ગયો. ત્યારે અત્યાર સુધી મઝિયારી મિલકતની ઉપજનો હિસાબ આપવો તો દૂર રહ્યો પણ ઉપરથી શેઠને ત્યાંનું ત્રણ હજારનું દેવું બતાવીને ઊભા રહ્યા. કારણ પૂછયું ત્યારે કહ્યું તારા ભણતરમાં અને લગ્નમાં જ બધું ખર્ચ થયું છે એવાં ખોટાં બહાનાં બતાવવા લાગ્યા. પરંતુ હું ય વકીલ ખરો ને ! અને પાછો દીપ્તિનો પતિ ? અને તેમાંય દીપ્તિનાં પિતા પીઢ વકીલ કંચનલાલનો એકનો એક જમાઈ ! એમ કાંઈ ખોટાં બહાનાં બતાવે અને હું સાચું માની લઉં તો મારું ભણતર ધૂળમાં મળી જાય ને ? અરે, એથી ય વિશેષ દીપ્તિની બુદ્ધિની કેટલી હાંસી થાય ! જેણે મોટાભાઈ પાસેથી મારી મિલકત લઈ લેવાનો સુંદર ઉપાય બતાવ્યો હતો ! ગામ લોકોએ પણ સાક્ષી પૂરી તો ય મેં તો બે ભેંસો, બે બળદ તથા કૂવાવાળુ ખેતર, તેમની પાસેથી લખાવી લીધાં હતાં, મજિયારાં વાસણ, ગોદડાં, રાચ-રચીલું અને ઘર પેટે પણ ખાસ્સાં હજાર રૂપિયા ઓકાવ્યા. હું તો પંદરસો જ રૂપિયા લેત પરંતુ બીજા લોકોએ વચ્ચે પડીને હજાર ઠરાવ્યા. એ હજાર રૂપિયા મળ્યા તો કાશ્મીરની મોજ માણવા મળી. કહે છે કે ડિસેમ્બરમાં કાશ્મીરની પ્રાકૃતિક શોભાનો કોઈ પાર રહેતો નથી. કોણ મૂર્ખ હોય જે કુદરતની બેનમૂન સુંદરતાનો લાભ નહિ ઊઠાવે ? અને તેમાંય હું તો પાછો વકીલ ! વળી, હવે તો પ્રેકટીસ પણ જામતી જાય છે પછી મોટાભાઈનો મારે ખપ પણ શો છે ?

કાળા અક્ષર કુહાડે માર્યા હોય એવો અભણ પૃથ્વીનાથ આવું બધું 'અર્થશાસ્ત્ર' શી રીતે સમજી શકે ! એય બિચારો મારી જેમ મોટાભાઈથી કચડાયેલો છે. એનો મોટોભાઈ પણ એની પત્નીના કહેવાથી ખેતીવાડી, ઢોર વગેરે વેચી નાખી સસરાને ત્યાં રહેવા ચાલ્યો ગયો છે. એકલા આને જ કાળી મજૂરી કરવી પડે છે. માટે ઈશ્વર આવા સ્વાર્થી મોટાભાઈઓનું દુઃખ કોઈનેય ન આપશો ! અમારા બેયના દુઃખના મૂળમાં મોટાભાઈઓનો સ્વાર્થ જ છે ! પણ હું ભણી ગણીને આપમેળે મોટાભાઈનેય છક્કડ ખવડાવી આગળ વધી ગયો અને આ બુધ્ધુ એવો ને એવો જ દુઃખના દરિયામાં ડૂબકાં ખાતો રહ્યો.

'પરંતુ આજે પૃથ્વીનાથ આવ્યો કેમ નહિ ?' લાંબા વિચારોની શૃંખલા તોડી અતિન પલંગમાંથી ઊભો થયો. અને હોટલના માલિકને પૂછવા જતો હતો ત્યાં જ પૃથ્વીનાથ તેની સામે આવી :'સલામ બાબુજી !' કહી સલામ કરી ઊભો રહી ગયો.

પૃથ્વીનાથને જોતાં જ અતિન બોલી ઊઠ્યો : "કહાં ગયા થા અભી તક ?"

પૃથ્વીનાથને નિરુત્તર ઊભેલો જોઈ તેને ધમકાવવાનું મન થયું. પરંતુ રોજ એનું હસું હસું થતું મુખ આજે અતિનને કંઈક ગંભીર લાગ્યું. વળી રોજ એના ફાટેલા કોટ પર રહેતો ફાટેલો રૂમાલ પણ આજે ન હતો. વળી એના મુખભાવ ગાંભીર્યની ચાડી ખાતા લાગ્યા.

અતિને શાંતિથી પૂછ્યું "અરે, પૃથ્વીનાથ ! ક્યા હો ગયા આજ તુઝે ?"

"કુછ નહિ. બાબુ સા'બ !" તેના મુખમાંથી શ્રદ્ધાનો રણકારભર્યો સ્વર ખરી પડ્યો.

"તો ફીર અભી તક હોટલમેં ક્યોં નહિ આયા ? ક્યા કોઈ ખાસ કામ થા ?"

"જી, બાબુસા'બ !"

"તારે નોકરી કરી ખાનારને એવું તે શું ખાસ કામ આવી પડ્યું તે આજનો દિ' બગાડ્યો." એવું કહેવા જતાં અતિને કંઈક ઈંતેજારીથી પૂછયું. "એસા ખાસ કોઈ કામ થા પૃથ્વીનાથ ?"

"મેરે બડે ભૈયા કો લેને ગયા થા." તે બોલ્યો.

પોતાના સેનાપતિ એના કટ્ટર શત્રુને પોતાનાં જ ઘરમાં આશરો આપે અને રાજા ચમકે એમ ચમકીને અતિને પૂછયું.

"તુમ...બડે ભૈયા કો લેને ગયે થે ? ક્યોં ?"

"ઉનકે સસુરને ઉન્હે નિકાલ દિયા, બાબુસા'બ !"

"મગર ક્યોં ?" આશ્ચર્યથી અતિનનું મોં પહોળું થઈ ગયું.

"ઉન્હે ફેફડે કી કુછ બિમારી હો ગઈ થી. ઈસલીયે ઉન્હે બીબી ઔર બચ્ચોં કે સાથ ઘર સે નિકાલ દિયા ગયા. બાબુસા'બ !" બોલતા ગળગળો થઈ ગયો, પૃથ્વીનાથ !

"લેકિન ઉસમેં તુઝે ક્યા ?"

"ક્યા...ક્યા સરકાર ! વો આખિર તો મેરે બડે ભૈયા હૈ ના!"

"મગર તું તો કહતા થા કિ, બડે ભૈયાને તુઝે ભિખારી બના દિયા હૈ ! કિરાયા કા ઘર તુંઝે નહિ દેતે. કિસી ઓર કો દે દિયા થા. ઉન્હોંને તેરે બારે મેં કભી યહ ભી નહિ સોચા હૈ કી મકાન ખાલી કર કે ક્યોં ન હમ છોટે ભૈયા કો રહને કે લિયે ન દે દે. તાકી ઉસે ઝોંપડીમેં રહના ન પડે ! મગર ઉન્હોંને તો કભી યહ સોચા હી નહિ,

ઔર તુઝે ભિખારી બના દિયા, ઐસા હી તો તુને કઈ બાર મુઝે કહા હૈ, પૃથ્વીનાથ !"

સો તો થા હી, બાબુસા'બ ! લેકિન ઉસ વક્ત જબ ભૈયા બરાબર કામ કર સકતે થે, ઉસકા અબ ક્યોં રોનાધોના ! ભૈયા કૈસા ભી હો, આખિર ભૈયા હોતા હૈ.... સિર્ફ ભૈયા !

"તેરે બીબીબચ્ચે, તેરે ભૈયૈકા પરિવાર... ઈતને સબ ઇક્કઠ્ઠે રહકર ખાઓગે ક્યા ?"

"વો તો ઉપરવાલે યશામસીહ દેતે રહેંગે બાબુસા'બ ! પૂરી રોટી ખાતે તો આધી આધી ખાએંગે. મગર ઐસી હાલતમેં મેરે હોતે હુએ મેં અપને ભૈયા કો કૈસે છોડ દૂં ? કહી મજબૂતી બતાવતાં પૃથ્વીનાથે કહ્યું : "ફિર યહ હાથ કીસ કે ? અભી તો ચાર આદમી જીતના કામ કર સકતા હૂં ! આજસે જ્યાદા કામ કરુંગા ! મેરી બીબી ભી કુછ કામ કરેગી. મગર મેરે જીતે જી મેરે ભતીજોં કો રોટી કે ટુકડોં કે લિયે દૂસંરોકા મોહનાજ હોના પડે. યહ મુઝસે કભી દેખા નહીં જાયેગા. બાબુસા'બ ! ઔર ઈસ હાલતમેં ભૈયા કો કામ નહીં આઉં તો મેરા જીના ભી બેકાર હૈ ના !"

અતિન આશ્ચર્યની અવધિ અનુભવતો પૃથ્વીનાથની વાત સાંભળી રહ્યો.

"અચ્છા સાબ. સાબ ભૈયા કે લિયે મેરી ઝોંપડી કે પાસ હી એક ઝોંપડી બનાની હૈ, ઈસીલીયે આજ જલ્દી જાના હૈ, હૈ ઓર કુછ હુકમ ?" અને સલામ કરતો તે જવા તૈયાર થયો.

પરંતુ એ વખતે તો અતિન વિચાર-વંટોળના જંગલમાં અટવાઈ ગયો હતો. એને પોતાનું ધૂળિયું ગામ દેખાયું. પરસેવે રેબઝેબ થઈ ખેતરમાં કામ કરતાં ભાઈ-ભાભી અને ભત્રીજા દેખાયાં અને વહેંચણી

વખતે હજુ તાજો જ બનેલો પ્રસંગ તેની આંખ સામે તરવરવા લાગ્યો. કેટલો જુલમ તેણે વહેંચણી વખતે ગુજાર્યો હતો. મોટાભાઈ પર ! અને છતાંયે મોટાભાઈ શૂન્યમનસ્ક બેસીને જોઈ રહ્યા હતા.

અતિને પોતાની ભણેલી-ગણેલી જાતને અને અભણ ગંવાર પૃથ્વીનાથની જાતને સામસામે પલ્લામાં મૂકી તો છેક આસમાને ચડેલા તેના પલ્લામાંથી પૃથ્વીનાથ તેને પૃથ્વી પર જ બેઠેલો જણાયો.

"અર્થશાસ્ત્ર" શબ્દથી પણ અજાણ એવો પૃથ્વીનાથ પોતાનાં કરતાં પણ સારું એવું 'માનવશાસ્ત્ર' જાણે છે; એ જોઈ અતિને મનોમન લજ્જા અનુભવી. ભાઈ આખરે બસ, ભાઈ જ છે. ફક્ત ભાઈ !" પૃથ્વીનાથે ઉચ્ચારેલું એ સનાતન સત્ય એના મગજમાં અનેકગણાં પડઘા પાડી રહ્યું.

'કોઈ હુકમ બાબુસા'બ !' પૃથ્વીનાથે એને વિચારતંદ્રામાથી જગાડ્યો.

'હેં...? હુકુમ? ?... હા...હા...ના...ના...અરે ! હવે હુકમ શાનો ? છતાં જોને મારા કપડાં વગેરે બધું ઠીકઠાક કરી બેગ તૈયાર કર. એટલીવારમાં હું પઠાણકોટ તરફ જતી પહેલી જ બસમાં રીઝર્વેશન કરાવી આવું."

'મગર આપ તો 'ગુલમર્ગ,' 'ખિલનમર્ગ' જાનેકો કહેતે થે ના ! હવે આશ્ચર્ય પામવાનો વારો પૃથ્વીનાથનો આવ્યો.

'હા, હા. કહેતો હતો. પરંતુ એ બધું તો ગઈ કાલે, જ્યાં સુધી ઊંઘમાં હતો ત્યાં સુધી. હવે તો મારું 'ગુલમર્ગ' અને 'ખિલનમર્ગ' મારા વતનમાં, મારા નાનકડા ખેતરમાં, સમજ્યો ?"

"બાબુસા'બ ! કાશ્મીર આયે ઔર ખિલનમર્ગ નહીં ગયે તો કાશ્મીર આના હી બેકાર હૈ ? વહાં કે ઠોસ બર્ફમેં, આપકો બહુત મઝા આયેગા, ઔર ગુલમર્ગકી મઝેદાર શરદી ઠંડક ઔર..."

"ના, ના હવે ખિલનમર્ગના બરફના પહાડો પણ મારા બળતા હૈયાને ઠંડક આપી શકે નહિ. હવે તો મોટાભાઈના ધૂળભર્યા હાથ, ભત્રીજાઓની કાલીઘેલી વાતો અને ભાભીના પ્રેમ-પૂર્ણ આંસુ જ મારા દિલનાં દાવાનળને ઠારી શકશે. અબ તુમ જ્યાદા બાત મત કરો. જલદી બેગ તૈયાર કરો. મૈં સબસે પહેલી બસમેં જાના ચાહતા હું ! જલદી હું ! એકદમ જલદી સમજા, પૃથ્વીનાથ ? અને અતિન ઝડપથી બહાર નીકળી ગયો. ત્યારે તેના મલિન આત્મામાં એક તેજોજ્વલ 'દિવ્યજ્યોતિ' પથરાઈ ગઈ હતી.

એ જ વખતે પશ્ચિમાકાશ આછા ધૂમ્મસથી છવાયેલા વાદળાંનું આવરણ ભેદીને લાલચોળ સૂરજ પણ બહાર દેખાયો. સરુ અને દેવદારનાં ઝાકળભીનાં પાંદડા પર અને કરોળિયાનાં જાળાં પર મેઘધનુષ્યનાં આછાં રંગો રંગોની રંગોળી પૂરતાં એનાં પ્રલંબ શીતલ રશ્મિઓ ઝાકળછાયા ઘાસમાં અતિનને રસ્તો દેખાડતાં હસતાં હસતાં, ખેલતાં કૂદતાં આગળ ને આગળ દોડી રહ્યા. જાણે એમ દર્શાવવા માગતાં હોય, "પરોપકાર કર્યેથી જ અમે આદિ-અનાદિકાળથી આમ અવિરત હસતાં ખેલતાં અને કૂદતાં રહ્યાં છીએ !"

• • •

# મહેક

*શ્રી. ક્રિસ્ટોફર એચ. રાઠોડ, દાહોદ*

ઠીક ઠીક એવા વિકસીત આ શહેરના પૂર્વ છેડા પર નવરંગ મહોલ્લો આવેલો છે. મધ્યમ અને મજૂર વર્ગના, દરેક ધર્મ અને જ્ઞાતિનાં પચરંગી એવા માનવીઓ અહીં વસે છે.

રાત્રીના દશ વાગી ચૂક્યા છે. દિવસભરના પરિશ્રમના કારણે થાકેલા માનવીઓ નિદ્રાને આધીન થવાને તૈયારી કરી ચૂક્યા છે. સિવાય કે મહોલ્લાની મધ્યમાં આવેલા ઈલેક્ટ્રિકના થાંભલા નીચે કેટલાક યુવાનો પત્તાની મહેફીલ માણી રહ્યા છે. તો ક્યાંક ઓવરટાઈમ ખેંચી આવતો એકલદોકલ નોકરિયાત નજરે પડે છે.

નિશારાણી હવે ધીમે ધીમે પોતાનું સામ્રાજ્ય જમાવી રહી છે. એવા સમયે મહોલ્લાની વચ્ચે આવેલા નાનકડા ઘરની પરસાળમાં થાંભલાનો ટેકો લઈ એક વૃદ્ધ સ્ત્રી કાગડોળે મહોલ્લાના નાકા તરફ મીટ માંડી રહી છે. કોઈ આવતું જણાય કે તરત કપાળે હાથ ટેકવી એનાં ક્ષીણ ચક્ષુ આવનાર વ્યક્તિને પામવાનો પ્રયત્ન કરે છે. પરંતુ આંગતુક પોતાના ઘેર ન આવતા અન્ય ઘર તરફ વળતો જણાય કે તરત એ વૃદ્ધાનાં મુખમાંથી ઊંડો નિશ્વાસ સરી પડે છે. બાજુમાં આવેલ ટાવરેથી ૧૧ના ડંકા વાગી રહ્યા છે. હવે તો એ વૃદ્ધાની ધીરજનો અંત આવ્યો. મંદ પગલે એ પેલા યુવાનો પાસે પહોંચી કે તરત જ એક યુવાને પૂછ્યું, “કાં જીવીબા ! ઊંઘ નથી આવતી કે શું ?”

ઊંઘનું તો ઠીક છે બેટા ! પણ મારો આ પશલો રોજ ૮ વાગતા ઘર ભેગો થાય, ને આજ હજુ લગી દેખાયો ના. તે તમને કાંક જોવા મળ્યો તો ?"

"હવે [illegible] શું ફિકર કરો ? પશલો કાંઈ નાનો કિકલો નથી. ગયો હશે [illegible] વા...કાં તો ફિલમ જોવા...તે આવશે."

"ના...ના...મારો પશલો હવે એમ રખડવા કે ફિલમ જોવા ન જાય." જીવીબાના શબ્દોમાં શ્રદ્ધાનો રણકાર હતો.

"તમારી વાતે ય હાવ હાંચી હોંકે જીવીબા... આ પશલાને પેલા પાદરીનો ભેટો થઈ ગયો. તે દિ'થી પશલાની જિંદગી પલટાઈ ગઈ હોં કે...!' હાથમાં બિછાવેલ પત્તામાં નજર ફેરવતાં પેલો યુવાન બોલ્યો.

"લ્યા જવા દોને વાત હવે...! એવા તે કેટલાય ધરમાતમા પાછા હતા એવા ધરમૂળ થઈ ગયા...ઈ તો ભઈ નવલીના નવ દા'ડા ને પાછા હતા તેવા ને તેવા...!

બીજા યુવાનની વાત સાંભળી આખી ટોળકી ખડખડાટ હસી પડી. જીવીબાનું મુખ પણ ખસિયાણું પડી ગયું. હજી તો એ હાસ્ય શમે ના શમે ત્યાં તો ત્રીજાએ બોલવું શરૂ કર્યું. "ઈ તો પેલી કહેવત જેવું છે. કૂતરાની પૂંછડી વાંકી ઈ વાંકી ! એના શબ્દો પૂરા થયા કે તરત ચોથો બોલી ઊઠ્યો. પડેલી ટેવ લાખ ટાળો તોય ના ટળે... આ પશલાને ફરી પાછા જૂના ધંધા યાદ આવી જાય તો બંદો ઉપડીય જાય...જીવીબા !... આ જમાનામાં તો આ પથ્થરનો ભરોહો કરવો બાકી માણહનો નહિ...!" એની વાતમાં બધાએ હા પુરાવી. પરંતુ જીવીબાને પશલાના જીવનમાં થયેલ અદ્‌ભુત બદલાણમાં શ્રદ્ધા હતી. આથી જ. "તમે ગમે ઈ,...બાકી મારો પશલો હવે ન બદલાય..."

એમ એ પોતાના ઘર તરફ વળ્યાં. સમય ઘણો વીતી ગયો હોવા છતાં જીવીબા ખાટલામાં આડા પડવાને બદલે પરસાળમાં થાંભલાનો ટેકો લઈ બેસી પડ્યાં. પેલી યુવાન ટોળકીના શબ્દો એમના અંતરને કોરી ખાતાં હતાં. તે સાથે બે માસ પહેલાંનો પશલો અને આજનો પશલો એમની નજર સમક્ષ ક્રમશઃ છવાઈ રહ્યો.

પાછલી ઉંમરે સંતાન વિહોણાં જીવીબાના ખોળે પશલાનો જન્મ થયો. પરંતુ પુત્રપ્રાપ્તિનું સુખ એ મજૂરદંપતી મન ભરીને માણી શકે તે પહેલાં જ ચાર માસના પશલાનો ભાર જીવીબાને સોંપી પશલાના પિતાએ આ દુનિયામાંથી વિદાય લીધી. રોટલો રળવાની સાથે નાનકડા પશલાને ઊછેરવાની વિકટ જવાબદારી જીવીબા ઉપર આવી પડી. છતાં પુત્રના સહારે બાકીનું આયખું ખેંચી કાઢવા હૈયે હામ ભીડી. જીવીબા લોકોનાં નાનાં-મોટાં કામકાજ કરતાં. આમ મા દીકરાનું જીવન સુખદુઃખના ચગડોળે ચાલવા લાગ્યું. જો કે એમાં સુખ કરતાં દુઃખનું પ્રમાણ વિશેષ હતું. નીચલી જ્ઞાતિ અને અબુદ્ધ હોવા છતાં જીવીબા સંસ્કારી હતાં. આથી પશલો ભણીગણીને સારો માણસ બને તે માટે પશલાને તેમણે ભણવા મૂક્યો.

પ્રાથમિક કક્ષા સુધી તો પશલો નિયમીત નિશાળે જતો, પરંતુ ખોટા મિત્રોની સંગત અને મહોલ્લાના વાતાવરણને લીધે પશલો આડે પાટે ચડી ગયો. હાઈસ્કૂલમાં ભણવા જતો પશલો હવે પુસ્તકો પાનનાં ગલ્લે પધરાવી જુગારના અડ્ડાઓ પર બેસતો. ધીમે ધીમે પશલાનાં જીવનમાં કુટેવોનો સરવાળો વધતો ગયો. જુગાર, દારૂ અને મારામારી વગર એના જીવને ચેન પડતું નહીં. આટલું ઓછું હોય તેમ પશલો છેવટે લોકોના ખીસાં પર હાથ અજમાવવાની કળા પણ શીખી ગયો. આમ કરતાં એ ઘણીવાર ઝડપાઈ જતો. પોલીસનો મૂઢમાર અને જેલની હવા ખાઈને બહાર નીકળતા પશલો ફરી પાછો એના મૂળ

ધંધા પકડી લેતો. પશલાનાં ગોરખધંધા જોઈ જીવીબાનો સંસ્કારી જીવ ખૂબ અકળાતો, દુઃખી થતો. તેઓ પશલાને અનેક શિખામણો આપતાં. પશલાને મન માતાની શિખામણોની કોઈ કિંમત નહતી. પશલો હવે નહીં સુધરે એવું લાગતાં જીવીબાએ પણ હવે શિખામણો આપવાનું ઓછું કરી નાખ્યું.

વેકેશનનો સમય હતો. અર્ધસત્રની રજા માણવાં જતાં માનવ મહેરામણથી બસ સ્ટેન્ડ ખદબદતું હતું. એક બાંકડા પર સિગારેટનો કશ ખેંચતો પશલો આજુબાજુના લોકોનું નિરીક્ષણ કરી રહ્યો હતો. ત્યાં જ એક બસ આવી; અને લોકોનું વિશાળ ટોળું બસ તરફ ધસ્યું. પશલો આવા મોકાની રાહ જોઈને બેઠો હતો. એ પણ પેલી ભીડમાં ઘૂસી ગયો. બસમાં ચડવાનો ડોળ કરતાં એણે એક સજ્જન પુરુષના ગજવા પર હાથ અજમાવ્યો. પરંતુ આજે ફરી એક વાર હાથ અજમાવવાની કળામાં પશલો કાચો પડ્યો. પાકીટ સાથે ઝડપાઈ ગયેલ પશલાને લોકો "મારો...હરામખોરને...ચોર...હાડકાં ભાંગી નાખો નાલાયકનાં..." જેવા શબ્દોથી નવાજતાં ઝૂડવા લાગ્યાં.

પરંતુ જેનું ગજવું હળવું થયું હતું, તે પુરુષ પશલાને લોકોના મારથી બચાવવાનો પ્રયત્ન કરતો હતો. આખરે ભીડમાંથી પેલો પુરુષ પશલાને થોડે દૂર ખેંચી ગયો. લોકો પણ પાછળ પાછળ ધસી ગયા. "સાહેબ, આ ખીસાકાતરુને તમે બચાવવાનો પ્રયત્ન કરો છો ?" ટોળામાંથી એક યુવાન બોલ્યો. "ભાઈ, એણે ખીસું કાપ્યું છે એ હું જાણું છું...પણ એનીય કાંઈ મજબૂરી હશે..." પેલા સજ્જને ધીમેથી કહ્યું. "અરે, મજબૂરી શાની ? ખીસાં હળવાં કરવાનો એનો ધંધો છે... આ નાલાયકને પોલીસના હવાલે કરી દો સીધોદોર થઈ જશે...!" ટોળામાંથી બીજો કોઈક બોલ્યો. "ભાઈ, અનેક વાર જેલમાં ગયા પછી પણ આ વખતે એને પોલીસને હવાલે કરવાથી શું

વળશે ? માણસ માત્ર શિક્ષા દ્વારા જ સુધરી શકતો નથી...થોડી ભલાઈ, પ્રેમ અને એની પરિસ્થિતિને સમજવી વધુ ઉપયોગી બની શકે છે...!'' આટલું કહેતાં પેલા સજ્જન પુરુષ પશલાને ખભે હાથ મૂકી દૂર એકાંતમાં લઈ ગયા...પશલા તરફ વાત્સલ્યભર નજર તાકતાં તે બોલ્યા, ''દીકરા...! તારી ઓળખાણ આપીશ...! શા માટે તું આવું ખીસા કાપવા જેવું હલકું કામ કરે છે ? પશલો આ પ્રશ્નનો ન જવાબ આપી શક્યો કે ન પેલા પુરુષ સામે નજર મેળવી શક્યો. એ નતમસ્તકે પગના અંગૂઠા વડે જમીન ખોતરવા લાગ્યો. ''વારુ...! અત્યારે મારે જલદી બહારગામ જવાનું છે. હું અહીં નદી કિનારે આવેલા ચર્ચનો પાદરી છું...! તારે કંઈ મુશ્કેલી હોય તો કંઈ પણ મૂંઝાયા વિના મને મળજે. બેટા, મારી સલાહ માન, આ ધંધો સારો નથી. મહેનત કરવા ઈશ્વરે તને હાથપગ આપ્યા છે. તેનાથી કમાઈ ખા અને લોકોમાં ઉચ્ચમસ્તકે રહે...હા...બે ચાર દિવસમાં નાનું મોટું કામ મળે ત્યાં સુધી લે આ પૈસાનો ઉપયોગ કરજે.'' કહેતાં પેલા પાળક સાહેબે ૨૦ રૂા. પશલાના ખીસામાં મૂકી પશલાનો ખભો થાબડતાં કહ્યું, '' જા દીકરા, તારા ઘેર જા ! અને હવે પછી આવું કરતો નહિ.'' એક મીટ એ અનોખા માનવી સામે માંડી પશલો નતમસ્તકે ઝડપથી રવાના થઈ ગયો.

તે રાત્રે પશલાની ઊંઘ વેરણ બની ગઈ. નજરો સામે પેલા ભલા પાળક સાહેબની પ્રતિમા ખસતી ન હતી. ખીસું કાપતાં ઝડપાઈ જતા પશલાએ હરામખોર, નાલાયક...ચોર જેવા શબ્દો લોકોનો માર ખાતા સાંભળ્યા હતા. આજે પ્રથમવાર જેનું ખીસું કાપ્યું હતું તે જ પાળક સાહેબે એના માટે દીકરા જેવું સંબોધન વાપર્યું હતું. પોતાના માટે ભલું કરનાર એ પાળકસાહેબના વર્તનમાં પશલાએ સ્નેહ નીતરતો જોયો હતો. તેને પાળક સાહેબ બીજા કરતાં નોખી વ્યક્તિ

જણાવા લાગ્યા. તે સાથે પોતાના કાર્ય બદલ પશ્ચાત્તાપનો શ્રોત તેનાં અંતરમાં વહેવા લાગ્યો. આખી રાત પશલાએ ભારે બેચેનીમાં પસાર કરી અને સવારનાં પહોરમાં, "મા...થોડીવારમાં આવું છું !" કહેતાં પેલા ચર્ચ તરફ પ્રયાણ કર્યું.

પ્રાતઃ પ્રાર્થના પતાવીને હજી તો માંડ ઊભા થવાની તૈયારી કરે ત્યાં જ કોલબેલનો રણકો સાંભળી પાળકસાહેબ દરવાજો ખોલવા આવ્યા. દરવાજો ખોલતાની સાથે જ સામે પશલાને ઊભેલો જોતા એમના આશ્ચર્યનો પાર ન રહ્યો. "આવ બેટા ! આમ, અંદર આવ !" કહેતા પશલાને આવકાર્યો. પશલો બે ઘડી એ અનોખા આદમીના ચહેરા સામે તાકી રહ્યો. એની આંખોમાં એને વાત્સલ્યસાગર ઊમટતો જણાયો. અરે પોતે જાણે એ વાત્સલ્ય સાગરમાં ભીંજાઈ રહ્યો હતો. એના હોઠોમાંથી ટપકતાં મધ જેવા મીઠા શબ્દોએ એની લાગણીના તાર ફરી એકવાર ઝણહણી ઊઠ્યા. મંદ ચાલે તે અંદર પ્રવેશ્યો. અને ખુરશીમાં સ્થાન લીધું.

"દીકરા ! આમ સવારના પહોરમાં જ કેમ આવવું પડ્યું ?" પેલા ભલા પાદરી સાહેબે સસ્મિત પૂછયું.

"સાહેબ..!...સાહેબ! હું...હું...તમારી માફી માગવા આવ્યો છું." મહા પ્રયત્ને પશલો નતમસ્તકે બોલી રહ્યો.

"અરે...! ગાડાં...! માફી તો તારે ઈશ્વર સમક્ષ માગવી જોઈએ કારણ કે જેણે આ સમસ્ત વિશ્વ રચ્યું તેને અણગમતું કામ તું કરે છે અને કર્યું !" પાદરી સાહેબે હળવું સ્મિત રેલાવતાં કહ્યું.

"ઈશ્વરની માફી...! શું ઈશ્વર મને માફી આપશે ?" પશલો જિજ્ઞાસાપૂર્વક પાદરી સાહેબના મુખ સામે તાકી રહ્યો. "હા, દીકરા..! માનવી ખરા પસ્તાવાસહિત ઈશ્વર સમક્ષ પોતાનાં પાપ

કબૂલ કરે... ઈશ્વરપુત્ર ઈસુને પોતાના તારનાર તરીકે સ્વીકારે...તો ચોક્કસ તેને પોતાનાં પાપોની માફી મળી શકે...!"

"ઈસુ...! સાહેબ...! ઈસુ ભગવાનનું મેં નામ સાંભળ્યું છે. તેના વિશે હું વધારે કંઈ જ જાણતો નથી"! પશલાના શબ્દોમાં નિર્દોષ અજ્ઞાનતા પ્રગટી રહી. પશલાને સમજાવતાં પાદરી સાહેબ બોલ્યા... "જો દીકરા, આ પાપી દુનિયાને પાપમાંથી છોડાવવા ઈશ્વરે પોતાના એકના એક પુત્ર ઈસુને આ પૃથ્વી પર મોકલ્યા... એ ઈસુએ આ પૃથ્વી પર ઈશ્વરના રાજ્યની વાત પ્રગટ કરી...અનેક ચમત્કારો કર્યા અને આખરે પાપીઓને બચાવવા નિર્દોષ ઈસુએ વધસ્તંભ પર પોતાનું બલિદાન આપ્યું. એ ઈસુ પર વિશ્વાસ કરવાથી માણસ પાપમાંથી બચી શકે છે. દીકરા..શું તું એવું ઇચ્છે છે કે જે નાશના માર્ગે ચાલે છે તેમાંથી તારો બચાવ થાય...?" પાદરી સાહેબ પશલાનો જવાબ સાંભળવા ઉત્સુકતાથી તેની સામે જોઈ રહ્યા.

"હા સાહેબ...! ન જાણે કેમ ગઈ કાલથી મારા દિલમાં ભારે અજંપો લાગે છે.. ગઈ કાલની બીના મારી આંખો સામે મંડાયેલી જ રહે છે. જો ઈસુને સ્વીકારવાથી શાંતિ પ્રાપ્ત થઈ શકતી હોય તો હું તેમ કરવા પણ તૈયાર છું...!" પશલાનાં શબ્દોની સચ્ચાઈ એના ચહેરા પર કળાતી હતી. પાળક સાહેબના મુખ પર પ્રસન્નતા છવાઈ રહી. બંને જણ ઘૂંટણે પડ્યા. પ્રાર્થના પૂરી થયા બાદ પશલો ઘરે રવાના થયો. અંતરમાં અદ્દભુત શાંતિ ભરીને...! ત્યારે પ્રાંગણમાં ઊભા રહેલા પાળકસાહેબ જાણે એક આત્માના બદલાણથી હર્ષઘેલી સ્વર્ગીય સેનાનો હર્ષનાદ માણી રહ્યા હતા.

બીજા જ દિવસથી પશલો મિલમાં નોકરીએ જવા લાગ્યો. હવે તે સમયસર ઘરે આવી જાય છે. નવરાશના સમયે ખ્રિસ્તી પુસ્તકો વાંચે છે. પશલાના જીવનમાં આવેલાં અદ્દભુત પરિવર્તને જીવીબા

તથા આજુબાજુના લોકોને પણ વિચારતાં કરી મૂક્યાં. થોડા જ સમય બાદ પશલાએ બાપ્તિસ્માનો પવિત્ર સંસ્કાર ગ્રહણ કર્યો.પશલો ખ્રિસ્તી બની ગયો છે તે જાણીને મહોલ્લાના લોકોએ તરેહ તરેહની વાતો ચગાવી. પણ પશલાએ એની જરાય પરવા ન કરી. જ્યારે જીવીબાને તો ગમે તેમ પણ પશલાનું જીવન સુધર્યું તેનો આનંદ હતો.

આજે નોકરીમાં પશલાના બે માસ પૂરા થયા હતા. પગારનો દિવસ હોવાથી ખરીદી કરીને પશલો ઘર તરફ જઈ રહ્યો હતો. સમય ઘણો વીતી ગયો હતો. ઉપરથી ગમે તે કારણસર એ રસ્તાની લાઈટો પણ બંધ હતી. ઝડપી ચાલે આગળ વધતો પશલો રેલવે ગરનાળા પાસે આવી પહોંચ્યો. ગોરખ-ધંધાઓથી ફુલ્યાફાલ્યા આ વિસ્તારમાં રાત્રે એકલ-દોકલ નીકળવું મુશ્કેલ હતું. જેવો પશલો ગરનાળામાંથી પસાર થતો હતો ત્યાં જ તેણે "બચાવો...બચાવો..."ની ચીસ સાંભળી. ઘડીભર વિચાર કર્યા વિના પશલાએ અવાજની દિશામાં દોડ મૂકી. મદદ માટે બૂમ પાડનાર વ્યકિતની ચીસો હવે શમી ગઈ હતી. પશલો ઊભો રહી ગયો. રેલવે લાઈનની બાજુમાંથી પસાર થતા ધૂળિયા રસ્તા પર એને કોઈ બાથમબાથી કરતું હોય તેવું જણાયું. હિંમતથી તે આગળ વધ્યો. પરંતુ હજી એ કંઈ કરે તે પહેલાં જ એક ગુંડા જેવો માણસ પશલા પર ત્રાટક્યો. જ્યારે એના સાથીદાર એક આધેડ માણસના હાથમાંથી બેગ પડાવવાનો પ્રયત્ન કરતો હતો. ખડતલ પશલાએ પેલા ગુંડાનો સામનો કર્યો, બીજી તરફ પોતાની બેગ મજબૂત પકડી રાખી પેલો માણસ મદદની બૂમો પાડતો હતો. બંને ગુંડાઓ માટે હવે ભાગવા સિવાય અન્ય કોઈ વિકલ્પ નહતો. પરંતુ પશલાની ભૂજાઓમાં પેલો ગુંડો એવો ભીડાયો કે એમાંથી છૂટવા લાખ પ્રયત્નો કરવા છતાંય એનું કાંઈ વળતું ન હતું. આખરે છુટકારો પામવા અંધકારમાં એણે કમરમાં ખોસેલ ખંજર ખેંચ્યુ અને પશલાના પેટમાં હુલાવી દીધું...! ભારે ચિત્કાર સાથે પશલો નીચે બેસી

પડ્યો... પેલા બંને ઝડપથી નાસી છૂટ્યા. મદદની ચીસો સાંભળી બીજા લોકો પણ ત્યાં આવી પહોંચ્યા. ખૂનથી તરબોળ પશલો જમીન પર ચત્તો પડ્યો, આકાશ સામે ફાટી નજરે જોઈ રહ્યો. એકઠા થયેલ લોકોમાં ઘણાં પશલાને ત્યાંથી ખસેડવાનો પ્રયત્ન કરે તે પહેલાં જ પશલાએ પ્રાણ છોડ્યો... લગભગ ૧૨ વાગવાની તૈયારી હતી. છતાંય પશલો ન આવ્યો. આથી પરસાળમાં બેસી પશલાની રાહ જોતાં જીવીબાનું મન શંકા-કુશંકાઓના ચગડોળે ચડ્યું. ત્યાં જ મહોલ્લામાં પોલીસવાન પ્રવેશી અને સીધી જીવીબાના આંગણામાં આવી ઊભી રહી. જીવીબા હવે સમજી ચૂક્યાં હતાં કે નક્કી પશલાએ કંઈક કાળું ધોળું કર્યું હશે. ત્યાં પોલીસ ઈન્સ્પેક્ટર ગાડીમાંથી નીચે ઊતર્યા. માથા પરની કેપ હાથમાં લેતાં પૂછ્યું, "માજી...! જીવીબહેન તમારું જ નામ છે ?"

"હા...સા...ય...બ...!કાં...મા...મા...રા પશલાએ કાંઈ વાંકગુનો કર્યો ?" જીવીબાના હોઠ ધ્રૂજી રહ્યા.

"ના...માજી...! પશલાએ કંઈ વાંકગુનો નથી કર્યો ! એણે તો ગુંડાને પકડવાનો પ્રયત્ન કર્યો. પણ...પણ એમ કરતાં પેલા ગુંડાના હાથે મૃત્યુ પામ્યો છે." જીવીબા સમક્ષ નતમસ્તકે ઘેરા સાદે ઈન્સ્પેક્ટર બોલી રહ્યા. એમના શબ્દો સાંભળી જીવીબાનું હૈયું વીંધાઈ ગયું. પોલીસવાનમાંથી પશલાના મૃતદેહને ઘરમાં મૂકવામાં આવ્યો. ધીમેથી જીવીબાએ કફન આઘું કર્યું અને બે ઘડી પશલાના... ચહેરાને તાકી રહ્યાં. દુઃખનો ઊભરો ઠાલવતાં જીવીબા પશલાના નિશ્ચેતન દેહને જોઈને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યાં !

હવે એ નાનકડા ઘરમાં પશલો નથી... પરંતુ એના જીવનની મહેક ચોતરફ પ્રસરી રહે છે. એ મહેક માણતાં જીવીબા પોતાના શ્વાસ ખેંચી રહ્યાં છે.

●●●

# "શ્રેયસ્"

*સંપાદક : રેવ. જોસફ જી. ક્રિશ્ચિયન*

યહુદિયાના બેથલેહેમથી થોડા માઈલને અંતરે શ્રેયસ્ નામે એક વીશી આવેલી હતી. એમાં કશું અસાધારણ નહોતું. પરંતુ ઈસુ ખ્રિસ્તના જન્મ પછી ત્રણેક વર્ષ બાદ તે વીશી સંબંધી વિચિત્ર વાતો ચારે બાજુ ફેલાવા લાગી હતી. આ વીશીની માલિકણ પ્રૌઢ વયની દરકાસ નામની એક સ્ત્રી હતી. અહીંથી પસાર થનારાઓ માટે આ વીશી એક સુંદર આરામગાહ હતી. એનાં સુઘડતા, સ્વચ્છતા તેમ જ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ખોરાક અનેરાં હતાં. તેથી ઘણા તો ત્યાં આકર્ષાતા.

શ્રેયસ્ વિષે અફવાઓ ફેલાયેલી હતી, કે અહીં શ્રીમંત તેમ જ ગરીબ બંનેનો આવકાર સમાન ભાવે કરવામાં આવે છે. આવનાર શ્રીમંત પાસેથી વધુ પૈસા લેવામાં આવે છે એ માટે, કે એથી ગરીબ અને જેઓની પાસે કશું જ નથી તેઓને સુખસગવડ આપી શકાય. આવી અફવાઓને કારણે અનેક જિજ્ઞાસુ વૃત્તિના મુસાફરો અને યાત્રીઓ આ માર્ગે આવતા અને શ્રેયસનો અનુભવ જાતે જ કરતા.

એક વાર એક પૈસાદાર ફરોશી ત્યાં આવી ચઢ્યો. શ્રેયસની સુખસગવડ અને લહેજ્જતદાર ભોજનથી તે ખુશ ખુશ થઈ ગયો. જ્યારે ત્યાંથી ઊપડવાનો સમય આવ્યો ત્યારે એ વીશી સંબંધીની તેણે સાંભળેલી અફવાઓ તેને યાદ આવી. ગુસ્સાથી તેના ભવાં સંકોચાયા અને તે સ્વગત બબડવા લાગ્યો : "હેં ! પૈસાદાર પાસેથી મફતનાં વધારે નાણાં ! હું નહિ આપું. શા માટે મારે વધારે નાણાં આપવાં ?"

દરકાસ પાસે જઈને તે અકળાઈને બોલવા લાગ્યો, "બોલો, મારે શું આપવાનું છે ? મેં તો સાંભળ્યું છે, કે તમે પૈસાદારો પાસેથી વધુ નાણાં પડાવો છો. ખરી વાત ?"

"મહેરબાન સાહેબ, તમને કોઈએ ખોટી માહિતી આપી છે. તમે કહો છો એવું તો કંઈ જ નથી." દરકાસ બોલી.

"ત્યારે કહો, મારે શું આપવાનું છે ?" તેણે પૂછ્યું. દરકાસે વિનયથી, વિનમ્રતાથી જવાબ આપ્યો, "તમને સારું અને સ્વાદિષ્ટ ભોજન તેમ જ આરામ અને સુખસગવડ આપવા અમે પ્રયત્ન કર્યો છે. જો તમને સંતોષ થયો હોય તો ખુશી થઈને જે યોગ્ય લાગે તે આપો. વળી જો તેથી કંઈ વધારે આપશો તો તે સાભાર સ્વીકારવામાં આવશે. હું તમને ખાતરી આપું છું, કે તમે આપેલાં વધારે નાણાંથી ગરીબોને આશ્રય અને ખોરાક મફત આપવામાં આવશે. જેઓની પાસે છે તેઓ જેઓની પાસે નથી તેઓને માટે આપે. હું અહીં બેસી રહું છું એ માટે કે, મારી વીશી પાસેથી કોઈ પણ ગરીબ યાત્રી પૈસાને અભાવે આશ્રય, આરામ અને આહાર મેળવ્યા સિવાય ચાલ્યો ન જાય."

ફરોશી બોલ્યો, "આ તો દીવાનાપણું કહેવાય. આમ તે ધંધો ચાલતો હશે ? પૈસાદારે શા માટે વધુ આપવું ? મને જે યોગ્ય લાગે તે મારે આપવું પણ મને કશું જ આપવાનું યોગ્ય ન લાગે તો, તમે મને શું કરશો ?"

દરકાસે કહ્યું, "શેઠ સાહેબ, એવા પણ પૈસાદાર લોકો અહીં આવ્યા છે અને રાતી પાઈ પણ આપ્યા વિના ચાલ્યા ગયા છે. પરંતુ ઘણા શ્રીમંતોએ તો પોતાના ખર્ચનું બીલ ચૂકવ્યા ઉપરાંત ગરીબોને માટે ઘણું ઘણું આપ્યું છે."

"આ તો ઉદ્ધતાઈની હદ આવી ગઈ, જાઓ. હું કશું જ આપવા માગતો નથી." એમ કહીને પેલો ફરોશી રોષમાં શ્રેયસમાંથી બહાર નીકળી ગયો.

દરકાસ નતમસ્તકે ગમગીન બનીને થોડી વાર બેસી રહી. પછી નજર ઊંચી કરીને બેથલેહેમ તરફના માર્ગ તરફ આતુરતાથી જોવા લાગી.

તે આમ શા માટે બેસી રહેતી હતી ? એની પાછળ શું રહસ્ય હતું ? તેના મુખમાં અને આંખોમાં કોઈની પ્રતીક્ષાનો આતુરભાવ દૃષ્ટિએ પડતો હતો. તે કોની પ્રતિક્ષા કરતી હતી ? હમદર્દી બતાવનાર કોઈ યાત્રી ભગિની આગળ તે પોતાનું દિલ ખોલતી અને કહેતી, "બહેન, અહીં બેસી હું એક જણની રાહ જોઉં છું. તે ગરીબ છે કે ધનવાન, તે હું જાણતી નથી. પરંતુ જો તે ગરીબ હોય તો પૈસાને અભાવે શ્રેયસમાં આવશે નહિ. એવો એ ગરીબ અહીંથી પસાર થઈ જતો ન રહે માટે હું બેસી રહું છું."

એકવાર શ્રેયસમાં એક શ્રીમંત સ્ત્રી આવી ચઢી. તે કહેવા લાગી, "અમે ઘણે દૂરથી આવ્યાં છીએ. થાકી ગયાં છીએ. તમારી સુંદર વીશીમાં આરામ કરવા ચાહીએ છીએ."

ઉમળકાથી આવકાર કરતાં દરકાસ બોલી, "આવો બાઈસાહેબ, આવો, અંદર જાઓ. આરામ કરો, ભોજન લો. હું તો અહીં જ બેસીશ."

"અને તમે પોતે અંદર નહિ આવો ? અહીં બહાર જ શા માટે બેસી રહો છો ?" પેલી શ્રીમંત સ્ત્રીએ પૂછયું.

"હું એક જણની રાહ જોઉં છું. મને આશા છે, કે એક દિવસે તે

આ માર્ગે આવશે. તે ગરીબ હશે તો તેને એવો ખ્યાલ નહિ આવે કે તે શ્રીમંતની જેમ જ ગરીબોનો પણ આવકાર અહીં થાય છે. તેથી હું અહીં જ બેસી રહું છું."

એટલામાં તો શ્રીમંત સ્ત્રીની દાસી વચ્ચે બોલી ઊઠી, અને પૂછવા લાગી, "ત્યારે શું તમે ઈસુની રાહ જુઓ છો ?"

દરકાસે સામો પ્રશ્ન પૂછયો, "ઈસુ વળી કોણ ?"

દાસીએ આગળ બોલવા માડ્યું, "એ ઈસુએ તો મારી વહાલી માને અસાધ્ય રોગમાંથી ઉગારી હતી. બીજાંઓને પણ તેણે સાજાં કર્યાં હતાં. મને થયું કે, તમારું કોઈ પ્રિયજન માંદું હશે અને ઈસુ આવીને તેને સાજાપણું આપે એવું તમે ચાહતા હશો માટે અહીં આમ આતુરતાપૂર્વક બેસી રહો છો. પણ તેને માટે રાહ જોઈને બેસી રહેવાની જરૂર નથી. તે તો મરી ગયો છે. લોકોએ તેને વધસ્તંભ પર જડીને મારી નાખ્યો."

"ના, બહેન." દરકાસે કહ્યું, "હું રોગ હરનાર ઈસુની રાહ જોતી નથી. તેનું તો નામે મેં સાંભળ્યું નથી."

અને ફરીથી દરકાસ શ્રેયસની બહાર ખુરશી નાખીને બેઠી અને પેલા અજાણ્યા માણસની રાહ જોવા લાગી. એટલામાં એક માંદી વૃદ્ધ સ્ત્રી ત્યાં આવી પહોંચી. દરકાસે તેને શ્રેયસમાં આંવવાનું આમંત્રણ આપ્યું.

પેલી સ્ત્રી બોલી, "બાઈસાહેબ, તમે મારી મશ્કરી શા માટે કરો છો ? આરામ ને ખોરાક તો જેઓની પાસે પૈસા હોય તેઓને માટે છે. મારા જેવા ગરીબો માટે તો ભૂખ, શ્રમ અને મરણ સિવાય બીજું કંઈ નથી."

"ના બહેન, અંદર આવ," દરકાસે ભાવભીના અવાજે આમંત્રણ આપ્યું, "અહીં તો પૈસાદારો પાસેથી પૈસા લેવાય છે, ગરીબોને તો આશ્રય, આરામ અને ભોજન મફત જ આપવામાં આવે છે." પછી દરકાસે પેલી માંદી સ્ત્રીનો હાથ પકડ્યો અને ધીમે ધીમે તેને વીશીમાં અંદર લઈ ગઈ. તેને ખવડાવ્યું અને આરામ માટે એક ઓરડી કાઢી આપી. પછી તેને પૂછ્યું, "બાઈ, તમે ક્યાં જવા નીકળ્યાં છો ?"

"હું તો માંદી છું." ધીમા અવાજે પેલી સ્ત્રીએ જવાબ આપ્યો, "અને ઈસુ નામે એક માણસને શોધવા નીકળી છું. મેં સાંભળ્યું હતું, કે તે બધાંને સાજાં કરે છે. પણ હમણાં જ મેં સાંભળ્યું, કે લોકોએ તેને વધસ્તંભ પર જડીને મારી નાખ્યો છે. કદાચ એ સાચું હશે. આ દુનિયા એવી જ છે, જ્યાં ભલાઈનું ખૂન થાય છે અને બૂરાઈ હક કરીને જીવે છે."

"ના એવું નથી." દરકાસે સાંત્વન આપતાં કહ્યું. " દુનિયામાં બૂરાઈ છે અને ભલાઈ પણ છે. આપણે ભલાઈથી બૂરાઈનો પરાજય કરવાનો છે."

માંદી સ્ત્રી બોલી, "બાઈસાહેબ, તમે બતાવો છો એવું માયાળુપણું તો મેં ક્યાંયે જોયું નથી. માલિક તમારા પર મહેર કરો.

અને ઉનાળાના એક ધગધગતા બપોરે એક ગરીબ યુવતી શ્રેયસ પાસે આવી પહોંચી. દરકાસ તો બહાર જ પ્રતીક્ષા કરતી બેઠી હતી. પેલી થાકેલી ગરીબ યુવતીને જોઈને દરકાસે તેને બોલાવી : "આવ બહેન, અંદર આવ. તું બહુ થાકેલી લાગે છે, આવ, આરામ કર."

"બહુ જ મહેરબાની." યુવતીએ કહ્યું, "મારી પાસે પૈસા નથી. હું તો મારું ભાથું સાથે બાંધીને જ ફરું છું. બપોરે કે સાંજે ગામના કોઈ કૂવાને થાળે બેસી પાણી પી લઉં છું."

દરકાસે કહ્યું, "તારી પાસે પૈસા નથી તેનો અફસોસ કરીશ નહિ. અહીં તો જેઓ પાસે છે તેઓ જેઓ પાસે નથી તેઓને માટે વધુ આપે છે. આવ બહેન, ભોજન કર; આરામ લે."

પેલી યુવતી કટાક્ષમાં હસી પછી વ્યંગમાં બોલવા લાગી, "બહેનજી, તમારે વળી મારી પાસે શું કરાવવું છે ? આવો વગર મફતનો ઉપકાર ચઢાવી કેવો પાપી હેતુ પાર પાડવા માંગો છો ?"

બિચારી ! દરકાસ દયાયુક્ત અવાજે કહેવા લાગી, "કોઈ ભલાઈને ખાતર જ ભલાઈ કરે એવો વિશ્વાસ પણ ગુમાવી બેઠી છે! સારું ત્યારે તું અંદર આવીશ નહિ. હું અહીં બહાર જ તને ભોજનની થાળી મોકલાવું છું. જરા ખા અને શાંત થા."

પેલી યુવતી કોઈક નવો ભાવ અનુભવતી હોય તેમ બોલવા લાગી, "પણ તમે મને કદી જોઈ નથી, મને ઓળખતા નથી, તો મારે માટે આટલું બધું શા માટે કરો છો ?"

"હું તો બધા ગરીબ યાત્રીઓને આશ્રય અને ભોજન મફત આપું છું. જો હું એમ ન કરું તો એક જણ જેની હું રાહ જોઉં છું તેને હું ગુમાવી બેસું. તેથી, હા, તેથી જ હું ગરીબ કે શ્રીમંત સર્વને આમંત્રણ આપું છું."

"એ કોણ છે ?" જિજ્ઞાસાથી યુવતીએ પ્રશ્ન કર્યો.

"હું એનું નામ જાણતી નથી." દરકાસે કહ્યું.

"ત્યારે તમે તેને ઓળખશો કેવી રીતે ?" યુવતીએ પૂછયું.

દરકાસે જવાબ આપ્યો "એ તો ખબર નથી. એ નાનું બાળક હતો ત્યારે મેં તેને જોયો હતો. મને લાગે છે, કે તેની આંખો ઉપરથી હું તેને ઓળખી કાઢીશ. થોડા સમય પર અહીં એક માયાળુ શ્રીમંત

સ્ત્રી આવી હતી; ત્યાર પછી એક માંદી વૃદ્ધા આવી હતી અને આજે તું આવી છે. તમારા બધાંની આંખોમાં મને એની યાદ કોતરાયેલી દેખાય છે."

પછી પેલી ગરીબ યુવતી હમદર્દી બતાવતાં બોલી, "મારી અંતરની પ્રાર્થના છે, કે તમને તમારાં એ યાત્રીનાં દર્શન વહેલાં થાય !"

બીજા દિવસની ઘેરી સંધ્યાના ઓળા શ્રેયસ્ પર પથરાયા ત્યારે તેના દ્વારે એક પુરુષ અને એક સ્ત્રી આવી પહોંચ્યાં. પુરુષે દરકાસને સંબોધીને કહ્યું, "બાઈ, અમે ઘણાં જ થાકેલાં છીએ અમારે અહીં આરામ કરવો છે."

ઉમળકાથી આવકાર આપતાં દરકાસ બોલી, "હા, હા, જરૂરથી પધારો." એટલામાં તો પેલી ગરીબ યુવતી ત્યાં આવી અને કાકલૂદીભરી ભાષામાં વાતચીત વચ્ચે બોલવાની બેઅદબી માટે ક્ષમા માગતાં કહેવા લાગી, "બાઈસાહેબ, મારે જવું છે મને મોડું થાય છે. હું મારી માંદી બહેનને જોવા જાઉં છું. તેને લઈને કાલે આવી પહોંચીશ. મારી સાથે તેને પણ રહેવાની સગવડ આપશો ને ? એકાદ દિવસ અહીં રોકાઈને અમે જતાં રહીશું."

"હા, જરૂરથી." દરકાસે ભાવવાહી ઉત્તર દીધો, "તેને જોઈને અમને ઘણો જ આનંદ થશે. માટે જરૂરથી તેને લાવજે. તમે બંને અહીં આરામ કરજો."

પેલા પુરુષની સાથે આવેલી સ્ત્રી આશ્ચર્યચકિત બની ગઈ પછી કહેવા લાગી, "આ વીશી વિષે આપણે જે વાતો સાંભળી હતી તે સાચી જ છે." પછી દરકાસ તરફ ફરીને, "હેં બહેન, તમે ગરીબોને આશ્રય અને ખોરાક મફત આપો છો તે વાત ખરી ?"

દરકાસ : "ના, એવું નથી. પણ જેઓ પાસે છે તેઓ જેઓ પાસે નથી તેઓ માટે આપે છે. એવાં દાનો હું ગરીબોને માટે વાપરું છું."

પુરુષ બોલી ઊઠ્યો, "પણ તમને આવો સુંદર વિચાર કેવી રીતે આવ્યો ?"

દરકાસ પોતાની વાત કહેવા લાગી, "હું એક જણને શોધી રહી છું. પણ તેને ખોળવા હું આમતેમ ફરી શકું તેમ નથી. મને એવું થાય છે કે જો હું તેના હાથને સ્પર્શ કરું, તેની આંખોમાં નજર નાખું તો મારું મોત સુખેથી થાય. મને એવું લાગે છે, કે એક દિવસ તે મારી વીશીમાં જરૂરથી આવશે. કેમ કે કોઈ પણ પૈસાદાર આ વીશીમાં આવ્યા વિના રહ્યો નથી. પણ જો તે ગરીબ હોય તો ? તો તે અહીંથી પસાર થઈ જતો રહે. એવું ન બને માટે જ હું સર્વ ગરીબ યાત્રીઓની રાહ જોઈને અહીં આગળ જ બેસી રહું છું. હું ગરીબોની સેવા તેના ઉપરના પ્રેમને લીધે જ કરું છું."

પુરુષે જાણવાના ઈરાદાથી પૂછ્યું, "તમે જેની રાહ જુઓ છો તેનું નામ શું ? આવો ભવ્ય પ્રેમ જન્માવનાર વ્યક્તિ ખરે જ અદ્‌ભુત હશે !

દરકાસ : "પણ તેનું નામ હું જાણતી નથી, તે કેવો દેખાય છે તેની પણ મને ખબર નથી."

પેલી સ્ત્રીએ સ્વાભાવિક પ્રશ્ન પૂછયો, "ત્યારે તમે તેને ઓળખશો કેવી રીતે ? છેલ્લે તમે તેને ક્યારે જોયો હતો ?

દરકાસે પોતાની કથની કહેવી શરૂ કરી : "ઘણાં વર્ષો ઉપર બેથલેહેમમાં મારા પિતાની એક વીશી હતી. તેમાં હું પણ કામ કરતી હતી. તે સમયે રૂમી સમ્રાટે વસતી ગણતરી માટે હુકમ બહાર પાડ્યો

હતો. બેથલેહેમની બધી વીશીઓ માણસોથી ઊભરાતી હતી. અમારે ત્યાં પણ જગા નહોતી. એવા સંજોગોમાં એક સુંદર યુવાન સ્ત્રી તેના પતિની સાથે ત્યાં આવી પહોંચી. આ યુવાન સ્ત્રી લગભગ મારી જ ઉંમરની હતી. તેને જોતાં જ મને તેના પર હેત આવ્યું. તેમણે રહેવા માટે જગાની માગણી કરી. મેં મારા પિતાને સમજાવી તેમને રહેવા ગભાણ કાઢી આપ્યું. ત્યાં જ તે સ્ત્રીને પુત્ર જન્મ્યો. આ બાળક ખૂબ સુંદર હતો. તે મને ગમી ગયો. હું તેની માતાને મદદ કરવા જતી અને બાળકને ખોળામાં લેતી. તેની કોમળ આંગળીઓ મારા શ્રમિત હાથોને સ્પર્શતી અને મને મનમાં શાંતિનો અનુભવ થતો. તેના વાળ! ખૂબ જ સુંવાળા જાણે પંખીનાં મુલાયમ પીંછાં ! તેની માતા તેના પ્યારા બાળકને મારા ખોળામાં મૂકતી અને મારા હૈયામાં સુખનો સાગર ભરતીએ ચઢતો. પરંતુ એક કમનશીબ દિને જ્યારે સવારે વહેલી ઊઠીને હું તેમને ઘેર ગઈ ત્યારે ઘરમાં કોઈ નહોતું. કોઈને ય કહ્યા વિના તેઓ ચાલ્યાં ગયાં હતાં. મારા જીવનમાંથી જાણે સૂર્ય ચાલ્યો ગયો. અંતરમાં અંધારું વ્યાપ્યું. હું ક્યાં જાઉં ? તેમને ક્યાં શોધું ? હું તો એ બાળક પર મુગ્ધ હતી. મારા હૈયાનું હેત હવે હું કોની ઉપર ઠાલવીશ ? (આ વાતો દરમિયાન પેલી સ્ત્રી આકુળવ્યાકુળ થતી.) પછી તો મારા પિતાએ એ વીશી બંધ કરી અને આ વીશી ચાલુ કરી. તેમના મૃત્યુ પછી મેં એ ચાલુ રાખી. પેલા બાળકને હું ભૂલી ન શકી. એ તો હવે મોટો માણસ થયો હશે. તેનો મેળાપ કેવી રીતે કરી શકાય તે વિષે વિચાર કરતાં મને આ યોજના સૂઝી આવી. તેથી હું અહીં જ બેસી રહું છું કે કોઈ ગરીબ પૈસાને અભાવે અહીંથી ચાલ્યો ન જાય તેથી અહીં આવનારાઓમાં જેઓ પાસે પૈસા છે તેઓ જેઓ પાસે નથી તેમને માટે દાન આપે છે...'' પણ બહેન, 'તમે રડો છો શા માટે ? મેં એવું શું કહ્યું કે તમારું દિલ દુભાયું ?'

પેલી સ્ત્રી ગદ્ગદ્ કંઠે બોલી, "યોહાન, આપણી વાત આ ભલી બાઈને જણાવ."

યોહાને ખૂબ કોમળતાથી વાત શરૂ કરી, "મારું નામ યોહાન છે. આમનું નામ મરિયમ છે. દરકાસબહેન, તમે કદી ઈસુનું નામ સાંભળ્યું છે ?"

દરકાસે કહ્યું, "હમણાં થોડા દિવસ ઉપર જ મેં એ નામ સાંભળ્યું. પણ એ નામ સાથે મારે કશી નિસ્બત નથી. તમે શા માટે એવું પૂછો છો ?"

ત્યારે યોહાને કહ્યું, "બહેન, એ જ તમારું સર્વસ્વ છે. જે બાળક ઉપર તમે તમારા અંતરનું વહાલ વરસાવ્યું હતું તે જ ઈસુ. આ તેની માતા છે."

મરિયમના મુખ સામે જોઈને દરકાસ તેને ભેટી પડી. પછી દર્દભર્યા અવાજે બોલવા લાગી : "અને શું તે મરી ગયો ? તે પણ વધસ્તંભ પર ? એ કોમળ હાથમાં ખીલા વાગ્યા ? તેના રેશમ્ જેવા વાળ લોહીથી ખરડાયા ?" વચ્ચે જ મરિયમ બોલી ઊઠી :

"બસ, બહેન બસ કર ! હવે વધુ બોલીશ મા."

યોહાન કહેવા લાગ્યો, "હા, મારી ભૂલ થઈ; મારે કહેવું જોઈતું હતું કે તેને વધસ્તંભે જડવામાં આવ્યો હતો ખરો પણ મરણમાંથી સજીવન થઈને તે ઊઠ્યો છે. તે જીવતો છે."

દરકાસ બોલી : "જો તે જીવતો હોય તો મારી પાસે લાવો કે હું ધરાઈ ધરાઈને તેને જોઉં."

યોહાને ખુલાસો કરતાં કહ્યું, "દરકાસબહેન, તમારી આ વીશીમાં જ્યાં જેઓ પાસે છે તેઓ પાસે કશું નથી તેવાંઓને આપે

છે ત્યાં તમે દરરોજ તેને જુઓ છો. જે ગરીબ મુસાફરને તમે આશ્રય અને ખોરાક આપ્યો છે; જે નિર્ધન યાત્રીની રાહ તમે આતુરતાથી જોઈ છે તે દરેકમાં તમે તેને જોયો છે."

દરકાસ જરા મૂંઝાઈ; પછી બોલી, "એ તમે શી રીતે કહી શકો? ત્યારે યોહાને કહ્યું, "ઈસુએ પોતે જ એમ કહ્યું છે, કે આ નાનાઓમાંથી એકને તમે તે કર્યું એટલે તે મને કર્યું.

દરકાસને હવે સમજાયું, "હવે મને સમજણ પડે છે. હું તો માનતી હતી, કે આ તો મારી પોતાની કલ્પના હતી. હા, આ નાનાંઓમાંથી...એકને...તમે...તે કર્યું એટલે...તે...મને કર્યું."

યોહાન કહેવા લાગ્યો, "ઈસુ તો માનવજાતમાં અવતારધારી થયો છે. જો તમે માનવોની સેવા કરો તો તમે તેની જ સેવા કરો છો."

પછી ફરીથી શ્રેયસ્ જ્યાં ઈસુ વસે છે અને જ્યાં જેઓ પાસે છે તેઓ જેઓ પાસે નથી તેમને માટે આપે છે ત્યાં એક બીજા દિવસની સંધ્યાના ઓળા પથરાયા.

— એક અંગ્રેજી નાટિકા ઉપરથી.

●●●

# ❋ પુનરુત્થાનની પ્રભાતે ❋

વરસાદ આજે સવારથી જ મન મૂકીને વરસી રહ્યો હતો. રસ્તાઓ બિલકુલ સૂના થઈ ગયા હતા અને વિશાલ તમે ઘરમાં આમથી તેમ આંટા મારી બેચેની દૂર કરવાનો વ્યર્થ પ્રયત્ન કરી રહ્યા હતા. દરરોજ સાંજના સમયે બહાર ફરવાની આદતને લીધે આજે વિશાલ તમે ઘરમાં અકળાઈ રહ્યા હશો, કદાચ ! આખા દિવસ દરમ્યાન પેપર અને બીજાં મેગેઝિન ઉથલાવી નાખ્યાં હતાં છતાં ફરી એકવાર અકળામણ દૂર કરવા તમે મેગેઝિન આમતેમ કરવા લાગ્યા અને એકાએક વિશાલ તમારા હાથમાં બે મહિના પહેલાંના ખ્રિસ્તીબંધુનો અંક આવી ગયો. આમ તો વિશાલ તમને આ સામાયિક વાંચવાની બહુ ટેવ નથી છતાં આજે સમય પસાર કરવા તમે તેનાં પાનાં ફેરવવા માંડયા ! કવિતા, લેખો પર ઉપર-ઉપર નજર ફેરવી લીધી અને પાછળનાં પાનાંઓ ઉપર આવી પહોંચ્યા અને વિશાલ એક પછી એક આભારપત્રો ઉપર તમારી ઊડતી નજર ફરવા લાગી અને...

અને એકાએક તમારી નજર એક આભારપત્ર પર સ્થિર થઈ ગઈ. ઉપર લખ્યું હતું પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

અમારાં વહાલાં મમ્મી એડનાબહેન .......

*લિ. પ્રભુમાં દુઃખિત દીકરાઓ*

*આશિષ તથા સમર્પણ*

વિશાલ, તમારી નજર એક-એક વાક્ય પર ફરવા લાગી અને સાથે-સાથે આંખો આંસુથી ઊભરાવા લાગી અને ટપકતાં આંસુઓની સાથે તમે તમારી જિંદગીના સત્તર વર્ષ પાછળ ચાલ્યા ગયા.

વિશાલ, આજથી સત્તર વર્ષ પહેલાં તમે એડનાને તમારી પત્ની બનાવીને આ ઘરમાં લઈ આવ્યા. સુંદર, સુશીલ, ધાર્મિક પત્નીને મેળવી તમે ખુશ હતા. સમય વિતતા પ્રભુએ આશિષ તથા સમર્પણ નામના બે સુંદર પુત્રોની ભેટ તમને આપી. વિશાલ, બંને બાળકો અને પત્ની સાથેનો ઘરસંસાર આનંદથી ચાલતો હતો અને એવામાં એડનાને એક ઓફિસમાં સ્ટેનો તરીકેની નોકરી મળી. વિશાલ, તમારી થોડીક અનિચ્છા છતાં ઘરની જવાબદારી, બાળકોનો ખર્ચ, મોંઘવારી વગેરેને લીધે તમે એડનાને મંજૂરી તો આપી પણ એડનાને ઓફિસમાં કોઈકવાર વહેલુ-મોડું થઈ જતું અને ઘરનું કામકાજ થોડું ખોરવાઈ જતું તે વિશાલ તમને ગમતું નથી. એડના ઓફિસેથી છ વાગ્યે છૂટીને ઘરે આવે ત્યાં સુધીમાં અંધારું થઈ જતું અને ત્યારે વિશાલ તમે એક યા બીજું બહાનું કાઢી એડના સાથે ઝઘડી લઈ મનનો ગુસ્સો ઠાલવી દેતા. અને એકવાર વરસાદના દિવસો હતા, એડનાને ઓફિસમાંથી નીકળવાનો સમય થયો એટલામાં જ ધમધોકાર વરસાદ તૂટી પડયો. બસ, રીક્ષા કંઈ પણ મળે તેવી સ્થિતિ ન હતી તેથી ઓફિસમાં થોડીવાર સુધી રોકાવું પડયું અને ઘરે પહોંચતા સાડા આઠ થઈ ગયા, અને વિશાલ તમે તો જાણે આ પ્રસંગની જ રાહ જોઈને બેઠા હતા. એડનાને મન ફાવે તેમ બોલવા લાગ્યા, એ જ સમયે તમારો જિગરી દોસ્ત જેક આવી ગયો અને એણે તમારી વાતો સાંભળીને એ દિવસ પૂરતો મામલો ઠેકાણે પાડયો.

પરંતુ વિશાલ, જેક બીજા દિવસે જયારે તમને ફરી મળ્યો ત્યારે એણે જે વાતો કહી તે તમારા માટે 'બળતામાં ઘી હોમવા' જેવી સાબિત થઈ. સમાજના માણસો એડના માટે શી વાતો કરે છે અને કેમ વાતો કરે

છે એની સરસ મજાની વાર્તા જેકે તમારા મનમાં ગોઠવી દીધી. વિશાલ, તમારા શંકાશીલ માનસમાં તો એવી વાતો કયારનીય ઘૂમરાયા કરતી હતી. ઓફિસનો સમય સાચવવા માટેની એડનાની દોડધામ અને સાંજે ઘરે આવતાં થતું મોડું વગેરે જોઈને વિશાલ તમારું સકુંચિત અને શંકાશીલ મન કયાંથી કયાં અને કેવા કેવા વિચારો કરવા લાગતું અને જાણે આજે તમારા એ દોસ્ત જેકે તો વાતને સમર્થન આપી દીધું અને વિશાલ તમે ગુસ્સામાં જ્યારે ઘરે પહોંચ્યા ત્યારે સાંજના પોણા સાત થવા આવ્યા હતા. એડના હજુ આવી નહોતી એની રાહ જોતાં તમે બેસી રહ્યા. એડનાએ જેવો ઘરમાં પગ મૂક્યો કે તરત જ વિશાલ તમે બેફામ બોલવાનું શરૂ કર્યું. તમારી શંકાઓ અને સમાજમાં વહેતી વાતો વગેરે સાંભળીને એડના હચમચી ગઈ. એણે સ્વપ્નમાં પણ ન વિચાર્યુ હોય એવું તમારા મોંએ સાંભળીને એડના ભાંગી પડી અને ચોધાર આંસુએ રડવા લાગી છતાં એ સ્વમાની નારી પોતાના ચારિત્ર્ય પર ઉડાડેલા છાંટાને સાંખી શકી નહીં, અને એડનાએ એક નિર્ણય કરી લીધો. પોતાના બંને બાળકો સાથે ઘર છોડવાનો. એડનાએ સ્વમાની બની જીવવાનો અને હિંમતથી સમાજમાં રહેવાનો નિશ્ચય કરી ઘર છોડવાની તૈયારી કરી ત્યારે વિશાલ તમે ફકત તેને એટલું જ કહ્યું ફરી અહીં પગ ના મૂકીશ.

ત્યારથી એડના હિંમતથી બંને બાળકોને ઉછેરી રહી હતી, કોઈ પણ મુશ્કેલી વખતે પણ એ કદી તમારી પાસે હાથ ફેલાવવા આવી નથી. વિશાલ, બંને દીકરાઓ પણ જેમ જેમ સમજદાર થતા ગયા તેમ તેમ તેઓ પણ વિશાલ તમને નફરત કરવા લાગ્યા. વિશાલ તમારો મિત્ર જેક પણ ઘરમાં આગ લગાડીને છટકી ગયો ! અને વિશાલ આ સમાજ ! આ સમાજના અમુક માણસોને તો ટેવ છે અફવાઓ ઉડાડવાની ! કોઈની જિંદગી બરબાદ થતી જોઈને અમુક લોકોને મનોરંજન મળે છે, કોઈક સીધી સાદી યુવતીના ચારિત્ર્ય પર છાંટા ઉડાડતા એમને લેશ માત્ર શરમ

નથી આવતી કે સંકોચ નથી થતો ! અને વિશાલ, તમે એ બધી વાતો સાચી માની ગયા ? એક ધાર્મિક પત્નીના ચારિત્ર્ય પર તમને શંકા થઈ ? લગ્નજીવનની ઈમારતનો પાયો તો પ્રેમ અને વિશ્વાસ છે, પણ એ વિશ્વાસરૂપી પાયો જ હચમચી જાય તો આખી ઈમારત કેવી રીતે ટકી શકે? અને વિશાલ તમારા જીવનમાં પણ કંઈક એવું જ બની ગયું ને, વિશ્વાસ ગુમાવી દીધો અને સાથે-સાથે ભર્યું-ભર્યું ઘર પણ ઉજાડી નાંખ્યું ! અને વિશાલ એ વાતનો પસ્તાવો તમને થઈ ચૂક્યો હતો અને છેલ્લા થોડા સમયથી તમે એડના અને બાળકો પાસે પાછા જવાનો વિચાર જ કરતા હતા ત્યાં જ આજે... આ વરસાદ, આ ખ્રિસ્તીબંધુ અને આભારપત્ર....

એડનાને મૃત્યુ પામ્યાને બે મહિના થઈ ગયા અને તમને ખબર પણ ન પડી, વિશાલ ! એડના પાસે માફી માંગવા પણ ન જઈ શકાયું એનો ભારોભાર અફસોસ તમને થઈ રહ્યો હતો અને એ આંસુઓ રૂપે વહી રહ્યો.

અને એકાએક વિશાલ તમે આંસુઓ લૂંછી કંઈક નિશ્ચય કરી ઊભા થઈ ગયા. કદાચ બાળકો પાસે જઈ રહ્યા હશો !

પણ, વિશાલ તમે એડનાને છેલ્લે મળી ન શક્યા એનું દુઃખ તો તમને છે જ પણ......

ફરી એક વાર વિશાલ તમે એ આભારપત્ર ધ્યાનથી વાંચો, ઉપર લખ્યું છે. 'પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું' વિશાલ, પ્રભુ પાસે આવો અને પાપોની ક્ષમા માંગો પુનરુત્થાનની પ્રભાતે તમે એડનાને જરૂર મળી શકશો.

●●●

# મહાન આશા

*સત્યઘટના પર આધારિત*

*પ્રીતિ સેસીલ ઘડિયાળી, સુરત.*

હોસ્પિટલના બિછાના પર સૂતેલી શોભના અનિમેષ નયને રાજેશને નિહાળી રહી હતી. બંનેની આંખોમાં ઝળુંબી રહેલા આંસુઓની પાછળ ભૂતકાળના ખૂબ જ ઓછા, પરંતુ મોજથી માણેલાં દિવસો તરવરી રહ્યા હતા.

શોભના અને રાજેશે માતા-પિતા અને સગા-સંબંધીઓની મરજીથી એક વર્ષ અગાઉ જ પ્રેમલગ્ન કર્યા હતાં. કેટલો સુંદર દિવસ, કેટલી અમૂલ્ય ઘડી, બંનેના દિલ હીલોળાં લઈ રહ્યાં હતાં. પ્રેમના તાંતણે બંધાઈને જીવનભર સાથ નિભાવવાના વચનો લેતાં બંનેને રોમાંચ થતો હતો. સાથે-સાથે વિશ્વાસનો પાયો મજબૂત થઈ રહ્યો હતો.

લગ્ન પછીના દિવસો પણ આનંદ, ઉત્સાહમાં વિતી રહ્યા. એકબીજાની વધુ નિકટ આવી, વધુ સારી રીતે સમજી, અંગત મિત્રો બની જઈ, બંનેએ એકબીજા વચ્ચે સંવાદિતા સ્થાપી દીધી, જે લગ્નજીવનમાં કેવળ યોગ્ય જ નહિ પણ આવશ્યક પણ છે.

લગ્નની પ્રથમ વર્ષગાંઠ પણ બંનેએ ખૂબ આનંદથી ઊજવી પણ થોડા દિવસો પછી શોભનાની તબિયત અચાનક બગડી. તેને દવાખાને લઈ ગયા, પણ કોઈ ફેર પડયો નહીં. સારાં સારાં દવાખાનાઓનાં પગથિયાં ઘસી નાખ્યાં પણ શોભનાની તબિયતમાં લેશમાત્ર પણ ફરક જણાયો નહિ. તેનું શરીર ફિક્કું પડી ગયું, તેની આંખો ઊંડી ઊતરી ગઈ. રાજેશ

શોભનાની આવી દશા જોઈ શકતો નહોતો. તેણે દવા કરાવવામાં કોઈ કસર રાખી નહિ. બીજી બાજુ તે દોરાધાગા, મંત્રો, ભૂવાઓ, માનતાઓ બધું જ કરી ચૂક્યો હતો. આખરે કંઈ ન વળતાં તે પોતાના ભગવાનને દોષ દેવા લાગ્યો.

આખરે શોભનાને એક જાણીતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી. ત્યાં ડૉકટરોએ નિદાન કર્યું કે શોભનાને કેન્સર છે. આટલું સાંભળતાં જ રાજેશને આંખે અંધારા આવી ગયાં તેના શરીરમાંનું બધું જોમ જાણે હણાઈ ગયું હોય, એવો અહેસાસ થયો. આખરે તે હિંમત કરી, શોભનાની પથારી પાસે ગયો.

રાજેશનો રડમસ, ફિક્કો પડી ગયેલો ચહેરો જોતાં શોભનાએ રિપોર્ટ જાણવાની જીદ કરી. રાજેશની ખૂબ ના છતાં શોભના એકની બે ન થઈ. આખરે રાજેશે તેને કેન્સર થયું હોવાની જાણ કરી.

શોભના અવાક્ બની રાજેશની આંખોમાં જોઈ રહી ન રડી શકી, ન હસી શકી. રાજેશની આંખો ભીની થવા માંડી. અત્યાર સુધી દબાવી રાખેલો લાગણીનો બંધ તૂટી પડયો. તે ચોધાર આંસુએ રડવા લાગ્યો. શોભના પણ પોતાના પ્રિય પતિની આવી દશા જોઈ ન શકી. બંને એકમેકને વળગીને રડતાં રહ્યાં. એકબીજાને પોકળ આશ્વસન આપી રહ્યાં. હદયને કંઈક કળ વળતાં બંને સ્વસ્થ થયાં. આખરે વાસ્તવિકતાને સ્વીકારી લેવા સિવાય બીજો કોઈ ઉપાય નહોતો. બંને જાણી ચૂક્યા હતાં કે હવે તેઓનો સાથ ફકત પાંચ છ મહિનાનો જ છે તેથી તેઓ એકબીજાની વધુ નજદીક આવી ગયાં. વધારે ને વધારે સમય તેઓ સાથે ગાળવા લાગ્યાં. એક વિચિત્ર પ્રકારની મૂંઝવણ, ન સહેવાય, ન રહેવાય, જેનો કોઈ ઉકેલ નથી એવી દ્વિધામાંથી બંને પસાર થતાં હતાં. કયારેક એકદમ નિરાશામાં મેળવવાનો પ્રયત્ન કરતાં.

એક દિવસ પ્રભુના સેવક સિલવાન્સ વોર્ડમાં દાખલ થયા. તેઓ

હોસ્પિટલમાંના કેન્સરના દર્દીઓ માટે નિયમિત પ્રાર્થના કરતા અને મુલાકાત લેતા હતા. સિલવાન્સ અન્ય દર્દીઓને મળ્યા. પ્રાર્થના કરાવી તેઓ શોભનાની પથારીએ આવ્યા. શોભના વિશે બધી માહિતી મેળવી તેમની સાથે વાતો કરી શોભનાનું કૃશ અને ફિક્કું શરીર, નિસ્તેજ ઊંડી ઊતરી ગયેલી આંખો જોઈને તેમને દયા આવી. શોભનાના ચહેરા પરનો વિષાદ અને દુઃખ તેઓ જોઈ ન શક્યા.

સિલવાન્સ ભાઈએ કહ્યું, "શોભનાબહેન, હું જાણું છું કે તમે દુઃખી છો. તમારા મનની સ્થિતિ હું સમજી શકું છું. હજુ તમારા લગ્ન થયાને થોડો જ સમય થયો છે. કદાચ તમારા પતિ એકલા થઈ જશે, એ વિચારે તમે દુઃખી હશો. તમે જોયેલાં સ્વપ્નો તમે સાકાર ન કરી શક્યા, એ વિચારે દુઃખી હશો. તમે જોયેલાં સ્વપ્નો તમે સાકાર ન કરી શક્યા, એ વિચારે દુઃખી હશો. કદાચ મરણની બીકથી પણ તમે દુઃખી હશો. પણ તમે જુઓ, હું તમારી સામે બેઠો છું. હું એકદમ તંદુરસ્ત છું. મારા શરીરમાં કોઈ રોગ નથી, છતાં હું અહીંથી પાછો ફરી રહ્યો હોઉં અને મને અકસ્માત થાય, તો થોડી ક્ષણોમાં મારું મૃત્યુ થઈ જાય. મરણને કોઈ જાણી શક્યું નથી. મરણ પર કોઈ જીત મેળવી શક્યું નથી. દરેક મનુષ્યએ કોઈ ને કોઈ દિવસે તો મરવાનું જ છે તો પછી શા માટે દુઃખી થવું ? આપણે મરણને લીધે દુઃખી થવાનું નથી. પણ મરણ પછી આપણું શું થશે, એ વિચારવાનું છે. જો મરણ પછી નાશમાં ન જવું હોય તો મહાન પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરો, જેથી નાશ ન થાય પણ અનંતજીવન મળે.

સિલવાન્સભાઈએ શોભના અને રાજેશને સુવાર્તા આપી અન્યધર્મી પતિ-પત્નીમાં સિલવાન્સભાઈએ ખૂબ અંગત રસ લીધો. પ્રભુનાં વચનો દ્વારા તેમની સાથે વાતો કરી અને મરણનો ભય દૂર કર્યા. તેઓ બંને પ્રભુની નજદીક આવ્યાં અને તેમણે પ્રભુ પર વિશ્વાસ મૂક્યો.

શોભનાના ચહેરા પરનો વિષાદ ક્યાંય ઓગળી ગયો હતો. ફિક્કા ચહેરા પર પણ આનંદની લકીરો સ્પષ્ટ ઉપસી રહી હતી. આંખોમાં પ્રભુ પરનો વિશ્વાસ અને આશા ડોકાઈ રહ્યા હતા. એના ચહેરા પરનો આનંદ જોઈ રાજેશ પણ ખુશ થયો.

શોભના જિંદગીના અંતિમ દિવસો ગણી રહી હતી. ડૉક્ટરોએ તેને ઘેર લઈ જવાનું કહ્યું. સિલવાન્સભાઈએ શોભનાની પથારી પાસે પ્રાર્થના કરાવી. શોભનાની આંખોમાં એક મહાન આશા હતી.

થોડા દિવસો પછી સિલવાન્સભાઈને એક પત્ર મળ્યો. પોસ્ટકાર્ડમાં સૌથી ઉપર લાલ સહીથી લખ્યું હતું "પ્રભુમાં સદા આનંદ કરો."

નીચે લખ્યું હતું, "શોભના હવે આપણી વચ્ચે રહી નથી. તે પ્રભુમાં ઊંઘી ગઈ છે. પુનરુત્થાનની પ્રભાતે મળવાની મહાન આશા સાથે તે પ્રભુ પાસે સદાનો વિસામો લેવા પહોંચી ગઈ છે.

**લિ. રાજેશ**

સિલવાન્સ ભાઈએ પત્ર વાંચ્યો. પ્રભુ તરફ આંખો ઊંચી કરી, એમની આંખોમાંથી દર્દ અને હર્ષ મિશ્રિત આંસુઓ વહી રહ્યાં હતાં.

●●●

## જીવનની સફળતા

આજની ટપાલમાં આવેલા કાર્ડસ પર મમતા નજર ફેરવી રહી હતી. એમાંના એક કાર્ડ માટે એની કુતૂહલતા વધી, જે કાર્ડના કવર ઉપરના અક્ષરો તે ઓળખી શકી ન હતી. તે અક્ષરોને ઓળખવાનો વ્યર્થ પ્રયત્ન કરવા લાગી. આખરે તેણે કવર ફોડી નાંખ્યું. અંદર બે હંસોના ચિત્રવાળું સુંદર કાર્ડ હતું. જેના પર લખ્યું હતું 'એકબીજાને સમજવામાં જીવનની સફળતા છે.' કાર્ડની અંદરના લખાણના અક્ષરો અને લખનાર વ્યક્તિ વિશે પણ મમતા અજાણ હતી. આથી તે કાર્ડને આમતેમ ફેરવી-ફેરવીને જોવા લાગી. તેની નજર વારંવાર એકના એક વાક્ય 'એકબીજાને સમજવામાં'......... પર ફરવા લાગી, તે વિચારવા લાગી, આ કાર્ડ કોણે લખ્યું હશે ? શા માટે લખ્યું હશે ? તે કાર્ડમાં લખાયેલા વાક્યને પોતાના જીવનની સાથે સરખાવવા લાગી.

મમતા અને મયૂર નાનપણથી જ પડોશીઓ હતાં. સાથે જ રમ્યાં હતાં અને સમયના વહેણની સાથે બંનેએ યુવાનીમાં ડગ માંડયાં હતાં. નાનપણથી બંને વચ્ચે રહેલી દોસ્તી ધીમે ધીમે પ્રેમમાં પરિણમી અને બંનેએ લગ્ન કરવાનું નક્કી કર્યું. ઘરના વડીલોએ થોડી આનાકાની પછી સંમતિ આપી અને બંને લગ્નગ્રંથિથી જોડાયાં.

મમતા અને મયૂર નાનાં હતાં ત્યારે સાથે જ ઘર-ઘરની રમત રમતાં, પણ જયારે ખરેખરું ઘર માંડયું ત્યારે બંનેએ રોમાંચ અનુભવ્યો, લગ્નજીવનની શરૂઆતના દિવસો ખૂબ આનંદમાં પસાર થયા પણ રોમાંચ શમી જતાં બંને પક્ષે પ્રેમની ભરતીમાં ઓટ આવવા લાગી. તેઓએ જેટલા

ઉમંગ અને ઉલ્લાસથી લગ્નજીવનમાં ડગ માંડયા હતાં, તે ઉમંગ ધીમે ધીમે આસરવા માંડયો. બંનેને જીવનમાં શુષ્કતા લાગવા માંડી. આ માટે તેઓ બંને એકબીજાને દોષ દેવા લાગ્યા. તેઓની એકબીજા પ્રત્યેની લાગણી અંતરના કોઈક અજ્ઞાત ખૂણામાં ઘરબાઈ ગઈ. વાત-વાતમાં અને નાની-નાની બાબતોમાં તેઓ વચ્ચે ઝઘડા થવા લાગ્યા.

બાળપણમાં જ્યારે તેઓ ઘર-ઘર રમતાં ત્યારે રિસાતાં પણ ખરાં અને થોડીવારમાં મનામણાં પણ થતાં અને પાછું એ જ ખિલખિલાટ હાસ્ય! પણ આ વાસ્તવિક ઘરમાં રિસામણાં રહ્યા, પણ મનામણાંને સ્થાન મળ્યું નહીં! એકબીજાની નાની હરકતો પણ ચલાવી શકતાં નહીં. પતિ-પત્ની નાની-મોટી ભૂલો માટે એકબીજાને ક્ષમા કરે એ એમના લગ્નજીવન માટે કેટલું શ્રેયકર છે ! પણ, મમતા-મયૂર એકબીજાને ક્ષમા કરી શકતાં નહીં અને તેઓ વચ્ચેના અબોલા દિવસો સુધી રહેતાં. એક જ છત નીચે રહેવા છતાં મૌનની અભેદ્ય દિવાલ તેઓ વચ્ચે રહેતી !

લગ્નજીવનની શરૂઆતના પ્રથમવર્ષ દરમ્યાન સ્થપાતી સંવાદિતા કેટલી મહત્વની હોય છે ! પણ મમતા-મયૂર વચ્ચે તો લગ્નજીવનના પ્રથમવર્ષમાં જ વિસંવાદિતા સ્થપાઈ ગઈ હતી. કેટકેટલાં સ્વપ્નો સજાવીને આ ઘર માંડયું હતું; પણ સ્વપ્ન એ સ્વપ્ન જ રહ્યાં ! પ્રેમની ઉષ્મા ત્યાં રહી નહોતી અને લાગણીઓ કયાંય છૂપાઈ ગઈ હતી. યંત્રવત્ જિંદગી બંને જીવી રહ્યાં હતાં. તેઓ વચ્ચે સ્થપાયેલા મૌન દરમ્યાન તેઓ હંમેશા બાકીના જીવન વિશે વિચાર્યા કરતા કે બાકીની જિંદગી પણ શું આમ જ વહી જશે ?

કેટલીકવાર બંનેના મનમાં એકસરખો વિચાર આવતો કે એકછત નીચે આ રીતે જીવવા કરતાં અલગ-અલગ રહેવું વધુ સારું છે, પણ બંનેની એકબીજા પ્રત્યેની લાગણી જે કોઈક અજ્ઞાત ખૂણામાં ઘરબાઈ ગઈ હતી, તે તેમને એમ કરવા રોકતી હતી. પંખી ડાળ બદલે કે વૃક્ષ

બદલે પણ માળો તો તેને જોઈએ જ અને એ માળો કોઈ પંખી એકલું-અટૂલું રહીને બાંધી શકતું નથી. બે પંખીઓ સાથે મળીને જ આખો માળો તૈયાર કરી શકે છે ! મમતા-મયૂર સમજતાં હતાં પણ તેઓમાં રહેલો અહમ્ તેમને પહેલ કરવા માટે રોકતો હતો !

લગ્નજીવનનું પ્રથમવર્ષ જ આમ પાનખર ઋતુની માફક વહી રહ્યું. લગ્નજીવનની પ્રથમ નાતાલના જોયેલા સ્વપ્ન પણ એ દિવસે જ વરાળ બનીને ઊડી ગયાં ! નાતાલની સુંદર સવારે જ બંને વચ્ચેની નાની વાતે મોટું ઝઘડાનું સ્વરૂપ પકડયું. બંને વચ્ચે નફરતના બીજ રોપાયાં. બંને અલગ-અલગ રૂમમાં જઈને બનેલા બનાવને વાગોળતાં રહી વધુ ને વધુ ઉગ્ર બની રહ્યાં ....

...છેલ્લા ત્રણ દિવસથી બંને વચ્ચે મૌનની દિવાલ જડાયેલી હતી ત્યારે આજે એટલે કે ૨૮ મી ડિસેમ્બરે તેમના લગ્નજીવનની પ્રથમ વર્ષગાંઠે- કોઈક અજ્ઞાત મિત્રના આવેલા કાર્ડે મમતાને હચમચાવી મૂકી. તે વિચારી રહી, શું ખરેખર અમે એકબીજને સમજવામાં નિષ્ફળ ગયાં નથી ? કાર્ડના બે અબોલ પંખીઓ જાણે મમતાને કહી રહ્યાં કે અમે એકબીજાને સમજીને જીવનની સફળતા માણી છે ! મમતાને પોતાની ભૂલ સમજાઈ.

થોડીવારમાં મયૂર તેના રૂમમાંથી ઊઠીને બહાર આવ્યો. મમતાએ યંત્રવત્ મૌન જાળવીને આવેલા બધાં જ કાર્ડ મયૂરના હાથમાં આપ્યાં. મયૂર એક પછી એક કાર્ડ જોઈ રહ્યો. પણ બે હંસોવાળું કાર્ડ તે આમતેમ ફેરવી ફેરવીને જોવા લાગ્યો. તેને માટે પણ એ કાર્ડ લખનાર વ્યકિત અજાણી હતી. તેની દૃષ્ટિ પંખીઓ પર અને લખેલા વાકય પર સ્થિર થઈ. કેટલીય વાર સુધી તે કાર્ડને અનિમેષ નયને તાકી રહ્યો. તેની આંખોમાંથી બે અશ્રુબિંદુઓ કાર્ડ પર ટપકયાં.

મમતા મયૂરને જોઈ રહી હતી. તેની આંખોમાં પણ આંસું ઝળુંબી રહ્યાં હતાં. બંનેની દૃષ્ટિ મળી. બંનેને પોતાની ભૂલ સમજાઈ રહી હતી. બંને વચ્ચેનો અહમ્‌નો સેતુ તૂટી ગયો. બંનેએ સાથે પહેલ કરી અને એકબીજાનો હાથ પકડી લીધો. બંને વચ્ચેનું મૌન યથાવત્ રહ્યું પણ તેમની આંખો એકબીજાને સમજી રહી હતી ! એટલામાં જ પવનની એક લહેરખી બારીમાંથી ઘરમાં પ્રવેશી અને કેલેન્ડરનાં એ પાનાં પર લખાયેલાં વાક્ય ..... "સદા આનંદ કરો" ..... પર સ્થિર થઈ. શૈશવકાળનું એ જ ખિલખિલાટ હાસ્ય ફરી એકવાર ઘરમાં ગૂંજી ઊઠયું.

•••

# અનુરાગ

*કાન્તિ જે. કૉન્ટ્રેકટર, નડિયાદ.*

રાત્રે જમી પરવારીને જયરાજ તથા તેમની પત્ની શિલ્પા ટીવી ચાલુ કરી બેઠાં હતાં ત્યારે તેમનો દીકરો મેહુલ તેમની સામે આવી બેઠો; એટલે એની માતાએ કહ્યું;

"તુ મેઘા પાસે દવાખાનામાં થોડીવાર વધુ રોકાયો હોત તો સારું. તું જલદીથી ચાલી ગયો ત્યારે એની આંખોમાં ભારોભાર વેદના ઉભરી આવી હતી."

"પણ મમ્મી, મને એના પેટ પરનો દાઝેલો ભાગ જોઈને ચીતરી ચઢતી હતી." મેહુલે જરા રોતાં અવાજે જવાબ આપ્યો.

"ઉનાળાની રજાઓમાં એની સાથે તારાં લગ્ન લેવાનાં છે. બન્ને પરિવાર તરફથી તમને લીલીઝંડી મળી ગઈછે. વળી તું તો કહેતો હતો કે તું મેઘાને ખૂબ જ ચાહે છે, તો પછી !"

"પણ એના પેટ પર કાયમના માટે સાગરનાં મોજાં જેવો કરચલીઓવાળો મોટો ડાઘ રહી જવાનો અને એવી હાલતમાં ......" મેહુલ વાક્ય અધૂરું મૂકીને એની મમ્મી સામે તાકી રહ્યો.

જયરાજે ઊઠીને ટીવીનો અવાજ ઝીણો કરી દીધો.

"પેટ પરનો ડાઘ તો સાડીના પાલવથી ઢંકાઈ જવાનો. વળી ડ્રેસ પહેરવાથી તો તે દેખાવાનો જ નથી. જો આવું લગ્ન પછી બન્યું હોત તો ! અથવા તો તું કેમીકલ એન્જીનિયરછે અને ફેકટરીમાં તારા મુખ પર કોઈ

રસાયણ કે એસિડ પડયો હોત તો ! જયાં પ્રેમ હોય ત્યાં ખોડખાંપણ કશી વિસાતમાં નથી."

"આમ થયું હોત તો ! કે તેમ થયું હોત તો ! એ તો ભવિષ્યની વાત થઈ. હું તો વર્તમાનમાં રાચવાવાળો છું. આ બાબતમાં નવેસરથી કાંઈ વિચારી ન શકાય !"

શિલ્પાના મુખ પર અણગમો સ્પષ્ટ તરી આવતાં એ બોલી,

"તમે બેઉ સમાજમાં સાથે હર્યાફર્યા છો એટલે હવે સમાજ શું કહેશે ! જાતજાતની વાતો થતાં બિચારી મેઘાનું શું થશે !"

મેહુલ કાંઈ બોલ્યો નહિ એટલે વળી શિલ્પાએ કહ્યું;

"જો દીકરા ! તારા શરીરમાં તારા પિતાનું આદર્શ લોહી વહે છે, અને તારી માની કુખમાં તારું જતન થયું છે, એ લજવાય તેવું કોઈ અવિચારી પગલું ભરતો નહિ."

મેહુલે સહેજ અકળાતાં બોલી નાંખ્યું;

"તમારા લોકોના લોહીમાં અને કુખમાં એવી તે કઈ વિશિષ્ટતા છે કે ......."

"શટ અપ !" જયરાજ જે અત્યાર લગી શાંત બેસી રહ્યા હતા તે લગભગ તડૂકી જ ઊઠયા અને ઊંચા સ્વરે ઉમેર્યું;

"તારે અમારું લોહી અને કુખની મમતાનો નમૂનો જોવો છે ?"

"નહિ રાજ ......પ્લીઝ."

"રાજ ! આપણા આદર્શ નવા પ્રેમની વિશિષ્ટતા એના ગળે નહિ ઊતરે. તમે નાહકના અકળાશો નહિ." શિલ્પા આંખમાં આંસુ સાથે બોલી.

"એ પુખ્તવયનો છે વળી ખૂબ જ ભણેલો છે છતાં એ ભલે ના સમજે પણ આજે મોકો મળ્યો છે તો આપણી કથની પણ ભલે સાંભળી લે."

મેહુલ સ્તબ્ધ થઈ ગયો હતો.

"જો સાંભળ" જયરાજે વાત માંડી.

"તારી માને સ્તનકેન્સર હતું. લગ્ન પહેલાં હતું. અમે એકમેકને ખૂબ ચાહતાં હતાં એટલે અમારાં માતપિતાએ લગ્નની સંમતિ પણ આપી દીધી હતી. અમે આનંદમાં ગરકાવ હતાં. હું અઠવાડિયામાં બે ત્રણવાર એના ઘરે જતો. એકાદ માસ પછી હું ઓફિસના કામકાજ માટે દિલ્હી ગયેલો, ત્યાંથી આવી હું એના ઘરે ગયો તો ત્યાં તાળું હતું. તપાસ કરી પણ આ લોકો કયાં ગયાં છે તેની કશી ખબર પડી નહિ. લગભગ દોઢેક માસ એના ઘર તરફ આંટો મારતો એક સાંજે હું ગયો ત્યારે એનું ઘર ખુલ્લું હતું. એની માતાએ આવકાર આપતાં બૂમ પાડી;

"શિલ્પા દીકરી !જો જયરાજ આવ્યા છે !"

" હું શિલ્પાના બેડરૂમ તરફ જતો હતો ત્યાં તો એણે દરવાજો બંધ કરી દીધો. મેં ઘણી બૂમો પાડી પણ એણે બારણું ખોલ્યું જ નહિ એટલે એની માતાએ ભીના અવાજે કહ્યું;

"જયરાજ ! એ માનસિક રીતે સાવ ભાંગી પડી છે. ચિડિયલ તથા જીદ્દી પણ થઈ ગઈ  છે. મને લાગે છે કે એ અત્યારે બારણું નહિ જ ખોલે."

"હું ક્ષોભ અનુભવતો જતો રહ્યો. રાત્રે મને ઊંઘ આવી નહિ. જાતજાતની શંકાકુશંકાઓમાં જ આખી રાત વીતી ગઈ."

"બીજે દિવસે મોડી સાંજે હું એના ઘરે ગયો ત્યારે એ બધાં જમતાં હતાં. મને જોતાં જ શિલ્પા ઊઠી હાથ ધોવા વોશ બેસીન તરફ ગઈ પણ હું એના બેડરૂમના બારણા પાસે જઈ ઊભો."

એ મારા તરફ નજર નોંધ્યા વિના જ બોલી,

"મારા માર્ગમાંથી હઠી જાવ."

હું ખસ્યો નહિ એટલે એ અવાજ ઊંચો કરી બોલી,

"સંભળાતું નથી ! I say get lost."

"તમને મારા બેડરૂમ આગળ ઊભા રહેતાં શરમ નથી લાગતી !" એમ બોલી એ મને ધક્કો મારવા જતી હતી ત્યાં જ મેં એના ગાલ પર તમાચો ચોઢી દીધો."

"એ ધૂંધવાઈ તો ગઈ પણ બીજી જ ક્ષણે એ મને જોરથી બાઝી પડી અને ડૂસકાં ભરવાં લાગી. મેં એને એ  જ હાલતમાં દોરી પલંગ પર બેસાડી. કેટલીકવાર પછી એ ઊઠી મોં ધોઈ આવી મારી પાસે બેઠી. મેં એને પસવારતાં પૂછયું; "શું થયું છે? મને નહિ કહે !"

કેટલીકવાર પછી કંઠ સાફ કરી એ બોલી;

"તમે દિલ્હી ગયા તે જ દિવસે મને અચાનક  છાતીમાં જમણી બાજુ ખૂબ જ દુઃખાવો ઉપડયો. આમ તો પહેલાં પણ મને કયારેક દુઃખાવો થતો પણ હું ગણકારતી નહોતી. પણ આ વખતે દુઃખાવો વધુ પડતો હોવાથી અમે દવાખાને ગયાં. ડૉકટરે મને ઝીણવટથી તપાસી અને જાતજાતના રિપોર્ટ મંગાવ્યા. બીજે દિવસે અમે ફરી દવાખાને ગયાં ત્યારે મને બહાર બેસાડી ડૉકટરે મારી મા સાથે વાતો કરી. ઘેર જતાં મેં ઘણી જ પૂછપરછ કરી પણ એણે મગનું નામ મરી પાડયું નહિ. મારી માના ચહેરા પર ચિંતા અને વેદના છવાઈ ગઈ હતી. ત્રીજેં દિવસે અમે મુંબઈ જવા રવાના થયાં. મુંબઈ જવાનું કારણ પણ મને જણાવ્યું નહિ. અમારી ટેકસી કેન્સર હોસ્પિટલમાં દાખલ થઈ ત્યારે જ મને આછો ખ્યાલ આવી ગયો. ડૉકટરે અમને કેન્સર હોસ્પિટલના ડૉકટર પર પત્ર લખી આપ્યો હતો એટલે અમને ખાસ વિલંબ વિના એપોઈન્ટમેન્ટ મળી. ડૉકટરે તપાસીને તથા બધા જ રિપોર્ટ જોઈ કહ્યું :

"બ્રેસ્ટ કેન્સર છે અને એવા સ્ટેજ ઉપર છે કે ઓપરેશન સિવાય કોઈ આરો નથી."

મારા પિતાએ ઓપરેશનના પ્રકાર વિશે પૂછતાં ડૉકટર બોલ્યા;

"આખી બ્રેસ્ટ સંપૂર્ણપણે કાઢી નાખવી પડશે."

હું આમ તો સાવ શૂન્યમનસ્ક થઈ ગઈ હતી છતાં મેં પૂછી નાંખ્યું;

"ઓપરેશન ન કરાવું તો શું થવાનું હતું !

"ઈશ્વરે આપેલા જીવનને જાણીબુઝીને વેડફી નાંખવાની જરૂર ખરી ?" ડૉકટરે મોઘમમાં જવાબ આપ્યો.

"પણ ડૉકટર! સ્ત્રીના મહામૂલા આભૂષણ સમા અંગ વિના મારાથી કેમ કરી જીરવાશે !"

"જો બહેન, અંગ કરતાં જીવન વધારે મૂલ્યવાનછે. વળી પેડવાળી બ્રા પહેરવાથી તારો બાહ્ય દેખાવમાં ખાસ કશો ફેર પડશે નહિ. પ્લાસ્ટીક સર્જરી પણ થઈ શકે છે."

"અને મારું ઓપરેશન થઈ ગયું. શિલ્પાએ એક લાંબુ ડૂસકું ભર્યું અને ઉમેર્યું.

"મેં નિર્ણય કરી લીધો કે હવે મારે પરણવું નથી અને એટલે મેં પ્લાસ્ટીક સર્જરી પણ કરાવી નહિ. જયરાજ! તમે કોઈ સારું પાત્ર શોધી લો. મને મારા હાલ પર છોડી દો. તમે મારા જેમાં મારી દેહલતાનું ભારોભાર અતિશયોકિતભર્યા વખાણ કરતા હતા એ મારો દેહ ખંડીત થઈ ગયો છે. હું તમારા લાયક રહી નથી. કીંમતી સંગેમરમરના પથ્થરમાંથી શિલ્પકાર માનુનીનું શિલ્પ કંડારતો હોય અને અચાનકછીણી હથોડીથી શિલ્પનું કોઈ અંગ વિકૃત કે ખંડીત થઈ જતાં શિલ્પકાર એ આખા ખંડીત ભાગને બાજુ પર ફેંકી દે તેમ મને કરો. આપણા

લગ્નજીવનમાં મને મારી લઘુતાગ્રંથિ હંમેશા કોરી રહેશે. જીવનભરનો અંજપો, ઉચાટ મનને જરાય શાંતિથી જંપવા નહિ દે. હું તમારી સામે કદીયે આંખ નહિ મીલાવી શકું. મને માફ કરી દો." શિલ્પાએ મારા ખોળામાં પડતું મૂકી રડયા કર્યું. કેટલીક વાર પછી મેં એને શાંત કરી કહ્યું; "જો એક વાત સમજી લે. મેં માત્ર શિલ્પાને પ્રેમ કર્યો છે. આપણા લગ્ન ઉનાળામાં થશે જ. ખોડખાંપણ, ખામીઓ તથા ખૂબીઓ બધું જ મારું છે. આપણે હવે બે મટી એક દેહ થઈશું અને અમારાં લગ્ન થઈ ગયાં. બે વર્ષ બાદ તારો જન્મ થયો. ડૉકટરે અમને સાફ મના કરી હતી કે તમારે કયારેય માતાપિતા થવાની કોશિશ કરતા નહિ. એમ કરવાથી કેન્સર ફરીથી થવાની શક્યતા વધી જાયછે. છતાં મારી જાણ બહાર તારી માતાએ જોખમ ઉઠાવી ગર્ભધારણ કર્યો. લાખ મના છતાં એ અવિચાર રહી અને મને તારી ભેટ આપી અને બોલી;

"આ મારો નાનો જયરાજ તમારાથીય સવાયો નીકળશે."

ટીવી પ્રોગ્રામ કયારનાય સમાપ્ત થઈ ગયા હતા. જયરાજે ઊઠી ટીવી બંધ કર્યું એટલે શિલ્પાએ કહ્યું, 'મેહુલ! તારા પિતાએ આ ઘા હસતે મુખે લઈ પ્રેમનું પ્રમાણ આપ્યું જ્યારે તું એક માત્ર ડરી ગયો! અને પછી ઉમેર્યું,

'દીકરા ! પ્રીતિ સહનશીલ તથા પરોપકારી, અયોગ્ય રીતે વર્તતી નથી; પોતાનું જ હિત જોતી નથી. પ્રેમમાં ભય નથી પણ પૂરો પ્રેમ ભયને દૂર કરેછે. નારી બુધ્ધિને કસાવાનું રહેવા દે. તારા મનને ઢંઢોળ અને એને બોલવા દે. જા દીકરા સૂઈ જા. દેવની શાંતિ જે સર્વ સમજશકિતની બહાર છે તે ખ્રિસ્ત ઈસુમાં તારા હૃદયની તથા મનની સંભાળ રાખશે."

બીજે દિવસે રવિવારે શિલ્પા રસોઈ બનાવતી હતી ત્યારે મેહુલ રસોડામાં આવ્યો એટલે એની માએ કહ્યું,

"દીકરા ! ચર્ચ પછી કયાં જતો રહ્યો હતો ? અમે તો ચર્ચ પછી

દવાખાને મેઘા પાસે ખાસ્સો સમય બેઠાં હતાં પણ તું દેખાયો જ નહિ! મેઘાની આંખો રૂમના બારણે જ ચોંટી રહી હતી. બિચારીના હૃદય પર શું વીત્યું હશે !"

મેહુલ બોલ્યા વિના બીજા રૂમમાં જઈ મહેકતા ફૂલોનો ગુચ્છ લઈ આવ્યો એટલે એની માતાએ ઉત્સુકતાથી પૂછ્યું;

"મેઘા માટે!"

"નહિ" એમ ભારપૂર્વક બોલી મેહુલે શિલ્પાને ખભેથી ખેંચી એના ગાલ પર પોતાનો ગાલ ચાંપ્યો અને બોલ્યો;

"મેઘા માટે નહિ, તારી વહુ માટે."

મેહુલ ચોર પગલે દવાખાનામાં મેઘાના રૂમમાં ગયો ત્યારે એ આંખો મીંચી પડી રહી હતી. મેહુલે ફૂલોનો ગુચ્છ એના મુખ પર ફેરવ્યો. મેઘાએ આંખો ખોલી એટલે એણે ફૂલો એની ગોદમાં મૂકી દીધાં. કેટલીક ક્ષણો સુધી કોઈ બોલ્યું નહિ. મેઘાએ મેહુલના હાથ પર હાથ ફેરવતાં પૂછ્યું;

"કેમ કાંઈ બોલતા નથી ! તમે નારાજ થશો તો હું તારાજ થઈ જઈશ."

"હું કાંઈ નારાજ કરવા કે તારાજ થવા આવ્યો નથી. હું તો મારી માનો એક સંદેશો આપવા આવ્યો છું. મારી માએ કહેવરાવ્યું છે કે મેઘાને કહેજે કે, નહિ મેઘાને નહિ. મારી વહુરાણીને કહેજે કે જલદીથી સાજીમાજી થઈ જાય. મારાથી હવે ઘરકામના ઢસરડા થતા નથી."

અને પોતાના ગાલ પર ફૂટેલી લાલ લાલ ટશરો ઢાંકવા મેઘાએ ફૂલોમાં મુખ છુપાવી લીધું.

•••

# ક્યાં સુધી ? ..... ? ..... ? .....

*શ્રીમતી મીનલ જયકાન્ત મિસ્ત્રી, નડિયાદ*

ઘડીભર અવની એ દ્રશ્ય નિહાળી રહી. નાનકડું બે વર્ષનું બાળક એની માતાના ગાલે ચુંબન કરી રહ્યુ હતું અને માતાના મુખ પર દુનિયાની શ્રેષ્ઠ વસ્તુ પ્રાપ્ત કર્યાનો આનંદ સ્પષ્ટપણે દેખાતો હતો.

"આકાશ આજે સ્વપ્નિલ મારી પાસે હોત !" અવનીના દિલમાંથી નિઃસાસો નીકળી ગયો. અવની અને આકાશના પ્રેમનું એક માત્ર પ્રતિક એટલે નાનકડો ખેલ. નાનકડો સોહામણો સ્વપ્નિલ પરાણે સોહિલો લાગે એવો સુંદર દેખાતો હતો. એને સ્વપ્નિલને મળવાની, ઊંચકી લઈને ચુંબનોની યાદમાં ભીંજાવી દેવાની તીવ્ર ઈચ્છા થઈ આવી. ..... આજે સ્વપ્નિલ ક્યાં હતો ? સ્વપ્નિલ તો નાનકડી, નિર્દોષ નીલી આંખોમાં માતાને માતાની ગોદમાં સૂવાનાં સ્વપ્નાં નિહાળ પ્રભુપિતાની ગોદમાં પ્રેમ પામવાને હંમેશને માટે ગયો હતો.

સ્વપ્નિ....લ.......સ્વપ્નિ....લ..... જેમ આવેશમાં આવી તે બૂમો પાડી ઊઠી. શું થયું બહેનજી ?" ઘરમાં કામ કરતી મરાઠી છોકરીએ આવીને પૂછ્યું.

"કશું નહિ. તું તારે તારું કામ કર." કહેતી ઊભી થઈ અને કબાટ ખોલવા માટે ચાવી શોધવા લાગી પણ, ચાવી ક્યાં ?

"લલી, અહીં આવ તો, જલદી આવજે જરા." એ કામવાળી છોકરીને બૂમ પાડી.

"બોલો બહેનજી, શું થયું?" ભીના હાથ કપડાં પર લૂછતી લલી આવી.

"લલી, આ કબાટની ચાવી ક્યાં ગઈ ?"

"એની મને ખબર નથી બહેનજી." લલીએ જવાબ આપ્યો.

"શું ખબર નથી ? તારાથી એટલું ધ્યાન પણ નથી અપાતું ?" ગુસ્સાભર્યા સ્વરે તે બોલી ઊઠી.

"પ...ણ.... બહેનજી, હમણાં તો ચાવી તમારા હાથમાં હતી." લલીએ ગભરાતા ગભરાતા કહ્યું.

"ઓહ ! યાદ આવ્યું." કહેતી તે ઊભી થઈ અને તકિયા નીચે મૂકેલી ચાવી લઈને કબાટ ખોલવા લાગી. કબાટમાં ચાવી ભરાવતાં તેને લલી પર ખોટી શંકા કરવા બદલ મનોમન ખૂબ જ પસ્તાવો થયો. આજ તો તેનો સૌથી મોટો અવગુણ હતો. આ શંકા અને ક્રોધિત સ્વભાવને કારણે તેણે બે કુટુંબને છિન્નભિન્ન કરી નાખ્યાં હતાં.

આકાશ સાથેના તેનાં લગ્ન 'પ્રેમલગ્ન' હતાં. આકાશ એક સીધો સાદો 'ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયર' યુવક હતો અને અવની પણ ક્યાં તેનાથી ઊણી ઊતરે એવી હતી ! અવની 'ચાર્ટડ એકાઉન્ટન્ટ' હતી. તેના અને આકાશના સંબંધો વચ્ચેની તિરાડનું કારણ તેનો શંકાશીલ સ્વભાવ હતો.

અવનીને એ દિવસ યાદ આવી ગયો, જે દિવસથી તેની અને આકાશ વચ્ચેના સંબંધોમાં પ્રેમની ઉણપ વર્તાવાની શરૂ થઈ હતી.

"આકાશ ! આ શું છે ? બ્રાઉનસુગર છે કે શું ?" અવનીએ આકાશની બ્રીફકેસમાંથી એક નાની પડીકી કાઢતાં મજાકભર્યા સ્વરે પૂછયું.

"તારું અનુમાન સાચું છે. એ બ્રાઉનસુગર જ છે." આકાશે વર્તમાનપત્ર મોં આગળથી ખસેડતાં કહ્યું હતું.

"આકાશ ! મને તમારી પાસેથી આવી અપેક્ષા ન હતી. તમને મેં આવા ધાર્યા ન હતા." અવની લગભગ બરાડી જ ઊઠી."

"અવની, તું પહેલા મારી વાત તો સાંભળ. આ પડીકું મારી પાસે ક્યાંથી અને કેવી રીતે આવ્યું ?તે જાણવા જેટલી ધીરજ તો રાખ."

"મારે કશું જ સાંભળવું નથી. હવે મને ખબર પડી કે છેલ્લા કેટલાક દિવસોથી તમારી આંખો લાલ શા માટે રહે છે. મને શું ખબર કે મારો પતિ આવો ......" કહેતાં કહેતાં તે રડવા લાગી.

"અવની ! હું કોઈ પણ જાતની નશીલી દવાઓનું સેવન કરતો નથી. રાત્રે મોડે સુધી ઓફિસની ફાઈલો જોવાને કારણે મારી આંખો લાલ રહે છે. આ પડીકું તો મેં મારા ભાઈબંધને બ્રાઉનસુગર લેતો અટકાવ્યો તેનું છે."

"બસ હવે બંધ કરો બહાનાબાજી. મારે કશું જ સાંભળવું નથી. હું હમણાં જ આ ઘર છોડીને મારા ઘરે ચાલી જાઉં છું." અવનીએ કહ્યું.

"હવે તો આજ તારું ઘર કહેવાય. જે દિવસથી તું મારી સાથે લગ્ન કરીને આ ઘરમાં આવી તે જ દિવસથી આ ઘર તારું બની ગયું છે."

"કપાળ, મારું ઘર ? ધૂળમાં ગયું ઘર અને વર બેય."

"આ તું શું બોલી રહી છે એનું તને જરાય ભાન છે ખરું ?"

"હા...હા... સંપૂર્ણ ભાનમાં બોલી રહી છું. એક તો આ તમારી મા અને બહેન ઓછો જીવ ખાતા હતા તે તમે પણ શરૂ થઈ ગયા ?"

"મારી મા સાથે તારે કોઈ જ સગપણ નથી ?" આકાશે અવનીને કહ્યું.

"ના..... સગપણ તો ખરું જ ને. તે પણ સાસુ-વહુનો 'પ્રેમભર્યો' સંબંધનું સગપણ" 'પ્રેમભર્યો' શબ્દ તે કટાક્ષમાં બોલી.

જીદે ભરાયેલી અવની આગળ કશું ન બોલવામાં શાણપણ માની આકાશે પાછું વર્તમાનપત્રમાં મોં નાખી દીધું. પણ, સમાચાર વાંચવામાં ચિત્ત ચોંટે તો તે સમાચાર વાંચે ને ? ત્રણ વર્ષ પહેલાની અવનીને તે યાદ

કરી રહ્યો. યાદ શું કરી રહ્યો પણ યાદ કરવા નથી રહ્યો. ક્યાં નિર્દોષ, નમણો ચહેરો ધરાવતી ત્રણ વર્ષ પહેલાંની અવની અને અત્યારની ઉગ્ર સ્વભાવ ધરાવતી અવની ! લગ્નના એક જ વર્ષ બાદ અવનીએ પોતાનું ઉગ્ર, કઠોર સ્વરૂપ બતાવવાની શરૂઆત કરી દીધી હતી. નાની નાની વાતમાં કચકચ કરવી, નણંદ અને સાસુ પર નકામી શંકાઓ કરવી, પતિ આગળ તેમની વિરુધ્ધ કાનભંભેરણી કરવી એ તેનો નિત્યક્રમ થઈ ગયો હતો.

આકાશ મનોમન વિચારતો. શું પ્રેમલગ્ન હંમેશા નિષ્ફળ જતાં હશે ? તેણે ભાગી જઈને તે લગ્ન કર્યા ન હતા પરંતુ, માતા-પિતાની સંમતિ લઈને પ્રભુમંદિરમાં ઈશ્વરની સાક્ષીએ, વડીલોની અને સ્નેહી-મિત્રોની હાજરીમાં લગ્નગ્રંથિથી તે અને અવની જોડાયાં હતાં.

આકાશે અવનીને સમજાવવાના પ્રયત્ન નિરાશ થઈને મૂકી દીધા હતાં. અવની તેના મનનું ધાર્યું કરતી રહી હતી અને એક દિવસે દોઢ વર્ષના સ્વપ્નિલને છોડીને, પતિનું ઘર તજીને માતા-પિતાના ઘરે ચાલી ગઈ હતી.

કબાટ ખોલીને આલ્બમમાંના ફોટા જોઈ રહેલી અવનીની વિચારધારામાં ભંગ પડયો.

"બહેનજી, આજે કઈ તારીખછે ?" કામવાળી છોકરીએ પૂછયું.

"આજે.... પાંચમી જૂન થઈ છે." આટલું કહેતાં જ અવનીના મનમાં પાંચ વર્ષ પહેલાંના જૂન મહિનાની પાંચમી તારીખનો એ દિવસ સાંભરી આવ્યો.

બરાબર પાંચ વર્ષ પહેલાંના જૂનની પાંચમી તારીખે તે અને આકાશ લગ્નગ્રંથિથી જોડાયાં હતાં. ઈશ્વરની સાક્ષીએ એકબીજાનો સાથ નિભાવવાનો તેમ જ પરસ્પર વફાદાર, વિશ્વાસુ રહેવાના વચનો આપ્યાં હતાં. લગ્ન પહેલાંની આકાશ સાથેની મુલાકાતોનું તેને સ્મરણ થઈ આવ્યું.

મંડળીની વિવિધ પ્રવૃતિઓમાં, યુવક મંડળની સભાઓમાં તેની આકાશ સાથે મુલાકાત થઈ હતી. મુલાકાત પ્રેમમાં પરિણમી હતી અને પ્રેમને તેમણે લગ્નનું સ્વરૂપ આપ્યું હતું. કાંકરિયાની પાળે અવની અને આકાશ નિયમિત મળતાં રહેતાં. આકાશ હંમેશા કહેતો, "અવની, મારા માનવા અને જોયા મુજબ 'પ્રેમલગ્નો' હંમેશા મોટે ભાગે નિષ્ફળ જતાં છે. શું આપણા માટે પણ..."

'આકાશ, બીજાની અને આપણી વાત અલગ છે. આપણે સંસ્કારી, ધાર્મિક ખ્રિસ્તી કુટુંબમાંથી આવીએ છીએ વળી આપણે બંને સુશિક્ષિત અને ધાર્મિક છીએ. તેથી આપણા લગગ્નનજીવનમાં તિરાડ પડવાનો કોઈ અવકાશ જ ન રહે. આકાશને બોલતો અટકાવતાં તરત જ અવની બોલી ઊઠતી.

અવનીને ગઈકાલે પ્રભુમંદિરમાં પાળક સાહેબે જે કલમ પર સંદેશો આપ્યો હતો તે કલમ આવી ગઈ.

'સદ્‌ગુણી સ્ત્રી કોને મળે ?'

કેમ કે તેનું મૂલ્ય તો રત્નો કરતા ઘણું જ અલગ છે. તેના પતિનું અંતઃકરણ તેના પર ભરોસો રાખે છે."

નીતિવચનો ૩૧:૧૦-૧૧

શું તે પણ સદ્‌ગુણી સ્ત્રી ના બની શકે ? આકાશનો તેના પ્રત્યેનો વિશ્વાસ અને પ્રેમ ફરીથી મજબૂત ના બનાવી શકે ? સ્નેહલને તો ખોયો પણ હવે આકાશને ખોવા માંગતી ન હતી. પરમેશ્વર પિતાની આગળ અવનીએ ઘૂંટણ ટેકવી અને મસ્તક નમાવી અશ્રુભીની આંખે પ્રાર્થી રહી. પસ્તાવિક હૃદયે ખરા દિલથી ઈશ્વર સમક્ષ માફી માંગ્યા બાદ તરત જ તેણે ફોનનું ડાયલ ઘુમાવીને આકાશને ફોન કર્યો અને તરત જ ઘર છોડીને ચાલી નીકળી. આકાશના સાનિધ્યમાં, આકાશની સમીપે. દીવાલ પર ટીંગાડેલી સ્વપ્નિલની તસ્વીર જાણે મંદમંદ મલકી ઊઠી.

# માનવતાની મહેંક

*પીટર એ. બ્રિગેન્ઝા, વડોદરા*

પ્રાર્થના ઉપાસકનો નિત્યક્રમ છે.

નાની ઉંમરમાં મબલખ ધનસંપત્તિના સ્વામી બની જનાર ઉપાસકને લોકો આજે 'ઉપાસક શેઠ' તરીકે ઓળખેછે. પણ ઉપાસકને નામ પાછળનો એ 'શેઠ' શબ્દ ગમતો નહીં. એવા ઉપાસકના માટે પ્રભુપિતાની ઉપાસના જીવનનું એક ધ્યેય બની ગઈછે. રોજ સવાર સાંજ જૂના અને નવા કરારનો આખો એક અધ્યાય વાંચી ક્યાંય સુધી પ્રભુપિતાને પ્રાર્થના કરતા રહેતા ઉપાસકને પોતાના આ ધોમધોકાર ઉન્મેષ પામેલા વેપારમાં પ્રભુભક્તિ જ દેખાયછે. એ પણ કહેછે, " બાઈબલ વાચન અને પ્રાર્થના મારો શ્વાસ છે. જે દિવસે તે બંધ થઈ જશે મારો શ્વાસ પણ બંધ થઈ જશે."

એ જ ઉપાસકનું મન પ્રાર્થના કરવામાં આજે લાગ્યું નહીં. હજી તો સભાશિક્ષકનો બારમો અધ્યાય વાંચી, નવા કરાર તરફ જવા યાકૂબનો ત્રીજો અધ્યાય ખોલ્યો જ હતો ત્યાં જ કાનની ખૂબ નજીકથી આવી રહેલા અવાજ પર એમણે બાઈબલ બંધ કરી દેવું પડયું. ઊભા થઈ ઈલસ્ટીક શટર હડસેલી એમણે જોયું તો માથે ફેંટો બાંધેલ એક માણસ એમના નોકર સાથે ઉશ્કેરાટના આવેગમાં એલફેલ શબ્દો બોલી ઝઘડતો હતો.

'કેમ આ બધું શુંછે મેઘા ?' એમણે લાગલો જ નોકરે મેઘાને સવાલ કર્યો.

"શેઠ સાહેબ આ માણસ પઠાણની નજર ચૂકવી બંગલામાં ઘૂસી

ગયો હતો. હું અહીંયા જો બેઠો ન હોત તો પરબારો જ આપના ઓરડામાં ઘૂસી જાત પણ મને જોયો એટલે પાસે આવીને કહેવા લાગ્યો : 'મારે શેઠને મળવું છે.' મેં એને એના અવિનયે રોકયો તો એ બરજબરીથી દાખલ થવા માંડયો. મેં એને ફરીવાર અટકાવ્યો એટલે એ તો માંડયો ઝઘડવા !' પ્રભુભક્તિમાં ભંગ પડયો તેથી શેઠ પોતાના પર ગુસ્સે તો નહીં થાય એ એવી દહેશત મેઘાના અવાજમાં વ્યકત થતી હતી.

'સારુ મેઘા, તું જા,' મેઘા પર જરાયે ગુસ્સે થયા વગર ઉપાસકે કહ્યું. પછી ઝઘડાખોર આગંતુક પ્રતિ નજર કરી આછું સ્મિત ઉપસાવી બોલ્યા : 'કેમ ભાઈ, તારે મારું કશું કામ છે ? અંદર આવ ! બેસ !' અંદર આવી એમણે આગંતુકને સોફા પર બેસવા અંગુલીનિર્દેશ કર્યો.

'શેઠ સાહેબ, મારું નામ વીરૂ છે. હું આપની મિલનો મજદૂર છું. શાળખાતામાં નોકરી કરું છું. પરંતુ મને અન્યાય થયો છે. ' વીરૂ મોટેથી બોલ્યો.

'શો અન્યાય થયો છે વીરૂ, તને ? ઉપાસકે વિનમ્રપણે પૂછયું,

'હુ ત્રણ દિ' રજા ઉપર ગયો હતો. તોય મારો પાંચ દિ'નો પગાર કાપી લેવામાં આવ્યો છે : શેઠસા'બ !મેં કેશિયર સા'બને ખૂબ કહ્યુ. પણ તેઓ માન્યા નહીં ને કહ્યું, તારી પાંચ દિ'ની રજા થાય છે !'

'આ બાબતે તારે સુપરવાઈઝરને મળવું હતું ને ?'

'સુપરવાઈઝરને જ નહીં સા'બ, હું મેનેજર સા'બને પણ મળ્યો હતો. પણ કોઈએ મારી વાત સાંભળી નહીં. કહી એ બોલ્યો : 'મને સંપૂર્ણ ખાતરી છે કે કેશિયરે આમ જાણીજોઈને કર્યું છે અને પેલો સુપરવાઈઝર તો એક નંબરનો બદમાશ છે, સા'બ !'

'વીરૂ, તને બોલવાની તમીજ છે ?' પોતાનો એક અદનો મિલ મજૂર પોતાના સુપરવાઈઝર અને કેશિયર બાબતે આટલા ઘૃણિત શબ્દોમાં

બોલશે તેની ઉપાસકને કલ્પના નહોતી. ગુસ્સો આવી ગયો હોવા છતાં ગુસ્સાને એમણે અંકુશમાં લઈ લીધો : 'વીરૂ, તારી સાથે હું પ્રેમથી વાત કરું છું - શાંતિથી વાત કરું છું. જ્યારે તું તો અહીં શત્રુ બનીને આવ્યો લાગે છે. આમ કેમ ચાલે, ભાઈ !'

'શેઠ સા'બ તમારા એ બંને પાપીડાની પાપલીલાની તમને ખબર છે, એટલે તમે શાંતિથી અને પ્રેમથી જ વાત કરો ને !' 'વીરૂ પોતાનું પોત પ્રકાશવા લાગ્યો : 'બાકી મને તો એય ખબરછે, મિલની ઓફિસના બધા જ માણસો લુચ્ચા છે ! અમ ગરીબોની કોઈને પડી જ નથી. આવી રીતે પૈસો ખાતાં જ બધાને આવડે છે. શેઠ સા'બ બધા તમારી ભોળાઈનો ગેરલાભ ઊંચકી રહ્યા છે, તો હવે જાગો. નહીં તો એ મૂઆઓ તમને બાવા બનાવી દેશે.'

'મારે તારી કોઈ જ વાત સાંભળવી નથી !' પોતાના ખ્રિસ્તી સંસ્કારો અને ખ્રિસ્તીધર્મ ગુસ્સે થવાની એમને ના પાડતા હોવાછતાં વીરૂના શબ્દે એમના મુખ પર ગુસ્સાની આછી ઝાંય ઉપસી આવી. ' હવે તું જઈ શકે છે, અને ફરી પાછો કયારેય પણ આવીશ નહીં.'

'શેઠ સા'બ, મુજ ગરીબની આંતરડી કકળાવી તમે સુખી નહીં થાઓ, હોં ! ગરીબોના લોહીનો પૈસો તમારું ધનોતપનોત કાઢી નાખશે !' વીરૂ ગુસ્સામાં પગ ઉછાળીને બોલવા લાગ્યો. 'ગરીબોની દાદ સાંભળતા નથી, એ તમે સારું નથી કરતા હોં ! હું તમને જોઈ લઈશ !'

'તું મને શું જોવાનો હતો ? વીરૂના છેલ્લા એ શબ્દોએ એમને વીરૂ પર ખરેખર ગુસ્સો આવી ગયો. આ માણસ એમની ભલમનસાઈનો ગેરલાભ ઉઠાવી રહ્યોછે એવું એમને લાગ્યું. એટલે એને સબક શિખવવા જ એ બોલ્યા : લે તારી દાદનો જવાબ આજથી નોકરીમાંથી તને બરતરફ કરવામાં આવે છે. તારો જે હિસાબ થતો હશે સાથે કાર્ડ લાવી કરી લઈ જજે.'

'હું વીરૂ છું વીરૂ - વીરૂ રાજપૂત !' વીરૂના મુખમાં વિનયનો જરાયે છાંટો રહ્યો નહિ. 'હું તમારી ધજજાઓ ઉડાવી દઈશ. મને નોકરીમાંથી ટિનપાટ આપતા પહેલાં હજારવાર વિચારી લેજો.'

'નહીં તો તું મને શું કરીશ ?'

'હું તમને જિંદગીમાંથી જ ટિનપાટ આપી દઈશ, જેથી કોઈને ટિનપાટ આપવાની પછી જરૂર જ નહીં ઊભી થાય !'

'તારી આ હિંમત !' કહી ઉપાસક એકદમ બરાડી ઊઠયા : 'હું તારી સામે જ ઊભો છું. હું પણ તો જોઉં મારી જિંદગી તું કેવી રીતે છીનવી લે છે ?'

'કેવી રીતે તે આવી રીતે ......' કહી વીરૂ એમને ખરેખર જ મારી નાખવા માગતો હોય તેમ એના હાથ એમના ગળા પ્રતિ લાંબા થઈ ગયા.

'તું અજાતશત્રુ શેઠ સાહેબને મારી નાખવા નીકળ્યો છે નહીં ? લે લેતો જા.' વીરૂના લંબાઈ ગયેલા હાથ ઉપાસકના ગળા પર ફાંસીનો ફંદો બની જાય પૂર્વે જ આવી ગયેલ પઠાણે વીરૂ પર લાગલી જ તરાપ મારી : 'તારા તો હાથ જ નહીં, ટાંટિયા પણ તોડી નાખવા જોઈએ !' એણે વીરૂને ઊંચકીને પછાડયો. બાદ ખાસો ગૂંદી નાખ્યો. ઉપાસકે પઠાણને વાર્યો ન હોત તો પઠાણ એના હાથ ટાંટિયા તોડી નાખત !'

'શેઠ સા'બ, તેં મને તારા પઠાણ પાસે માર મરાવ્યો છે. આનો બદલો તને બહુ જલદી મળી જશે !' આંગણાની ધરતીની ધૂળમાં રગદોળાઈ ગયેલી કાયામાં ઓર ખૂન્નસ ઉમેરાયું. તેણે દૂર જઈ પડેલ ફેંટો ઊંચકી લીધો. આ ફેંટાની કસમ. હું તારો પ્રાણ નહીં લઉં ધારણ નહીં કરીશ ! પછી પઠાણ તરફ જોઈ એ જ સ્વરે બોલ્યો : 'રાજપૂત બચ્ચા પર હાથ ઉપાડીને તેં સારું નથી કર્યું. તમને એક એકને ખતમ ન કરી નાખ્યા

તો કયે રાજપૂતનું ખૂન નહોતું ! બોલી વીરૂ પગ પછાડતો ત્યાંથી ઝડપભેર નીકળી ગયો.

'શેઠસાહેબ, એ વીરૂ રાજપૂતને હું સારી રીતે ઓળખું છું. મ્લાન મુખે વીરૂને જતો જોઈ રહેલા ઉપાસકની પાસે આવી પઠાણ બોલ્યો : 'એ રાજપૂત છે તો હું પઠાણ છું. પણ મને મારો સવાલ નથી તમારી ચિંતા છે. એ વીરૂથી તમારે હવે જરા સાવધાન થઈને ચાલવું પડશે. મોટા ભાગે શરાબખાનામાં જ જોવા મળતો વીરૂ અત્રે શરાબ પીને જ આવેલો હતો. એટલે મારી તમને નમ્ર અરજ છે માલિક, કે રાતવરતના કે અસુરસવારે તમારે મને તમારી સાથે જ રાખવો પડશે....'

'મને કંઈ જ નહીં થાય પઠાણ. જા તારું કામ કર !' બોલી તેઓ પોતાના ખંડમાં ચાલી ગયા, પણ આજે એમના મનની શાંતિ હણાઈ ગઈ હતી. મનને શાંતિ મળે માટે જ હશે, તેઓ બારી પાસે ઊભા રહી જઈ બગીચાનું સૌંદર્ય નિહાળવા લાગ્યા. ફૂલોની મહેક ચોમેર ફેલાઈ રહી હતી. ફૂદાં-પતંગિયાં અને દ્વિરેફો એક પુષ્પ પરથી બીજાં પુષ્પ પર જઈ બેસતાં હતાં એ બેનમૂન સૃષ્ટિથી પણ એમના ખિન્ન મનને શાંતિ વળી નહીં. તેઓ હિંડોળા પર જઈને બેઠા. મંદ ગતિમાં ચાલતો અને 'સિઆંચી'નો મધુર અવાજ વેરતો હિંડોળો પણ એમનો અજંપો દૂર કરી શક્યો નહીં. તરત ત્યાંથી ઊભા થઈ જઈ જયાં ટેબલ પર બાઈબલ મૂક્યું હતું ત્યાં જઈ ખુરશી પર તેઓ બેસી ગયા, બાઈબલ પ્રતિ દૃષ્ટિ ખોસી રાખી તેઓ વિચારે ચડયા. 'આહા! બાઈબલ વાંચતો અને ઈસુને પ્રાર્થના કરતો ત્યારે મનને કેટલી પરમ શાંતિ મળતી હતી ! મનનો તમામ ઉદ્વેગ ત્યારે કેવો સમી જતો હતો !' પ્રતિક્ષણે બાઈબલ ઊંચકી લઈ એમણે એ જ યાકૂબનો ત્રીજો અધ્યાય વાંચી નાખ્યો. વાંચતા એમને લાગ્યું. શાસ્ત્રપાઠમાં જીભ વિશે જે લખવામાં આવ્યું છે એવી જ મલિન ભાષામાં એમની સામે વીરૂએ પણ વર્તન કર્યું છે ! વીરૂ વિશે શું કરવું તેઓ વિચારવા લાગ્યા, અચાનક

એમની આંખો સમક્ષ રોમનોનો પત્રનો પંદરમો અધ્યાય ચડી આવ્યો : "હવે અશકતોની નિર્બળતાને સહન કરવી, અને પોતાની ખુશી પ્રમાણે ન કરવું, એ આપણ શકિતમાનોની ફરજછે. આપણામાંના દરેકે પોતાના પડોશીને તેના કલ્યાણને સારુ તેની ઉન્નતિને અર્થે ખુશી કરવો." એ પ્રથમ બે કલમ પર એમને ઘેરી અસર થઈ. પોતે શકિતમાન હોઈ, અશકિતમાન વીરૂ પ્રત્યે સારું વર્તન નથી કર્યું એવું એમને લાગ્યું. એણે તેની ઉન્નતિ જોવી પડશે. આખો એ અધ્યાય વાંચી નાખી થોડો વખત પ્રાર્થનામાં ગાળી એમના મનને અભૂતપૂર્વ શાંતિ મળી. વીરૂને બોલાવવા એમણે મેઘાને મોકલવાનો નિર્ણય કર્યો. ત્યાં જ વિચાર આવ્યો, મેઘા તો જશે પણ તેઓ જ કેમ ન જાય. પણ એ વિચારે તો અહમ તરત અમળાયો; પોતે શેઠ થઈને વીરૂની પાસે જશે ? આત્મા અને અહં વચ્ચે જાણે કે ઘમાસણ યુધ્ધ મચ્યું. અહં વીરૂનો વિરોધ કરતું હતું. જ્યારે આત્માનો અવાજ ન્યાયનો પક્ષ કરી માનવતાનો જયઘોષ કરતો હતો ! આખરે વાંચેલ શાસ્ત્રપાઠ અને પ્રાર્થનાથી મળેલી અભૂતપૂર્વ શાંતિથી અહંના લીરેલીરા થઈ ગયા." પોતે દેવપુત્ર અને પ્રભુ હોવા છતાં ઈસુ દાસનું રૂપ ધારણ કરીને પૃથ્વી પર આવ્યા અને જીવ્યા પણ એ જ રીતે. એટલું ઓછું હોય તેમ આપણ પાપીઓના કાજે પોતાના પ્રાણની ખંડણી ભરી દીધી. એવા પ્રેમાતવાર ઈસુના પ્રાણની ખંડણી પછી એમના મનમાં આવા વિચાર શા માટે ? વીરૂ પાસે તેઓ જ જશે અને જરૂર જશે.'

પણ ખોજ કરવા છતાં વીરૂનો એમને પત્તો લાગ્યો નહીં. 'કયાં ચાલ્યો ગયો હશે ?' મનોમન બોલી એમણે શોફરને જ્યાં તેઓ નવો બંગલો બંધાવવા-માગતા હતા ત્યાં કાર લઈ લેવા જણાવ્યું.

માર્ગમાં નવું બંધાઈ રહેલ ચર્ચ આવતું હતું. 'કેમ  છો પાસ્ટર સાહેબ.' પાસ્ટર સાહેબને જોઈ, ગાડીમાંથી નીકળી તેઓ બોલ્યા : મંદિરનું બાંધકામ કેવું ચાલે છે ?'

'હું મઝામાં છું આપ પણ મઝામાં છો ને ?' બોલી સ્મિતાંકિત ચહેરે પાસ્ટર સાહેબ બોલ્યા :'આપ તો જાણો છો મંદિર નિર્માણાધિન ચીજવસ્તુઓના ભાવ રોજ રોજ વધતા જાયછે. ગઈ કાલનો બજારભાવ બીજી પ્રભાતે કલ્પના બહારનો બની જાયછે. મંદિર બાબતે પણ આમ જ બન્યું છે. એક સામટા નાણાં મળતાં ન હોઈ, વસ્તુઓ એક સામટી લાવી શકાતી નથી એટલે એસ્ટીમેટ એનું વધતું જ રહ્યું. આજે આંકડો ૨૫ લાખ પર પહોંચી ગયોછે. આવું જ રગસિયા ગાડા જેવું ચાલશે તો આંકડો કયાં જઈ અટકશે તે કહી નથી શકતો.

'હવે પાએક ભાગનું જ બાંધકામ બાકી હોય એમ લાગે છે' કહી ચર્ચના બાંધકામ પ્રતિ નજર કરી બોલ્યા :'તોયે હજી કેટલા રૂપિયાની જરૂર છે ?'

'પૂરા ત્રણ લાખ !'

'ભલે આજે સાંજે ઘેર આવી તમે રૂપિયા બે લાખનો ચેક લઈ જજો. પછી પણ એક લાખની વ્યવસ્થા ન થાય તો મને જણાવજો.'

'શેઠજી, તમારો આ ઉપકાર હું કદાપિ નહીં ભૂલીશ !'

'તમે પણ મને શેઠ કહેવા લાગ્યા !' કહી ઉપાસક બોલ્યા : 'પ્રભુપિતાએ મને ઘણું આપ્યું છે તો એમના મંદિર અર્થે હું જે મદદ કરી રહ્યો છું તેને 'ઉપકાર' કરી રહ્યો છું તેમ નથી માનતો .... ચાલો હું રજા લઉં ....'

તેજ રફતારે આગળ સરતી ગાડીથી એક ભયંકર અકસ્માત થતો રહી ગયો. જોરદાર બ્રેક વાગી છતાં ગાડી આગળ વધી ગઈ.

'શેઠ સાહેબ, કોઈ બાઈ મોટર આડે આવી ગઈ છે !' શોફર ઝડપથી દરવાજો ખોલી બહાર નીકળી ગયો. એટલી જ ઉતાવળે ઉપાસક પણ બહાર આવી ગયા. શોફરે સમયસૂચકતા વાપરી બ્રેક ન મારી હોત તો બાઈએ મોતની ચાદર ઓઢી લીધી હોત !

આવી પહોંચેલ ઉપાસકના ઓળખીતા પોલીસે ગાડીનો નંબર નોંધવાનો ડોળ કર્યો. દરમ્યાન ઉપસ્થિત થઈ ગયેલ ટોળામાંથી લોકોના મુખમાંથી જાતજાતના અભિપ્રાયો બહાર આવવા લાગ્યા. 'આવા ગાડીવાળાઓને તો જેલ ભેગા જ કરી દેવા જોઈએ !' ઉપાસક પ્રતિ આવો પણ એક અભિપ્રાય બહાર આવ્યો. પણ એના પ્રતિ આવો પણ એક અભિપ્રાય બહાર આવ્યો. પણ એના પ્રતિ જરાયે ધ્યાન આપ્યા વગર એમણે શોફર દ્વારા બાઈને ઊંચકીને કારમાં મૂકીને બોલ્યા : 'દેવુ , આપણા ફેમિલી ડૉકટરના દવાખાને ગાડી ઝડપથી ઉપાડી લે ....'

સ્ત્રી હજીયે બેહોશ હતી. એકદમ ગરીબ અને મામુલી હોય એવો એનો દેખાવ હતો. હાથના ઉઝરડા પર કયાંય ક્યાંક લોહીની ટશરો દેખાતી હતી. સ્ત્રીની આવી દયાજનક સ્થિતિ જોઈ ઉપાસકનું હૃદય દ્રવી ઊઠયું. 'દેવુ જલદી કર !' તેઓ બેબાકળા થઈ બોલી ઊઠયા.

દવાખાનું આવ્યું ત્યાં સુધીમાં બાઈ જરી ભાનમાં આવી ગઈ. એને અંદર લેવામાં આવી. ડૉકટર સાથે કોઈ પણ જાતની ઔપચારિક વાત કર્યા વિના શેઠે બાઈની સારવાર કરવા જણાવ્યું. એક ભિખારણ જેવી તદ્દન મામુલી સ્ત્રી પ્રત્યે આટલી કાળજી લેવાતી જોઈ ડૉકટર પણ નવાઈ પામ્યા. બાઈને પાટાપિંડી કરી, દવા આપી એને સુવડાવ્યા પછી ડૉકટરે કહ્યું, 'શેઠજી બાઈને કંઈ જ થયું નથી એમ કહીએ તોપણ ચાલે. બેભાન થઈ જવાના કારણે થોડી અશકિત અને અસ્વસ્થતા આવી છે. મેં દવા

આપી છે. એકાદ કલાક પછી ખુશીથી એ જઈ શકશે. તમે નાહકના અત્યાર સુધી રોકાયા.'

ડૉ. તમારો આભાર. તમારી ઘનિષ્ઠ સારવારે જ એને આટલું જલદી સાજાપણું મળ્યુંછે.' કહી પાકિટમાંથી પૈસા કાઢી બોલ્યા :''ડૉ. આ તમારી ફી અને સાંભળો એ જ્યારે સંપૂર્ણ સાજી થાય ત્યારે આ પાંચસો રૂપિયા તેને આપજો.

ઉપાસકને હવે બંગલાની જગા જોવાની બહુ ઈચ્છા રહી નહોતી. ભલા સમરૂની જેમ એક ઘવાયેલી સ્ત્રીને પોતે કંઈક મદદ કરી શક્યા એનો સંતોષ એમને શાંતિ આપતો હતો. પ્રભુભક્તિ સેવા અને સ્નેહથી વિશુધ્ધ થયેલાં એમનાં હૈયામાં વીરૂ માટે હવે વધુ પ્રેમ અને સહાનુભૂતિ જાગ્યા.

'બેથેલ નિવાસ' ઉપર સ્વર્ણાંતી સંધ્યા ઢળતી હતી. એ આલિશાન ઈમારતની કલાયુક્ત રેખાઓવાળી ઊંચી દીવાલો અને છેલ્લા માળની બારીઓના કાચ રકતતાંબુલ સૂર્યના અંતિમ કિરણોથી ચમકતા હતા. પઠાન કમ્પાઉન્ડનાં દરવાજા પર બેઠો હતો. બગીચામાં અશોક, બકુલ અને નીલગિરિનાં વૃક્ષો કમ્પાઉન્ડની ભીંત ઉપર થઈને બંગલા પાસેથી પસાર થતાં માર્ગ પર અંધારપટ રમતાં હતા. એ અંધકાર સ્થાને આવીને વીરૂ ઊભો રહી ગયો અને પઠાન જરાપણ આઘોપાછો થાય તેની રાહ જોવા લાગ્યો.

વીરૂના દેદાર અત્યારે જોવા જેવા હતા. તેના હાથની મૂઠીઓ વારંવાર વળતી હતી. વાળ વિખરાયેલા હતા. આંખોમાં ખૂન્નસ ભભૂકતું હતું. પગમાં ઘૂંટણ સુધી ધૂળના થર બાઝેલા હતા. સવારથી સાંજ સુધી તેનું મન ભાંજગડ, અકળામણ અને વેરની ભાવનામાં અટવાતું હતું, એની સાક્ષી તેનું સમગ્ર અસ્તિત્વ આપતું હતું.

વીરૂની ચકળવકળ આંખોએ થોડી જ વારમાં ફાવતો મોકો સાધી લીધો. જેવો પઠાન દરવાજાની અંદર ગયો અને દરવાજા પરની અવરજવર ઓછી થઈ બીજી જ ક્ષણે વીરૂએ હાથમાંનું દોરડું અશોકની ડાળ પર ભેરવી દીધું અને આંખના પલકારામાં એ કૂદી પડયો. બાદ દોરડાને ત્વરાથી ઉપર લઈ વૃક્ષઘટામાં છૂપાવી દેવાનું પણ એ ભૂલ્યો નહીં. નીચે પડતું મૂકતી વખતે તેણે કમ્પાઉન્ડની દીવાલ પર જડેલા કાચના ટુકડાઓ પર વિજયભરી દષ્ટિ નાખી. તે લપાતો  છુપાતો એ ઉપાસકના ખંડ પાસે આવીને ઊભો રહી ગયો. ત્યાં દીવાલને અડીને રહેલા બોરસલીના એક નાનકડા વૃક્ષની ઓથે છુપાયો. આ એ જ ખંડ હતો જે ખંડમાં આજે સવારે ઉપાસક શેઠે એને ગમે તેમ બોલી અંતે નોકરીમાંથી પણ બરતરફ કરી નાખવાના શબ્દો કહ્યા હતા. એ ઘટના સાંભરી આવતા જ તેની આંખો અંગારા ઓકવા લાગી. તેની નાડીઓમાં ગરમ ગરમ લોહી પૂરઝડપે દોડવા લાગ્યું. ઊભરાયેલાં ઝનૂન સાથે એણે બોરસલીના વૃક્ષની અને દીવાલની મદદથી ઉપર ચઢી જવામાં સફળતા મેળવી લીધી. પાંદડાંની આડમાં રહીને તેણે ઓરડામાં જોયું. પ્રતિપળે તેનું હૈયું પુલકિત થઈ ઊઠયું, ઈચ્છીત વસ્તુની તલાશ કરતા એ હાંસિલ થઈ જાય તેમ ! ઉપાસક શેઠ આનંદપૂર્ણ ચહેરે ઓરડામાં લટાર મારી રહ્યા હતા. એમના ચાલવાનો અવાજ વીરૂને સ્પષ્ટ સંભળાતો હતો.

વીરૂએ મસ્તક નીચે ખેંચી લીધું અને ક્ષણભરમાં ખૂની યોજના ઘડી કાઢી. 'શેઠને શોધી કાઢવાની હવે જરૂર જ નહોતી. અંદર જવા માટે માથાકૂટ કરવાની પણ કોઈ જરૂર નહોતી. બકુલના થડના આધારે બારી નીચે ભીંતની પેઢલી પર પોતે છુપાઈને ઊભો રહેશે. ઓરડામાં આંટા મારતા શેઠ બારી પાસે આવી જેવા પાછા ફરશે એમની પીઠમાં  છરો ભોંકતા જરાયે વાર નહીં લાગે. ઘા કરીને ભાગવું ય સારું પડશે એમ મનોમન બોલી વીરૂએ કમ્મરે ખોસેલા જમૈયા પર હાથ ફેરવી જોયો. અને

બબડયો : પછી શેઠ સાહેબની 'લૂલી'એ કોઈને નોકરીમાંથી છૂટા કરી દેવાનું કહેવાની જરૂર નહીં પડે અને પછી ક્રૂર રીતે તેના હોઠ બિડાયા. ફરી તેણે પાંદડાંની ઓથમાંથી ઉપર જોયું. શેઠ બારી પાસે ઊભા હતા અને બહાર જોતા હતા. તેમણે મસ્તક નીચું કર્યું અને જમૈયો તૈયાર કર્યો અને શેઠના પાછા ફરવાની રાહ જોવા લાગ્યો.

બરાબર એ જ સમયે ઉપાસકના ઓરડાની ઓફિસમાંથી પગથિયાં પર ચઢતા એકસામટા અનેક પગલાંનો અવાજ આવ્યો. ગભરાયેલા હૈયે વીરૂએ બકુલના ડાળા-પાંદડાંમાંથી જોયું. ત્રણચાર માણસો ઉપાસક શેઠને મળવા આવ્યા હોય એવું તેને લાગ્યું. 'માર્યા ઠાર!' મનોમન બબડી, અવાજ ન થાય એ જ રીતે જમૈયો મ્યાનમાં ભરાવતોકને, તે નીચે આવ્યો અને લપાતો છુપાતો બગીચાના આઉટ હાઉસની એક ઓરડી પાછળ સંતાયો.

આવનાર એ ચાર વ્યકિતઓમાંના એક પાસ્ટર સાહેબ, એક ખજાનચી, એક સેક્રેટરી અને એક ચર્ચ સલાહકાર સમિતિનાં સભ્ય હતા. સવારે પાસ્ટર સાહેબને મળેલા ઉપાસકે સાંજે ઘરે આવી બંધાઈ રહેલા ચર્ચ માટે જરૂરી નાણાંનો ચેક લઈ જવા કહેલું હતું, માટે પાસ્ટર સાહેબ અને સાથે એ ત્રણ વ્યકિતઓ ઉપાસકના ઘરે સાંજે આવી હતી.

'હું તમને રૂપિયા બે લાખનો ચેક આપું તો છું પણ તે બાબતે તમારે મારું નામ ચર્ચમાં જાહેર કરવાનું નથી.'

'એવું તે કેમ બને શેઠજી, કે આટલું મોટું દાન અને ચર્ચમાં દાતાનું નામ જાહેર નહીં !' કહી નવાઈ પામેલા પાસ્ટર બોલ્યા :'ચર્ચ બાંધકામ પેટે સૌથી મોટું દાન તમારા તરફથી જ પ્રાપ્ત થયું છે. એટલે એક નિર્ણય તો એવોયે લીધો છે કે સૌથી વધુ દાનઆપનાર દાનવીર તરીકેના નામની તકતી આપની જ મૂકવી !'

'નહીં!' ઉપાસક વાત ન ગમી હોય તેમ બોલી ઊઠયા : 'આ દાન મેં પ્રભુના કામમાં આપ્યું છે અને દાન મેં એકલાએ જ કંઈ નથી આપ્યું. નાનું મોટું દરેકે આપ્યું છે. અને નામનો મોહ તો મને જરાયે પંસદ નથી. પ્રભુના કામમાં વળી નામ શું ? તમે આમ કરશો તો મને આનંદ નહીં, દુઃખ થશે !'

ઉપાસક અને પાસ્ટર સાહેબ વચ્ચે આ પ્રકારની વાતચીત ચાલતી હતી તે વખતે વીરૂના મનમાંથી ઉકળાટ સરી રહ્યો હતો : 'શેઠ પણ હારો આવરદાવાળો લાગે છે કે ટાણે જ બધા ટપકી પડયા. થોડા મોડા આવ્યા હોત તો એમનો લાડવો કયાં લૂંટાઈ જવાનો હતો ?' સવારે ધૂંધવાઈને જતા તેણે મનસૂબો કરી નાખ્યો હતો. રાત પહેલા શેઠ સાહેબને પતાવી નાખવાના. પણ કિસ્મતની કળા તો જુઓ, મોંમાં આવેલો કોળિયો ઝૂંટવાઈ ગયો ! કંઈ નહીં. આવેલા એ બધા જાય એટલી જ વાર આજે એના લોહીથી હાથ નહીં રંગુ તો મારું નામ પણ વીરૂ નહીં.'

આજે શિર મૂકીને જીવસટોસટની બાજી ખેલવા નીકળેલો વીરૂ અચાનક ભૂતકાળમાં ભૂલો પડી ગયો :

બંદા વીરૂ ! તારું જીવન જ આવું નકામુંછે. તને કયાંયે પૂરી બરકત મળી છે તે આમ આજે શેઠને આટલા જલદી યમસદન પહોંચાડવા મળવાની હતી ? કેવી સરસ મજાની તારી ચોકીદારની નોકરી હતી ! અને જીવન પણ કેટલું ખુશી મજામાં ગબડતું હતું. !દુનિયાથી તદ્દન બેખબર અને અલિપ્ત રહેતા માણસોની તરેહ ! વળી, કેવી રૂપાળી તને પત્ની પણ મળી હતી. જાણે રૂપરંગનો અંબાર ! નામ પણ રૂપા ! અને જ્યારે બોલતી ત્યારે તેના મુખમાંથી ફૂલ ઝરતા હોય એવો સુખદ તું અનુભવ કરતો હતો. એની મોટી મૃગલા જેવી આંખો જોઈ તેના ઘર વસાવી લેવાનું તને મન થતું ! પરંતુ અભાગિયા ! તેં તેના પર અવિશ્વાસ કર્યો અને તેને શંકાની નજરે જોઈ, આળ ચડાવ્યું કે તેની ચાલચલગત સારી નથી. બસ

થયું પછી. વિશ્વાસુ વ્યકિત પર અવિશ્વાસનું તહોમત મૂકતા તે કદી પણ જીરવી શકતી નથી, તેમ રૂપા પણ જીરવી ન શકી તો પણ તે ન જાત. પરંતુ તેના પ્રત્યેના અવિશ્વાસે અને શંકાએ ગુસ્સો લાવી તને, તેને મારવા પ્રેર્યો. પોતાના વહાલાં માબાપ-ભાઈબહેન અને સર્વસ્વને તજીને છોકરી હવે પોતાનો કહી શકાય એવા પુરુષ પાસે એક નવું ઘર સજાવવા સાસરે આવતી હોયછે. ત્યારે એની ખુશી માતી નથી હોતી. પણ સ્ત્રી પુરુષ માટે સિતમ ગુજારવાનું એક સાધન હોય તેમ તારા જેવા કાયર પુરુષો સ્ત્રીઓ પર અત્યાચાર જ ગુજારતા હોય છે. ત્યારે તેઓ એ પણ ભૂલી જાય છે, જેમ તેને જીવન જીવવાનો- આનંદ માણવાનો અધિકારછે તેમ સ્ત્રીને પણ છે ! અરે ત્યારે તેઓ એય ભૂલી જાય છે. આવી જ હાલત એમની જ બહેનની કોઈ કરે તો? તુંય બધું જ ભૂલી ગયો. રૂપાને તે બેહદ માર મારી અને ચાલી જવા સારુ વાકબાણોનો પ્રહાર કર્યો. બાદ થોડા દિવસ રહી પાછો તેને તેડવા ગયો. છોકરીનો બાપ તો હતો જ નહીં. કાકો હતો ગંજેરી ને ભંગેરી ! પિયક્કડ અને જુઆરી ! એવા કાકાએ તો ચોખ્ખા શબ્દોમાં તને રૂપાને મોકલવા માટે જણાવી દીધું. અને ત્યાર પછી તારી દશા જ બેઠી હોય તેમ, ચોકીદારની નોકરીમાં ચોરી કરી અને પકડાઈ ગયો. ઉપરથી થઈ બે વરસની સજા ! બે વરસની સજા કાપતા આંખે અંધારા આવી ગયા હતા. જેલની મજૂરી કરી કરીને શરીર લેવાઈ ગયુ હતું. એમાં પહેલાના જેવું નૂર અને કૌવત નો'તા રહ્યા. જેમતેમ કરીને બે વર્ષ પૂરાં કર્યાં. પણ તારા જીવને શાંતિ ન જ મળી. રૂપાના ઘરે ગયો તો કાકો મળ્યો. એણે તારા પર ઉકળી કહી દીધુ :'ચોરને ત્યાં હું મારી ભત્રીજીને મોકલવા માગતો નથી. વળી રૂપા કયાં છે તેની મને ખબર નથી !' અને ખરે જ કાકાને રૂપાની કોઈ જ ખબર નહોતી.

'રૂપા નથી ?'કાકાના શબ્દો સાંભળી વીરૂ પર હિમ પડયું હોય તેવું વીરૂને લાગ્યું હતું. પણ પોતે હવે શું કરી શકે તેમ હતો ? તે વખતે તેના

મુખમાંથી આછો પણ દાવાનળની વેદના જેવો નિઃશ્વાસ નીકળી ગયો હતો. 'બિચારી ! અત્યારે કયાં હશે ? જીવતી હશે કે મરી ગઈ હશે ! અરેરે ! આજકાલ કરતા એને બે વરસ વીતી ગયાં.'

વિચારવંટોળે ચઢેલો વીરૂ ક્ષણભર ભૂલી ગયો. તે શેઠની હત્યા કરવા માટે આવ્યો છે અને શેઠને મળવા આવેલા લોકો ગયા કે નહીં ? અચાનક તેના માથામાં કંઈક વાગ્યું. તેણે પાછળ વળીને જોયું તો ઓરડીમાં મોટું એવું એક જાળિયું હતું. જાળિયાનો સળિયો તેના માથા સાથે અથડાયો હતો. અચબૂચ તેનાથી જાળિયામાં ડોકિયું થઈ ગયું.

સાયંકાલિન ભાનુ તો કયારનોયે આથમી ચૂકયો હતો અને વિભાવરી આવવા લાગી ગઈ હતી. અંધકારને ચીરતો વીજળીનો પ્રકાશ જાળિયાના બારણામાં પડતો હતો. ત્યાં એક સ્ત્રી સૂતેલી હતી. વીરૂએ એ સ્ત્રીના ઉઘાડા મોં સામે જોયું, ને તેનાથી બૂમ પડાઈ ગઈ :'રૂપા !' તે લાગલો જ એ ઓરડા પ્રતિ દોડી ગયો. ત્યારે ગાઢ નિદ્રા માણ્યા પછી રૂપા પણ ઊઠવાની તૈયારી કરતી હતી.

કોઈકના પદધ્વનિનો અવાજ સાંભળતા રૂપાથી પણ સ્વાભાવિક જિજ્ઞાસાથી તે તરફ જોવાઈ ગયું. બંનેએ એકબીજાને પહેચાનિયા, ને તે વખતે માનવજીવનનું એક મંગલ દશ્ય ખડું થઈ ગયું.

આનંદભર્યા મૌનમાં કેટલીક પળો વીતી ગઈ. પણ પછી તો વીરૂએ જ પ્રશ્નોની ઝડી વરસાવી :' રૂપા તું અહીં કયાંથી ? તું આ શે'રમાં કયાંથી આવી ? મને મળી કેમ નઈ ? પેલા તારા કાળમુખા કાકાએ ભલી તને નીકળવા દીધી ? પણ તું સારી છે ને ?'

'આમ ઉતાવળો થા મા; હું બધું કહું છું !' કહી રૂપાએ પોતાની દાસ્તાન કહેવી શરૂ કરી : ' મારા ઉપર વીતવામાં કંઈ જ બાકી રહ્યું નથી. તું ચોકીયાતની નોકરીમાં પકડાઈ ગયો. બાકી રહી સહી આશાય નંદવાઈ

ગઈ. મારા પર કેર વરતાવતા અને મને ફરીથી નાતરું કરવા સમજાવતા, એમાં પૈસા ખાવાની એમની લાલસા હતી. એ લાલસા બર ન આવતા મને દમદાટી આપવા લાગ્યા, અને ઘરમાં પૂરી રાખવા લાગ્યા. ઘણીવાર ખાવાનું પણ આપતા નહિ. છેવટે મેં યુક્તિ કરી નાતરાની હા પાડી. એટલે મને થોડી છૂટછાટ મળવા લાગી. ને એક દિવસ લાગ જોઈ ઘેરથી ભાગી નીકળી. તું કંઈ જેલમાં છે તેની તો મને જાણ હતી જ નહીં. પૂછું તો પણ કોને પૂછું? તેથી મેં જાતે જ બધી જેલોમાં તપાસ કરવી શરુ કરી. ને આજે સવારે જેમ તને હું ગોતવા નીકળી'તી ત્યાં આ બંગલાના શેઠસા'બની મોટરની આડે આવી ગઈ.'

મોટર આડે આવી ગઈ ? કોની ? આ બંગલાવાળાા ઉપાસકના શેઠની ? તને કશે વાગ્યું તો નથી ને !' વિસરાઈ ગયેલા ઉપાસક વીરૂને એકદમ સાંભરી આવ્યા. હવે તેને રૂપાની અત્રેની હાજરીનો ખ્યાલ આવી ગયો. સવારે પોતાને પઠાન પાસે ગૂંદાવ્યો હતો, અને એણે પોતાની રૂપાને એની કાર તળે કચડી નાખી. ખ્યાલે વીરૂનો ઉપાસક માટેનો શોલો ભભૂકી ઊઠ્યો.

'તું આમ અથરો થા મા. તું આમ ગરમ થા મા ! બધું જ કહું છું' કહી રૂપાએ અકસ્માતથી માંડીને શેઠે અત્યાર સુધી તેની જે સૂશ્રૃષા કરી ત્યાં સુધીની સઘળી વાત કહી સંભળાવી. વીરૂ અદ્ધરશ્વાસે એ બધું સાંભળી રહ્યો. ત્યાર બાદ રૂપા જે બોલી, સાંભળી વીરૂના દિલનો દાનવ ઓસરવા લાગ્યો. તેનું ઊકળી ઊઠેલું શોણિત પૂર્વવત વહેવા લાગ્યું. તેની આંખોના કિનારાઓ ભીના થવા લાગ્યા. રૂપા જણાવી રહી હતી : 'આ બધી વાત તો તું અથરો થતો'તો એટલે પહેલી કહી દીધી. પણ ખરી વાત હવે કે'વાની છે. જ્યાં મને ઈસ્પિતાલમાં રાખી'તી ત્યાંથી બહારનું બધુંય દેખાતું'તું. દાક્તરસા'બને વાત કહીને ચાલ્યા ગયેલા શેઠ મને દેવ જેવા લાગ્યા. મને કંઈ જ વાગ્યું નો'તું તોપણ મારી સારવાર કરાવી બે'ક કલાકમાં તો હું

સારી થઈ ગઈ'તી, ને મારો સઘળો થાક ઊતરી ગયો'તો. ઉઝરડાય દુઃખતા બંધ થઈ ગ્યા'તાં. ત્યારે દાક્તર મારી પાસે આવ્યા, મારી નાડી જોઈ બોલ્યા : 'બહેન , હવે તું તારે ખુશીથી જા. અને આ લે પાંચસો રૂપિયા તારા માટે મને શેઠસાહેબે આપ્યા હતા. પોતાનું નામ ન કહેવા જણાવેલું પણ તને સવાલ થાય નહીં. માટે એમની ના છતાં એમનું નામ જણાવ્યું છે. મારી આંખોમાં ઝળઝળિયાં આવી ગયા. હું પૈસા લઈ ઈસ્પિતાલના પગથિયાં ઉતરતી'તી. ત્યાં જ સવારવાળી મોટર આવીને ઊભી રહી. શેઠસા'બ તેમાંથી ઊતર્યા. દાક્તરની અને મારી નવાઈનો પાર નહોતો. એમણે દાક્તરને કહ્યું : 'ડોક્ટર સાહેબ, આ બાઈને હું હમણાં મારે ત્યાં લઈ જાઉં છું. આવી હાલતમાં બિચારી ક્યાં જશે ?' પછી તો શેઠ મને મોટરમાં બેસાડી બંગલામાં લઈ આવ્યા. તુરત જ એક નોકર ખાવાનું લઈને મારી પાસે આવ્યો. મેં ખાઈ લીધું. પછી શેઠસા'બ મારી પાસે આવ્યા. મારી સામે બેસી મને હેતથી પૂછયું : 'બે'ન, સારું છે ને હવે ? તારું નામ શું ? તું એકલી જ છે ?'

મેં શેઠસા'બને સઘળી વાત કહી સંભળાવી. વાત કહેતા મારી આંખો ચૂઈ પડી'તી. તે બોલ્યા : દીકરી રૂપા, તું રડીશ મા. આંસુડા સારીશ મા. હવે તારા દુઃખના બધા જ દિ' ગયા માની લેજે. હું તારા વરને ગોતી કાઢીશ. મારે ગુલચીની જરૂરછે. તારો વર મળી જશે પછી તમે બંને અહીં સુખેથી રહેજો. આજથી આ ઓરડી તારી થઈ ગઈ દીકરી ...! તું મળી ગઈ તે પણ સારું થયું. મારા મનને પણ થોડી શાંતિ થઈ છે અને તેથી જ તેને મદદ કરવાની ઈસુ પિતાએ મને મતિ સુઝાડી. આજે સવારે જ મેં મારી મિલના એક કામદાર સાથે ખરાબ વ્યવહાર કરી નાખ્યો હતો. આથી મને ઘણો જ પસ્તાવો થતો હતો. તપાસ કરતા તે નિર્દોષ માલૂમ પડ્યો એટલે મેં એને પાછો નોકરી પર રાખી લીધો છે. એનુ નામ વીરૂ છે. તારું નામ સાંભળતા મારા આનંદનો કોઈ પાર ન રહ્યો. મારાથી

લાગલું જ બોલી દેવાયું : ક્યાં છે મારો વીરૂ ? અને પછી મેં સઘળી વાત શેઠસા'બને જણાવી દીધી.

'શેઠસા'બના આનંદનો કોઈ પાર ન'તો રહ્યો. એ હસતા હસતા ચાલ્યા ગયા. ખરેખર વીરૂ, શેઠસા'બ માણસ નથી દેવ છે.' કહી રૂપા બોલી : 'પણ તું અત્યારે અહીં ક્યાંથી આવ્યો, તે તો તેં કીધું જ નઈ ! શેઠસા'બને મળવા આવ્યો છે ? હેં વીરૂ, બોલતો કેમ નથી તું ?'

પણ વીરૂના સાંભળવાની અને બોલવાની ચેતના લુપ્ત થઈ ગઈ હતી. નેક ઈન્સાન શેઠનું એ ખૂન કરવા આવ્યો હતો. રૂપાને મેળવી આપનાર અને તેને દીકરીની જેમ રાખનાર ફરિશ્તા જેવા શેઠ પર ખંજર ચલાવવા તે આવ્યો હતો.

વીરૂ વધુ વાર સુધી વિચારી ન શક્યો. તેના રોષની આગ ઠરી ગઈ હતી. તેના સમસ્ત બદનમાં પસીનો વછૂટી ગયો હતો. અને તેમાં તેના બદનનો મેલ - તેના મનનો અને મલિન વિચારોનો મેલ ધોવાઈ ગયો હતો. અરે કેડે ખોસેલા જમૈયાની ધાર પણ જાણે ઓગળીને બુઠ્ઠી બની ગઈ !

'રૂપા, મારી વહાલી રૂપા ! મારા જેવો પાપિયો-નરાધમ કોઈ જ નહી હોય, હું દેવ જેવા શેઠ સા'બનું ખૂન કરવા આવ્યો'તો.' કહી ફાટેલી આંખે તેને જોઈ રહેલા રૂપાને ત્યાં એકલી મૂકી વીરૂ દોડ્યો.

પાસ્ટર સાહેબ પ્રાર્થના કરાવી રહ્યા હતા. વીરૂએ તેના શબ્દો સાંભળ્યા. જે ધર્મમાં આપની સુંદર પ્રાર્થના થતી હોય તે ધર્મના લોકો જ આવા નેક-ઈમાનદાર, સેવાભાવી અને બીજાને માફી આપનારા હોય છે.' વીરૂ મનોમન બોલ્યો. જેવી પ્રાર્થના પૂર્ણ થઈ એ લાગલો જ ઉપાસકના ચરણોમાં નમી પડ્યો : 'શેઠસા'બ, મને માફ કરી દો. હું જ પાપિયો તમને મારવા આવેલ, મને મારી વહાલી રૂપા મેળવી આપનાર શેઠનું જ

ખૂન કરવા હું આવ્યો'તો. જુઓ શેઠસા'બ જુઓ. આ રહ્યો એ છરો ! મને પોલીસને હવાલે કરી દો ! 'વીરૂ ઉપાસકના પગમાં આળોટવા લાગ્યો. તેની આંખોમાંથી પશ્ચાત્તાપના આંસુ વહેવા લાગ્યાં.

પ્રેમભર્યો સમભાવ અનુભવતા ઉપાસકનું ચિત્ત વીરૂના શબ્દોથી ચલિત ન થયું. એમાંથી તો કરૂણા જ ટપકી : 'કોણ વીરૂ ? ઊભો થા. હું પણ માણસ છું. માણસને માણસ પગે પડે સારું ન લાગે !' એમણે એને પ્રેમથી ઊભો કર્યો : તેં કોઈ ગુનો જ નથી કર્યો પછી પોલીસને સોંપવાની વાત જ ક્યાં રહી ? અને તું ચિંતા પણ ન કરીશ. તારી નોકરી ચાલુ જ છે. છરો ભલે તારી પાસે રહ્યો. પછી બોલ્યા : 'રૂપા તારી ઘરવાળી છે ખરું ને? મને પણ એ જાણીને હર્ષ થયો છે. સુંદર મેળ થઈ ગયો. ઠીક, કાલે તું મિલમાં હાજર થઈ જજે. અને જો સાંભળ તારી વહુ રૂપાને પણ મેં બાગકામ માટે રાખી લીધી છે. તને વાંધો તો નથી ને ?'

'મને વાંધો નથી પછી એને કયો વાંધો હોવાનો હતો, શેઠસા'બ ?' હાંફળીફાંફળી આવેલી રૂપા શબ્દો સાંભળી અત્યાનંદથી બોલી ઊઠી.

વીરૂનું હૈયું ભાવગદગદ બની ગયું. તેની આંખો આભાર અને સ્નેહથી સજળ બની ગઈ. કોઈ નિર્ણય કરી નાખ્યો હોય તેમ બોલ્યો : 'શેઠ સા'બ, મેં તમારા ધર્મની પ્રાર્થના હમણાં જ સાંભળી. બહુ ગમી. અમારા બંનેએ તમારો ધર્મ સ્વીકારવો છે. અમે તે સ્વીકારી શકીએ, શેઠ સા'બ ?'

'હા હા કેમ નહીં ? કંઈક નવાઈ પામી ઉપાસક બોલ્યા : 'સાચા દિલથી તમે બંને ખ્રિસ્તી ધર્મ સ્વીકારવાના હો તો આ રહ્યા પાસ્ટર સાહેબ, અહીં જ છે !'

'પાસ્ટર સા'બ, ના ન પાડશો !' વીરૂ પાસ્ટર સાહેબના ચરણોમાં ઝૂકવા ગયો પણ તેમણે તેને એમ કરતા રોક્યો : 'ભલે તમે બંને કાલ

સાંજે મારે ત્યાં આવજો. મારે તમને બંનેને એ બાબતનું પહેલા શિક્ષણ આપવું પડશે' કહી પાસ્ટર સાહેબ અને અન્યોએ ત્યાંથી ઉપાસકની સાથે વિદાય લીધી.

વીરૂને જોઈ ઉપાસકની આંખો સમક્ષ અસંખ્ય મિલ-મજૂરોના ચિત્રો ખડા થઈ ગયા. એમ જ મિલમજૂરો ગંદી અને ગંધાંતી ભાંગેલી ચાલીમાં રહેતા હતા. કેટલાક તો દૂર દૂર ઝૂપડપટ્ટીઓમાં રહેતા હતા. દૂર રહેતા હોઈ ખ્રિસ્તીઓ ચર્ચમાં પણ નથી આવી શકતાં. એમણે તુરત નિર્ણય કરી નાખ્યો. પોતે નવો બંગલો નહીં બંધાવે, એમાના મૂઆ કેડે એ વિશાળ જગ્યા પર કોઈ વિધર્મી પગદંડો જમાવી દે તે પૂર્વે જ તેઓ એ જગ્યા પર એમના મિલમજૂરો માટે 'જૈતુનવાડી' નામની સુંદર સોસાયટી બંધાવશે. એમનો આખો મિલ પરિવાર ત્યાં રહેશે. નજીક કોઈ ખ્રિસ્તી કામદારો પછી તો રવિવારે ચર્ચમાં પણ આવી શકશે. તેઓ કાલે જ એ કામ શરૂ કરી દેવાડશે.'

'બેથેલ નિવાસ'ની ચોમેર બગીચાનાં વિવિધ ફૂલોની સુવાસ મહેંકી રહી હતી. પરંતુ એથીય અનેકગણી સુવાસિત મહેક ઉપાસકના અંતરમાંથી ઊઠતી હતી. એમણે વીરૂ અને રૂપાના જી તરને સુખ અને શાંતિથી તરબતર કરી દીધું હતું. એ જ મહેંક અનેક વીરૂઓના જીવનમાં રેલાવા માટે તલસી રહી હતી. એ હતી ઉપાસકના હૈયામાં જાગેલી માનવતાની મહેંક !

●●●

# દિલની મોટાઈ

*સ્નેહા ક્રિશ્ચિયન, અમદાવાદ*

હજી પણ સુનિતા એ નક્કી કરી શકી નહોતી કે આવતી કાલે નાતાલ છે ! અને પોતે દેવળમાં કેવી રીતે જશે ? તેની પાસે માત્ર બે જોડ જ કપડાં હતાં. એક તો પહેર્યાં હતાં તે અને બીજી પોતે શાળાએ જતી વખતે પહેરતી હતી. તે નવમા ધોરણમાં ભણતી હતી છતાં માત્ર એક જ ફ્રોકથી કામ ચલાવી લેવું પડતું હતું. તેના પિતા દેવળના પગી તરીકે કાર્ય કરતા હતા. તેને એક નાની બહેન પણ હતી જે છઠ્ઠા ધોરણમાં ભણતી હતી.

છેલ્લા અઠવાડિયાથી તે પોતાના પિતાજી પાસે આ વાત કહી ચૂકી હતી પણ પિતાજી તેને આશ્વાસન આપતા કે, "બેટા ! આપણો તો ઈશ્વર છે. આપણે તો તેની પર જ આધાર રાખવાનો. આપણે જો નવાં કપડાંનાં પૈસા વાપરી નાખીએ તો આખો મહિનો આપણે ખાવાનું શું ?" સુનિતા પણ એ આખા મહિનાનો વિચાર કરી ચૂપ થઈ જતી હતી. તેણે નાની બહેન સંબંધી પણ વિચારવું પડતું હતું. બે વર્ષ પહેલાં માનું અવસાન થયું ત્યારથી તો સુનિતા જ નાની બહેનને સાચવતી હતી.

સુનિતા ઘણી વખત પોતાની સ્થિતિ વિશે ઈશ્વરને દોષ આપતી. પોતાની એક જ ફ્રોકને લીધે તો દેવળના કોઈ પણ સારા કાર્યક્રમમાં ભાગ લઈ શકતી નહીં. તેને શાળાનો ડ્રેસ પહેરીને જવાનું તો ગમતું જ નહીં. હજી તો ગઈ કાલે રાત્રે બધા સુંદર વસ્ત્રો પહેરીને કેરોલસીંગીંગમાં ગયા હતા. પોતાની સાથે સન્ડેસ્કુલમાં ભણતી સખીઓ પણ પોશાક પહેરીને આવી હતી અને સુનિતાને આગ્રહ પણ ખૂબ કર્યો હતો. પણ રાત્રે તો

સુનિતાએ પોતાનો એક માત્ર ડ્રેસ ધોઈ જ નાખવો પડતો એ કારણથી તે જઈ શકી નહોતી.

પેલી શેફાલી પણ કેટલું સુંદર ફ્રોક પહેરીને આવી હતી અને પોતાની પાસે કંઈ જ ન હતું એ વિચારે તે ખિન્ન થઈ જતી પણછતાંય તેણે પોતાની એકમાત્ર કપડાંની જોડને ઈસ્ત્રી કરી પહેરવાલાયક બનાવવાનો નિર્ણય કર્યો હતો અને સવારે પોતાનો સ્કૂલનો ડ્રેસ પહેરીને નાતાલનો વિચાર કરી રહી હતી: આવતી કાલે તો દેવળ ખૂબ મેદનીથી ભરાઈ જશે અને જાણે કેટલા બધા ખ્રિસ્તી લોકો ભેગા થશે.

"બેટા સુનિતા, આપણે દેવળ સાફ કરવા લાગીએ." તેના પિતાએ બૂમ પાડી અને સુનિતા પોતાના વિચારોમાંથી ચમકી. મોટી થયા પછી ઘણીવાર તે પિતાને દેવળ સાફ કરવામાં મદદ કરતી.

દેવળમાં આખી રાત જુવાનોએ શણગારનું કાર્ય કર્યું હતું. કચરો પણ ખૂબ ભેગો થયો હતો. પણ સુનિતાએ શણગારેલું દેવળ જોઈ જ રહી અને ફરી પોતાના વિચારોમાં ખોવાઈ ગઈ." આ દેવળને પણ દર વર્ષે લોકો જૂનું તોરણ કાઢી નવા જ તોરણથી શણગારે છે અને હું જ એક કમનસીબ છું જેને નવાં કપડાં પણ પહેરવા નથી મળતાં." કેમેય કરીને પોતાના જૂનાં કપડાંનાં વિચારો સુનિતાના મનમાંથી ખસતા નહોતા.

બપોર થઈ સુનિતા પોતાની ફ્રોકને ઈસ્ત્રી કરાવવા લઈ આવી. તેને યાદ આવ્યું કે ગયા વર્ષે આ જ સમયે તેણે કપડાંને ઈસ્ત્રી કરાવી હતી. ને પાછી એક વર્ષે એ માટે ગઈ હતી. એ ફ્રોક પણ ઈસ્ત્રી થઈ શકે એ સ્થિતિમાં નહોતી જ. પણ એ ઈસ્ત્રીવાળા ભાઈને ક્યારેક તેમનું પાણી ખલાસ થઈ જાય ત્યારે સુનિતા પાણી પિવડાવતી હતી. આથી સવારે જ એ ઈસ્ત્રીવાળા ભાઈએ સુનિતાને પોતાનાં કપડાં ઈસ્ત્રી માટે આપી જવા કહ્યું હતું. એ કારણથી તેને થોડો સંતોષ પણ થયો હતો કે ભલે જૂનાં કપડાં છે પણ ઈસ્ત્રીને કારણે થોડાં તો સારાં દેખાશે જ !

એમ કરતાં સાંજ પડી ગઈ. લીમડાના ઝાડ નીચે તે બેઠી હતી. તેના પિતાજી ઘરમાં કંઈ કાર્ય કરી રહ્યા હતા. શિયાળાનો ટૂંકો દિવસ ઝડપથી અસ્તાચલ તરફ ઢળી રહ્યો હતો. ઠંડીના ચમકારાની પણ શરૂઆત થઈ ગઈ હતી. સુનિતા રાત્રે તાપણું કરવા માટે લાકડા ભેગા કરવાનું વિચારી રહી હતી.

ત્યાં જ બહાર મોટો અવાજ થયો અને ખબર પડી કે અકસ્માત થયો, કારણ કે લોકોની બૂમ સંભળાતી હતી. સુનિતા અને તેના પિતા બંને ઊભા થઈને જોવા લાગ્યા, તો એક રિક્ષા અને સ્કૂટર લઈને નીકળેલી છોકરી અથડાયા હતા. સુનિતાએ છોકરીને જોવા પ્રયત્ન કરતી હતી પણ એ છોકરી જ લંગડાતી લંગડાતી તેના ઘર તરફ આવી રહી હતી. એને સુનિતાએ તરત જ ઓળખી કાઢી તે તો શેફાલી હતી. તેના કપડાં ફાટી ગયાં હતાં અને પગે ઉઝરડા પડ્યા હતા.

"બેટા, તને બહુ વાગ્યું તો નથી ને ? સુનિતાના પિતાએ શેફાલીને પૂછ્યું.

"ના, અંકલ ! આ જરા કપડાં ફાટી ગયાં અને નીચેના ભાગે ઉઝરડા પડ્યા એ જ. ખરેખર ઈશ્વરે જ મને બચાવી લીધી."

થોડીવાર પછી શેફાલીએ સુનિતાને કહ્યું, "બહેન, મારે સારુ કોઈ ફ્રોક હોય તો પહેરવા આપીશ ? આવતી કાલે હું દેવળમાં પાછું લેતી આવીશ." સુનિતાના મનમાં ફરી ગડમથલ શરૂ થઈ. આ એકમાત્ર ફ્રોક તેણે સાચવી રાખ્યું છે અને જો તે પણ તે શેફાલીને આપી દે તો પોતે દેવળમાં જઈ જ ના શકે. અને પોતાની પરિસ્થિતિની જાણ તે શેફાલીને કરવા ઈચ્છતી ન હતી પણ છતાં મન કઠણ કરી તેણે પોતાનું ફ્રોક શેફાલીને બતાવતાં કહ્યું. "બહેન, મારી પાસે તો આવું ફ્રોક છે જો તને ગમે તો પહેરી જા." શેફાલીએ કહ્યું, "અરે ! કંઈ વાંધો નહિ મારું તો ફાટી ગયુંછે તેના કરતાં તો સારું જ છે ને !" આવતી કાલે ફ્રોક પરત કરવાનું કહીને

શેફાલી ચાલી ગઈ. સુનિતા વિચારી રહી કે કાલે દેવળમાં જઈ શકાશે નહિ. આ વિચારે તે થોડી ખિન્ન થઈ છતાં શેફાલીને મદદ કરી શકવાના વિચારે તેણે ઘણી પ્રસન્નતા અનુભવી.

આજે ૨૫મી તારીખ હતી. ખ્રિસ્તજન્મજયંતીનો મહાન દિવસ હતો. સુનિતાને પિતાજીએ દેવળમાં સાથે આવવાનું કહ્યું, પરંતુ તેણે તેની તબિયત સારી નથી એ બહાનું કાઢી દેવળમાં જવાનું ટાળ્યું. તે પિતાજીને સાચી વાસ્તવિકતાની જાણ થાય એ ઈચ્છતી ન હતી. આજે ઘરમાં તેણે ઈશ્વરપિતાની આભારસ્તુતિ કરી. શેફાલીને જોતાં જ સુનિતાની આંખમાં આંસુ આવી ગયાં. શેફાલીને આશ્ચર્ય થયું કારણ કે સુનિતા આજે પણ સ્કૂલ ડ્રેસમાં હતી અને એની આંખમાં આંસુ હતાં. થોડી આનાકાની બાદ સુનિતાએ શેફાલી સમક્ષ સાચી પરિસ્થિતિનું વર્ણન કર્યું. શેફાલી દોડીને સુનિતાને ભેટી પડી અને તેની મહાન ઉદારતા બદલ તેનો આભાર માન્યો. તે તરત જ તેના ઘરે પાછી ફરી અને બે સુંદર ફ્રોકના પેકેટ લઈને સુનિતાના ઘરે પાછી ફરી અને સુનિતાને પોતાની લાવેલી ભેટનો સ્વીકાર કરવા કહ્યું. સુનિતાએ હૃદયપૂર્વક શેફાલીનો આભાર માન્યો અને આજના મહાન દિવસની ઉજવણી પ્રભુપિતાનો આભાર માનીને કરી.

●●●

# આકાશનાં આંસુ

*પ્રસાદ*

એક પિતાના બે પુત્ર. પરંતુ લોહચુંબકના બે છેડાની જેમ પાસે છતાં એકબીજાથી તદ્દન વિરુદ્ધ. મોટામાં પ્રભાતનો શીતલ ઉજાસ તો નાનામાં અમાસની (કઠોર) કાલીમા. મોટાભાઈને કોઈવાર થાય કે "અમારા પિતાજી કેવા હશે ?" કહેવત તો છે, "બાપ જેવા બેટા, અને વડ જેવા ટેટા". જો આ કહેવત સાચી જ હોય તો મારામાં અને મારા નાના ભાઈમાં આટલો બધો તફાવત કેમ ? લોહી તો એક જ છે છતાં પ્રકાશ અને અંધકાર જેવી જુદાઈ કેમ ?" આવું વિચારતાં તો સામી તરફના અને કાયમ દૂર જ રહેતા કિનારાને જોઈને એક કિનારાને થાય તેવી કાળમીંટ વેદના મોટાભાઈના ગૌર વદન પર લીંપાઈ જતી.

પણ તરત જ મોટાભાઈની નીતરતી આંખો સામે વહાલસોઈ માતાનું મૃત્યુ જીવંત બની જતું. બાપુજીને તો બાળપણામાં જ ગુમાવી દીધા હતા, અને માતાએ જ કાળી મજૂરી કરીને બંને દીકરાઓને આંખની કીકીઓની જેમ ઉછેર્યા હતા. કિશોરાવસ્થાથી જ ખોટી સોબતમાં પડી ગયેલો નાનોભાઈ ઘર છોડીને ભાગી છૂટ્યો ત્યારે માતાનાં ખળખળ વહેતાં આંસુની લિપિ મોટાભાઈ બરોબર ઉકેલી શકેલો અને તેથી જ અંધકારની દુનિયામાં ગૂમ થઈ ગયેલા નાનાને તે પાછો લઈ આવ્યો હતો. પરંતુ કૂતરાની વાંકી પૂંછડીને કોણ સીધી કરી શક્યું છે ? લીલીછમ વાડીઓમાં ભેલાણ કરતા આખલાની જેમ વકરતી નાનાની ગુંડાગીરીએ તો માતાને હતી તે કરતાં વધુ ઘરડી બનાવી દીધી અને મોતનો ક્રૂર પંજો માતા ઉપર

ત્રાટક્યો. મરતી વખતે લાલચોળ આંખો સાથે ક્યાંકથી આવી પડેલા નાનાનો હાથ ધ્રૂજતા હાથે માએ મોટાના હાથમાં સોંપ્યો અને કહ્યું, "બેટા, હવે આ નાનાનો બાપ પણ તું છે. અને મા પણ તું છે. તારા જીવની જેમ મારા આ કાળજાના કટકાને સાચવજે."

વર્ષાના આકાશની જેમ માનો પ્રેમ જેના ઉપર અસ્ખલિતપણે વરસ્યો હતો તે નાનાને હવે તો કરડી આંખોને કઠોર ચહેરાવાળા જુવાનને જાળવવાનું કામ કેટલું મુશ્કેલ હતું. તે મોટાભાઈ બરોબર સમજતો હતો. બેફામ શરાબ ઢીંચીને ગટરોની ગંદકીમાં આળોટતા નાનાને એ કેટલી બધી વાર ઘેર ઉપાડી લાવ્યો હતો ! એ ભાનમાં આવતાં એને સ્નેહના અમૃતનીતર્યા શબ્દો કહ્યા હતા, પણ પથ્થર ઉપર પાણી ! હા, એક વાત સાચી કે નાનોભાઈ કાયમ મોટાની આમન્યા જાળવતો. એમની શિખામણોનો ન કશો પ્રતિકાર કરતો ન અપમાન, પણ શૂન્યતાભરી આંખે તાકી રહેતો. મોટાભાઈનાં આંસુ અને ત્યાગ પણ એને પિગળાવી શકતાં નહિ.

એક દિવસની વાત છે. મોટાભાઈ પ્રાર્થનામાં બેઠા છે. પવનમાં પવિત્ર ગ્રંથના પાનાં થોડી થોડી વારે ફફડે છે. ત્યાં જ બહાર કોઈનાં દોડતાં પગલાં સંભળાયા. "ઉઘાડો, મોટાભાઈ, બારણાં ઉઘાડો !" ઈશ્વરને ખાતર બારણાં ઉઘાડો !" નાનાભાઈને મોઢે "ઈશ્વર" શબ્દ સાંભળી મોટાભાઈ થોડાક ચમક્યા, આનંદની લકીર પણ મોઢા ઉપર ફરકી. પણ એ આનંદ ક્ષણિક નીવડ્યો. બારણાં ઉઘાડતાં જોયું તો નાનાનાં બધાં કપડાં લોહીથી ખરડાયેલાં છે, એનુ ભરાવદાર મોં ભયથી ફિક્કું પડી ગયું છે ને તે તોફાનમાં ધ્રૂજતા છોડની જેમ એનું આખું શરીર ધ્રૂજી રહ્યું છે.

"નાના, આ શું ?" એવું મોટાભાઈ પૂછે ન પૂછે ત્યાં તો નાનોભાઈ ધબ્બ દઈને મોટાના પગમાં પડી ગયો. "મોટાભાઈ, મોટાભાઈ, મને બચાવો ! મને બચાવો !" એણે આંસુભરી આંખો ઊંચી કરી મોટાભાઈ સામે જોતાં કહ્યું.

"પણ તેં શું કર્યુંછે તે તો કહે. ને આ તારાં કપડાં લોહીથી ખરડાયેલાં કેમ છે ?

"મોટાભાઈ," આંખો ઢાળી દઈ નાનાએ કહ્યું, મેં ખૂન કર્યું છે. જુગાર રમતાં મારાથી ખૂન થઈ ગયું છે. પોલીસ મારી પાછળ પડી છે. મને બચાવો મોટાભાઈ !"

નાનાને પ્રેમથી ઊભો કરતાં મોટાભાઈએ મનોમન કંઈક સંકલ્પ કરી લીધો. એમણે તરત જ બારણાં બંધ કરી દીધાં. નાનાભાઈને કહ્યું, "તારાં લોહીથી ખરડાયેલાં કપડાં ઉતારી નાખ, જલદી પહેરી લેવાર કરીશ નહિ." નાનો વસ્ત્રો પહેરતો હતો ત્યાં જ બારણે ટકોરા પડ્યા. એણે વસ્ત્રો પહેરી લીધાં પછી મોટાભાઈએ નાનાને ધક્કો મારી પાછળના બારણામાંથી બહાર ધકેલી દીધો અને કહ્યું, "હવે કશુંયે વિચાર્યા વિના ભાગી છૂટ ! જીવ લઈને નાસી જા ! ઈશ્વર તારું ભલું કરે !"

હવે તો આગળનાં બારણાં ઉપર લોખંડની અણીવાળા બૂટ ધડાધડ પછડાતા હતા, પોલીસો કહેતા હતા, "ખોલો, ખોલો, જલદી બારણાં ખોલો ! નહીંતર અમારે ગોળી ચલાવવી પડશે !" બારણાં તો શું પણ નાનાનાં લોહીવાળાં કપડાં પહેરતા મોટાભાઈનું મન પણ હચમચતું હતું. કંઈ નાનો પકડાઈ તો નહિ જાયને ! તેમણે નાનાનાં લોહીથી લદબદ કપડાં પહેરી લીધાં. આંખોમાં નિશ્ચયાત્મકતા લાવી દીધી. હાથમાં ખંજર પકડ્યું ને માના પવિત્ર ચહેરાને યાદ કરી લીધો. ત્યાં જ બારણાં તૂટ્યાં ને કરડા ચહેરાવાળા પોલીસો અંદર ધસી આવ્યા.

અંદર જોયું તો ગુનેગાર હાજર, લોહિયાળ વસ્ત્રો ને હાથમાં છરો ! બંદૂકનો કૂંદો મારી તેમણે મોટાભાઈને જમીન પર ગબડાવી દીધો. છરો આપોઆપ નીચે પડી ગયો. ત્યાં ને ત્યાં જ હાથકડી પહેરાવી દીધી, ને મારતા મારતા પોલિસ થાણે લઈ ગયા.

કોર્ટમાં કેસ ચાલ્યો. ગુનેગારે કશું પણ કહેવાની ના પાડી. સાંયોગિક પુરાવા પૂરતા હતા. બંને ભાઈઓના ચહેરા તો સરખા જ હતા ને ! દૂરથી ગુનો બનતો જોનાર એકમાત્ર સાક્ષીએ ગુનેગારને ઓળખી બતાવ્યો !

ન્યાયાધીશે ચુકાદો આપ્યો; 'ખૂનીને ફાંસી !' ચુકાદો અપાતો હતો ત્યાં જ કોર્ટરૂમમાં એક પાગલ જેવો માણસ ધસી આવ્યો. તે મોટેમોટેથી રડતાં રડતાં કહેતો હતો કે, "સાહેબ, ખરો ગુનેગાર તો હું છું. દેવદૂત જેવા મારા ભાઈ તો નિર્દોષ છે, તેમને છોડી મૂકો અને ખરા ગુનેગાર એવા મને ફાંસી આપો !"

પણ ચુકાદો અપાઈ ચૂક્યો હતો, કેસ ચાલી ચૂક્યો હતો. ન્યાયાધીશે કોર્ટ બરખાસ્ત કરી, પશ્ચાત્તાપની આગમાં સળગી રહેલો નાનો ભાઈ હાથકડીથી જકડાયેલા મોટાભાઈની પાસે ધસી ગયો ને તેમના હાથ પકડી બોલ્યો, મોટાભાઈ, મને ફાંસીએ ચઢવા દો ! મને પાપીને મરવા દો ! મને માફ કરો મોટાભાઈ !" ગંગા જમના જેવી તેની આંખોમાં આંસુ ખૂટતાં નહોતાં.

હાથકડી પહેરેલા મોટાભાઈએ નાનાભાઈને માથે હાથ મૂક્યો ને કહ્યું, "ભાઈ, મારાં સફેદ વસ્ત્રોને ફરીથી ડાઘ લગાડીશ નહિ." ને એ ધીમે ધીમે ફાંસીની ખોલી તરફ પોલીસોથી દોરાતા ચાલી નીકળ્યા; બહારનું આકાશ પણ જાણે રોતું હોય તેમ ઝરમર ઝરમર વરસતું હતું.

●●●

# ચમત્કાર

*પકેશ ઠાકોર, ગાંધીનગર*

ડોરબેલનો અવાજ સાંભળી મારી પત્ની અંકિતાએ બારણું ખોલ્યું, કશું જ બોલ્યા વગર મારા હાથમાંથી બ્રિફકેસ લઈ લીધી અને રૂમમાં જતી રહી. મોડા આવવાની મારી આદતથી તે હવે ટેવાઈ ગઈ હતી. હું સોફા ઉપર બેઠો, બૂટ કાઢી નાખ્યા, એટલામાં અંકિતા પાણી લઈ આવી. પાણી પીધું અને મેં પૂછ્યું.

"મારી લાડલી બેટી બોસ્કી ક્યાં છે ?"

"ક્યારની સૂઈ ગઈ છે, રોજની જેમ..."

અંકિતા બોલી. મેં મૌન સેવ્યું, થોડીવાર પછી કહ્યું,

"સારું... અંકિતા તું સરસ ચા બનાવી લાવ, ત્યાં સુધીમાં હુ ફ્રેશ થઈ જાઉં." અંકિતા ચા લઈને આવી ત્યારે હું ફ્રેશ થઈને બેઠો હતો. અંકિતાએ ચા મૂકી અને જવા માંડી, મેં તરત તેને ઊભી રાખતાં કહ્યું,

"અંકિતા, અહીં આવ, મારી પાસે બેસ."

અનિમિષ નયને તે મને જોઈ રહી. પછી યંત્રવત બેસી ગઈ, તે કદાચ વિચારતી હશે કે કદી નહીં અને આજે મેં તેને બેસવાનું કેમ કહ્યું હશે ! બોસ્કીના જન્મ પછી કદાચ પહેલી વાર જ મેં તેને પ્રેમથી બોલાવી હતી.

"શું કામ હતું !" તેણે મારી વિચારધારા અટકાવી.

"અંકિતા", મારાથી અટકી જવાયું, "અંકિતા આજે હું મારી ભૂલોની તારી પાસે માફી માગી પ્રાયશ્ચિત કરવા માંગું છું..."

તે મૌન જ રહી. હું તેની સામે નજર મેળવી નહોતો શકતો. મેં વાત આગળ વધારી " મેં તને અને બોસ્કીને ખૂબ જ અન્યાય કર્યો છે, મારો હક્ક જમાવવા, મારી જીદ પૂરી કરવા મેં તમને બધાંને ખૂબ જ, ખૂબ જ.." મારાથી વધુ ના બોલી શકાયું.

લાંબી શાંતિ બાદ અંકિતા બોલી, "આજે, તમને શું થઈ ગયું છે. તમે તો અમારા ભલા માટે જ બધું કર્યું ને ? તો પછી તેમાં પસ્તાવાની વાત જ ક્યાં આવે છે ?"

તેની નમ્રતા અને ભલાઈથી હું મારી જાતને વધુ ધિક્કારપાત્ર માનવા માંડ્યો. તે આગળ બોલી, "..... ચોક્કસ કશીક વાતછે, પ્રભુને ખાતર મને કહો હું મારાથી બનતાં બધા જ પ્રયત્નો કરીશ.

"અંકિતા, ગયા શનિવારે મને થોડોક તાવ આવ્યો અને સાથે થોડા ચક્કર પણ આવતા હતા. મને એમ થયું કે નશો વધારે કરવાના કારણે આમ લાગતું હશે કે પછી વધુ થાકને કારણે હશે. મેં તે વખતે ગણકાર્યું નહીં." આટલું કહેતાં મેં સીગારેટ સળગાવી, ને ધુમાડો છોડતાં વાત આગળ ચલાવી, "અને પરમદિવસે ફરી પાછી એવી જ લાગણી અનુભવી. મેં આપણા ફેમિલી ડૉક્ટરશ્રી સેમીને મળવાનું નક્કી કર્યું. તેમણે મને ચેક કર્યો, થોડાક લેબોરેટરી ટેસ્ટ કરાવડાવ્યા. અને આજે રિપોર્ટ આપવાનું કહ્યું હતું. આજે ઓફિસેથી વહેલો નીકળી સીધો તેમના દવાખાને ગયો અને ..."

મેં જાણી જોઈને વાત અધૂરી મૂકી. અંકિતા સામે નજર કરી, તે એક ચિત્તે મારી વાત સાંભળી રહી હતી. હું અટક્યો એટલે તેણે પૂછયું, "પછી .... શું થયું ?"

"... હા હા .... પછી તેમણે મને રિપોર્ટની વાત કરતાં કહ્યું, કે તમે તમારી પત્નીને મોકલો તો સારું. મેં તેમને સમજાવ્યા કે ગમે તેટલી ગંભીર વાત હોય તોપણ મને કહી દો, હું સહન કરવા તૈયાર છું. છેવટે તેમણે મને કહ્યું કે રિપોર્ટમાં કેન્સરનાં ચિહ્નો જણાયાંછે, અને શરૂઆતના સ્ટેજમાં છે. " આટલું બોલતાંની સાથે જ અંકિતા બરાડી ઊઠી, " નહીં .... નહીં... ના... આ ખોટું છે.... હું... હું.... માનવા તૈયાર નથી.... મારો પ્રભુ આટલો બધો ક્રૂર નથી કે તમને ..." તે રડવા માંડી.

મેં તેને શાંત પાડવાનો પ્રયત્ન કરતાં કહ્યું, "અંકિતા ... મારી વાત તો સાંભળ, ડૉ. સેમીએ વધુ તપાસ માટે મારા લોહીના ને બીજા ટેસ્ટ પણ કરાવડાવ્યાં જ છે. અને શરૂઆત છે માટે કદાચ મટી પણ જાય... "તેનાં આંસુ કેમે કરીને રોકાતાં નહોતાં. લાંબા સમય સુધી આમ બેઠા પછી, મેં એને કહ્યું, "અંકિતા,... મારા જેવા પાપી માણસ માટે આવો જ ન્યાય હોય, તું જ વિચાર કે તને દુઃખ આપવા સિવાય મેં શું કર્યુંછે. અને જો તું આ સમયે આમ ભાંગી પડીશ તો બોસ્કીનું કોણ, તેનો કોણ સંભાળશે.. હેં...."

અંકિતાએ કહ્યું, "ચાલો, આપણે પ્રાર્થના કરીએ, પ્રભુ ઈસુ તમને માફ કરી અને નવું જીવન આપે તેવું માંગીએ."

અંકિતાએ પવિત્રશાસ્ત્ર વાંચી અને સુંદર પ્રાર્થના કરાવી, જે મારું મન એકદમ શાંતિ અનુભવવા લાગ્યું. પછી હું પલંગ પર આડો પડ્યો. મારી સામે ભૂતકાળ તાદશ થવા માંડ્યો. નાનપણથી જ હું મારી માનું કહ્યું સાંભળતો નહોતો. તેને ગમે તેમ બોલતો, સતત દુઃખ જ આપ્યા કર્યું હતું. મા મને ચર્ચમાં જવા સમજાવતી. પ્રભુને ઓળખવાનું કહેતી, પણ મને તો તે બધા ભગતવેડા લાગતા. દોસ્તો શું કહેશે ? દુનિયા શું કહેશે? આવી ચિંતા કર્યા કરતો પણ મારી માને મારાથી કેટલું દુઃખ પહોંચે છે તે નહોતો કળી શકતો. પપ્પા મીલમાં મજૂરીએ જતા, માંડમાંડ ઘરનું ગાડું

ગબડતું હતું. પણ મને પરવા નહોતી. ઝઘડીને પણ મારા માટે સિનેમાના પૈસા મેળવી લેતો. દોસ્તો સાથે રહી સીગારેટની લત પણ વળગી પડી, પણ એ વખતે મર્દાનગી લાગતી હતી. ઉંમર થતાં પપ્પાએ એક કંપનીમાં નોકરી અપાવી, પછી લગ્ન કરાવ્યાં. એમને એમ કે હું લગ્નની જવાબદારીને લીધે સુધરી જઈશ, પણ મારામાં કશો ફેર નહતો પડતો. પપ્પા રિટાયર્ડ થયા, તેમના જે પૈસા આવ્યા તેમાંથી આ મકાન ખરીદ્યું. એવામાં બોસ્કીનો જન્મ થયો, અંકિતાએ અનુભવ્યું હશે કે હવે હું જવાબદારી સમજીશ. પણ મારામાં કોઈ તફાવત ન આવ્યો. મને યોગ્ય લાગે તેમ જ કરતો. ધીમે ધીમે દારુની લત લાગી, અડધો પગાર દારુ પાછળ વપરાવા માંડ્યો. મમ્મી-પપ્પાએ સમજાવ્યો, મને લડ્યા, તો મેં ગુસ્સામાં તેમને ઘરમાંથી કાઢી મૂક્યા અને ઘરડાઘરમાં મૂકી આવ્યો. અને અંકિતા કે બોસ્કીની તો કોને પડી જ હતી. બધાંને માત્ર દુઃખ જ આપ્યું હતું, પછી પ્રભુ મને છોડતો હશે ? તમે જ કહો, કેન્સર ના આપે તો બીજું શું કરે ?

વિચારમાં ને વિચારમાં ક્યારે ઊંઘ આવી ગઈ તે ખબર જ ના પડી! સવારમાં જાગીને જોયું તો અંકિતા હજુ પણ પ્રાર્થના કરી રહી હતી. મેં તેને હળવેથી ઢંઢોળી, તેને તૈયાર થવા કહ્યું.

હું, બોસ્કી અને અંકિતા પાસ્ટર સાહેબ પાસે ગયા. તેમને બધી વાત કરી. તેમણે સાંત્વના આપી અને પ્રાર્થના કરાવી. ચર્ચમાંથી અમે સીધા ઘરડાઘરે ગયાં અને મમ્મી-પપ્પાને ઘરે લઈ આવ્યાં.

તે દિવસે સાંજે અંકિતા સાથે હું ડૉ. સેમી પાસે ગયો. તેઓ શાંતિથી બેઠા હતા, પરંતુ તેમના મોં પર કળી ના શકાય તેવા ભાવ રમતા હતા.

અમે તેમની સામે બેઠા, કોઈ કશું જ બોલ્યું નહીં. છેવટે શાંતિનો ભંગ ડૉ. સેમીએ કર્યો.

"દોસ્ત, આઈ એમ વેરી સોરી... પણ "

"ડૉ. તમારા ફાઈનલ રિપોર્ટ જે કહેતાં હોય તે મને કહી દો" મેં મક્કમતાથી કહ્યું,

"ગઈ કાલે જે રિપોર્ટ મેં તમને બતાવ્યો હતો તે તમારો રિપોર્ટ નહોતો, તમારા જેવા નામવાળા ભળતા માણસનો તે રિપોર્ટ હતો. આઈ એમ સોરી... "

આટલું સાંભળતાંની સાથે હું એ અંકિતા સાથે જ બોલી ઊઠ્યાં,

"એટલે ડૉ. એટલે કેન્સર નથી એમ જ ને ?"

"ના, તમને કેન્સર નથી, પણ તમને લીવર ઉપર સોજો તો છે જ, અને તેની સારવાર માટે તમારે દારુ છોડવો પડશે. અને હા ફરીથી કહું, આ બધી ગરબડ રિપોર્ટની અદલાબદલીને લીધે જ થઈ છે."

"ડૉ. થેંક્યુ, થેંક્યુ વેરી મચ. તમને કદાચ ખબર નહીં હોય પરંતુ આ બધું થયું તે સારા માટે જ થયું છે. અને આ બધું મને સુધારવા માટે જ પ્રભુએ કર્યું છે, તે પણ પાછું અંકિતાની પ્રાર્થનાના જોરે જ. ડૉ. આજથી હું બધી જ ખરાબ ટેવો છોડી દઈશ અને પ્રભુ તરફ વળીશ..."

હું અને અંકિતા ચર્ચમાં ગયાં. પાસ્ટર સાહેબને વાત કરી, તેમને ત્યાંથી પ્રાર્થના કરી ઘેર આવ્યાં.

હું ભૂલો પડેલો મારા ઘરે પાછો આવ્યો.

●●●

# "નવું જીવન"

*કુ પ્રીતિ ગિલ્બર્ટ મેકવાન, સુરત*

સેમી આજે પણ ઓફિસેથી નિરાશ વદને, વિચાર - વંટોળ સાથે તણાતો, તણાતો ઘર તરફ આવી રહ્યો હતો, ઘરે જઈને સીલીને શું જવાબ આપશે ? એની ગડમથલમાં તે ચાલી રહ્યો હતો.

નાતાલને આડે હવે બે-ત્રણ દિવસ રહ્યા હતા. સેમીની પત્ની સીલી માટે નાતાલ ભારે આનંદનું પર્વ હતું. તેથી તે સાડીઓ, ઘરેણાં, ઘરને શણગારવા માટેનો સામાન, ભાત - ભાતની વાનગીઓ બનાવવા માટેની વસ્તુઓ વગેરે વગેરે નાની મોટી માંગણીઓ સેમી સમક્ષ કર્યા કરતી હતી, ટૂંકા પગારદાર સેમીને આ બધું પોષાય તેમ ન હતું. એક બે મિત્રો પાસેથી થોડા પૈસા ઉછીના લઈને પણ તેણે થોડી થોડી વસ્તુઓ સીલીને લાવી આપી, પણ સીલીની મોટી મોટી માંગણીઓ આગળ તે લાચાર બની ગયો હતો, અને હવે ઘરે જઈને સીલીના મહેણાં, કચકચ વગેરે સાંભળવા પડશે તે યાદ આવવાથી તેનું મન ખિન્નતાથી ભરાઈ ગયું. વિચારોમાં ને વિચારોમાં ક્યારે ઘર આવી ગયું તેની પણ સેમીને ખબર પડી નહિ.

સેમીએ ઘરમાં પગ મૂક્યો ન મૂક્યો ત્યાં તો સીલી રસોડામાંથી દોડતી આવી. "મેં મંગાવેલી એવી સાડી લાવ્યા ? નાતાલના હવે કેટલા દિવસ બાકી રહ્યા છે ? ઘર ક્યારે શણગારીશું ? મારા પપ્પાના ઘરે તો નાતાલના પંદર દિવસ પહેલાં જ ઘર શણગારાય જાય, નાસ્તો પણ તૈયાર થઈ જાય અને નાતાલનો આનંદ- આનંદ છવાઈ ગયો હોય. અને અહીંયા ?" સેમી પણ હવે ચૂપ રહી શક્યો નહી, "તારા પપ્પાના ઘરે જે હોય તે, મારાથી બનતા પ્રયત્નો મેં કર્યાં છે. જરૂરી બધી વસ્તુઓ લાવી આપી છે.

આનાથી વધારે હવે કશું હું લાવી શકું તેમ નથી. હવે તારે જે કરવું હોય તે તું કરી શકે છે. તારી વધારે કચકચ હવે મારે સાંભળવી નથી.''

''બસ તો હવે મારી વાત પણ સાંભળી લો, હવે હું આ ઘરમાં એક ક્ષણ પણ રહેવા નથી માંગતી. મેં મારો નિર્ણય લઈ લીધો છો. તમારે જે કરવું હોય તે કરી શકો છો.'' એમ કહી સીલી પગ પછાડીને પોતાના પપ્પાના ઘરે જવા ચાલી નીકળી. સેમી એને જતી રોકી શક્યો નહિ. પોતાની પત્ની પણ પોતાને સમજી શકતી નથી એ જોઈ સેમીને પારાવાર દુઃખ થયું, ગુસ્સો પણ આવ્યો છતાં એ સમસમીને બેસી રહ્યો.

સીલીને મોડી સાંજે પહેરેલ કપડે જ આ રીતે ઘરે આવેલો જોઈ તેનાં મમ્મી પપ્પા પરિસ્થિતિને પામી ગયાં, છતાં પૂછયું કે, ''સેમી ક્યાં છે ? મઝામાં તો છે ને ?''

સીલીએ મમ્મી-પપ્પાનું આશ્વાસન મેળવવા રડતાં સંપૂર્ણ વાંક સેમીનો જ છે એમ સાબિત કરવાનો પ્રયત્ન કર્યો. સીલીના મમ્મીએ પોતાની વહાલી દીકરીને કહ્યું, ''કઈ વાંધો નહિ બેટા, આપણાં ઘરે ક્યાં કશી વાતની ખોટ છે ? તું તારે આનંદથી અહીં રહે અને ખુશીથી નાતાલ ઊજવજે.'' એમ કહી રસોડામાં પાણી લેવા ચાલ્યાં ગયાં.

સીલીના પપ્પાએ દીકરીના માથે વહાલથી હાથ ફેરવતાં કહ્યું, ''બેટા તું સેમીને છોડીને અહીં આવતી રહી એ તેં સારું નથી કર્યું. આજે તમારી જિંદગીનો મહત્ત્વનો દિવસ હતો. જ્યારે એકબીજાને સમજવાની પળ આવી, કંઈક ખૂટતામાં પણ સંતોષ માની લેવાની ક્ષણ આવી ત્યારે જ તમે છૂટાં પડી ગયાં. આખું વર્ષ આનંદ ઉલ્લાસથી પસાર કર્યું અને જ્યારે નવીન વર્ષમાં પ્રવેશવાનો સમય આવ્યો ત્યારે જ બંને જુદા જુદા પંથે જતાં રહ્યા ! બેટા, નાતાલ એ ફક્ત સારાં કપડાં પહેરવાનો, સારું ભોજન બનાવવાનો કે ઘર શણગારવાનો જ દિવસ નથી પણ એથી કંઈક વિશેષ છે. નાતાલ એ આપણા મહાન તારણહાર પ્રભુ ઈસુનો જન્મદિન છે. એ દિવસને કેટલા આનંદથી ઊજવવો જોઈએ. પ્રેમ, દયા, શાંતિ, નમ્રતા

જેવા ગુણોમાં જ નાતાલના પર્વનો આનંદ સમાયેલો છે. આ બધા ગુણોના અભાવે જ તમારા જીવનને કડવાશથી ભરી દીધુંછે. આ નાતાલના પર્વમાં આ ગુણોને તમારા જીવનોમાં સ્થાન આપો. પ્રેમ, દયા, સહકાર, નમ્રતા જેવા અલંકારોથી તમારાં શરીરોને શણગારો, બાહ્યાલંકારો કરતાં આની વધારે જરૂરછે. જીવનમાં વ્યાપેલી કડવાશને આ ગુણો દ્વારા દૂર કરી નવું જીવન શરુ કરો અને નાતાલનો આનંદ માણો. ચોક્કસ એક વિશિષ્ટ આનંદથી તમારાં દિલો ઊભરાઈ જશે."

સીલી ખૂભ ધ્યાનથી આ વાતો સાંભળી રહી હતી. તેની આંખો આંસુથી ઊભરાઈ ગઈ. તેણે મનોમન કંઈક પાકો નિર્ણય કરી લીધો.

નાતાલની આગલી સાંજ હતી. સીલીને ચાલ્યા જવાથી એકલો પડેલો સેમી ઘરની બહાર ખુરશી ઢાળીને બેઠો હતો. આકાશની સામે જોતાં જોતાં તે વિચારોમાં ખોવાઈ ગયો હતો. વિચારતંદ્રામાંથી જાગ્યો ત્યારે તો આસપાસ અંધારું છવાઈ ગયું હતું. આજના છવાયેલા અંધકારને એ પોતાની જિંદગી સાથે સરખાવવા લાગ્યો. પણ આ અંધકારમાંથી એક આછી આકૃતિ પોતાની તરફ આવી રહી હોય એવું તેને લાગ્યું. એટલા અંધકારમાં પણ એ આકૃતિને સ્પષ્ટ ઓળખી ગયો કે એ સીલી જ છે. એ તરત જ ઊભો થઈને એ દિશામાં દોડ્યા અને સીલીને ભેટી પડ્યો. સીલી ક્ષણ બે ક્ષણ તો અવાક્ બની ગઈ. તેણે કલ્પ્યું પણ નહોતું કે સેમી તેને આવકારવા તૈયાર બેઠો હશે ! સીલીએ રડતાં રડતાં સેમીની માફી માંગી.

બીજા દિવસે નાતાલની સુંદર સવારે બંને લગ્ન વખતે લીધેલાં કપડાં પહેરીને દેવળમાં જવા માટે તૈયાર થયાં. બંને આજે ખૂબ આનંદમાં હતાં. આજનો દિવસ તેમને માટે કંઈક વિશેષ હતો. જાણે આજે તેમનું નવું જીવન શરૂ થયું હતું.

દેવળના ઘંટના રણકારની સાથે સાથે તાલ મિલાવતા બંને દેવળ તરફ જવાં લાગ્યાં.

●●●

# ચિત્કાર (નવલિકા)

*વસંત કામદાર, અમદાવાદ*

શિયાળાની ધ્રૂજતી રાત્રી અવનિને કંપાવવા ઇચ્છતી હોય તેમ સમીરના સૂસવાટા વર્તાતા હતા. નજર જ્યાં સુધી પહોંચે ત્યાં ક્ષિતિજ સુધી અફાટ વિસ્તરેલો રેતીનો એક સાગર જ હતો. પવનોના સ્પર્શથી ઊડતી રેતીએ વાતાવરણને થોડું ધૂંધળું બનાવી મૂક્યું હતું. વેરાનીએ વિકસેલા એ રેતાળ રણમાં કેટલાક તંબુઓ દેખાતા હતા. વાસ્તવમાં તે લશ્કરની છાવણીઓ હતી. તંબુઓની વચ્ચે ક્યાંક તાપણું સળગાવી કેટલાક લશ્કરી જવાનો ઠંડી ઉડાડવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. તો વળી તંબુમાંથી દૂર ધીમા સ્વરે ગવાતા ગીતનો અવાજ રેલાઈ રહ્યો હતો.

આ તંબુમાંના એક તંબુમાં કામળો ઓઢીને એક જુવાન બેઠો હતો. બાજુમાં સાથીદાર શેતરંજી ઉપર ઓઢી સૂતો હતો. તંબુમાં વાંસના આધારે લટકતા લાલટેનનો ઓછો પ્રકાશ કામળો ઓઢીને બેઠેલી વ્યક્તિનાં ચહેરા ઉપર પડી રહ્યો. તેની ઝીણી આંખો, ભરાવદાર મૂછો અને ચહેરા ઉપરની ખેંચાયેલી રેખાઓ તેનાં ચહેરાને સખ્તાઈ આપતાં, તે શૂન્યમાં તાકી રહી કશુંક વિચારતો હતો.

"અલ્યા એ વિલ્સન શું કરે છે અત્યાર સુધી ? સૂઈ જા ને હવે કાલે વહેલી સવારે માર્ચ છે. વહેલું નહીં ઉઠાય તો પેલા કમાન્ડર જીવ લઈ લેશે અને તારે ચિંતા ના હોય તો કંઈ, બાકી મને તો સૂવા દે. ટેન બુઝાવીને સૂઈ જા. તું યે ખરો પનારે પડ્યો છે ને યાર."

સૂતેલા સાથીદારે પડખું બદલ્યા વગર ચહેરા ઉપરથી રજાઈ હટાવી ઊંચા સ્વરે કહ્યું. એ સ્વરમાં ગુસ્સો હતો અને હુકમ પણ હતો. જો કે એ ગુસ્સા કે એ હુકમની અસર બેઠેલી વ્યક્તિ ઉપર થઈ હોય તેવું લાગ્યું નહીં. જાણે કંઈ સાંભળ્યું ન હોય તે પૂર્વવત બેસી રહ્યો. પોતાની આંખોમાં છવાયેલી લાલશની એક ગરમી તેણે અનુભવી. તે વિચારી રહ્યો છેલ્લા કેટલાક દિવસો વિશે.

ચોમેર વિસ્તારેલા એ નિર્જન રણમાં યુદ્ધનો મોરચો મંડાયો હતો. છેલ્લા કેટલાક દિવસથી રણની એ રેતમાં લશ્કરી વાહનોનો ધમધમાટ અને જવાનોના વજનદાર બૂટોની ચહલપહલ વધી ગઈ હતી. કમાન્ડરો અને સાર્જન્ટોની આદેશપ્રેરક બૂમો અને દારૂગોળાનાં વિસ્ફોટો વાતાવરણને ભરી દેતા વિરોધી લશ્કરોની ટુકડીઓ સામસામે આવી જતી. તોપો ગર્જી ઊઠતી. ધાણીની માફક મશીનગનો ફૂટતી. જવાનોની દોડધામ મચી જતી. રક્તની સેરો વછૂટતી છાવણીઓ આગની ભિષણ જવાળાઓમાં લપેટાઈ જતી. હૃદયદ્રાવક ચીસો આભને આંબતી ગુંજી ઊઠતી. માનવશરીરના અંગો ભારેખમ ટેન્કોનાં ભંગાર તળે છુંદાતા નજરે પડતાં. ક્યાંક મરણને યાચતાં જીવંત શરીરો 'પાણી-પાણી'ની બૂમો મારતાં તરફડીને શાંત થઈ જતાં. પોતાના જ સાથીદારોના મૃતદેહોને આગળ ધરી સ્વરક્ષણ શોધતા જવાનો દેખાતા. યુદ્ધની એક ક્રૂર વાસ્તવિકતાએ રણની સમગ્ર રેતને રક્તથી જાણી કે રંગી દીધી હતી.

વિલ્સનને હમણાંથી રાત્રે ઊંઘ આવતી નહોતી. તેને રાત્રે જમતા પહેલાં મિત્રો સાથે વાઈન લેવામાં આનંદ આવતો નહોતો. ઘણીવાર પીરસેલે ભાણેથી તે જમ્યા વગર ઊઠી જતો. તેને હૃદયમાં ઊંડે ઊંડે કશુંક ખટકવા લાગ્યું હતું. તેની આંખો અકારણ ભીની થઈ જતી. તેને નિષ્ક્રિયપણે શૂન્યમાં તાકી રહેવું ગમતું. એકલતા વધુ ગમવા લાગી હતી. તેના વિચારોનો વિસ્તાર વધી ગયો હતો. રણની જેમ જે તેની ભીતર

જાણે પોપડા ઉખડતા હતાં અને વર્ષોથી સુષુપ્ત પડેલો લાગણીનો લાવા હવે બહાર આવવા મથતો હતો. તેને પોતાને પણ સમજાતું નહોતું કે તેનામાં આ શું પરિવર્તન આવી રહ્યું હતું.

તેણે બાજુમાં સૂતેલા ટોની સામે જોયું. તેણે ટોનીને ઢંઢોળ્યો, જગાડ્યો. ટોની આંખો ચોળતો બેઠો થયો.

"શું છે યાર ? તારેય શું છે ? આટલી રાત્રે તું ય જીવ પર તૂટ્યો છે ?"

કહેતાં કહેતાં એ લાંબુ બગાસુ તેણે ખાઈ લીધું. 'ટોની, હું તને એક વાત કહેવા માંગુ છું. પણ તું ગુસ્સે થઈશ એ ડરથી કહી નથી શકતો. હવે નથી રહેવાતું યાર, પ્લીઝ મને શાંતિથી સાંભળ. એક મિત્રના નાતે."

"સારું, ચાલ સાંભળું છું, બોલ તારો પ્રશ્ન શું છે ?

"હમણાં હમણાંથી હું એક નવા અનુભવમાંથી પસાર થઈ રહ્યો છું. આવું મેં પહેલાં કદીયે અનુભવ્યું નથી. મને હવે ગન ઉઠાવી કોઈને પાડી દેવામાં ખચકાટ થાય છે. લોહીનો લાલ રંગ મને હચમચાવી નાંખે છે. દરરોજની આ દોડધામ, આ હિંસા, જડતા અને આંતકથી હું થાકી ગયો છું. ટોની, હું ખરેખર થાકી ગયો છું."

તે શ્વાસ લેવા ક્ષણવાર અટક્યો.

"આ જિંદગી તો કોઈ જિંદગી છે ? જે જીવનનું કોઈ ધ્યેય ન હોય. જે જીવનમાં કોઈ પ્રકારની આકાંક્ષા ન હોય, એ ધ્યેય અને આકાંક્ષાને પરિપૂર્ણ કરવાનો ઉત્સાહ ન હોય તે જીવન શું કામનું ? આ સ્થિરતા અને વૈવિધ્ય વિહીન માનવીને પ્રગતિશીલ બનતો અટકાવે છે. ને પ્રગતિની ઝંખના વિનાનો માનવ એટલે લાશ. આપણા પ્રત્યેક શ્વાસ અને ઉચ્છવાસને એક આગવો અર્થ છે. આ જીવન એ અર્થને પૂર્ણ કર્યા વિના

વીતી જાય કે પછી ઈશ્વર તરફથી પ્રાપ્ત થયેલું જીવન તેના જ અન્ય સર્જનના પતન માટે વપરાય, તે કેટલે અંશે યોગ્ય છે ! અને જો આપણે કોઈનો ઉત્કર્ષ નથી કરી શકતા તો તેનો ધ્વંસ કરવાનો કે તેને હણી નાખવાનો આપણને કોઈ અધિકાર નથી."

"વિલ્સન, તારી ફિલોસોફી ખૂબ સાંભળી. તું જે વિચારેછે તે સાચું છે કે ખોટું તે બાજુ પર મૂક. પણ આ વિચારો દ્વારા તું શું અમલમાં મૂકવા માંગે છે એ જણાવીશ કે."

"અમલમાં શું મૂકવાનું ? આ લશ્કરવાળા મને ખુશીથી વિદાય તો આપવાનાં નથી. પણ તક મળતાં જ હું તો ભાગી જવાનો છું. મેં સંપૂર્ણ ધર્મપરસ્ત જીવન જીવવાનો નિર્ણય લઈ લીધોછે. હું ખ્રિસ્તને અનુસરીશ. મારો સ્તંભ ઊંચકીને ચાલીશ. તેણે આ જીવનમાં બક્ષેલાં કીમતી તાલંતોને તેની સેવામાં, તેના મહિમાને અર્થે વાપરીશ અને... "

"ટોનીએ વિલ્સનને અટકાવ્યો. તે હવે થોડા ઊંચા અવાજે બોલ્યો."

"તું તારા ભાગી જવાના નિર્ણયનો અંજામ જાણે છે ? શું તું એમ માને છે કે અહીંથી ભાગી જઈશ તો સત્તાવાળા તને શાંતિથી જીવવા દેશે ? અરે પકડાઈ જઈશ તો કમોતે મરીશ. કોર્ટ માર્શલ ચાલશે ને લટકાવી દેશે તને. ત્યારે તારા આ શાણા વિચારો ક્યાંય દટાઈ જશે."

"જો ટોની, મારું ભવિષ્ય ગમે તે હોય પણ તેને લીધે થઈને હું મારું વર્તમાન બગાડવા ઈચ્છતો નથી. મને કોઈક બોલાવી રહ્યું છે. મારા કાનમાં મારા નામનો એક આર્તનાદ સંભળાય છે. મારા હૃદયમાં એક ચિત્કાર ઊઠે છે. મારો પ્રત્યેક ધબકાર મને કહે છે કે ઊઠ, જાગ, સત્યને શોધ, માનવી થા. અને ટોની, હું એ ચિત્કારને દબાવવા, રોકવા માટે અસમર્થ છું. હું તેને રોકી શકું તેમ નથી."

"સારું યાદ તારે જે કરવું હોય તે સવારે કરજે પણ અત્યારે સૂવા દે." ટોની કંટાળીને બોલ્યો.

રજાઈ માથે ખેંચી લીધી અને પડખું ફેરવી સૂતો.

વિલ્સન થોડી ક્ષણો નજર ઢાળી જોતો રહ્યો. પોતાની ભીની આંખો લૂછી લાલટેન બુઝાવી તેણે પ્રાર્થના કરી સૂઈ જવા લંબાવ્યું.

સવારે રણમાં લશ્કરની કૂચ શરૂ થઈ. બન્ને તરફથી ટુકડીઓ નજીક આવવા લાગી. એકાએક ઉત્તર દિશામાંથી ભયંકર ઝટપે પવન ફૂંકાવા લાગ્યો. તંબુઓનાં વાંસ હાલી ઊઠ્યા. તેનાં ખીલા ઢીલા પડવા લાગ્યા. દૂર દૂર રેતનું એક કાળું વાદળું ચડી આવતું દેખાયું. ચક્કર ચક્કર ફરતી રેતીનો મહાકાય સ્તંભ લશ્કર ઉપર આવી લાગ્યો. થોડીવારમાં રેતી એટલી બધી વધી ગઈ કે તેણે વાતાવરણ ધૂંધળું બનાવી મૂક્યું. એકબીજાનાં ચહેરા દેખાવા પણ અસ્પષ્ટ બની ગયાં. અંધાધૂંધી વ્યાપી ગઈ. સાર્જન્ટની બૂમો જોર શોરથી સંભળાવા લાગી. ચારે તરફ રેત જ રેત થઈ રહી હતી. એક ભયંકર આંધીએ રણને ઘેરી લીધું હતું.

ટોની આમતેમ બહાવરો બની એક હાથ હલાવતો હલાવતો આંખમાં અને નાકમાં રેતીને પ્રવેશતી અટકાવવાનો પ્રયત્ન કરતો હતો. અચાનક એ રેતીના ઘુમ્મસમાં એક માનવ આકારને માર્ચની વિરુધ્ધ દિશામાં તેણે દોડતો જોયો. તેને ધ્રાસકો પડ્યો. તેને રાત્રે વિલ્સને કહેલા આવેશમય શબ્દો યાદ આવ્યા. તેણે પરિસ્થિતિને કલ્પી લીધી.

તેણે મોટેથી બૂમ પાડી. બૂમ પાડતો દોડ્યો.

"વિલ્સન, વિલ્સન, દોડતો રોકાઈ જા" પ્લિઝ રોકાઈ જા. તું જિંદગી ખરાબ ન કર. વિલ્સન તું દેશ સાથે દ્રોહ કરી રહ્યો છે. તું પાગલ થઈ ગયો છે. માની જા દોસ્ત રોકાઈ જા, ઊભો રહી જા. પણ વિલ્સનને કશું સાંભળવું

નહોતું. તેના હૃદયમાં ઊઠેલો ચિત્કાર તેને રોકાવા દે તેમ નહોતો. તે દોડતો રહ્યો. કશું જ સાંભળ્યા વગર.

ટોની ક્ષણ વાર થોભી ગયો. તેની આંખોમાં ખુન્નસ ભરાયું. તેનાં હાથમાંથી મશીનગન ધણધણી ઊઠી. એ રેતીનાં ધુમ્મસમાં થોડો ધુમાડો વિખેરાઈ ગયો અને રેતમાં થોડે સુધી લંબાતા જતાં પગલાં અટકી ગયાં.

વિલ્સન આંધીમાં અટવાતા રણની એ રેતમાં નિષ્પ્રાણ પડ્યો હતો. તેનો શ્વાસોશ્વાસ શમી ગયો હતો. પણ તેનાં હૃદયમાં ઊઠેલો પેલો ચિત્કાર હજુયે કદાચ શમ્યો નહોતો. રણનો પ્રચંડ આંધીની માફક જ.

●●●

# બૂમરેંગ

*સંજયકુમાર સેમ્યુઅલ મેકવાન, આણંદ*

રવિવારની સવાર પડવાંને હજુ ઘણીવાર હતી. પણ કોણ જાણે કેમ રશ્મિકાને હજુ ઊંઘ આવતી નહોતી. કોઈક અકળ કારણોસર તેનાા મનમાં અજંપો છવાયેલો હતો. તે ઊઠીને બારી પાસે આવી. બારીની બાજુમાં ગોઠવેલા મેજના ખૂણામાં એક બાજુ બાઈબલ પડ્યું હતું. બારી ખુલ્લી હતી. વાતાવરણ જરાક તોફાની હતું અને પવન ફૂંકાતો હતો. પવનના સુસવાટામાં બાઈબલનાં પાનાં ફરફરી રહ્યાં હતાં. એ રાત્રિના તોફાની વાતાવરણમાં બાઈબલનાં પાનાંનો ફરફરાટ રશ્મિકાને ખળભળાટ જેવો ભાસતો હતો. તેણે હાથ લંબાવી બાઈબલ હાથમાં લીધું અને અંદર લખેલા શબ્દો વાંચવા પ્રયત્ન કર્યો. પરંતુ વિચારોના ચગડોળે ચડેલા ચંચળ મનમાં એકેય શબ્દ ઊતર્યો નહિ. ક્ષુબ્ધ થયેલા તેના મનમાંનો અંજપો એમ થોડો તેનો પીછો છોડવાનો હતો ? તેણે દીવાલ પર લટકાવેલી ઘડિયાળ સામે જોયું. સાડા ત્રણ વાગ્યા હતા. સવાર પડવાને હજુ ઘણીવારછે એ વિચાર આવતાં તેણે એક બગાસું ખાધુ. ને પછી વૈભવથીછલકાતા પોતાના બેડરૂમ પર નજર નાખી ને તેનું મસ્તક આપોઆપ ગર્વ અનુભવવા માંડ્યું. નાઈટ ડ્રેસમાં પોઢેલા દેવદૂતને પણ શરમાવે તેવા સુંદર પતિને જોઈને રશ્મિકાને લાગ્યું કે સતિષ સાથે લગ્ન કરવાનો તેનો નિર્ણય યોગ્ય જ હતો. ને પછી તો લગ્નબાદના સમયગાળાને યાદ કરતી કરતી રશ્મિકા ધીરે ધીરે પલંગમાં પોઢી ગઈ.

ચ..ર..ર..ર.. અવાજ થયો. દૂધના વાહનની ચીર-પરિચીત બ્રેકની ચીચયારીથી તેની આંખમાં આસન જમાવીને બેઠેલી નિંદ્રા ભાગી ગઈ ને તે જાગી ગઈ. તેણે આંખો ખોલી ઘડિયાળમાં જોયું તો છ થવા આવ્યા હતા. હજુ હમણાં તો પાંચ મિનિટ પહેલાં સાડાત્રણ થયા હતા અને એટલી વારમાં છ કેમના વાગી ગયા, તે રશ્મિકાને ન સમજાયું. જલદી જલદી દૂધ લઈ આવી તેને યાદ આવ્યું ઓહ !! આજે તો રવિવાર છે, રોઝીને દેવળમાં મોકલવાની રશ્મિકાને પણ પોતાના શૈશવની કેટલીક વિતેલી ક્ષણ યાદ આવી ગઈ. તે જે બાંકડા પર બેસતી તે બરાબર સામે નીચે પાથરણા પર જ્હોન પણ બેસે અને ક્યારેક ક્યારેક તેમની આંખો દ્વારા તો મૈત્રક રચાતું ને ત્યારે હૈયામાં કંઈ કેટલાય.... ? એક ઊંડા નિસાસા વડે શૈશવથી શરૂ થઈને છેક યૌવન સુધી લંબાયેલો યાદોનો દૌર એકાએક તૂટી ગયો. ખૈર.. અત્યારે આ બધી વાતો ?? રશ્મિક થોડું વિચિત્ર તો લાગ્યું. ભૂતકાળને ખંખેરી વર્તમાનમાં આવી. હજુ તો રોઝીને ઉઠાડવાની છે એમ વિચારતી તે રોઝીના રૂમ તરફ આગળ વધતા રૂમનું બારણું ખુલ્લું જ હતું. રશ્મિકાને આશ્ચર્ય થયું ! તે અંદર ગઈ, રૂમમાં રોઝી નહોતી. તેને વધારે આશ્ચર્ય થયું !! શું વાત છે ? દેવળમાં જવા રોઝી જાતે ઊઠી ગઈ છે ને વળી !!! એકાએક તેનું ધ્યાન તકિયા નીચે દબાયેલા કાગળ પર ગયું. થોડાક સંકોચ સોથે તેણે એ કાગળ તકિયા નીચેથી ખેંચી લીધો અને વાંચવા માંડ્યો. જેમ જેમ રશ્મિકા એ કાગળ વાંચતી ગઈ તેમ તેમ તેના પગ તળેની ધરતી જાણે સરકવા માંડી, આખુંય મકાન જાણે કે ગોળ ગોળ ફરવા માંડ્યું અને એની આંખો આગળ અંધારું છવાઈ ગયું. ધબ્બ !! રશ્મિકા એકાએક રોઝીના પલંગમાં ઢસડાઈ પડી. થોડીક ક્ષણો પછી કળ વળતા તે કંઈક સ્વસ્થ બની. આંખો ખોલી માથામાં જ કોઈકે ખૂબ જોશથી હથોડાનો ફટોકો માર્યો હોય તેમ મન જાણે કે બહેર મારી ગયું. શું કરવું ? તેને કંઈ સમજાતું નહોતું. ધ્રૂજતા હાથોએ ફરીથી

તેણે કાગળને હાથમાં પકડ્યો અને વાંચવા માટે મનોમન થોડીક હિંમત એકઠી કરી. તેણે એ કાગળ ફરીથી વાંચ્યો. અંદર લખ્યું હતું.

"વહાલી મમ્મી.

આ પત્ર જ્યારે તને મળશે ત્યારે હું તારાથી ઘણી જ દૂર ચાલી ગઈ હોઈશ. મમ્મી મેં મારી સાથે ભણતા અનિરુદ્ધ સાથે સિવિલ મેરેજ કરી લીધાં છે. તે ખૂબ ધનવાન છે માટે મારી ચિંતા કરીશ નહિ."

તારી "રોઝી."

કોઈએ ધારદાર તિક્ષ્ણ હથિયાર કાળજાની આરપાર ખૂંપાવી દીધું હોય તેવી તીવ્ર વેદના રશ્મિકાની છાતીમાં વ્યાપી ગઈ. તેના માતૃત્વથી છલકાતા મનમાં અનેક શંકા - કુશંકાઓ સવાલોના છેડે આવતા પ્રશ્નચિહ્નો બનીને વિચાર વમળમાં ધુમરાવા માંડી. તેના મનમાં ઉદ્ભવેલો આક્રોશ લાચારીને કારણે આંસુ બનીને તેની આંખમાં ધસી આવ્યો અને એ આંસુથી ઉભરાયેલ આંખોમાં રોઝીના બાળપણનો એકે એક દિવસ, એકે એક ક્ષણ તે યાદોની વણઝાર બનીને તરવરવા માંડ્યો. રોઝીના જન્મ સમયની દરેક ઘટના રશ્મિકાને એક પછી એક યાદ આવવા માંડી. જ્યારે રોઝી તેના પેટમાં આકાર લઈ રહી હતી. ત્યારે જ લેડી ડૉ. જણાવેલું કે કદાચ તેનો જન્મ કુદરતી રીતે ન થાય તેમ લાગે છે ને તેથી હવે સીઝેરિયન કર્યા સિવાયછૂટકો નથી. ત્યારે જન્મેલો ભય, બાળકીના મરી જવાનો ડર, તેણે વેઠેલી વેદના અને માનસિક વ્યથા. તેણે ઉઠાવેલ જોખમ. એ સર્વ રશ્મિકાની આંખો આગળ રમવા માંડ્યું. રોઝીના જન્મ પછી ડૉ. જણાવેલું કે રશ્મિકા પ્રાઈમરી ફિટરીલીટીનો ભોગ બની હોવાથી તેમ જ ડી.એન.સી.નું ઓપરેશન પણ શક્ય ન હોવાથી ફરી ક્યારેય માતૃત્વ ધારણ નહીં કરી શકે. પણ રોઝીના જન્મથી પ્રાપ્ત થયેલા માતૃપદના આનંદમાં આ ગંભીર બાબત ક્યાંય દબાઈ ગઈ. ત્યાર પછી તો રોઝીના જીવનનો એક એક દિવસ રશ્મિકાના જીવનમાં મેઘધનુષ્યના

રંગો પૂરતો ગયો. માતૃત્વની લાગણીથી તરબોળ રશ્મિકાને મન આ દુનિયાનું જાણે અસ્તિત્વ જ નહોતું. હવે તેની દુનિયા બસ રોઝી સુધી જ વ્યાપ્ત થઈ ગઈ હતી. અરે ! તે રોઝીમાં એટલી ગળાડૂબ ડૂબી ગઈ કે સતિષને પણ ઘણીવાર ફરિયાદ કરવી પડતી કે રોઝીમાં ખોવાયેલી રશ્મિકા હવે તેની પહેલા જેવી સંભાળ નથી લેતી. પણ રશ્મિકા સાંભળે તો ને ? તે તો જે સુખની જે આનંદની કલ્પના તેણે કરી હતી તેમાં ખોવાતી જતી હતી. હા તે બધું જ તેની સામે સાક્ષાત સત્ય બનીને ખડું હતું. સુંદર પતિ, નાની બાળકી, વૈભવી એશઆરામથી ભરેલી જિંદગી !! બસ !! જીવનમાં બીજું જોઈએ પણ શું ? પણ.... હા ક્યારેક રોઝી બિમાર પડતી અને પછી શરૂ થતી દોડધામ, ઉજાગરા અને રશ્મિકા ત્યારે કેવી અડધી અડધી થઈ જતી. તેને ત્યારે મનોમન એમ લાગતું કે આ કદાચ તેણે કરેલી ભૂલની શિક્ષા હશે. અને એ બાઈબલ પાસે દોડી જતી.

ટપ...ટપ...ટપ... તેની આંખોમાંથી આંસુ ટપકીને ચિઠ્ઠી પર પડ્યાં. ને ચલચિત્રના દશ્યની માફક રશ્મિકાના માનસપટ પર પડતાં ભૂતકાળના ચિત્રો ધૂંધળા બનીને તેની આંખમાં ધસી આવ્યાં. છાતીમાં વેદના આંસુનો દરિયો બનીને બહાર ધસી જવા મથતી હતી પણ હવે તે એક ઘૂટાયેલો ડૂમો બનીને તેના ગળામાં અટકી ગઈ હતી. આ અચાનક વાગેલા કારી ઘાથી બેખબર રશ્મિકા સ્તબ્ધ બની ગઈ હતી. તેને થયું કે રોઝીને તેના કુટુંબનો વિચાર ન આવ્યો ? તેના માતા-પિતાની ઈજ્જતનો તેણે લગારેય ખ્યાલ ન કર્યો ? શું તે અજાણી વ્યક્તિ પાસેથી તે તેમના પ્રેમથી કંઈક અધિક પામી હતી ? કે પછી તે માત્ર દેખા - દેખીમાં આવીને ભરેલું પગલું હતું ? કે પછી પ્રબળ વિજાતીય આકર્ષણ હતું ? કે... તે માત્ર પ્રેમવૃત્તિનું છીછરૂં પ્રદર્શન હતું ? કે ...પછી...રોઝી...રોઝી... ખરેખર...મેચ્યોર થઈ ગઈ હતી ? રશ્મિકાના મનમાં એક સાથે કેટલાક પ્રશ્નો ઘુમરાવા માંડ્યાં. રશ્મિકાને આ બધા પ્રશ્નોની સાથે સાથે પોતાનું

યૌવન પણ યાદ આવી ગયું. તેના હૈયામાં જાગેલા એ યૌવન સહજ સ્વપ્નોની યાદ તેને આવી વિષમ પરિસ્થિતિમાં પણ શરમાવી દીધી. રશ્મિકાને હજુ પણ એ સમજાતું ન હતું કે રોઝીને તેના વિજાતીય ઉભયપણે જાગેલું આકર્ષણ આટલું બધું તીવ્ર કેમ હતું કે તે તેમના સ્નેહની સાંકળને તોડીને પણ ચાલી નીકળી ? અરે ! સ્ત્રી સહજ લજ્જા અને શરમનેછોડીને આમ પોતાના જ લોકોના હૃદય સામે બગાવત કરી બેઠી ? તેને થયું કે રોઝીએ તેના આ સ્નેહસંબંધનો અણસાર સુદ્ધાં આવવા દીધો હોત તો...તો... આ ઘડી તેના જીવનમાં કદાપી ન આવત ! પણ...પણ...પછી રશ્મિકાના મોઢામાં અચાનક કડવાશ છવાઈ ગઈ. પોતાના જ કલેજાના ટુકડાએ, આંખના રતને તેમને સાવ અંધારામાં રાખી. આટલી હદે બનાવટની માયાજાળ રચી ને તેની લાગણીઓ સાથે છળકપટ રચ્યું અને તેના પ્રેમનો, તેની સ્નેહની સરવાણીનો ખૂબ જ નિષ્ઠુરતાથી છેદ ઉડાડી દીધો. એને શું યાદ કરવાની ?? એકાએક તેના હૃદયના ખૂણેખૂણામાં રોઝી પ્રત્યે હાડોહાડ ઘૃણા અને તિરસ્કાર વ્યાપી ગયો ને પછી કંઈક યાદ આવતા તે ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી.

તેને આફ્રિકાના જંગલીઓ જે બૂમરેંગ નામનું શસ્ત્ર વાપરેછે તે યાદ આવ્યું. (તે શસ્ત્રની એ ખાસિયત છે કે જો તે વાપરતા ન આવડે તો તે સાધન શિકારીને પાછું આવી નુકસાન પહોંચાડે છે.) આજે...આજે... તેને એ બૂમરેંગનો જાણે અનુભવ થઈ રહ્યો હતો. કેમ કે આજથી લગભગ ૨૦ વર્ષ પહેલાં તે પણ આવી જ રીતે પોતાના સ્નેહાળ માત પિતાને છોડીને તેના વિધર્મી પતિ સાથે ધનના મોહમાં અંધ બનીને ચાલી નીકળી હતી.

બહાર વાદળાં ઘેરાવા માંડ્યાં હતાં ને આકાશમાં વીજળી ચમકારા મારી રહી હતી. વાદળાનાં ગરજવાનો અવાજ વાતાવરણમાં ભયાનકતા ઉપજાવતો હતો. તે ફરી દોડીને મેજ પાસે ગઈ પવનના જોરદાર

બાઈબલનાં પાનાં ફરફરી રહ્યાં હતાં. રશ્મિકાએ આવેશમાં આવીને બાઈબલનાં પાનાંઓ પર પોતાનો હાથ મૂક્યો. પાનાં અટકી ગયાં. રશ્મિકાની નજર ત્યાં લખેલા શબ્દો પર પડી (ગલાતી ૬:૭) ને પછી તો બાકી રહેતી વેદના પણ ચોંધાર આંસુ બનીને તેની આંખમાંથી ટપકી પડી. બહાર તોફાન આવવાની શરૂઆત જણાતી હતી ને વાદળાંના ગડગડાટમાંથી જાણે કે અવાજ નીકળતો હતો. બૂમરેંગ ... બૂમરેંગ...બૂમરેંગ.

●●●

## રોંગ નંબર

*માઈકલભાઈ ક્રિશ્ચિયન, મણિનગર*

**શબનમ :**

શાયર નીચે બેઠેલા રવિની નજર સમક્ષ એ નામની યાદ સાથે જ ઝાકળની તાજગીભર્યો એક ખૂબસૂરત ચહેરો મોહક સ્મિત વેરતો ઊભો થઈ ગયો. શબનમના શરબતી ગાલોના ખંજનમાં કેટલાક બેહોશ બની ડૂબી જતા અને તેની કજરારી આંખોના તીર જે તરફ સંધાતા ત્યાં મદહોશીના જાપ રેલાતા. બેનમૂન સૌન્દર્યની માલકિન શબનમ રવિની ઓફિસમાં સહકાર્યકર્તા હતી. તમામ સ્ટાફ સુંદરતાની એ સામ્રાજ્ઞીની સાથે માત્ર વાત કરવા પણ તડપી રહેતા. ઉંમરલાયક પુરુષો પણ તેની કંપની માણવાનો મોહ છોડી શકતા નહિ. એ એક એવી શમા હતી જે પર ફના થવાને પતંગિયા પડાપડી તો કરતા પરંતુ એણે ક્યાંય મચક આપી નથી. તે જાણતી હતી કે આ ભ્રમરોની પ્યાસ શી છે. તેણે સિફતથી પોતાની ફરતે એક કવચ રચી દીધું હતું જેને ભેદવાને કેટલાય દાવપેચ નાકામિયાબ રહ્યા હતા.

રવિ તેની બાજુના જ ટેબલ પર બેસતો હતો. પણ રવિને શબનમની સુંદરતા સાથે જાણે કશો સંબંધ જ ન હતો. જરૂર પડે શબનમ સાથે વાત તો કરતો પરંતુ પછી પોતાના કામમાં ખોવાઈ જતો અથવા ફૂરસદના સમયમાં તેની પાસેના પુસ્તકના પાનાંઓમાં એવી ડૂબકી મારી દેતો કે તેને માટે આસપાસની દુનિયાનું અસ્તિત્વ જ વિલાઈ જતું હતું. પુરુષોની નજરોની પારખુ શબનમે રવિની આ બેતમાં દૃષ્ટિમાં કોઈ એવો સાગર

નિહાળી લીધો હતો કે તેની અંદરથી કાંઈક તેમાં ડૂબી જવા તડપી ઊભું હતું. પરિણામે રવિ જેટલો નિરાલો રહેતો હતો તેટલી જ શબનમ તેના પ્રત્યે વધુ ને વધુ આકર્ષાતી જતી હતી. પ્રસંગો ઝડપી લઈને તે તેની વધુ નિકટ જવાના પ્રયત્ન કરતી રહેતી.

પોટીફારની પત્નીની હરકતોથી સાવધ યૂસફ ઈશ્વરની બીકને લીધે તેનાથી દૂર રહેતો હશે, તે જ પ્રમાણે રવિ પણ શબનમના ઈરાદાને સમજીને તેનાથી દૂર રહી પોતાની પ્રિય પત્ની મીનાની આસપાસ પોતાના વિચારોને સાંકળતો રહેતો હતો.

મીનાનું નામ સ્મરણ પર આવતાં જ રવિના મન સમક્ષ એક બીજો ચહેરો આવી ઊભો. ખૂબસૂરત પણ શકથી ભરપૂર. તેની અપેક્ષાઓ એટલી વિશાળ રહેતી કે જરા પણ ઉણપ તે સાંખી શકતી નહિ. પરિણામ એ રહેતું કે તેના હોઠ ખુલતા ત્યારે એમની સુગંધ ફેલાવાને બદલે તેમાંથી કટાક્ષ, વ્યંગ અને આક્ષેપોના તીર રવિના ઋજુ હૃદયને વીંધી નાંખતા. તમાશો થવાની બીકે રવિના હોઠ ખામોશી પકડી લેતા, પણ દૈહિક મન વિદ્રોહ કરી ઊઠતું. જો કે મીનાને તો તેમાં પોતાનો વિજય દેખાતો. તે પોતાને રવિ કરતાં વધુ હોંશિયાર સમજીને હંમેશા તેની પર પોતાનો રોફ જમાવવા પ્રયત્ન કરતી રહેતી. પરંતુ બિચારીને ખબર ન હતી કે તે ઈશ્વરના વચન એફેસી ૫ : ૨૨ અને કોલોસી ૩ : ૧૮ નું ઉલ્લંઘન કરી રહી હતી. પતિને આધીન રહી તેના પ્રેમને જીતવાને બદલે તેના પર રાજ ચલાવવાના પ્રયત્નમાં તે પતિના પ્રેમને ખોઈ રહી હતી એટલું જ નહિ પરંતુ તે પોતાના પતિને અન્ય તરફ જાણે હાથ પકડીને ધકેલી રહી હતી.

મીનાના સતત ઉપેક્ષા અને શબનમના નિત્ય આમંત્રણને કારણે મૂંઝાતા રવિએ હવે ઈશ્વરના વચનનું મનન છોડી દીધું હતું. સતત કંકાસ તથા ઘર્ષણે કૌટુંબિક પ્રાર્થનાની વેદીને ભિન્ન કરી નાંખી હતી. આજે રવિએ ગલત દિશામાં પગલું ભરવાનો નિર્ણય કરી લીધો હતો. શબનમના

આમંત્રણને તેણે સ્વીકારી લીધું હતું. તેના ઘેર જવાનો કાર્યક્રમ રવિએ માન્ય રાખ્યો હતો અને શાવર નીચે શરીર પરના મેલની સાથે સાથે મીના પ્રત્યેની વફાદારીના વિચારને પણ જાણે રવિએ ધોઈ નાંખ્યો હતો. નવાં કપડાં પરિધાન કરતાં તે વિચારતો હતો હવે તે સમાજની સમક્ષ એક નવા જ સ્વરૂપે ઊભો રહેશે. તેની આંખો બેશરમીની ચમક હતી. તેના ગળામાં અક્કડતાની ટાઈ હતી. ચહેરા પર ધૃષ્ટતાનું સ્પ્રે છંટાયું હતું. તૈયાર થયેલો રવિ માથામાં કાંસકી ફેરવી રહ્યો હતો ત્યારે જ ડોર બેલ રણકી.

ડીંગ ડોંગ...ડીંગ ડોંગ... ડીંગ ડોંગ...

ચહેરા પર પ્રશ્નાર્થ પાથરી રવિએ દ્વાર ખોલ્યું તો તેણે પાળક સાહેબને તેમના સદૈવના નિર્મળ સ્મિત સાથે ઉભેલા જોયા. હૃદયમાં ઊમટી આવેલા કંટાળાના ભાવને સ્મિતના પડદા તળે ઢાંકી દેતા રવિએ પાળક સાહેબને આવકાર્યા.

"રવિભાઈ, તમે તૈયાર થયેલા છો તે જોઈને આનંદ થયો. આજે તમારે મારી સાથે એક મુલાકાતે આવવાનું છે." પછી સાહેબે તરત જ વાત શરૂ કરી.

"પણ સાહેબ, આજે મારે એક અગત્યના કામે બહાર જવાનું છે. શું આપણે ફરી કોઈવાર મુલાકાત માટે ન જઈ શકીએ ?" પોતાની ચાલ ગોઠવવા માંડી.

"રવિભાઈ, છેલ્લા કેટલાક સમયથી હું આ મુલાકાત માટે પ્રાર્થના કરતો હતો અને પ્રભુએ મને આજનો સમય તથા તમારી સાથે તે મુલાકાત કરવાનું બતાવ્યું છે અને તમે તો જાણો છો જ, જે આપણે માણસો કરતાં પ્રભુનું પહેલાં માનવું જોઈએ."

પાળક સાહેબની રજૂઆત સામે કોઈ દલીલ ન મળતાં રવિએ બીજી દિશા શોધવાનો પ્રયત્ન કરવા માંડ્યો કેમ કે તે કોઈપણ રીતે તેમને ટાળીને શબનમને મળવા ચાહતો હતો.

"તમારી વાત સાચી છે સાહેબ, પણ આપણે કોને મળવાનું છે તે તો કહો."

"રવિભાઈ, આજે રજાનો દિવસછે માટે હું માનુંછું કે સેમસનભાઈ ઘેર જ હશે." પાળક સાહેબે પ્રયોજન જણાવતા કહ્યું.

સેમસનભાઈને રવિ જાણતો હતો. વ્યભિચારને કારણે તેમનું પતન થયું હતું. મંડળીની સંગત તેમણે મૂકી દીધી હતી. તેમનો આડો સંબંધ જાહેર થઈ જવાને કારણે તેમનું ઘર ઝગડાને કારણે શેતાનનો અખાડો બની ગયું હતું. સેમસનભાઈ હવે પોતાનો સમય પ્રભુના ઘરને બદલે શરાબના અડ્ડા પર વેડફી રહ્યા હતા. દેખીતી રીતે જ પાળક સાહેબ મુલાકાત દ્વારા સેમસનભાઈને સાચા માર્ગે લાવવા ચાહતા હતા. પરંતુ પોતાના હૃદયમાં ઊગી નીકળેલી પાપની જડને કારણે આજે રવિને સેમસનભાઈનો પક્ષ લેવાનું મન થયું.

"પાળક સાહેબ, સેમસનભાઈની પરિસ્થિતિ વિષે મને પણ દુઃખ છે. પરંતુ તેમાં તેમનો કશો વાંક નથી." રવિની વાત સાંભળતાં જ પાળક સાહેબના ચહેરા પર આશ્ચર્ય ફેલાયું.

"હા સાહેબ, સેમસનભાઈ મારા મિત્ર છે તેમની જે બાજુ વિષે મંડળીને જાણ નથી તે હું જાણું છું. સચ્ચાઈ તો એ છે સાહેબ કે તેમની આવી પરિસ્થિતિ માટે મૂળ જવાબદાર તો તેમનાં પત્ની જ છે."

"એમ ? એ કેવી રીતે ?" પાળક સાહેબે પૂછયું.

"૧ કોરીંથી ૭ : ૨-૩ કલમ પ્રમાણે અને ઈશ્વરે આપેલી ભૂખને સંતોષવા માટે કોઈ પણ કારણસર સેમસનભાઈની પત્નીએ તેમને સહકાર આપ્યો નથી, તેથી અતૃપ્તિએ સેમસનભાઈને બીજે વાળી દીધા જેમ ઘરમાં રસોઈ ન થાય તો માણસ બહાર નાસ્તો કરે છે તેમ જ. તમે જ કહો સેમસનભાઈ બીજું શું કરે ?

"રવિભાઈ, સેમસનભાઈની પત્નીએ તમારા દર્શાવેલ વચન પ્રમાણે ઈશ્વરના વચનને માન્યું નથી તે ખરું પણ તેનો જવાબ તો તેણે પોતે પ્રભુને આપવાનો રહે છે. તેથી સેમસનભાઈને ઈશ્વરની આજ્ઞા "વ્યભિચાર ન કર" ને તોડવાનો હક્ક મળતો નથી. વ્યભિચાર જૂના કરારના સમયથી જ ઈશ્વરની દૃષ્ટિમાં નિંદ્ય તથા શિક્ષાપાત્ર રહ્યો છે. તેમ પતિ - પત્નીના શારીરિક અધિકારના જે વચનો ટાંક્યા તેના પહેલાં જ એટલે ૧ કોરથી ૬ : ૧૮માં ઈશ્વરનું વચન ખૂબ જ સ્પષ્ટ ચેતવણી આપે છે. "વ્યભિચારથી નાસો. માણસ જે કાંઈ બીજા પાપ કરે તે તેના શરીરની બહાર છે પણ વ્યભિચારી પોતાના શરીરની વિરુધ્ધ પાપ કરે છે." એ પાપથી ખરડાયેલું શરીર પછી દેવને મહિમા આપી શકતું નથી અને એટલે જ પ્રકટીકરણનો લેખક બહુ સ્પષ્ટ રીતે જાહેર કરે છે કે વ્યભિચારીઓનો ભાગ અગ્નિ તથા ગંધકથી બળનારી ખાઈમાં છે જે બીજું મરણ છે. (પ્રકટી. ૨૧ : ૮)

"એસાવની શારીરિક ભૂખ તથા લાલ શાકની વાસનાએ તેને સદાકાળને માટે જ્યેષ્ઠ પુત્રપણાના હકથી વંચિત કરી દીધો તેમ જ શારીરિક સુખની પળ બે પળની વાસના સેમસનભાઈને ઈશ્વરના પુત્રપણાના અનંતકાળિક હકથી વંચિત ન કરી દે એવી પ્રભુની ઇચ્છા છે. વ્યભિચારી સંબંધોથી તેમને અલ્પ સુધી શારીરિક તૃપ્તિ મળી શકેછે અથવા તો તેમની પત્નીની આડાઈ સામે બદલો લીધાનો સંતોષ મળી જશે પણ તેની સામે તેમને થનાર અનંતકાળિક નુકસાનનો હિસાબ માંડો, તમને સમજાઈ જશે કે શા માટે પ્રભુએ સેમસનભાઈની મુલાકાતનો મને આજે જ બોજ આપ્યો છે. કદાચ આવતી કાલે હું કે તમે ન હોઈએ. કદાચ આજે રાત્રે જ પ્રભુ ન્યાય કરવાને માટે આવી જાય અને પ્રભુ આ તકનો હિસાબ મારી - તમારી પાસે માંગે તો આપણી પાસે શો ઉત્તર હશે?"

"હજી તક છે ત્યાં સુધીમાં સેમસનભાઈને પોતાની ભૂલ સમજાય, પશ્ચાત્તાપ કરે..."

પાદરી સાહેબ ઘણા બોજ સાથે બોલતા જતા હતા. રવિને થતું હતું કે તે સેમસનભાઈના જીવનને બચાવવા નહિ પણ તેને જ એક ભયંકર અપરાધમાંથી બચાવવા શિખામણ-બોધ દઈ રહ્યા છે. પત્નીનો દ્રોહ કરીને શબનમની સોડમાં જવાથી તેને શું મળવાનું હતું ? તેની સમક્ષ ચિત્ર સ્પષ્ટ હતું. યોગ્ય સમયે જ પાદરી સાહેબને યોગ્ય બોજ લઈને પ્રભુએ જ મોકલ્યા હતા. ઈશ્વરનાં વચનોની ધારદાર તલવારે તેના હૃદયમાં ફૂટી નીકળેલ પાપની જડને મૂળ સમેત છેદી કાઢી હતી. પશ્ચાત્તાપનાં અશ્રુ તેની આંખોની કોરને ભીની કરી રહ્યા હતા.

ટ્રીન...ટ્રીન...ટ્રીન...ટ્રીન...

રવિ સમજી ગયો. અધીર શબનમના આમંત્રણના ફોનની એ ઘટંડી વાગી. એક દૃઢ નિર્ણય સાથે તે ઊભો થયો અને ફોન ઊઠાવી એક જ શબ્દ બોલી તેણે ફોન મૂકી દીધો.

"રોંગ નંબર !"

પાદરી સાહેબે પૂછ્યું, "પ્રાર્થના કરીશું" ત્યારે રવિના ઘૂંટણો તરત જ નમી પડ્યાં હતાં.

●●●

# સૂરમંદિર

**શ્રી સુધીર એમ. સીઓની**

અમદાવાદના પશ્ચિમ કિનારે આવેલા જોધપૂરના ટેકરા પરથી સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં હતો. અસ્તાચલ ભણી ગતિ કરી રહેલાં સૂર્યનાં કિરણો પશ્ચિમાકાશને અનેક રંગોથી રંગી રહ્યાં હતાં. એ બધું જોતાં જોતાં મારે જે જગ્યા શોધવી હતી તે મને મળી ગઇ. રાજપથ કલબ.

રાજપથ કલબ, મારો મિત્ર સમીર આજે સંગીતના રાજપથ પર એક કદમ મૂકીને આગળ વધવાનો હતો. હું તો એકલો હતો, સમીર એના પ્રશંસક અને મિત્રોથી ઘેરાયેલો હતો, મારી નજર સમીરને શોધતી હતી, પણ તે નજરે ચઢતો ન હતો. એનો જલસો શરૂ થાય તે પહેલાં તેને અભિનંદવાની મારી આકાંક્ષા પૂર્ણ ન થતાં નિરાશ થઇને મારી જગા પર જઇને બેસી ગયો. સમીરની સ્ટેજ પર આવવાની રાહ જોતાં જોતાં...

સુસ્પષ્ટ અને ઘેરા અવાજે રંગમંચ પર સમીરના આવવાની જાહેરાત કરી અને કોઇ અનુભવી કલાકારની અનુભવી આંગળીઓ સીતારના ક્રમબધ્ધ તારને માઇક્રોફોન આગળ જાણે કે રમાડવા માંડી ! સીતારના સૂર વાતાવરણને રંગમંચ પર જાણે કે એકત્ર કરતા હતા !

સમીરના આગ્રહને વશ થઇને આવેલો હું તો ફક્ત સમીરના જીવનની એ ધન્ય ઘડીને માણવા જ આતુર હતો. ત્યાં મારા જેવું કોઇ જ ન હતું. બધા જુદા જુદા અને ખોવાઇ ગયેલા લાગતા હતા ! અને સમીરે રંગમંચ પર આગમન કીધું.

આજુબાજુ જોઇને નમસ્કાર કરીને એક કલાકારની અદાથી બેઠક

લઇને હારમોનિયમની સૂરમાળામાં તેણે પોતાની આંગળીઓ ફેરવવી શરૂ કરી.

....અને એક પછી એક ગઝલોના દોર શરૂ થયા. સાથે સીતાર, મૃદંગ અને વાયોલીનના સૂરોની સરવાણી સમીરના સૂર સાથે સૂર મીલાવીને શ્રોતાજનોને મુગ્ધ કરી રહી હતી ! સમીરના કંઠ પર લોકો આદાબ પોકારતા હતા.

છેલ્લે એણે ગાયું :

દુનિયા જીસે કહેતે હૈં, જાદુકા ખિલોના હૈં,
મિલ જાયે તો મીટ્ટી ખો જાયે તો સોના હૈ !

ગઝલના શેરમાં રહેલો વિરોધાભાસ સાંભળીને લોકો વાહ, વાહ, પોકારી ઊઠયા, અને સમીરે નતમસ્તકે પ્રણામ કર્યા, અને પડદો પડી ગયો !

કંઇ કેટલીયવાર પછી પ્રશંસકોની ભીડ ઓછી થતાં મારા મિત્રને હું મળવા ગયો. મિત્રભાવે હું તેને ભેટી પડયો... પણ ત્યાર પછી મારી આંખમાંથી ખરતાં આંસુ જોઇને સમીર સ્તબ્ધ બની ગયો !

હા, એ દુનિયામાં હતો, ગઝલમાં હતો, સંગીતમાં હતો. હું દુનિયામાં ન હતો, ઇસુ ખ્રિસ્તમાં હતો, આરાધનામાં હતો, સંગીતના એક સરખા રસે અમને હજુ મિત્રતાથી બાંધી રાખ્યા હતા. એ પોતાના અને બીજાના માટે ગાતો હતો હું પ્રભુના માટે ગાતો હતો.

મારી આંખના ખરતાં ઊનાં આંસુ જોઇને કદાચ તેનું હૃદય દ્રવી ઊઠયું હશે. એ મને જાણતો હતો. હુ વ્યસની, દારૂડિયો, વ્યભિચારી ગાયક હતો પહેલાં પ્રભુ ઇસુ પાસે ગયા પછી મારું બદલાયેલું જીવન તે જાણતો હતો. અમે લગભગ રોજ મળતા હતા. ઘણીવાર સાથે ખાતા, પીતા, વાતો કરતા ગીત પણ ગાતા- સાથે હોઇએ ત્યારે તો ઇશ્વરસ્તુતિનાં જ !

પણ સમીર હજુ એ બધાથી મુક્ત થઇ શક્યો ન હતો. તે દિવસે રાજપથ ક્લબમાંથી મારા ખભાનો ટેકો આપીને હું તેને ઘેર મૂકી આવેલો. ત્યારે તેની માતા મારી સામે અનિમેષ નયને જોઇ રહ્યાં હતાં !

અને એક દિવસ ફરી અમે મળ્યા, તે દિવસે ગાયેલી ગઝલ હજુ મને યાદ હતી ! કદાચ સમીરે એ ગાયું પણ તેનો અર્થ તે સમજ્યાં વગર ગાતો હતો !

"સમીર, પેલી ગઝલની ધ્રુવપંક્તિ કઈ હતી યાદ છે ?" "દુનિયા જીસે કહતે હે, જાદુકા ખિલૌના હે, મિલ જાય તો મીટ્ટી, ખો જાયે તો સોના હે."

"આ ધ્રુવપંક્તિની મતલબ તારા જીવન માટે તેં કદી સમજવાનો પ્રયત્ન કર્યો ખરો ?"

"મિલ જાય તો માટ્ટી, ખો જાયે તો સોના હે."

"તને એવું નથી લાગતું કે દુનિયાની બધી બાબતો જે ક્ષણભંગુર અને નકામી છે, તેને માટે વ્યર્થ પ્રયત્નો કડવાસ અને તે નાશકારક બાબતોને પોતાના હાથમાં લઈને માટીનું રમકડું જેમ ક્ષણવારમાં તૂટી જઈ શકે છે તેવા અનુભવમાં જવાથી શું પ્રાપ્ત થાય ?"

"અનુપ, તારો પ્રશ્ન મારા માટે બહુ વેધક છે, યાર."

"સમીર, આ દુનિયામાં શું છે માત્ર ? અશાંતિ, અજંપો, ક્ષણપૂરતું મનોરંજન, પ્રેમપ્યાસ અને ક્ષણિક આનંદ જ માત્ર ? તારી વાહ, વાહના પડઘા સમય પર અને તારા હૃદયમાં જુદા જુદા નથી પડતા ?"

"અનુપ, તારો આ પ્રશ્ન મારા અંતરાત્માને મૂંઝવી રહ્યો છે."

" તો સમીર, દુનિયા એ માત્ર અશાંતિ, અજંપો, ક્ષણિક મનોરંજન, અને ક્ષણિક ક્ષુધાતૃષાનું જ જો બંડલ હોય તો.... અને તારી કલાથી ન

તને કે સાંભળનારના દિલને સંતોષ થતો હોય અને તેમને કે તને કાયમ અસુખ મળી રહેતું હોય તો...

"સમીર, રંગમંચની વાહવાહના પડઘા હૃદયમાં કોઈક ઓર રીતે જ વાગે છે, નહીં ?"

"હા, અનુપ, તારું જીવન જોઈને મને થાય છે કે આપણે એક જ દુનિયામાં જીવીએછીએછતાં તું આટલો આનંદી અને હું અતૃપ્ત કેમ ? તું આટલો સંતોષી અને હું અસંતોષી કેમ ? તારા સીમિત ગાયનક્ષેત્રમાં તને જે પ્રાપ્ત થાય છે એ મને કેમ પ્રાપ્ત થતું નથી ? મારા આટલા ચાહકો હોવાછતાં હજુય હૃદયને આ શેની ઝંખનાછે ? અનુપ, મારા ભાઈ, મારા આ પ્રશ્નોના ઉત્તર શો હોઈ શકે ?"

"ઉત્તરછે, તારા તાલંતનો યોગ્ય ઉપયોગ કરવામાં નક્કી કર અને પરમદિવસે હું એક સુવાર્તિક શિબિરમાં જઉં છું. તેમાં તું મારી સાથે ચાલ."

"એક શરતે આવું."

"કઈ શરત ?"

"તારે મારી સાથે જ રહેવાનું ?"

"મંજૂર છે."

અને ત્રીજા દિવસની એ રાત્રે સમીર હારમો-નિયમ પર આંગળીઓ ફેરવતાં ગીત ગાઈ રહ્યો હતો;

'બોજ સબકે ગુનાહકા ઊઠાકર, વો લીયે જા રહા હૈ !'

સમીરના ગીત પછી સંદેશવાહકે સંદેશો આપ્યો : "તારી યુવાવસ્થાના દિવસોમાં તારા સરજનહારનું સ્મરણ કર !" અને સંદેશાનું અંતિમ ઉદાહરણ સમીરના કર્ણપટો પર અથડાયું :

- એક વખત એક વાયોલીનીસ્ટ મુસાફરી કરતાં જંગલમાં ભૂલો

પડયો, રાત પડી, અંધારું થયું, બીક લાગી, હિંસક પ્રાણીઓનો ભય સતાવવા લાગ્યો. દૂર દૂર ચારે બાજુ દ્રષ્ટિ કરી. એવામાં દૂર કોઈક આછો પ્રકાશ દેખાયો, ધારીધારીને જોયું તો એ જ્યોત ફરકી રહી હતી. આશાનો સંચાર થતાં તે દિશામાં ચાલતાં ચાલતાં તે એક ઝૂંપડી પાસે આવીને ઊભો રહ્યો, બહાર પગરવનો ધ્વનિ સાંભળીને ત્યાં બેઠેલા વૃધ્ધ માણસે પૂછયું, કોણ હશે, આ અંધારી રાત્રિમાં બહાર ? જવાબ મળ્યો - માર્ગ ભૂલી ગયેલો એક મુસાફર. સ્નેહથી આવકાર મળ્યો. થોડુંક રોટલી અને શાક ખાવા મળ્યાં, તે ખાધું. સૂવાનો સમય થયો. ત્યારે પેલા વૃધ્ધે કહ્યું કે સૂતાં પહેલાં વાયોલીન વગાડીને સૂઈ જવાનો મારો નિયમછે ! પેલા મુસાફરને આશ્ચર્ય થયું. તેણે પેલા વૃધ્ધને વગાડવા દીધું. વૃધ્ધના વાયોલીનના તાર ઢીલા પડી ગયા હતા, સૂર મેળાપ માટે તાર ખેંચ્યા ન હતા અને કંઈક બેસૂર અવાજ આવી રહ્યો હતો. તેના વાયોલીનમાંથી તેનું વાદ્ય પૂરું થતાં મુસાફરે કહ્યું. તમારું વાયોલીન મને આપો, હું તે વગાડીશ. વૃધ્ધને અચરત થયું. મુસાફરે વાયોલીન લીધું. સ્વચ્છ કર્યું. તાર બરાબર આંગળીથી કસી જોયા. તારને વળ ચઢાવીને યોગ્ય રીતે ખેંચીને સરખા કર્યા અને પછી વગાડયું આ ગીત.

"ઓ ખ્રિસ્ત તુજ સ્વર મધુર મુજને બોલાવે છે,
તે સુણી આવું શુધ્ધ થવા તુજ રકતની મારફતે."

પેલા વૃધ્ધની આંખોમાંથી ચોંધાર આંસુ સરી રહ્યાં.

સંદેશવાહકે કહ્યું-તમારું જીવનરૂપી વાયોલીન બેસુરું છે ? મહાન વાયોલીનીસ્ટ પ્રભુ ઈસુ ખ્રિસ્ત તેને પોતાના મધુર સ્વર આપીને સુરીલું બનાવવા તૈયાર છે, શું તમે તેને સોંપવા તૈયાર છો ?

સમીરની આંખોમાંથી દડ-દડ આંસુ પડતાં હતાં. સમીરે પોતાનું જીવન અને પોતાનું તાલંત પ્રભુ ઈસુને સમર્પિત કરી દીધું હતું. પોતે કરેલાં સર્વ અયોગ્ય ગમન અને ગર્વ વિશે તેણે પસ્તાવો કર્યો અને પ્રભુને જીવન સોંપી દીધું.

અને એક આહ્લાદક સંગતનો સમીરના જીવનમાં પ્રારંભ થયો- જીવંત ઈશ્વર સાથેની સંગત !

સમીરના કંઠમાંથી ઈશ્વરસ્તુતિનાં ગીતો ગવાવા લાગ્યાં. સમીરનું ગાયન હવે પ્રભુ ઈસુ ખ્રિસ્તના પ્રેમના વચનને વાતાવરણમાં ગજવી રહ્યું હતું. !

એ રાત્રે સમીરની સાક્ષી સાંભળતી વખતે મારી આંખોમાંથી ચોધાર આંસુ ટપકતાં હતાં અને તે સાથે હૃદયના આનંદમાં એ ખાતરી વધારો કરી આપતી હતી કે એ વખતે સ્વર્ગમાં પણ દૂતો આનંદથી ગીતો લલકારતા હતા !

એ રાત્રે સમીર મને મળ્યો. મેં તેને ધન્યવાદ આપતાં કહ્યું, ' દુનિયા- મીલ જાયે તો મીટ્ટી, ખો જાયે તો સોના.'

સમીરે સમજીને એવો જ પ્રત્યુત્તર મને વાળ્યો.

...થોડા દિવસ પછી નવા જન્મના અનુભવમાં આવેલ ખ્રિસ્તી જુવાન ભાઈ-બહેનો સમક્ષ ઈશ્વરના મહિમાર્થે સમીરે જે ગીત ગાયું તેના શબ્દો આ હતા :

"ગુનાહકી રાહ પે ફિરસે કભી જાયા ન કરો.

અંધેરોં પર કભી ભી તુમ ચકીં લાયા ન કરો.

...અને એ આખુંયે ગીત સાંભળતાં સાંભળતાં અનુપ ઈશ્વરની સ્તુતિ કરતો પોતાનાં અશ્રુબિંદુ દ્વારા પ્રભુને ધન્યવાદ આપતો રહ્યો !

અને ત્યારે સ્વર્ગના સૂરમંદિરમાં સમીરના આ સ્વાર્પણની નોંધ લેવાઈ ચૂકી હતી !

...આંતરરાષ્ટ્રીય યુવાવર્ષમાં પ્રભુને જેનો ખપ હતો તેવું આ સ્વાર્પણ બની રહ્યું !

●●●

# થોમાની આંગળી

*કાન્તિ જે. કોન્ટ્રાક્ટર, નડિયાદ*

નિયત સમયે શહેરના મશહૂર માનસ ચિકિત્સકની ઓફિસમાં પહોંચી સૂરભિએ ડૉક્ટરની સમક્ષ ફાઈલ મૂકતાં કહ્યું.

"ડૉક્ટર, આ ફાઈલમાં મારા પતિના તમામ ડૉક્ટરી રીપોર્ટ છે. બ્લડ, યુરીન, ટુલ્સ, એક્સ રે, સોનોગ્રાફી વખતોવખત નિષ્ણાત ડૉક્ટરો પાસે કરાવેલ છે તે તમામ રીપોર્ટ છે.

"ડૉક્ટર ફાઈલ હાથમાં લઈ એક બાજુ મૂકી બોલ્યા;

"ફાઈલનો અભ્યાસ હું પછીથી શાંતિથી કરીશ. પહેલાં મને તમારા પતિ વિશ્વનાથ તથા તમારા સંબંધી તમામ હકીકત સવિસ્તર કહો."

"સુરભિએ ગળું જરા સાફ કરી જણાવ્યું,

"ડોક્ટર, અમારાં લગ્ન થયે દસેક વર્ષ થયાં છે. અમારે બે સુંદર, તંદુરસ્ત અને પ્રેમાળ બાળકો છે. મારા પતિ શહેરના મશહુર આર્કિટેક્ટ છે. સારું કમાય છે.. અમારું પોતાનું ઘર છે. કાર તેમ જ લગભગ બધાં જ ઘરવખરી સાધનોછે. અમને અમારા જીવનમાં ક્યારેય કશી ઉણપ જણાઈ નથી. મારા પતિ સ્વભાવે જરા ગંભીર તથા ઓછાબોલા છે. પરંતુ તે વાતનું મને ક્યારેય મનદુઃખ થયું નથી. અમારું દાંપત્યજીવન સતત સરળ વહી જતી સરિતા જેવું છે. અમે બેઉ લગ્ન પછી થોડા જ સમયમાં માતપિતા વિહોણાં બની ગયાં હતાં. અમને એક નાની બહેન છે જે તેના પતિ તથા બાળકો સાથે અમેરિકા રહે છે. એ લોકો જ્યારે જ્યારે ભારત આવે છે

ત્યારે અમે બધાં જ ખૂબ આનંદથી હળીમળીને રહીએ છીએ. મારે એક મોટો ભાઈછે પણ પરણ્યા પછી તેની પત્નીને લીધે સાવ અતડો થઈ ગયો છે, પણ તેનું મને કે મારા પતિને કાંઈ દુઃખ જેવું નથી."

સુરભિ બોલતાં અટકી કે તરત જ ડૉક્ટરે સવાલ કર્યો.

"તો તમારા પતિને તકલીફ શી છે ?"

"મારા પતિ છેલ્લા લગભગ દસેક માસથી વધારે પડતા ગંભીર થઈ ગયાછે. તમે એમની ફાઈલ જોશો તો સ્પષ્ટ જણાશે કે એમના નખમાં પણ રોગ નથી. છતાં એમનું શરીર આ ગાળા દરમિયાન સતત ગળાતું જાય છે. જ્યારે જ્યારે તેમનું વજન કરવામાં આવે છે ત્યારે તે ઘટતું જ હોય છે. છેલ્લા દસેક માસમાં તેમનું વજન દસેક કિલો ઘટી ગયું છે. મેં વારંવાર એમના મનની મુંઝવણ તથા બેચેની જાણવા પ્રયત્ન કર્યો છે પણ એ હંમેશા કૃત્રિમ હસીને વાત ઉડાવી દે છે. એમના મુખ પરની પ્રસન્નતા લુપ્તં થઈ ગઈ છે. લાખ કોશિશ કરવા છતાં હું એમનું મન કળી શકતી નથી એ વાતનું મનેય દુઃખ છે."

"એમનો ધંધો કેવોક ચાલે છે ?" સૂરભિને અટકાવીને ડૉક્ટરે સવાલ કર્યો.

"ખૂબ જ સરસ. કામનો ખૂબ બોજ રહેછે પણ કામથી કંટાળે એવા એ નથી. એમના ભાગીદાર સાથે પણ ખૂબ જ સુમેળભર્યો સંબંધછે. અમે બધાં એક જ કુટુંબનાં સભ્યો જેવાં છીએ."

"એમની ઓફિસમાં કોઈ લેડીઝ સ્ટાફ છે ?" ડૉક્ટરે ખુરશીમાં સહેજ ટટ્ટાર થતાં પૂછયું.

"ના."

"તો બહાર કોઈ લફરું હોય અને પરિસ્થિતિ એવી વણસી હોય કે જેને લીધે બ્લેકમેઈલીંગ થતું હોય !"ડૉક્ટરે આંખો સહેજ ઝીણી કરતાં પૂછયું.

"મારો પતિ નિખાલસ હૃદયનો છે. મેં હંમેશાં એમને પત્નીનો પ્રેમ તથા હૂંફ તેમ જ માતાની મમતા આપી છે એટલે કોઈ બીજી સ્ત્રી સાથે સંબંધ હોય તે હું માનતી નથી." સૂરભિએ ભરાયેલ ગળાએ જવાબ આપ્યો.

"તો એમના મનમાં કોઈ ભય કે ડર હોય જે એમને સતત કોરી ખાતો હોય ! એક કર્નલ જેમને જવાંમર્દી તથા બહાદુરના ઘણા ચંદ્રકો મળેલા તે ઘરમાં એકાદ ગરોળી જોઈ એવા ભયભીત થઈ જતા કે ....એવો કોઈ ડર કે બીક !"

"ના...ના એવું કાંઈ જ નથી."

"હું માનું છું કે તમે સઘળી હકીકત સાચી કહી છે." એમ કહી ડૉકટર આંખો બંધ કરી કાંઈક વિચારવા લાગ્યા. એટલામાં ટેલિફોનની ઘંટડી વાગી. ડૉકટરે ટેલિફોન પર વાત કરી રીસીવર ગોઠવતાં એમના આસિસ્ટન્ટ તરફ જોઈ કહ્યું;

"તે જરૂરી બધી જ વિગતો ની નોંધ કરી છે ને ?"

પછી સૂરભિ સામે જોઈ બોલ્યા; તો આજે આટલી માહિતી બસ છે. તમારા પતિના બધા જ રિપોર્ટનો હું અભ્યાસ કરીશ. અત્યારે તો એટલું જ કહીશ કે એમના મનમાં કોઈ મૂંઝવણ છે, કોઈ માનસિક તણાવ છે."

પછી ટેબલના ખાનામાંથી ડાયરી કાઢી બોલ્યા;

"તો પરમ દિવસે સાંજના ચાર વાગે તમારા પતિ સાથે સીટીંગ ગોઠવું છું. જો તમારા પતિને અનુકૂળ ન હોય તો મને ફોનથી જણાવજો."

સૂરભિ જવા માટે ઊભી થઈ. ડૉકટરે એને થોભાવતાં કહ્યું.

"માફ કરજો, પણ માનસ ચિકિત્સક છું એટલે મારે અંગત સવાલ પણ કરવા પડે છે. તમારા પોતાના જીવનમાં લગ્ન પહેલાં કે પછી કોઈ એવો બનાવ બન્યો હોય જેના કારણે....."

"ના. ડૉક્ટર. અમે બચપણથી એકબીજાને ઓળખતાં હતાં. મારા પતિ અને મારા મોટાભાઈ મિત્રો હતાં. અમારું લગ્ન પ્રેમલગ્ન નહોતું પણ લગ્ન પછી અમે ખૂબ જ પ્રેમમાં પડયાં."

ડૉકટરે હસતાં હસતાં હાથ જોડી સૂરભિને વિદાય આપી.

સૂરભિ ઘેર આવી સોફામાં ઢગલો થઈ બેસી પડી. પતિના સાથી એન્જીનિયર અશોક સાથે એકવાર કરેલ ચર્ચા સિવાય બધી જ વાત ડૉકટરને કરી હતી. અશોક ઉંમરમાં તેનાથી નાનો હતો. એ ઘણીવાર ઘેર આવતો હતો. સૂરભિને એ દીદી કહતો હતો. વિશ્વનાથ કેટલાક સમય પર દિલ્હી કોન્ફરન્સમાં ગયો હતો ત્યારે અશોકને ઘેર બોલાવી ચર્ચા કરી હતી તે સૂરભિ વાગોળવા લાગી.

"જો અશોક તું મને ખરેખર દીદી માનતો હોય તો મારા સવાલના સાચા જવાબ આપજે. તારા બોસને કોઈ બીજી સ્ત્રી સાથે સંબંધ છે?"

"દીદી!"અશોકે સહેજ અણગમો પ્રદર્શિત કરતાં કહેલું;

"દીદી!તમને આવો વિચાર કેમ આવ્યો ! એ એમના ટેબલના ખાનામાં પણ તમારો જ ફોટો રાખે છે."

સૂરભિના ગળે ડૂમો ભરાયો. એણે સ્વસ્થ થઈ કહ્યું;

"જો અશોક એવું કાંઈ હોય તો વિના સંકોચ મને જણાવ એમનાથી કોઈ ભૂલ કે પાપ થયું હોય અને પેલી સ્ત્રી કે કોઈ બીજું એમને બ્લેકમેઈલ કરતું હોય જેના પરિણામે એમને માનસિક આઘાત લાગ્યો હોય અને જેથી એમનું શરીર કથળતું જતું હોય. હું સાચું કહુંછું હું એ બધું ભૂલી જઈ કોઈ માર્ગ કાઢવા પ્રયત્ન કરીશ જેથી એમની શારીરિક સુખાકારી પાછી આવે."

"દીદી! તમે મને નાનો ભાઈ ગણો છો, પછી બહેનના જીવનમાં કોઈ ઝંઝાવાત ઊભી થાય એ હું જોઈ શકું ખરો ! તમારા મનમાં આવો

વહેમ હોય તો કાઢી નાંખજો હું તથા બોસ ઓફિસમાં તેમ જ સાઈટ ઈન્સ્પેકશનમાં સાથે જ હોઈએ છીએ. મારા પર વિશ્વાસ રાખો એવું કાંઈ જ નથી.''

સૂરભિ તંદ્રામાંથી જાગતાં તેની નજર સામેની દીવાલ પરના ઘડિયાળ પર પડી. બાળકોને સ્કુલમાંથી આવવાનો સમય થયો હતો. એ શયનખંડમાં કપડાં બદલવા જતી રહી.

રાત્રે જમીને બાળકોને સૂવડાવી સૂરભિ પથારીમાં પડી. કેટલીકવાર પછી થોડી હિંમત એકઠી કરી એ બોલી;

"મેં તમને પૂછયા વિના એક પગલું ભર્યું છે. મેં આજે માનસચિકિત્સકની મુલાકાત લઈ પરમ દિવસે સાંજના ચાર વાગે તમારા માટે સીટીંગ ગોઠવ્યું છે.''

"સૂરભિ ! શું તને મારામાં ગાંડપણનાં લક્ષણ જણાય છે ! વિશ્વનાથે પથારીમાં બેઠાં થતાં પૂછયું.

"પણ તમારું તન સ્વસ્થ છે, કોઈ રોગ બિમારી નથી છતાં તમારું શરીર ઘસાતું.....''સૂરભિના ગળે ડૂમો ભરાતાં એ આગળ બોલી શકી નહિ.

"હું માનસ ચિકિત્સકની સારવાર લઉં છું એવું લોકો જાણશે તો બધે તરેહતરેહની વાતો થશે. આપણા તથા બાળકોના જીવનને ગંભીર અસર થશે. શહેરના અગ્રણી આર્કિટેક્ટના ધંધાને ધક્કો લાગશે, એનો વિચાર કર્યો છે ?''

કેટલીક પળો પછી વિશ્વનાથે ફરી કહ્યું;

"શું તને હવે સુખ સગવડમાં કોઈ ખામી દેખાય છે! બાળકો પ્રત્યેની ફરજ તથા તારા માટેના પ્રેમમાં ઓટ આવી છે એવું તને લાગે છે !''

"ના....ના. થરડાતા અવાજે સૂરભિ બોલી અને ઉમેર્યુ મૂંઝાતા

રહો છો, તમે મને કાંઈ જ કહેતા નથી એટલે તમારા પ્રેમમાં પહેલાંના જેવો આવેગ કે ઉત્કૃષ્ટતા હું અનુભવી શકતી નથી " બોલતાં બોલતાં સૂરભિ લગભગ રડી જ પડી.

બીજે દિવસે સૂરભિએ ફોન કરી દીધો કે એમને થોડો સમય બહારગામ જવાનું હોવાથી હમણાં સીટીંગ ગોઠવી શકાય તેમ નથી.

સાંજે વિશ્વનાથ ઘેર આવ્યો ત્યારે એના ચહેરા પર પહેલાંના જેવી પ્રસન્નતાની મલક જોઈ સૂરભિ આભી થઈ ગઈ. એનો જમણો હાથ કોટના ખિસ્સામાં હતો તે તરફ સૂરભિએ આંગળી ચીંધતાં પૂછ્યું;

"કાંઈ સરપ્રાઈઝ આપવાના છો કે શું ?"

"હા." કહેતાં જ વિશ્વનાથે ખિસ્સામાંથી હાથ બહાર કાઢ્યો.

પતિના હાથ પર બાંધેલો પાટો જોઈ સૂરભિ ચોંકી ગઈ.

જો ગભરાવાનું કોઈ કારણ નથી. બધી જ ટ્રીટમેન્ટ લઈ લીધી છે." મુખ પર આછા સ્મિત સાથે વિશ્વનાથે કહ્યું.

"પણ બન્યું કેવી રીતે !"

" એક જણને એના કારખાનાનો વિસ્તાર કરવો હતો એટલે એપોઈન્ટમેન્ટ મુજબ હું ત્યાં જઈ મકાન તથા મશીનરી વગેરેનું નિરીક્ષણ કરી તેની નોંધ અશોક પાસે કરાવતો હતો. અમે એક મશીન પાસે ઊભા હતા ત્યારે શી રીતે બન્યું તેની મને ખબર નથી પણ મારા આ જમણા હાથની પહેલી આંગળી કપાઈને દૂર પડી."

પછી અકસ્માત પ્રકરણ બંધ કરવાના હેતુથી વિશ્વનાથે કહ્યું;

"ચાલ સૂરભિ, કાંઈ ગરમાગરમ નાસ્તો ખવડાવ. આજે ખૂબ ભૂખ લાગી છે."

નાસ્તો બનાવતાં સૂરભિ વિચારવા લાગી કે એમનામાં કેવું પરિવર્તન

જણાય છે ! આંગલી કપાયાનું દુઃખ નથી ઊલટું ચહેરા પર પ્રસન્નતા દેખાય છે !

દસમા દિવસે છેલ્લો પાટો છોડી ડૉકટરે હવે ડ્રેસીંગ કરવાની જરૂર નથી એમ જણાવ્યું કે તરત જ વિશ્વનાથે જાતે ચાહીને ડૉકટરને વજન લેવા કહ્યું. વજન પંચાવન કિલો થયું.

"સાતસો ગ્રામ વધી ગયું!" આનંદ અને આશ્ચર્યથી સૂરભિ લગભગ બરાડી જ ઊઠી.

"તે રાત્રે બેઉ પથારીમાં પડયાં ત્યારે સૂરભિએ વહાલ કરતાં પૂછયું;

"તમારી આંગળી કપાઈ ગઈ છતાં તમારા મુખ પર પ્રસન્નતા હું જોઈ શકું છું. વળી તમારું વજન પણ હવે વધ્યું. એનું રહસ્ય મને નહિ કહો ?"

"કયારેક માનવીના મનના ઊંડાણમાં કોઈક વાત એવી સોંસરી ઊતરી જાય છે કે....." વિશ્વનાથે ટીપોઈ પરથી ગ્લાસ લઈ પાણી પીધું અને ઉમેર્યું;

"ગયા કષ્ટમય અઠવાડિયાની સભાઓમાં આપણે નિયમિત જતાં હતાં. એક રાત્રે થોમાના અલ્પવિશ્વાસનો વિષય હતો. પ્રભુની કૂંખમાં આંગળી ઘાલીને થોમાએ વિશ્વાસ કર્યો હતો એ વિષે ઉપદેશકનું સચોટ ભાષણ, તથા ભાષણ કરતાં વારંવાર હાથ લાંબો કરતા હતા ત્યારે મને એમ જ લાગતું કે એ મને સંબોધી રહ્યાછે અને ત્યારે એ વાત મારા મનમાં ઘર કરી ગઈ કે હું પ્રભુની કૂંખમાં વારંવાર આંગળી ઘાલી અને દુઃખ તથા પીડા આપી રહ્યો છું. એટલે જ્યારે જયારે લોકો હાઉસીંગ સોસાયટીના પ્લાન જોવા આવતા ત્યારે આ આંગળી પ્લાન પર ફેરવી હું તેને સમજાવતો ત્યારે મને થોમાની આંગળી યાદ આવી જતી અને મને આભાસ થતો કે હું પ્રભુની કૂંખમાં આંગળી ફેરવી ફેરવીને તેને ખૂબ જ પીડા આપી રહ્યો

છું અને ત્યારે મારું મન એટલું બધું વિહવળ બની જતું કે મને મારી જાત પર ઘૃણા થતી. મારી આંગળી પર મને તિરસ્કાર થતો અને હું પ્રભુનો અપરાધી છું એવું માનવા લાગ્યો. એ વાત હું જેમ જેમ ભૂલવા મથતો તેમ તેમ એ વધારે ને વધારે યાદ આવતી. પરિણામે હું હતાશાથી પીડાવા લાગ્યો જેની અસર મારા મનની સાથે શરીર પર થવા લાગી. મારી આંગળી કપાઈ ગઈ એ સાથે જ મારો અજંપો અને બધું જ દૂર થઈ ગયું. મારા મને તરત જ પ્રતિભાવ પણ આપ્યો કે થોમાની જેમ પ્રભુની કૂંખમાં આંગળી ઘાલી હવે તું પ્રભુને પીડા નહિ આપી શકે."

"તો પછી આટલી વાત મને પહેલાં કેમ ન કરી ? તમારી ચિંતામાં હું કેટલી તડપી છું તેની ખબર છે ?"

"પહેલાં કહ્યું હોત તો હું હસી કાઢત અને મને ખરેખર ગાંડો જ ગણત."

"તેં તમે વળી ડાહ્યા ક્યારે હતા ! સાવ પાગલ તો છો."એમ બોલી સૂરભિ વિશ્વનાથની નજીક સરી.

સવારે એ ઊઠી ત્યારે લાંબી લા વેરણ લાગતી રાત્રિ એને આજે સાવ ટૂંકી ટચ લાગી.

●●●

# "જીવન-પરિવર્તન"

*ભગવતપ્રસાદ ચૌહાણ, અમદાવાદ*

કાલ્પનિક નવલિકા

વિષાદભરી નહિ, પરંતુ આનંદભરી સંધ્યા ઢળતી હતી. સૌંદર્યવતી સ્ત્રીના મુખ ઉપર તલ કે ચાંદલો દીપી ઊઠે તેમ વ્યોમમાં ધીમે ધીમે રૂપેરી ભાત બનાવતા તારાઓ ઊગતા હતા. સાંજના સાતનો સમય હતો. ડિસેમ્બર મહિનાની ચોવીસમી તારીખ હતી. ઠંડી વધતી જતી હતી.

બેથલેહેમ એક નાનું ગામ. યુગો સુધી અમર રહેનાર રાજા દાઉદનું એ વતન. હાલ રોમન શહેનશાહે બધા પ્રદેશોની વસતિ-ગણતરી કરવાનો હુકમ બહાર પાડયો હોવાથી ગામની ધર્મશાળાઓ, સરાઈઓ, મકાનો, અરે ગભાણો પણ બહારથી આવનાર ગામના વતનીઓથી ભરાઈ ગયાં છે.

કાળી બુકાનીઓ બાંધીને બે બહારવટિયા જેવા દેખાતા માણસો દાઉદ રાજાના વખતમાં બંધાયેલા મનાતા અને અત્યારે પડી જવાની એક માત્ર આશાએ ઊભેલા કોટના બુઝુર્ગ દરવાજાઓમાંથી પસાર થતા હતા. દોઢી ઉપર ઊભેલો રોમન સિપાહી ગુંડા જેવી દેખાતી શકમંદ આ બે વ્યક્તિઓ તરફ અંધારામાં પણ તાકીને જોઈ રહ્યો. ગભરાયેલા શિકારને જોઈ લોહી પીવા તલસતી વનરાજીના જેવી ક્રૂર આંખો, જોનાર સામે જોતાં જ ગભરાય એવાં કરડાં દાઢીમૂછ અને અલમસ્ત પહાડી શરીરો તરફ એ જોઈ જ રહ્યો.

"કોણ છો ?" ચોકીદારે હાથમાંનો ભાલો સંભાળી પડકાર કર્યો.

જરા ચમકી આગળના બુકાનીદારે કહ્યું, "નામ નોંધાવવા આવેલા બે વતનદારો."

"આટલા બધા મોડા કેમ ?" વધુ આતુરતાથી ચોકીદારે પૂછયું.

પહેલાના જવાબ દેવામાં મોડું થતું જોઈ બીજાએ ઝડપથી કહ્યું, "ઠેઠ યરુશાલેમથી આવતા હોવાથી મોડું થયું છે."

અંધારું વધતું હતું, રસ્તાઓ ઉપરથી જતા આવતા માણસો ઓછા થતા જતા હતા, ગામ બહાર આવેલાં ખેતરોમાં કામ કરનાર ખેડૂતો ઝડપથી ગામમાં પાછા ફરતા હતા. માલિકને ઘેરથી નાસી છૂટેલું કોઈ રડયુંખડયું ઢોર પણ માલિકના ઘર તરફ પાછું વળતું હતું. ઘરોનાં બારીબારણાં બંધ થતાં હતાં. શૂન્કાર વધતો ગયો.

ઝડપથી આમતેમ ડાફેરાં મારીને પેલા બે બુકાનીદારો આગળ વધ્યા. ચોકીદારનો સંશય ચોક્કસ દૃઢ થઈ ગયો કે આ બે સામાન્ય માણસો નથી, પરંતુ સોનેરી ટોળીના કોઈ બે ઉસ્તાદ લાગેછે. એટલામાં પોતાના એક સાથીદાર મિત્રને ત્યાં આવેલો જોઈ, દોઢી સાચવવાનું કામ તેને સોંપી, પેલા શકમંદ માણસોની પાછળ ધીમે ધીમે તે ચાલતો થયો. આગળ જનારા કોઈ ગલીમાં ઝડપથી અદશ્ય થઈ ગયા. ચોકીદાર ત્યાં કોને પૂછી પણ શકે ?

ગામનાં સૌથી પૈસાદાર મનાતાં કુટુંબોની ત્યાં વસતિ હતી. તેમાંથી કોઈ એક ઘરમાં પેલા બે બદમાશો ઘૂસી ગયા હોવા જોઈએ. એમ ચોકીદારને લાગ્યું. તે એક દીવાલની ઓથે એવી રીતે ઊભો રહ્યો કે જેથી શેરીમાંથી બહાર નીકળનારને તે જોઈ શકે.

અડધો કલાક થયો. કલાક થયો. બે કલાક થયા. કોઈ બહાર આવ્યું નહિ. ચોકીદાર પણ ત્યાંથી ખસ્યો નહિ.

પરંતુ અચાનક તે ઊભો હતો. એની નજદીકના કોઈ ઘરમાંથી કોઈ સ્ત્રીની હૃદયભેદક ચીસ સંભળાઈ. ચોકીદાર દોડયો. ભૂલથી અધખૂલા રહી ગયેલા બારણામાંથી તે જોશથી અંદર ધસી ગયો. ત્યાં એણે શું જોયું ?

ઘરના જુવાન શ્રીમંત માલિકને કરપીણમાં કરપીણ રીતે મારી નાખવામાં આવ્યો હતો. તેનું ખૂન થયેલું હતું. એ હૃદયભેદક કરુણ દૃશ્ય જોઈ કઠોર હૃદયના એ ચોકીદારની આંખમાંથી આંસુની ધારા વહી રહી. પરંતુ વિચારકે લાગણી કરવાનો એ પ્રસંગ ન હતો. પથ્થર અને પથ્થર દિલ પિગળાવી દે તેવું છાતીફાટ રૂદન કરતી એ ઘરમાલિકની યુવાન સ્ત્રી, હવે તો વિધવાને પ્રશ્ન પૂછતાં તેણે જણાવ્યું કે "બુકાની બાંધેલા કોઈ બે અજાણ્યા બદમાશોએ પૈસાને ખાતર તેના પતિનું ખૂન કર્યું અને લૂંટ કરી પલાયન થઈ ગયા છે."

એક પણ પળનો વિલંબ કર્યા વગર ઘરની નીચી બારીમાંથી ચોકીદાર બહાર કૂદી પડયો. તરત જ તેણે કોઈના દોડવાનો અવાજ સાંભળ્યો. અજાણથી રસ્તો ભૂલી ગયેલા બદમાશો સાચા માર્ગે ઝડપથી નાસી રહ્યા હતા. કમર ઉપરની તલવારનો પટો ઢીલો કરી ઊઘાડી તલવાર હાથમાં પકડી "ઠેરો" "ખડે રહો"ના પડકાર સાથે ચોકીદાર તેઓની પાછળ પડયો. બદમાશો પણ સમજી ગયા કે કોઈ દુશ્મને તેમની પૂંઠ પકડી છે અને તેથી દોડવાની ઝડપ બેવડાવી તેઓ દોડવા લાગ્યા. કેટલીયે વાર સુધી શેરીઓમાં એ ત્રણ જણ વચ્ચેની સંતાકૂકડી ચાલુ રહી. છેવટે ગામ બહારના કોટ પાસે તેઓ આવી પહોંચ્યા. મરણીઓ બનેલો ચોકીદાર પાછળ ને પાછળ દોડતો હતો. બદમાશો પણ જીવ ઉપર આવી ગયા હતા. એક કૂદકા સાથે તૂટી ગયેલા કોટ ઉપરથી તેઓ નીચે કૂદી પડયા અને બહારના અંધારામાં

જાણે ઓગળી ગયા. ચોકીદાર પણ કૂદી પડ્યો પરંતુ હવે બદમાશોનો પીછો પકડવામાં સાર ન હતો. નિરાશ થઈ દુઃખિત હૃદયે અને લથડતા પગે ચોકીદાર પેલી સ્ત્રીના મુખ ઉપરની હૃદયભેદક કરુણતા યાદ કરતો અને આંસુ સારતો પાછો ફર્યો.

પુલકિત હૃદયે બદમાશો વેરાન સીમનો અને અંધારાનો ઉપકાર માનતા આગળ વધ્યા. તુરતમાં તો હવે બીક જેવું કંઈ હતું નહિ. છતાં પણ તેઓ સાવચેત હતા. હવે તેઓ ગામથી ઘણે દૂર આવેલાં ખેતરોમાં આવી પહોંચ્યા. ઠંડી વધતી હતી, તેથી દૂરના એક ખેતરમાં તાપણી સળગતી જોઈ તેઓ તે તરફ ગયા. એ ખેતરમાં ઘેટાંબકરાંનાં મોટાં ટોળાં સાચવતા ભરવાડો પડેલા હતા.

ઊંચા અને પડછંદ શરીરવાળા એ ભરવાડો છીંડા ઉપર ચોકી ભરી રહ્યા હતા. બે અજાણ્યા માણસોને આવતા જોઈ સદા ચપળ અને ક્રૂર એવા બે ડાઘિયા કૂતરા ભસી ઊઠ્યા.

"કોણ છો ? હાથમાંની ગોફણ ઢીલી કરી એક ભરવાડે પડકાર કર્યો."

"ઠંડીમાં આશરો શોધવા આવેલા બે માર્ગ ભૂલ્યા મુસાફરો." એક બદમાશે દેખીતી નમ્રતાથી કહ્યું. ભરવાડે ભસતા કૂતરાઓને શાંત પાડ્યા અને પેલા બેને આવવાની રજા આપી. તેઓ અંદર ગયા. અંદર સેંકડોની સંખ્યામાં ઘેટાંબકરાં પડેલાં હતાં. કોઈ બેઠાં હતાં, કોઈ ઊભાં હતાં.

એક તરફ તાપણી સળગાવી ભરવાડોનું એક મોટું ટોળું બેઠું હતું. કોઈ ગીત ગાતા હતા, કોઈ ચલમ ફૂંકતા હતા, તો કોઈ આકાશમાંનાં તારા અને નક્ષત્રો વિશે ઘરડાઓ પાસેથી શિક્ષણ મેળવતા હતા. પેલા બે પણ અંદર સામેલ થઈ ગયા. રાત વધતી હતી. ભરવાડો તો વાતો કરતા રહ્યા. પરંતુ પેલા બે અસહ્ય ઠંડીમાં અને દોડવાથી થાકેલા હોવાથી, તાપણી પાસે પાથરેલા પાથરણા ઉપર ઊંઘી ગયા.

કેટલી વાર સૂતા તેનું બેમાંથી એકેયને ભાન ના રહ્યું. પરંતુ એટલામાં સેંકડો સૂર્ય એક સાથે ઊગ્યા હોય તેવો પ્રકાશ પથરાઈ રહ્યો હોવાથી બંને આંખો ચોળતા એકદમ ઊભા થઈ ગયા.

જેની વડવાઓ પાસેથી રસિક અને અદ્‌ભુત વાતો સાંભળેલી, તેવો પ્રકાશમાં જાણે મઢેલો, જેની સુંદરતા શબ્દોમાં વર્ણવી શકાય નહિ એવો, એક દૂત આકાશમાં ઊભો હતો અને સાગરના ઘેરા ગર્જન જેવા અવાજમાં અને માના જેવી મીઠી ભાષામાં ગભરાતા ભરવાડોને કહેતો હતો કે "બીહો મા, જુઓ આજે તમારે માટે દાઊદના શહેરમાં એક તારનાર એટલે પ્રભુ ઈસુ ખ્રિસ્ત જન્મ્યો છે." પેલા બે જણ અને ભરવાડો હજી તો ભય, આશ્ચર્ય અને આનંદથી ધ્રૂજતા હતા, ત્યાં તો વીજળીના ચમકારાની જેમ આકાશમાંથી દૂતોની જાણે ફોજ ઊતરી આવી. અગણિત ફૂલોની મીઠી અને માદક સુગંધથી વાતાવરણ ભરાઈ જાય તેવી રીતે તેમનું ગીત વાતાવરણમાં ગૂંજી રહ્યું, આ રહ્યું એ ગીત :" પરમ ઊંચામાં દેવને મહિમા; પૃથ્વી ઉપર જેઓ વિષે તે પ્રસન્નછે તેઓને શાંતિ." એક વિપળમાં એ દૂતો અદૃશ્ય થઈ ગયા, જાણે કદી આવ્યા જ નહોતા એ તેજ અલોપ થયું, એ ગીતના સૂર વિલીન થઈ ગયા; પરંતુ એ પ્રકાશ અને એ અવાજ ભરવાડોના આંખકાન આગળથી જાણે ખસ્યા જ નહિ.

ભરવાડોનો આખો સમુદાય, કોઈ મહાન સેનાધિકારીની આજ્ઞા થાય અને મોતને ભેટવા સૈનિકો ધસી પડે, તેવી રીતે બેથલેહેમ તરફ, કોઈ અદૃશ્ય આજ્ઞાની આણ માની ચાલતો થયો. દરેક પોતાની બુદ્ધિ અનુસાર આ અદ્‌ભુત પ્રસંગને સમજવા પ્રયત્ન કરતો હતો. દરેકના હૃદયમાં જાણે આનંદના સાગરો છલકાતા હતા.

બેથલેહેમ આવ્યું. ગભાણ પણ આવી પહોંચી; ત્યાં તેમણે શું જોયું ? ત્યાં આકાશ અને ધરતીનું મિલન થયું છે. ત્યાં આકાશમાંથી ઊડતા હાસ્યના ફુવારાઓના અવાજ સંભળાયછે. સ્વર્ગનું અજવાળું ત્યાં

ચમકી રહ્યું છે. સ્વર્ગનું સંગીત જાણે ગૂંજી રહ્યું છે. સ્વર્ગનું બેનમૂન સૌંદર્ય ત્યાં ધરતીના સીના ઉપર દીપી ઊઠ્યું છે. કારણ કે પ્રભુપિતાનો લાડીલો પુત્ર સ્વર્ગ, પૃથ્વી અને પાતાળનો સ્વામી, સ્વર્ગનો રાજકુંવર સ્વર્ગનો વૈભવ, દૂતોની સેવા અને બાપની મીઠી ગોદ છોડી કુંવારી માને પેટે, પવિત્ર આત્માને પરાક્રમે ગંદી ગભાણમાં જન્મ્યો હતો !

પાપીમાં પાપી હૃદયો પણ આ દિવ્ય મુખના દર્શનથી પવિત્ર બની ગયાં. પેલા બે બદમાશો પણ જાણે નવા જ માણસો બની ગયા.

બીજા દિવસે જ્યારે ન્યાયાધીશની કોર્ટમાં ગઈ રાતે થયેલા ખૂન વિશે ચોકીદાર જણાવી રહ્યો હતો, ત્યારે આંખમાં આંસુ સાથે, દિલમાં દર્દ સાથે અને આત્મામાં પસ્તાવા સાથે એ જ ગુનાની કબૂલાત આપવા પેલા બે ખૂનીઓ પણ હાજર થયા. એક નહિ બે નહિ પરંતુ કેટલાય ખૂનો કરીને આખા યહૂદાને તોબા તોબા પોકારનાર આ બે ભયંકર બદમાશોના જીવનોનું પરિવર્તન શા કારણને આભારી હતું તે ચોકીદાર તે શું પણ ખૂદ ન્યાયાધીશ પણ સમજી શક્યા નહિ.

•••

# આતંક્વાદીની સાથે ક્રિસમસની એક રાત

*લેખક : રેવ. ડૉ. જે. એચ. આનંદ*

*રૂપાંતર : ભગવતપ્રસાદ ચૌહાણ*

ક્રિસ્મસની પૂર્વ સંધ્યા. મધ્યરાત્રિનો સમય. શૂન્ય ડિગ્રી નીચે પહોંચી ગયેલો પારો. ભારત-પાક સીમા પર વસેલો એક કસ્બો. આંતરરાષ્ટ્રીય સરહદોનું નિર્માણ કરતી અંગ્રેજ જમાનાથી બનેલી એક નહેર. કસ્બો આ નહેર ઉપર જ વસ્યોછે. પાછલા દિવસોમાં સરહદ પાર કરી ઘૂસેલા તસ્કરો તથા તોફાનીઓને કારણે કસ્બામાં રાતનો કર્ફ્યુ નાખી દેવામાં આવ્યો છે. પરંતુ આજે તો કસ્બાના ખ્રિસ્તીઓને મધ્યરાત્રિની આરાધનાસભામાં જવાની પરવાનગી સીમા સુરક્ષા દળના કમાન્ડરે આપી છે. કસ્બાના ચર્ચમાંથી આવતા ક્રિસ્મસ કેરોલના મધુર અવાજો કર્ફ્યુની નિસ્તબ્ધતાનો ભંગ કરે છે. "પૃથ્વી પર શાંતિ ને મનુષ્યો વચ્ચે સદ્ભાવના !" થોડીક ક્ષણો પછી શાંતિના રાજકુમાર પ્રભુ ઈસુનો જન્મ થવાનો છે. આ શાંતિ ગીત ગવાતું હોવા છતાં વાતાવરણમાં આતંકનો અહેસાસ થાય છે. આકાશમાં ચમકતા પૂર્ણચન્દ્રનો પ્રકાશ અંધકારને ભેદી શકે તેમ નથી, કારણ કે, શિયાળાના મોન્સૂનનાં વાદળોએ ચંદ્રને ઢાંકી દીધો છે. વાદળો ઓછા થતાં જ ચન્દ્રમાનો શીતલ પ્રકાશ કસ્બા પર છવાયેલા અંધકારને હઠાવી દે છે. ક્ષણભર રહેતા આ પ્રકાશમાં કસ્બાના ગુરુદ્વારાનો સુવર્ણ કળશ ચમકી ઊઠે છે. કસ્બાની આતંકપૂર્ણ સ્તબ્ધતાનો ભંગ કરતી બંદૂકની ગોળીઓના ધનાધન અવાજ પણ ગૂંજી ઊઠે છે.

"આટલી ઊંચાઈએ મચ્છરો ક્યાંથી આવી ગયા ? શું આ મચ્છરોને

ઠંડી નહિ લાગતી હોય ? ઉનાળામાં તો મચ્છરો હોય, પણ શિયાળામાં ન હોય !" એણે તાળી પાડી મચ્છરોને મારવાનો નહિ, પણ તેમને ભગાડવાનો પ્રયત્ન કર્યો. મચ્છરોના ગણગણાટથી એના કાનના પરદા ધ્રૂજી જતા હતા. એ સ્ટેનગન અને રાઈફલમાંથી નીકળતી ગોળીઓનો અવાજ સહન કરી શકતો હતો, પણ આ મચ્છરોનો એકધારો ગણગણાટ વેઠી શકતો નહોતો.

તે ધર્મસ્થાન પાસેના બે માળના ખાલી મકાનનાછાપરા નીચે ઘાત લગાવીને બેઠો હતો. હાથમાં રાઈફલ હતી. પાસે જ કારતૂસોનો ઢગલો પડ્યો હતો. ચહેરા પરથી તો એ કોઈ આધેડ અને રૂઆબદાર ફૌજી અફસર દેખાતો હતો. આંખોમાં ઉન્માદની ઠંડી ચમક હતી, પણ આંખોના ઊંડાણમાં તો વિચારોનો સમુદ્ર છલકાતો હતો. આંખોની ગહેરાઈમાંથી લાગતું હતું કે મોત સાથે એને નજીકનો સંબંધછે એ કંઈ સેનાનો શિખાઉ સૈનિક નહોતો.

એને અચાનક પેટમાં બળતી આગનો ખ્યાલ આવ્યો. એણે સવારથી પેટમાં કશું નાખ્યું નથી. સૂર્યોદય પહેલાંની ઠંડી ચાદરે જ્યારે કસ્બાને ઢાંકી દીધો, ત્યારે સુરક્ષા દળના જવાનોએ કસ્બાને ઘેરી લીધો હતો. કસ્બામાં સુરક્ષા દળે ખબર ફેલાવી હતી કે એમને માત્ર એની જ તલાશ છે. સૌનિકો ન તો કોઈ ગોળી ચલાવશે, ન તો કોઈને ગિરફતાર કરશે.

એણે થેલામાંથી ઘી ચોપડેલી રોટી કાઢી અને અંધારામાં ખાવા લાગ્યો. ભૂખને કારણે રોટીનો સ્વાદ પણ જુદો લાગ્યો. એણે રોટી તરફ જરાક દાર્શનિક દૃષ્ટિથી જોયું, ને અચાનક નાના ભાઈની યાદથી તે ભાવવિહ્વળ બની ગયો. તે પોતાના નાના ભાઈ તેજેન્દ્રસિંહનું શરીર પોલીસ ઈન્સપેક્ટરને યોગ્ય બનાવવા માટે નાસ્તામાં જરૂરથી વધારે રોટી ખવડાવવાનું ભૂલતો નહિ. પોતાના એકમાત્ર નાના ભાઈને કારણે તો એણે પત્નીના મૃત્યુ પછી બીજું લગ્ન કર્યું નહોતું. એણે સેનામાંથી સ્વૈચ્છિક

નિવૃત્તિ લઈ લીધી ને પોતાના વતનમાં ખેતીનો વ્યવસાય ફરીથી આરંભ્યો. લાડકો ભાઈ તેજેન્દ્ર ગુરુજીની મહેરબાનીથી ભારતીય સુરક્ષાદળમાં અફસર બની ગયો છે. ભાઈની યાદ જ એની કમજોરી છે. તે ભાવુક નથી, એનું દિલ પોલાદ જેવું છે. છતાં તે આંસુઓને આંખમાં આવતાં કેમ અટકાવી શકે? એકવાર દશેરા - દિવાળીની રજાઓમાં તેજેન્દ્ર ઘરે આવ્યો હતો. એણે પોતાને કેવી સલાહ આપી હતી? શું એ એટલો ડાહ્યો બની ગયો છે કે હવે તે પોતાના મોટા ભાઈને પણ સલાહ આપવા લાગ્યો? તેણે કહ્યું હતું, "વીરજી, તમે હિંસાની રાજનીતિ છોડી દો અને ફરી લગ્ન કરી લો!" તે હસી પડ્યો.

રાજનીતિ ને લગ્ન! બંને વચ્ચે શો સંબંધ હોઈ શકે? સીમા પાર પ્રજાતંત્રની પુનઃસ્થાપના થતાં જ તેના આંદોલનને જબરદસ્ત ધક્કો લાગ્યો. તેના વિરુદ્ધની સુરક્ષાા દળની કાર્યવાહી પણ તેજ બની ગઈ. આંતરરાષ્ટ્રીય સરહદ પર કાટાળા તારની વાડ લગાવવામાં આવી રહી છે. સ્થાનિક પ્રજા પણ હવે ઓછો સહકાર આપવા લાગીછે. હવે લોકોને ડર ઓછો લાગવા માંડ્યો છે. બ્રિટનથી આવતાં નાણાં પર પણ અંગ્રેજ સરકાર પ્રતિબંધો મૂકતી જાય છે. કેનેડાએ તો ધરપકડો પણ શરૂ કરી છે.

"લગ્ન તો મારે તેજેન્દ્રનાં કરાવવા છે, જેથી હું પાર્ટી પાછળ પૂરો સમય આપી શકું. હાઈકમાન્ડની પણ એ જ ઇચ્છા છે. પાર્ટી માટે નવા રંગરૂટોને તૈયાર કરવાના છે. પાર્ટી કહે છે કે, "તમે ભારતીય લશ્કરમાં ઊંચા હોદા પર રહી ચૂક્યા છો, એ દિવસોમાં જે તમારા હાથ નીચે કામ કરતા હતા તેમને તમારે પાર્ટીમાં લઈ આવવાનાછે." પરંતુ એ માટે મારે જબલપુર જવું પડે. હું જાઉં તે પહેલાં જો તેજેન્દ્રનાં લગ્ન થઈ જાય તો હું નિશ્ચિતથી જઈ શકું. ખબર નહિ કે હું જીવતો પાછો ફરીશ કે નહિ. પાર્ટી તો માને છે કે મને જબલપુરમાં નવા રંગરૂટો મળી જશે.

રોટી ખાધા પછી એણે પાણી માટે અંધારામાં નજર કરી. ધાબાના

એક ખૂણામાં પાણીનો જગ હતો. તે પોતાની જગાએથી ઊભો થયો ત્યાં તો સામેના મકાનમાંથી સ્ટેનગનની ગોળીઓ વરસવા લાગી. તે તત્ક્ષણ જ જમીન પર આડો પડી ગયો. ગોળીઓ દીવાલમાં પેસી ગઈ. એને પળભર તો થઈ ગયું કે એ મૃત્યુથી બાલબાલ બચી ગયો. એણે ચંદ્રને ગાળો દીધી, કારણ કે, હવે થોડી ક્ષણો માટે આકાશના ઝરૂખામાંથી ચંદ્ર નીચે જોવા લાગ્યો હતો. એનો પ્રકાશ છેક અગાસીની પાળીને સ્પર્શ્યો હતો અને તેથી સામેના મકાનમાં છુપાઈને બેઠેલા દુશ્મને એને જોઈ લીધો હતો.

તે પેટ પર સરકતો સરકતો અંધારામાં ધાબાની પેરાપીટ (પાળી) પાસે આવ્યો. પાળી સિમેન્ટ કોંક્રિટની હતી. ફરશબંદી તરફ જેવી ઠંડી હતી. હવે ચંદ્ર પાછો વાદળોની કિલ્લેજાળમાં ફસાઈ ગયો. એણે ધીમે રહીને કોંક્રિટની પાળી ઉપરથી મસ્તક ઉઠાવ્યું. કાળી પાઘડી અંધારામાં ભળી ગઈ. સામેના મકાન સામે ધ્યાનથી જોયું. પણ બધે માત્ર અંધકાર ને અંધકાર જ હતો.

તે ફર્શ પર સરકતો સરકતો 'બરસાતી' નામે ઓળખાતી ધાબાની કોટડીમાં પાછો ફર્યો. તેણે બરસાતીનો દરવાજો થોડો ઉઘાડ્યો ને ધર્મસ્થાન તરફ નિહાળ્યું. પ્રવેશદ્વાર પર વીજળીના બલ્બ સળગતા હતા. એમના પ્રકાશમાં નહેરનાં પાણી ચાંદીની જેમ ચમકતાં હતાં. હવે જાણે કે આકાશને ફાડીને પૂર્ણ ચંદ્ર બહાર નીકળી આવ્યો હતો. હાથમાં પેટ્રોમેક્સ લઈને યુવાન ખ્રિસ્તીછોકરાછોકરીઓને ગુરુદ્વારાના ગ્રંથી હજારાસિંહના ઘરની સામે, ક્રિસ્મસનાં ગીતો ગાવા માટે જતા એણે જોયા. તેઓ ગાતા હતા." આલમે આજ ઊગ્યો સોનેરી સૂરજ..." આ ટોળીમાં અંગ્રેજ પાદરી ડેવિડ સ્પષ્ટ રીતે દેખાતા હતા. સાડાછ ફૂટ ઊંચા ને ગોરા અંગ્રેજ પાદરી ટોળામાં અલગ તરી આવતા હતા. એમને જોઈને યાદ આવ્યું કે તે ચાર દિવસ પહેલાં પોતાને ઘેર આવ્યા હતા.

એમણે પૂછયું હતું, "મેજર, તમારી લડાઈ કોની સામે છે? નિર્દોષ જનતા સામે? ગુરુદાસપુરના ગરીબ હરિજન, મુસ્લિમ, ઈસાઈ સામે? નિર્દોષોના જાન લેવાથી આપને શું મળે છે?"

"પાદરી સાહેબ, કદાચ અમારાથી ભૂલ થઈ ગઈ હશે", એણે અંગ્રેજ પાદરી ડેવિડને સમજાવવાનો પ્રયત્ન કર્યો. એને અચાનક શંકા પડી કે ક્યાંક પાદરી ડેવિડ ઈંગ્લેન્ડ કે કેનેડા કોઈ એવો પત્ર તો નહિ લખે ને, જેથી ત્યાંથી ચોરીછૂપીથી આવતાં નાણાં બંધ થઈ જાય? બ્રિટિશ સરકાર તો બ્રિટિશોની વાત સાંભળે છે.

પાદરી ડેવિડ ધર્મ અને રાજનીતિને અલગ અલગ માનેછે. ઈસાઈ ધર્મ તો કમ્પેશન કે કરુણાનો ધર્મ છે, પ્રેમનો ધર્મ છે. પરંતુ એ મારો ધર્મ નથી. મારા અંગત ધર્મને તો રાજનીતિ સાથે સંબંધ છે. જો આધાર જ ખસી જાય તો ધર્મ ક્યાં રહે?

પાદરી ડેવિડ માદક દ્રવ્યોની દાણચોરીથી ખૂબ પરેશાનછે. ઓછામાં ઓછા સમયમાં ધનવાન બની જવાનું પ્રલોભન સરહદ પરના તમામ યુવકોમાં ખૂબ ઝડપથી ફેલાઈ રહ્યુંછે, તેથીસ્તો પાદરી ડેવિડ ચર્ચમાં પ્રવચન કરતાં કહેછે કે, "પ્રલોભન પાપની જડછે - મૂળ છે." એ હસવા લાગ્યો અને યાદ આવ્યું કે જ્યારે એણે માદક પદાર્થોની દાણચોરીની ચર્ચામાં એક આંતરરાષ્ટ્રીય કંપનીનું નામ બતાવ્યું ત્યારે પાદરી ડેવિડ લમણે હાથ દઈને નીચે બેસી ગયા હતા!

"ઓહ ગોડ! આ ન થઈ શકે! આ આંતરરાષ્ટ્રીય કંપની તો અમારી કલ્યાણકારી સેવા-યોજનાઓમાં લખલૂટ નાણાં આપે છે!"

"પાદરી સાહેબ, જીવનદાયી દવા બનાવનારા જ બંદૂકની ગોળીઓ, તોપો અને બોંબ બનાવે છે અને અમારી ત્રીજી દુનિયામાં મોકલી આપે છે."

"તોપણ મેજર, માણસને પ્રેમ કરવો તે તો તેનો પ્રાણ લેવા કરતાં ક્યાંય બહેતર વાત છે." "અને જુલમગારની હત્યા કરવી તે ?" "જુલમગાર વળી કોણ છે ?"

"જેમણે મારા પર, મારી કોમ પર અત્યાચાર ગુજાર્યો, બાંગ્લાદેશની લડાઈમાં મને બહાદુરી માટે પરમવીરચક્ર આપ્યો, પરંતુ જ્યારે મારી બઢતીની વાત આવી ત્યારે મારા જુનિયરને મારી ઉપર પ્રમોશન આપ્યું. લશ્કરમાં અમારી કોમના તેત્રીસ ટકા જુવાનો ભરતી થયા હતા. એ સંખ્યા ઘટાડવામાં આવી. હજારોહજાર ફરિયાદો મારી પાસે છે. એમને સાંભળવા માટે કોની પાસે સમય છે ? અને ક્યાં છે ફરિયાદ સાંભળનારા ? એણે આક્રોશથી કહ્યું. આકાશમાં વાદળો હટી ગયાં અને ચંદ્રનો પ્રકાશ ફેલાઈ ગયો.

ખબર નહિ કે એ કેટલો બધો સમય પેલા અંગ્રેજ પાદરી વિશે વિચારતો રહ્યો હતો. બખ્તરધારી ગાડીના અવાજથી એના ધ્યાનમાં વિક્ષેપ પડ્યો. એણે જોયું. એ ગાડી નહેરના પૂલ પર થોભી. એના મુખમાંથી ગાળોનો ધોધ છૂટયો.

એને બંદૂક ઉપાડી ગોળી ચલાવવાનો વિચાર આવ્યો. પરંતુ તરત સચ્ચાઈ સમજાઈ ગઈ. એ વ્યર્થ હતું. બખ્તરધારી ગાડી પર એની ગોળીઓની કોઈ અસર થવાની નથી. એને સમજાયું કે હવે પૂલ ઉપર એક દાનવ રસ્તો રોકીને ઊભો છે. એ હવે બચીને ભાગી શકે તેમ નથી. એ જીવશે કે મરશે, પણ પકડાઈ જશે.

ત્યાં એણે જોયું તો કુરતા-ધોતી પહેરેલ અને માથા પર ગાંધી ટોપીવાળો, એવી જ ઉંમરનો એક માણસ પાસેની ગલીમાંથી નીકળ્યો. એણે એને ઓળખી લીધો ! કરમચંદ, કસ્બાનો જૂનો પત્રકાર, જે વાંચે છે અને બોલે છે તો પંજાબી પણ પોતાને હિંદીભાષી કહેવડાવે છે. એ સવારે જ એને માટે રોટલા લાવેલો, પણ એક કલાક સુધી હિંસાની વ્યર્થતા

ઉપર બોલતો રહેલો. "મેજર સાહેબ, કોઈ પણ ભાષા કે ધર્મ રાષ્ટ્રથી મોટાં હોતા નથી." એને હસવું આવી ગયું. પ્રશ્ન ભાષાનો નથી કે નથી ધર્મનો. પ્રશ્ન તો છે લઘુમતીઓના મૂળભૂત અધિકારોનો, માનવ હક્કોનો, કોઈ પણ લઘુમતીને - ધાર્મિક કે ભાષાકીયને - પોતાની નિયતિનું નિર્માણ પોતે કરવાનો હક છે. આ અધિકાર આપવા બહુમતી તૈયાર નથી. બહુમતી તો માને છે કે એ ધારે તેવું જ લઘુમતી કરે, કારણ કે અમે નાનોભાઈ છીએ, અને બહુમતી તે મોટો ભાઈ છે. પણ લોકશાહીમાં નથી કોઈ મોટો હોતો કે નથી કોઈ નાનો હોતો. સમાન તક, સમાન અધિકાર.

એણે જોયું તો કરમચંદ બખ્તરધારી ગાડીમાં બેઠલા જવાન સાથે વાતો કરે છે ને પોતા તરફ હાથનો ઈશારો કરે છે. કરમચંદે ખવડાવેલ રોટી હવે એને જાણે પેટમાં દુઃખાડવા લાગી.

ગાડીનો લોખંડી દરવાજો ખૂલ્યો. એક સૈનિકનું માથું દેખાયું. એણે નિશાન લઈને ગોળી મારી. સૈનિકનું માથું એક તરફ ઢળી પડયું. કરમચંદ નહેર તરફ દોડયો. એણે ફરી ગોળી મારી. કરમચંદ લથડયો ને નહેરમાં પડયો.

એ જ સમયે સામેની છત પરથી ગોળી છૂટી અને એના ડાબા હાથમાં વાગી. એના મોંમાંથી ગાળ નીકળી ગઈ ને રાઈફલ ઉપાડવાની કોશિશ કરી પણ તે ઉપાડી શકયો નહિ. એનો ડાબો હાથ લબડી પડયો હતો. એ ફરી ગાળ બોલ્યો.

"દુશ્મને મને ઘાયલ કરી દીધો."

તે ફર્શ પર સૂઈ ગયો. પોતાના જમણા હાથથી ડાબા હાથને સ્પર્શ કર્યો. ગરમ ગરમ લોહી વહી રહ્યું હતું.

એણે કિરપાણ કાઢી. અંગરખાની બાંય કાપી. ગોળી વાગી હતી ત્યાં કાણું પડયું હતું. પરંતુ બીજી તરફ નહોતું. ગોળી હાડકામાં વાગી

હતી. એણે હાથ વાળવાનો પ્રયત્ન કર્યો તો ભારે દર્દને કારણે એના મોંમાંથી ચીસ નીકળી ગઈ. દર્દ દબાવવા તેણે દાંતને બરોબર ભીડી દીધા.

એ ઘસડાતો ઘસડાતો એક ખૂણામાં પહોંચ્યો. અંધારામાં આમતેમ ફંફોસ્યું. પ્રાથમિક ઉપચારનો ડબ્બો એને જડયો. એણે બોક્સ ઉઘાડી એક બાટલીની દવા ઘા પર લગાડી. આયોડિનની તેજ વાસ એના નાકમાં ભરાઈ ગઈ. કારમી પીડાના તરંગો આખા શરીરમાં ફેલાઈ ગયા. તેણે રૂ લઈ ઘા પર લગાડયું ને પટ્ટી બાંધી. દાંતથી પટ્ટીની ગાંઠ પણ બરોબર કરી.

તે ફર્શ પર લાંબા સમય સુધી પડી રહ્યો અને વિચારતો રહ્યો કે કેવી રીતે તે ધાબા પરથી નીચે ઊતરીને જતો રહે. સવાર સુધી આવી ઘાયલ સ્થિતિમાં પડી રહેવું પોસાય તેવું નહોતું. સડકની પેલી તરફ આવેલા મકાનના ધાબા પર સંતાયેલા દુશ્મને એના બચાવનો રસ્તો બંધ કરી દીધો હતો. હવે એ દુશ્મનનો અંત લાવે જ છૂટકો. હવે તો એ રાઈફલ ચલાવી શકે તેવી સ્થિતિમાં પણ નહોતો. હવે તો આ નાની રિવોલ્વર જ કામની હતી. એ એનો ઉપયોગ કરશે. ફર્શ પર સૂતાં સૂતાં એણે એક પ્લાન બનાવ્યો.

તે ઘસડાતો ઘસડાતો પાળી પાસે ગયો. પોતાની પાઘડી ઉતારી. રાયફલના મોં ઉપર પાઘડી મૂકી, પછી રાયફલ જમણા હાથથી ધીરે ધીરે પાળી ઉપરથી રાયફલ ઊંચી કરી, જેથી સામે ની છત ઉપરથી ચંદ્રના પ્રકાશમાં પાઘડી દેખાઈ શકે. તરત જ સામેનીછત ઉપરથી ગોળી છૂટીને પાઘડીને વીંધતી ચાલી ગઈ. એણે રાઈફલને બહારની તરફ થોડી વધારે ઝુકાવી. પાઘડી રાઈફલ પરથી રસ્તા ઉપર પડી. એણે રાઈફલને વચ્ચેથી પકડી ને ડાબો હાથ પાળી ઉપર મુડદાની જેમ લટકાવી દીધો. થોડી ક્ષણો પછી રાઈફલ છોડી દીધી. તે ધડામ લઈને રોડ ઉપર પડી. ધીરે ધીરે એણે હાથ ખેંચી લીધો, ને પેટ પર ઘસડાતો ઘસડાતો તે અગાસીની બીજી તરફ ગયો. ત્યાંથી સામેની અગાસી સ્પષ્ટ દેખાતી હતી.

એની ચાલ સફળ થઈ. સામેની છત પર છુપાયેલા સૈનિકે જોયું કે તેના દુશ્મનની પાઘડી અને રાયફલ સડક પર ગબડી પડયાં છે. તે સમજ્યો કે તેણે તેના દુશ્મનને મોતને ઘાટ ઉતારી દીધો છે. તે પોતાના છુપા સ્થાનેથી નીકળ્યો. હાથમાં રાઈફલ લીધી. આમતેમ જોયું અને પછી દાદર ઊતરીને રોડ પર આવી ગયો.

એણે સૈનિકને ગાળ દીધી. "કોઈ નિશાળિયો લાગે છે! દુશ્મનની જાળમાં ફસાઈ ગયો. આટલી ઝડપથી અગાસી પરથી ઊતરાતું હશે !" તેને અચાનક લાગ્યું કે એ ભારતીય ફોજનો અનુભવી ઓફિસર છે અને નવા શિખાઉને દુશ્મનની ચાલ સમજાવી રહ્યો છે.

સામેની અગાસી ઉપરથી નીચે ઊતરેલો જવાન સડકની બત્તીના થાંભલા નીચે ઊભો રહ્યો અને ચોકસાઈપૂર્વક આમતેમ જોઈ રહ્યો. એની પાઘડી ઉપર વીજળીના ગોળાનો પ્રકાશ પડી રહ્યો હતો. હૃષ્ટપુષ્ટ શરીર અને ચુસ્ત વર્દીથી એનું વ્યકિતત્વ શોભી રહ્યુ હતું.

એ હસ્યો. એણે પાળી ઉપરથી રિવોલ્વરનું નિશાન લીધું. થાંભલો અને તેની વચ્ચે લગભગ ૫૦ મીટરનું અંતર હતું. ધૂંધળા પ્રકાશને લીધે નિશાન લેવું મુશ્કેલ હતું. ઘાયલ હાથમાં બેશુમાર પીડા થતી હતી. દર્દથી હાથ કાંપતો હતો. એને યાદ આવ્યું. વર્ષો પહેલાં નિશાન પર ગોળી છોડવાની હરીફાઈઓમાં તેણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કારો જીત્યા હતા. એણે હોઠ ભીડયા. ઊંડો શ્વાસ લીધો અને ફાયરિંગ કર્યું. ઘાયલ હાથમાં જબરદસ્ત ઝટકો લાગ્યો. તે દર્દથી ચીસ પાડી ઊઠયો.

ધુમ્મસ હટયું ત્યારે એણે વીજળીના થાંભલા તરફ ધ્યાનથી જોયું. એના ચહેરા પર અણધારેલી સફળતાનો આનંદ ફેલાઈ ગયો. એણે ગુરુજીને ધન્યવાદ આપ્યા. એનો દુશ્મન વીજળીના થાંભલા નીચે મરેલો પડયો હતો.

અચાનક એ પોતાના દુશ્મનના મૃતદેહને જોઈને અજ્ઞાત, આંતરિક ભયથી કાંપી ઊઠયો. એને લાગ્યું કે એનો હિંસાનો ઉન્માદ અચાનક મૃત્યુ

પામ્યો છે. પશ્ચાત્તાપની લાગણીથી એનું હૃદય ભરાઈ ગયું. હિંસાએ એને થોડા સમય માટે હિંસક જાનવર બનાવી દીધો હતો. સફળતાને લીધે પ્રાપ્ત થયેલી પ્રસન્નતા લાંબો સમય ટકી નહિ. ઘેરો અવસાદ એને વીંટળાઈ વળ્યો. આ બહાદુરી નથી પણ કાયરતા છે. ઊંડા જખમે એને અંદરથી નિર્બળ બનાવી દીધો હતો. તે સૈનિકમાંથી ફિલસૂફ બની ગયો.

"દુશ્મન કોણ ? કાલ સુધી તો એ આપણાં જ સ્વજનો હતાં. શું નિશ્ચિંત ઊભેલા દુશ્મન પર ગોળી ચલાવવામાં બહાદુરી હતી ?" એને પોતાની નપુંસક બહાદુરી પર ગુસ્સો ચડયો. એનો ક્રોધ વિદ્રોહમાં ફેરવાઈ રહ્યો. જાણે કે ક્રોધના ઉન્માદમાં તે વિદ્રોહી બની ગયો. તે સૂમસામ મકાનના દાદર પરથી પડતો-આખડતો ઊતરતો હતો ને હિંસા, લડાઈ, રાજકારણને ગાળો દેતો રહ્યો. એ તત્વોએ તો એને અમાનવ બનાવી દીધો, 'ડિહ્યુમેનાઇઝડ' કરી દીધો હતો, એની વિવેકબુધ્ધિને ભ્રષ્ટ કરી હતી.

રસ્તા પર ખાલી હોટલ હતી. ખાલી ખુરશીઓ ને ટેબલો આમતેમ પડયાં હતાં. એ એક ગ્લાસ ભરીને પાણી ગટગટાવી ગયો.

એણે પોતાની રિવોલ્વરને જમીન પર ફેંકી દીધી. ને ખુલ્લી સડક પર આવ્યો. એ જાણતો હતો કે સડક પર જવામાં મોટું જોખમ હતું. પરંતુ એ અંદરથી મરી ચૂકયો હતો એટલે હવે એને મોતનો ડર નહોતો. એની હિંસા એની જ ગોળીથી મૃત્યુ પામી હતી.

એણે જમીન પર પડેલી પોતાની પાઘડી ઉપાડી ને સન્માન સહિત માથે મૂકી. એની દૃષ્ટિ વીજળીના થાંભલા તરફ ગઈ. એણે જોયું કે દુશ્મનની પાઘડી ત્યાં જ જમીન પર પડી છે.

એ મૃત્યુ પામેલા સૈનિક પાસે ગયો. એણે પહેરેલી વર્દીથી એ ઓફિસર લાગતો હતો. એણે સૈનિકની પાઘડી ઊંચકી ને એને પહેરાવવા જમીન પર નીચે બેઠો. મૃત સૈનિકનું મોં એણે પોતા તરફ ફેરવ્યું.

"તેજેન્દ્ર તું ! મારા ભાઈ !" ને એની મૃત્યુપોકથી પરોઢની આંખો પણ આંસુઓથી ભીની બની.

# અનોખી નાતાલ

*કુ. મીનલ લિંકન ક્રિશ્ચિયન*

'સાહેબ, સાંજે આપને પાર્ટીમાં જવાનું છે ગાડી તૈયાર રાખું ?' ડ્રાઈવરે અદબ સહિત કહ્યું,

"ના, સાંજે હું અહીં જ રહીશ, તું જરા મહારાજને કહેતો જજે એક કપ કોફી આપી જાય " બાલ્કનીમાં આરામખુરશીમાં અઢેલીને બેસીને દૂર દૂર ખોવાઈ ગયેલા માઈકલે પ્રત્યુત્તરમાં જણાવ્યું.

કોફી પીતાં પીતાં તે વિચારી રહ્યો. સામેના વૃક્ષ પરના માળામાં નર અને માદા પક્ષી તેમનાં બાળકો (બચ્ચાં) સાથે ચાંચમાં ચાંચ નાખી ગેલ કરી રહ્યાં હતાં. હાશ ! આજે મારું ઘર પણ હર્યું ભર્યું હોત તો ! આ એકલતા મનને કોરી નાખતી ઉદાસીનતા-હું કેવી રીતે જીવીશ? હું દોલતની ઘેલછામાં શા માટે ખેંચાઈ ગયો ? કોફીમાંથી નીકળતી વરાળ સામે જોતો જોતો એ ભૂતકાળમાં ખોવાઈ ગયો. ત્રણ બાળકો અને પત્ની સહિત ભાડાના નાના ઘરમાં એ રહેતો હતો. એક નાની ખાનગી પેઢીમાં તે સામાન્ય કારકૂન હતો. બસભાડું બચાવવા તે પગપાળા જ નોકરી પર જવાનું પસંદ કરતો. મેરી એક આદર્શ ગૃહિણી હતી. પતિના ટૂંકા પગારમાંથી કરકસરપૂર્વક ઘર ચલાવતી. તેને પતિના ટૂંકા પગાર સામે કોઈ જ ફરિયાદ ન હતી. પરંતુ માઈકલ હંમેશાં અમીર બનવાનાં સ્વપ્ન જોયા કરતો. નોકરીએ જતાં કે આવતાં તે આજુબાજુથી પસાર થતાં વાહનો જોયા કરતો અને પોતાની જાતને નાની સમજતો. નાનાં બાળકોને સુંદર, સ્વચ્છ, નવા ગણવેશમાં સજ્જ થઈને ઑટોરિક્ષામાં બેસી શાળાએ જતાં

જોઈ રહેતો. સુંદર સાડીઓમાં સજી ધજીને ખરીદી કરવા નીકળેલી સ્ત્રીઓ, ગાડી ડ્રાઈવર એ બધું તેના દિલમાં કંઈ તોફાન મચાવી જતું. આ બધું જોઈને તે પોતે પતિ અને પિતા તરીકે નિષ્ફળ નીવડ્યો છે એમ અનુભવતો. ઘણી વખત પત્ની સમક્ષ પોતાનો આ ઊભરો ઠાલવતો પરંતુ સંતોષી મેરી તેને સમજાવીને શાંત કરતી.

પરંતુ, નાતાલના એ દિવસો કેમ ભુલાય ? આજુબાજુના લોકો નાતાલની તૈયારીમાં પડયા હતા. વસ્ત્રોની ખરીદી, રોશની, સારી સારી વાનગીઓ તૈયાર કરતાં હતાં. બાળકો તેમનાં માતા-પિતા સાથે દારૂખાનું ફોડતાં હતાં ત્યારે પોતાનાં બાળકો દૂરથી એ જોઈને સંતોષ માનતાં હતાં. નાના રોકીએ તારામંડળ લઈ આપવાની હઠ પકડી. આમ પણ તે પૈસાના અભાવના કારણે તેમ જ અન્ય પ્રત્યેની ઈર્ષાના કારણે મનમાં ધૂંધવાયેલો હતો. તેમાં રોકીની દારૂખાનું અપાવવાની હઠ. તે તેના મગજ પરનો કાબૂ ગુમાવી બેઠો અને જેમ આવે તેમ તેને ઝૂડવા માંડયો. રસોડામાંથી બહાર આવીને માંડ માંડ મેરીએ તેનેછોડાવ્યો. માંદા રોકીને માર પડવાથી માંદગીમાં કંઈક અંશે વધારો થયો. યોગ્ય સારવાર ન મળવાથી તે મૃત્યુ પામ્યો. બસ તે દિવસથી દર નાતાલે ઉદાસ રહે છે ત્યારથી શ્રીમંતોને જોઈને તે ઉશ્કેરાઈ જતો. અમીરીનાં સ્વપ્નાં સાકાર કરવા તે ઘર છોડીને ચાલી નીકળ્યો. સખત શ્રમ, પુષ્કળ ખંતથી કામ કરીને તે આગળ વધ્યો. કુટુંબ સાથે આટલા સમય દરમ્યાન બિલકુલ સંબંધ રાખ્યો ન હતો. શ્રીમંતાઈ પ્રાપ્ત કર્યા બાદ જ પત્ની-બાળકોને સુખદ આંચકો-આશ્ચર્ય પમાડવાં એમ તેણે વિચાર્યું હતું.

આખરે એ દિવસ આવી પહોંચ્યો. સુંદર નવી કાર લઈને તે પોતાની શેરી આગળ આવી પહોંચ્યો. પરંતુ ઘરે જવાના રસ્તા પર એક યુવક ગાળાગાળી કરી રહ્યો હતો. નશામાં ચકચૂર હોય એવું લાગતું હતું. ઓહ! શું આ વિલ્સન છે ? ના ! ના! આ વિલ્સન ના હોય. મારો પુત્ર આવું તો

કદી ના કરે. કદાચ મારી ભૂલ થતી હશે. મનોમન તેણે વિચાર્યું. તે ઘરે આવ્યો. તેની પત્ની મેરી ઓળખી ગઈ. પરંતુ તે મેરીને ન ઓળખી શકયો, અપૂરતો ખોરાક-આરામ, અતિશય શ્રમથી કંતાઈ ગયેલી કાયા અને તેવી જ કેતાઈ ગયેલી સાડી. કાળા કેશના બદલે શ્વેત, અસ્તવ્યસ્ત વાળ. પાણી પીને તેણે બાળકો અંગે પૂછપરછ કરી. એકની એક દીકરી અન્યધર્મી યુવક સાથે નાસી ગઈ એ જાણી તેના દિલે આંચકો અનુભવ્યો. ત્યાં જ દારૂના નશામાં ચકચૂર એક જુવાન ઘરમાં પ્રવેશ્યો. તેના મોંમાંથી દુર્ગંધ સહિત ગાળોનો વરસાદ વરસતો હતો. ઓહ ! શું આ જ તેનો પુત્ર હતો. એક વખત આ જ દીકરો તેની આંગળી પકડીને સન્ડેસ્કૂલમાં પ્રભુમંદિરમાં આવતો હતો.

રાત્રે જમ્યા બાદ મેરીએ દસ વર્ષમાં શું શું બની ગયું તે બધું જણાવ્યું. તે ભાંગી પડયો. જે બાળકોને સુખ અપાવવા તેણે આ વિયોગ વેઠયો, પરિશ્રમ કર્યો તે બાળકો આજે કયાં તેની પાસે હતાં ? ત્રણ દિવસ બાદ મેરી હૃદયરોગના હુમલાનો ભોગ બની મૃત્યુ પામી. મેરીના મૃત્યુ બાદ તે સાવ એકલો થઈ ગયો. મોટો પુત્ર વિલ્સન લઠ્ઠાકાંડમાં મૃત્યુ પામ્યો. બસ ત્યાર બાદ જિંદગીથી તે નિરાશ થઈ ગયો-ભાંગી પડયો. એકલો અટૂલો તે વિશાળ બંગલામાં રહીને પોતાની જાત પર અફસોસ વ્યકત કરતો રહેતો. નાતાલના દિવસોમાં નાનાં બાળકોને દારૂખાનું સળગાવતાં જોઈ. તેમનાં મુખ પરના આનંદને નિહાળી તે પોતાનાં બાળકોને યાદ કરતો. ઓહ ! આ નાતાલ હું કેવી રીતે વિતાવીશ ? એમ વિચારતો.

નાતાલના દિવસો નજીક હતા. નાતાલના દિવસોમાં બીજે ફરવા જવાનો તેણે વિચાર કર્યો, જેથી દુઃખને થોડું હલકું કરી શકે. પરંતુ અચાનક જ નોકરે તેની વિચારધારામાં ભંગ પાડયો.

'સાહેબ ! આપને કોઈ મળવા માંગે છે. અહીં મોકલું ?

હા, જા જલદી મોકલ. માઈકલે જવાબ આપ્યો.

'ઓહ સુબોધ તું ? આવ, બેસ, કેમ છે ?' પોતાના જૂના મિત્રને મળી તે કંઈક ખુશ થયો.

'માઈકલ, તું જાણે છે કે હું બાળકોની સંસ્થામાં કાર્ય કરું છું. અનાથ બાળકોને નાતાલની ઉજવણી માટે રમકડાં-દારૂખાનું-વસ્ત્રો અપાવવા અમે દાન ઉઘરાવીએ છીએ. શું તું કંઈ આપી શકીશ ?'

'જો સુબોધ, હું એક શરતે આપું. મને ત્યાં નાતાલની ઉજવણીમાં ભાગ લેવા આવવા દેવાનો.'

'હા, હા, ચોક્કસ, કેમ નહિ ? તું જરૂરથી આવજે ' સુબોધે જણાવ્યું.

માઈકલ બાળકોના આશ્રમમાં ગયો. અનાથ લાચાર બાળકોના ચહેરા પર આનંદના ભાવો જોઈને તે જાણે તેનું દુઃખ ભૂલી ગયો. એ હસતા ચહેરા તેને તેનાં બાળકોની ખોટ પૂરી પાડતાં ગયાં. ત્યારથી તે તેની દરેક નાતાલ અનાથ બાળકો મધ્યે ઊજવે છે.

●●●

# 'શમે ના વેરથી વેર'

*કુ. મિનલ લિંકન ક્રિશ્ચિયન, મણિનગર*

'રીની, મેં તને કેટલી વાર ના પાડી છે કે તું પેલા અમૂલભાઈની દીકરી જોડે સંબંધ ના રાખ. તેની જોડે બોલવાનું બંધ કરી દે.' સુબોધભાઈ ગુસ્સે થઈને બોલ્યા.

પણ પપ્પા, તે તો મારી ખાસ બહેનપણી છે, તમને યાદ હશે કે નાનપણથી જ અમે સાથે રમતાં, સાથે જમતાં. વળી શાળા પણ અમારી એક જ હતી. એનામાં એવી કોઈ ખરાબ બાબત નથી કે મારે તેની સાથેનો સંબંધ તોડવો પડે. વળી, તે તો એક વિશ્વાસુ છોકરી છે. રીનીએ પપ્પાને શાંત પાડતાં નમ્ર સ્વરે કહ્યું. પણ સુબોધભાઈ પર તેનો કોઈ જ પ્રભાવ પડયો નહિ. તેમનો ગુસ્સો આજે સાતમા આસમાને હતો. તેઓ રીનીને ધમકાવતાં ઊંચા સ્વરે બોલી ઊઠયા, 'બેસ બેસ હવે, બહુ ડાહી ના થા, હું જેમ કહું તેમ કર. સારું, હમણાં તું તેની સાથે કયાં જઈને આવી ? સાચું બોલજે.'

રીની નરમ સ્વરે બોલી 'પપ્પા અમે બંને કૉલેજમાં પ્રવેશ મેળવવા માટે ગયાં હતાં.'

'ત્યારે શું તમે બંને એક જ કૉલેજમાં પ્રવેશ લેવાનાં છો ? વિસ્મયથી આંખો પહોળી કરતાં સુબોધભાઈએ પૂછયું.

'હા પપ્પા, અમે બંનેએ સાથે મળીને વિચાર કર્યો કે એક જ કૉલેજમાં પ્રવેશ લેવો, જેથી સારી રીતે અભ્યાસ કરી શકાય, સાથે જઈ શકાય તેમ જ પુસ્તકોની અદલાબદલી પણ કરી શકાય.'

'ના જોયા હોય તો સાથે અભ્યાસ કરવાવાળા ! જો મેં તને હવે ફરી કહી દીધું કે તારે તેની સાથે એક જ કૉલેજમાં પ્રવેશ લેવાનો નથી. તું તારે બીજી કૉલેજમાં પ્રવેશ મેળવી લેજે.'

'પણ પપ્પા, પછી તો હું એકલી-' 'બેસ બેસ એકલીવાળી. આ એક જ છોકરી નથી કાંઈ. કૉલેજમાં આવી સત્તર શું સિત્તેર છોકરીઓ તને મળી રહેશે.' રીનીને વાતને અધવચ્ચે જ કાપી નાંખતા સુબોધભાઈ બોલી ઊઠયા.

'પપ્પા, તમે મારી વાત શાંતિથી સમજવાની કોશિશ કરો. કૉલેજની બધી છોકરીઓ થોડી કંઈ લીલી જેવી વિશ્વાસુ, પ્રભુભકત છોકરીઓ હશે ? લીલી તો વિશ્વાસુ છોકરી છે. તેની પ્રાર્થનાઓ દ્વારા તો હું પ્રભુ પાસે આવી છું.' રીની રડમસ સ્વરે પપ્પાને સમજાવતાં બોલી.

'બસ હવે, બહુ દલીલ ના કર. જો મેં કહ્યું તેમ કર'-ગુસ્સાથી સુબોધભાઈ બોલ્યા.

હવે વધુ સહન કરવાની રીનીની શકિત ન હતી. તે પોતાના ઓરડામાં ચાલી ગઇ અને તકિયા પર માથું મૂકી ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડી. અશ્રુબંધ તૂટી ગયાં અને લાગણીઓ અશ્રુ દ્વારા વ્યકત થવા લાગી.

સાંજે જમતી વખતે કુટુંબની બધી વ્યકિતઓ શાંત હતી. આજે જમતાં જમતાં કોઈ જ બોલ્યું નહિ. જમ્યા પછી રીની અને તેનો ભાઈ અભ્યાસ કરવા બેસી ગયાં, જ્યારે સુબોધભાઇ અને તેમનાં પત્ની સ્નેહાબહેન પરસાળમાં ખુરશી લઇને બેઠાં.

સુબોધભાઈએ આકાશ તરફ જોતાં જોતાં કંઈક વિચારતાં કહ્યું, 'મને ખબર નથી પડતી કે હું શું કરું ? બિચારી રીની ! તેને કેટલું બધુ દુઃખ લાગ્યું આજે મારી વાતથી મને પણ આ બધું નથી ગમતું પણ શું કરું હું ? આ લીલીના પપ્પાને લીધે મારી ઈચ્છા નથી કે રીની લીલી સાથે દોસ્તી રાખે.

'ઝઘડો આપણે અને અમૂલભાઈને છે, તેમાં આપણે આપણાં સંતાનોને શું કામ રોકવાં-ટોકવાં? વડીલોને વાંકે બિચારા સંતાનોને સહન કરવાનું ? રીની ભલેને લીલીની દોસ્તી રાખે.' કપડાંની ગડી વાળતાં સ્નેહાબહેને પ્રત્યુત્તર આપ્યો.

'અરે, તું પણ કઈ સમજતી નથી. એવા એ અમૂલની છોકરી સિવાય સોસાયટીમાં બીજી કોઈ છોકરી જ નથી ? રીનીને કહેજે એ છોકરીઓની દોસ્તી ભલે રાખે, પણ લીલીની તો હરગીઝ નહિ.' સુબોધભાઈ આ વાકય ઊંચા સ્વરે બોલ્યા, બાજુના રૂમમાં અભ્યાસ કરતી રીની આ વાકય સાંભળી દોડી આવી અને આવેશમાં આવી તે બોલી ગઈ 'સારું પપ્પા, બસ હવે હું લીલીની દોસ્તી નહિ રાખું.' બોલતાં બોલતાં તેની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. તે દોડીને પોતાના રૂમમાં જતી રહી. તેનાં આંસુથી આખો તકિયો ભીંજાઈ ગયો હતો. તેનું કૂમળું મન વિચારતું હતું :'વડીલોના વાંકે બિચારા બાળકોને ડામ ? આ તે કેવો અન્યાય!'

થોડી મિનિટો બાદ લીલી રીની પાસેથી ચોપડી લેવા આવી. તેણે રીનીનાં મમ્મી-પપ્પાને પરસાળમાં બેઠેલા જોયાં. 'કેમ છો અંકલ ? કેમ છો આન્ટી ?' - તેણે કહ્યું. પણ સુબોધભાઈ અને સ્નેહાબહેન, બેમાંથી કોઈએ પ્રત્યુત્તર પાઠવ્યો નહિ. આથી લીલીને આશ્ચર્ય સાથે દુઃખ પણ થયું. લીલી સહેજ ભોંઠી પડી ગઈ છતાં તેણે શાંતિથી પૂછયું 'આન્ટી, રીની છે ?' સ્નેહાબહેન લીલીના પ્રશ્નોનો ઉત્તર પાઠવે તે પહેલાં જ સુબોધભાઈ ઊંચા સાદે બોલી ઊઠયા 'રીની ઘરે નથી.' લીલીનું મોં એકદમ પડી ગયું. તે સમજી ગઈ કે હું અહીં આવી તે અંકલ આન્ટીને નથી ગમ્યું. આથી જ તેઓ જૂઠું બોલ્યા. હજી હમણાં થોડી જ વાર પહેલાં તો મેં લીલીને જોઈ હતી.

હવે આપણે લીલીના ઘરનું વાતાવરણ નિહાળીએ. આજે લીલીના નાનાભાઈ સ્નેહલની વર્ષગાંઠ છે. અમૂલભાઈ સોસાયટીમાં વહેંચવા

માટે પેંડા લાવ્યા છે. કુટુંબના સભ્યો પેંડાના પેકેટ બનાવવા માટે ટોળે વળીને બેઠા છે.

'મમ્મી, એક પડીકું બાંધવાનું રહી જતું લાગે છે.' નાનો સ્નેહલ બોલી ઊઠયો.

બેટા પડીકાં તો બરાબર ગણીને બાંધ્યાં છે. સોસાયટીના પ્રત્યેક કુટુંબદીઠ એક પેકેટ ગણીને બાંધ્યા છે.'

'મમ્મી, ફરીથી ગણી જુઓ. એક પડીકું ઓછું.' લીલી પડીકાં ગણી રહ્યા બાદ બોલી.

'તે ખૂટે જ ને તમારી ગણતરી પ્રમાણે. આપણે કંઈ પેલા સુબોધભાઈને ઘેર પેંડા મોકલવા નથી.' આરામ ખુરશીમાં બેસી અખબાર વાંચી રહેલા અમૂલભાઈએ કહ્યું.

'ના, મમ્મી, હું તો સુબોધ અંકલના ઘેર જઈશ જ. પેંડા આપવા આખી સૌસાયટીમાં બધાને ઘેર જઉં અને એકલા સુબોધ અંકલને ઘેર ના જઉં તો રીનીબહેનને કેવું લાગે?

'ના જોયો હોય તો મોટો રીનીબહેનવાળો - એ સુબોધિયાને, પેંડા ખવડાવવા માટે હું કમાતો નથી સમજ્યો ને ?' અમૂલભાઈએ ગુસ્સે થઈને કહ્યું, અને પછી ફરી પાછું અખબારમાં મોં નાખી દીધું.

'પણ પપ્પા, આપણે તો ખ્રિસ્તી છીએ. પ્રભુ ઈસુએ તો કહ્યું છે, કે 'જેવો પોતા પર તેવો તારા પાડોશી પર પ્રેમ કર; તારા ક્રોધ પર સૂર્યને આથમવા ન દે.' વળી તમે તો મંડળીની વિવિધ પ્રવૃત્તિઓમાં આગળ પડતો ભાગ લો છો. આમ મંડળીના આગેવાન થઈને તમે-

સુબોધભાઈએ રીનીનું વાક્ય કાપી નાંખતા કહ્યું, 'બેસ બેસ હવે. મને સમજાવવા નીકળી છે. 'આ તેં છોકરાં બગાડી નાંખ્યાં છે. બહુ ઉપરાણાં ખેંચતી હતી ને ? તો જો આજે આ એક વેંતના છોકરાં બાપને

સમજાવવા નીકળી પડ્યાં છે.' હવે અમૂલભાઈનો ગુસ્સો સ્નેહાબહેન તરફ વળ્યો.

તમે પણ ખરા માણસ છો. આપણે અને સુબોધભાઈને અણબનાવ છે. આજે સ્નેહલનો જન્મદિનછે. ભલે ને સ્નેહલ સુબોધભાઈને ઘરે પેંડા આપવા જતો. એના જન્મદિવસે તો તેનું મન રાખો.' સ્નેહાબહેને અમૂલભાઈને સમજાવતાં કહ્યું.

'સારું સારું. જજો જજો પેંડા આપવા તમે તમારે સુબોધભાઈના ઘેર'. અમુલભાઈ ઊંચા કડવાશભર્યા સ્વરે બોલી પેપર લઈને બીજા રૂમમાં ચાલ્યા ગયા.

'સ્નેહલ બેટા, તું રીનીબહેનના ઘરે પેંડા આપવા જરૂર જજે પણ બહારથી બહાર જ આપી આવજે. ઘરમાં બેસતો નહિ.' સ્નેહાબહેને સ્નેહલના માથે હાથ ફેરવતાં વહાલથી કહ્યું.

સ્નેહલ પેંડા વહેંચતાં વહેંચતાં સુબોધભાઈના ઘેર આવી પહોંચ્યો. તેણે બૂમ પાડી 'રીનીબહેન !' 'રીનીબહેન' રીની બહાર દોડી આવી.

'ઓહ ! સ્નેહલ છે. કેમ છે સ્નેહલ. મજામાં તો છે ને ? આવ, અંદર બેસ હું પાણી લાવું.' રીનીએ અચાનક જ સ્નેહલને જોતા આશ્ચર્ય અનુભવતાં કહ્યું.

'રીનીબહેન, મારે બેસવું નથી. આજે મારી વર્ષગાંઠ છે ને, એટલે હું પેંડા વહેંચવા નીકળ્યો છું. લો, આ પેંડા.'

'અરે, પણ સમીર બેસતો ખરો.' 'ના, રીનીબહેન મમ્મીએ મને ઘરમાં બેસવાની મનાઈ કરી છે. પપ્પા તો અહીં આવવાની જ ના પાડતા હતા. ખબર નહીં આજકાલ તેમનો સ્વભાવ કેમ આવો બદલાઈ ગયો છે !' નાનકડા સમીરે ભોળપણમાં બધું કહી નાંખ્યું.

'જવા દે એને જવા દે એને. જોયું ને તમે મારો વાંક કાઢતા હતા. પણ, એના બાપને જોઈ લીધો ને. અહીં આવવાની ના પાડે છે. અમે કંઈ એના પેંડા ખાધા વગર મરી જવાના નથી.' બાગકામ કરતાં સુબોધભાઈ ખુરશી સાથે અચાનક જ ધસી આવ્યા.

"પપ્પા, તમે ઘરમાં જાવ. અંદર બેસો. સ્નેહલ મને મળવા આવ્યો છે. સ્નેહલ તો બિચારો નાનો બાળક કહેવાય. તેને આ બધું સંભળાવીને શું મળશે તમને ?" રીનીએ પપ્પાને સમસમીને ઘરમાં મોકલી દીધા. રીની ઘરમાં ગઈ અને પોતાની બચતમાંથી દસ રૂપિયા લાવીને સ્નેહલને આપ્યા.

'રીનીબહેન, હું પૈસા નહીં લઉં. મમ્મીએ ચોખ્ખી ના પાડી છે.' સ્નેહલે ગભરાયેલા સ્વરે કહ્યું.

'જો સ્નહેલ, હું તો તારી મોટી બહેન કહેવાઉં. હું તો પ્રેમથી આપું છું. તારે તે લેવું જ પડે.' રીનીએ સ્નેહલને માથે હાથ ફેરવી પ્રેમથી સમજાવતાં કહ્યું અને સ્નેહલ રીનીના પ્રેમનો તિરસ્કાર ન કરી શક્યો. કંઈક અંશે પૈસાના આકર્ષણે પણ તેને દસ રૂપિયા લેવા મજબૂર બનાવ્યો, સ્નેહલ પેંડા વહેંચીને ઘેર આવ્યો. સ્નેહાબહેને તેના હાથમાં દસ રૂપિયાની નોટ જોઈ તે કોણે આપી તે પૂછ્યું. સ્નેહલે સાચે સાચું બતાવી દીધું કે તે નોટ રીનીબહેને વર્ષગાંઠની ભેટ તરીકે આપી છે.

સ્નેહાબહેન એકદમ ગુસ્સે થઈ ગયાં. 'મેં તને ના પાડી હતી તો પણ તેં કેમ પૈસા લીધા ?' એમ કહી તેમણે માસૂમ સ્નેહલના કોમળ ગાલ પર એક તમાચો મારી દીધો. સ્નેહલનો ગાલ રાતોચોળ થઈ ગયો. રડતો રડતો તે લીલી પાસે ચાલ્યો ગયો.

'એ સુબોધભાઈ સમજે છે શું એમના મનમાં ? અમે શું ભિખારી

છીએ ?' અચાનક જ અમૂલભાઈ બરાબર તે જ સમયે ઘરમાં પ્રવેશ્યા. તેમણે રીનીને સ્નેહલને દસ રૂપિયા આપતાં જોઈ હતી.

લીલીએ ઘણુંય સમજાવ્યું કે 'આ પૈસા રીનીએ પ્રેમની તેની બચતમાંથી સ્નેહલને આપ્યા છે.'

'તે આપે જ ને ? એનો ભૂખડી બારશ બાપ થોડો આપવાનો હતો ?' અમૂલભાઈ એકદમ તપી ગયા.

રીની અને લીલી આ પ્રસંગ બાદ દરરોજ તેમના કુટુંબોના વડીલોના કલેશનો અંત આવે તે માટે પ્રભુને પ્રાર્થના કરતાં. આ ઝઘડો કાંઈ મોટો ન હતો. નાની બાબતને મોટું સ્વરૂપ આપવામાં આવ્યુ હતું. સોસાયટીની જ એક જ વ્યકિતની ઉશ્કેરણીનું આ પરિણામં હતું.

રીની અને લીલીએ એક જ સ્થળે યુકિતથી પોતપોતાના કુટુંબોને ભેગા કરવાનું નક્કી કર્યું. નિર્ધારિત કરેલા દિવસે લીલી અને રીનીએ પોતપોતાના પપ્પા આગળ ફરવા જવાની ઈચ્છા વ્યકત કરી. બંનેના પપ્પા પોતપોતાની દીકરીની ઇચ્છા અવગણી શક્યા નહિ અને તેઓ તૈયાર થઈને નીકળી પડયા. રીની અને લીલીની યોજના મુજબ નિર્ધારિત સ્થળે અચાનક જ તેઓ ભેગા થઈ ગયા. સુબોધભાઈએ અમૂલભાઈને જોયા અને અમુલભાઈ સુબોધભાઈની સામે એકીટશે નિહાળી રહ્યા. થોડી ક્ષણો કોઈ કાંઈ બોલ્યું નહિ. સુબોધભાઈએ સ્નેહલનો હાથ પકડયો અને કહ્યું, 'ચાલો, આપણે સામેના આઇસ્ક્રીમ પાર્લરમાં જઈ આઈસ્ક્રીમ ખાઈએ.'

'પપ્પા, આઈસ્ક્રીમ તો પછી પણ ખવાશે પહેલાં તમે અને સુબોધઅંકલ એકબીજાની શંકાનું નિવારણ કરો. આજે તો અમે તમને યુકિતપૂર્વક આ માટે જ ભેગા કર્યા છે' સુબોધભાઈનો હાથ પકડી તેમને અમૂલભાઈની પાસે લાવતા રીની બોલી.

અમૂલભાઈ સુબોધભાઈની સામે જોઈ રહ્યા. શું આ એ જ સુબોધભાઈ છે કે જેની સાથે મારે ઘર જેવો સંબંધ હતો. સાંજે જમીપરવારી મારા અને એમના કુટુંબના સભ્યો સાથે બેસી વાતો કરતા હતા. કેટલો બધો સમય અમે પ્રેમમાં રહ્યા. અને આજે... આજે...' સુબોધભાઈની સામે જોતાં જોતાં અમૂલભાઈ મનોમન વિચારી રહ્યા.

પણ, લીલીએ તેમની સોસાયટીના મુકુંદભાઈની વાત કરી કે જેમણે આમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. તેમણે જ સુબોધભાઈ અને અમૂલભાઈ વચ્ચે ઝઘડો કરાવ્યો હતો.

આખરે સુબોધભાઈએ મોં ખોલ્યું, "અમૂલભાઈ, તમે મારા માટે એવું કહ્યું હતું કે હું તો ઝઘડાખોર, ઈર્ષાળુ માણસ છું. હું કંજૂસ છું. નોકરીમાં લાંચ લઉં છું."

'તમને આ બધું કોણ કહ્યું ? મુકુન્દભાઈએ કહ્યું લાગે છે.' તેમણે મને પણ કહ્યું હતું કે સુબોધભાઈ એમ કહે છે કે અમૂલભાઈ તો નાલાયક છે. નકામા માણસ છે. ઈર્ષાળુ છે. બગભગત છે વગેરે...વગેરે... અમૂલભાઈથી ચૂપ ન રહેવાતાં તેઓ બોલી ઊઠ્યા.

'અને આપણે પણ કેવા ? આપણી વર્ષો જૂની મિત્રતા ભૂલી એક વ્યક્તિની ઉશ્કેરણીથી મિત્રતા ભૂલી એકબીજાનો દ્વેષ કરવા લાગ્યાં.' સુબોધભાઈએ આગળ વધીને અમૂલભાઈ સાથે હાથ મિલાવીને લગભગ ભેટી પડતાં કહ્યું,

સ્નેહાબેન અને મેરીબહેન પણ એકબીજાને ભેટી પડ્યાં. બાળકો આ કૌટુંબિક મિલનનું દશ્ય જોઈ આનંદમાં આવી ગયાં અને તાળીઓ પાડવા લાગ્યાં.

નાનો સ્નેહલ પણ ખુશ થઈ ગયો કે હવે તેને અંકલના ઘેર જવાનું મળશે. તેણે કહ્યું, 'પપ્પા, આ વાત પર એક આઈસ્ક્રીમ થઈ જાય.'

"હા, બેટા, ચોક્કસ આઈસ્ક્રીમ તો શું ? પણ આ રવિવારે અમૂલઅંકલ તથા કુટુંબને આપણા ઘેર જમવા બોલાવવા છે. ઘણા દિવસે સાથે બેસીને જમીશું. ખરું ને અમૂલભાઈ ?'

'હા, સુબોધભાઈ કેટલાં વર્ષો વીતી ગયાં. એ વાતને જ્યારે આપણે એકબીજા માટે મરી પડતા હતા.' અમૂલભાઈએ સુબોધભાઈની વાતને સમર્થન આપતાં કહ્યું.

●●●

# ઓળખાણ

*રેવ. યાકૂબ એલ. મેકમાન, હાથીજણ*

સ્નેહાએ છેવટે કંટાળીને બાઈબલ બંધ કરીને કબાટમાં મૂકી દીધું. જ્યારે તેને બાઈબલ વાંચવાની ઈચ્છા થતી ત્યારે તરત જ બાઈબલ કાઢીને વાંચવા બેસતી. માંડ ત્રણચાર કલમો વાંચે પણ તેમાં તેને સમજણ પડતી નહીં અને ખરું જોતાં સ્નેહાને બાઈબલ વાંચવામાં કોઈ રસ પણ ઉદ્‌ભવતો ન હતો. કબાટમાંથી બીજા મનગમતાં પુસ્તકોની તપાસ કરી પણ તેને એવું પુસ્તક મળ્યું નહીં. શાળામાં જવાની તૈયારી કરવાની હતી. સમય પણ થઈ ગયો હતો. ઝટપટ જમવાનું પતાવીને સ્નેહા શાળામાં જવા નીકળી. આજે બાળકોને શું ભણાવવાનું છે તેના વિચારો કરતી તે શાળામાં પહોંચી.

સ્નેહાને વાચનનો શોખ ઘણો હતો. તેણે પોતાની એક લાયબ્રેરી ઊભી કરી હતી. જે પુસ્તકમાં તેને રસ પડતો, તે પુસ્તક એક જ બેઠકે પૂરું કરતી. ઘણી વખત તો જમવા કરતા વાચનને તે વધારે મહત્ત્વ આપતી હતી. ઘણી બધી નવલિકા અને વાર્તાસંગ્રહો તેણે વાંચી નાખ્યા હતા. પોતાની અંગત ડાયરીમાં તે સર્વ નોંધ રાખતી હતી. કયું પુસ્તક ક્યારે વાંચ્યું. તેનો લેખક અને કયા પુસ્તકમાં તેને રસ જાગ્યો ન હતો. તે બાબતની નોંધ રાખતી હતી.

આજે શાળામાં દિવસ પસાર કરીને ઘરે વળતાં નવી ચોપડીની ખરીદી કરી હતી. ઘરે આવીને પોતાની નોંધમાં લખીને તરત જ વાંચવા બેઠી. એક બે પાનાં વાંચ્યાં પરંતુ તેમાં તેને કોઈ રસ જાગ્યો નહીં અને

મનમાં બોલતી બોલતી તે ચોપડીને કબાટમાં મૂકવા ઊભી થઈ. ‘આજકાલના નવા લેખકો કેવી ચોપડી લખે છે એ જ સમજાણ પડતી નથી. આવું નિરસ લખાણ શા માટે તેઓ લખતા હશે ? બાઈબલમાં પણ મને આવો નિરસતાનો અનુભવ થાય છે. ગમેતેમ પણ ધાર્મિક પુસ્તક (પવિત્ર શાસ્ત્ર) છે માટે બાહ્ય દેખાવ માટે પણ વાંચવું પડે છે. આવા વિચારો કરતી સ્નેહા બીજા કામમાં લાગી ગઈ.

લગ્ન ન કરવાની હઠ લઈને નોકરી કરતી સ્નેહાને હવે તેના મા-બાપે લગ્ન માટે સમજાવી અને રવિવારે ‘વિશ્વાસ’ નામનો છોકરો સ્નેહાને જોવા માટે આવવાનો છે તે પણ તેણે જાણ્યું. સ્નેહાએ વિચાર્યું ગમે તે બહાનું કાઢીનેછોકરાને ના પાડી દઈશ. રવિવારે દેવળમાંથી મા-બાપની સાથે ઘરે પાછી આવી અને થોડીવારમાં વિશ્વાસ આવી ગયો. બન્નેની મુલાકાત ગોઠવી. એકબીજાની મુલાકાત અને ઓળખાણ થતાં સ્નેહાએ પ્રશ્ન કર્યો,

“હાલમાં તમે શું કરો છો ?”

“હાલમાં તો સરકારી ઓફિસમાં સામાન્ય ક્લાર્ક તરીકે નોકરી કરું છું અને સાથે સાથે મને લેખન કાર્યમાં વધુ રસ છે અને પુસ્તક પણ લખું છું.’ વિશ્વાસે જવાબ આપ્યો.

કેટલાં પુસ્તકો લખ્યાં ? અને છેલ્લું કયું પુસ્તક લખ્યું ?

“પુસ્તક તો બહુ થોડાં લખ્યાછે અનેછેલ્લું હમણાં લખ્યું તે “પ્રેમની વ્યાખ્યા” તેમાં બાઈબલના શબ્દોનો ઉપયોગ કર્યો છે.”

“પ્રેમની વ્યાખ્યા” અરે એ પુસ્તક તો મારી અંગત લાયબ્રેરીમાં છે. હમણાં મેં ખરીદ કર્યું છે ? પણ એ પુસ્તક તો બિલકુલ નિરસ રહ્યું.

અને થોડા દિવસોમાં સ્નેહા-વિશ્વાસની સગાઈ પણ થઈ ગઈ. બન્ને એકબીજાને મળતાં રહ્યાં. સ્નેહાએ પોતાની લાયબ્રેરીમાંથી એ “પ્રેમની

વ્યાખ્યા'' પુસ્તક લીધું અને એક જ બેઠકે પૂરું કર્યું. જે પુસ્તક તેને પહેલાં બિલકુલ નિરસ લાગ્યું હતું. તે હવે તેને સરસ લાગ્યું. સ્નેહાએ વિચાર કર્યો, જ્યાં સુધી આ પુસ્તકના લેખકને હું ઓળખતી ન હતી. તેને જાણતી ન હતી ત્યાં સુધી એ પુસ્તક મને નિરસ લાગ્યું હતું. પરંતુ હવે તે પુસ્તકના લેખકની મને પૂરેપૂરી 'ઓળખાણ' થઈ છે તેને હું પ્રેમ કરવા લાગી છું. ત્યારથી આ પુસ્તક મને વધુ ગમે છે અને બીજી વખત પણ વાંચવાની ઇચ્છા થાય છે.... કદાચ બાઈબલ માટે પણ આવું જ ન હોય ? પવિત્રશાસ્ત્રના લેખક ''ઇશ્વરપિતા''ની મને કોઈ જ ઓળખાણ નથી. ઈશ્વરને હું પ્રેમ કરતી નથી માટે જ મને બાઈબલ વાંચવામાં કંટાળો આવે છે. પ્રભુની ઓળખાણ હું કરીશ, તેને પ્રેમ કરીશ. છેવટે પ્રભુને પ્રેમ કરીને, તેને જીવન સોંપીને, બાઈબલ વાંચતા સ્નેહાને હવે ખૂબ આત્મિક આનંદ મળતો હતો.

•••

## નાતાલની આગલી સાંજ

*માઈકલ એસ. ક્રિશ્ચિયન, મણિનગર*

૨૪મી ડિસેમ્બરની સાંજ હતી. કોઈ બેન્કના કાઉન્ટર પર જેમ નાણાંની લેણદેણ થાય તેમ જ પ્રત્યેક સ્ટેશન પર મુસાફરોની આપ-લે કરતી ટ્રેઈનમાંથી એક યુગલ ઊતર્યું. યુવતી ઘણી માંદી તથા નંખાઈ ગયેલી હતી. તે સગર્ભા હતી. તેઓ દવાને માટે આવ્યાં હતાં. તેઓ હોસ્પિટલ પહોંચ્યાં તો જાણ્યું કે દર્દીઓને દાખલ કરવાનો સમય પૂરો થઈ ગયો હતો. તેમને કહેવામાં આવ્યું કે આવતી કાલે સવારે આવજો. હવે શું ? ક્યાં જવું ? એમ નાસીપાસ થાય એવો તેમનો વિશ્વાસ ન હતો. તેમણે ટૂંકી પ્રાર્થના કરી અને પછી યુવતી ડગુમગુ થતા શરીરને ટેકો આપતા પેલાં ફાટ્યાં તૂટ્યાં કપડાં તથા મેલાઘેલા ચહેરાવાળા યુવકે રાત્રિ માટે આશ્રયસ્થાનની શોધ આરંભી.

નજીકમાં જ એક ભવ્ય ચર્ચની ઈમારત જોઈ તેમના મોં પર આશાની ચમક આવી ગઈ. આંખોને આંજી દે તેવી રોશનીથી તેને શણગારવામાં આવ્યું હતું. રંગબેરંગી તોરણો શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યાં હતાં. કેટલાક પ્રકારનો આ શણગારનો આખરી ઓપ આપી રહ્યાં હતાં. એક ફોલ્ડીંગ ખુરશીમાં બેસીને પાદરી સાહેબ સંતોષપૂર્વક કામગીરી નિહાળી રહ્યા હતા. ત્યાં તેમને કાને આ શબ્દો પડ્યા, "સાહેબ, જયમસિહ" અવાજથી ચોંકેલા પાદરી સાહેબના ભવાં આ ગંદા દેખાતા યુગલને જોઈને ઊંચા ચઢી ગયાં. તેમણે પૂછ્યું, "કેમ શું છે ?"

"સાહેબ, અમે પ્રભુ ઈસુના વિશ્વાસી છીએ, દૂર ગામથી દવાને

માટે આવ્યાં છીએ. આજની રાત પૂરતો અમારે આશ્રય જોઈએ છીએ. આપની રજા હોય તો અમે આ ચર્ચ હોલના એક ખૂણામાં રાત ગુજારી દઈશું."

"અરે ! ચર્ચમાં તો રાત રહેવાય ? આ કોઈ ધર્મશાળા થોડી છે ? ચાલો બહાર નીકળો." પાદરી સાહેબે ગુસ્સો કરતાં કહ્યું.

"સાહેબ આવા મોટા શહેરમાં અમે અજાણ્યાં ક્યાં જઈએ ? આપ મહેરબાની..."

"એમાં હું શું કરું, આવતાં પહેલાં બધો વિચાર કરવો જોઈએ ને ? ચાલો જલદી બહાર નીકળો. મારે બીજાં ઘણાં કામ છે." તાડૂકતા પાદરી સાહેબે કહ્યું.

રાત્રિના અંધકાર જેવી જ નિરાશાની કાલિમા ચહેરા પર ધારણ કરી પેલું યુગલ ચર્ચ કંપાઉન્ડમાંથી બહાર જતું હતું ત્યારે પાદરી સાહેબ ધીમેથી બબડતા હતા.

ચર્ચ કમિટીનો કોઈ જાણે કે આવા ગામડિયાને મેં ચર્ચમાં સૂવા દીધાં હતાં તો મારે તો ધરમ કરતાં ધાડ જ પડે ને ?

ગ્રામીણ યુગલ એક ક્રિશ્ચિયન સોસાયટી આગળ આવી ઊભું રહ્યું. ઘેર ઘેર લટકાયેલા તારા જોઈને તેઓને થયું કે આ ખ્રિસ્તીઓમાંથી કોઈક તો જરૂર તેમને મદદ કરશે જ. એક બંગલામાં તેઓ પ્રવેશવા જતાં હતાં ત્યાં જ એક યુવાન અને યુવતી આધુનિક વસ્ત્રોમાં સજ્જ નાતાલનું ગીત ગણગણતા સામે મળ્યાં. તેઓ કેરેલ સીંગીંગ માટે બહાર જતાં હતાં. તેમણે એક તુચ્છકારભરી દ્રષ્ટિ આ યુગલ પ્રત્યે નાંખી. યુવક ત્રાડ નાંખતો હોય તેમ પૂછયું; એ...એ...ક્યાં જાય છે ?" ગરીબ યુવકે નમ્રતાથી હાથ જોડતાં પોતાની વિનંતી રજૂ કરી. "સાહેબ, અહીં બહાર ઓસરીમાં પડી રહેવા દેશો તોપણ ચાલશે." "અરે મૂરખ, અહીં રાત ન રહેવાય ચાલ બહાર નીકળ." ધક્કો મારતાં યુવાને કહ્યું. "જલદી ભાગ, નહીં તો

કૂતરો દોડાવીશ તારી પાછળ." કપાળ ફૂટીને બહાર નીકળતાં બન્ને દુઃખી જીવોએ પોતાની શોધ પુનઃ આરંભી એક ઘર પાસે આવ્યાં. તો ઝળહળ રોશનીના અજવાળે એક આધેડ વયનો પુરુષ નાતાલનાં ગ્રીટીંગ કાર્ડસનો થોકડો લઈને બેઠો હતો. ગભાણની નાની પથારીમાં નવજાત ઈસુના ચિત્રને તે નિહાળી રહ્યો હતો. ત્યાં પાછળથી અવાજ આવ્યો. "સાહેબ, જયમસિહ" પેલા પુરુષે પાછળ ફરીને જોયું તો એક મેલુંઘેલું યુગલ હાથ જોડી આશાભરી આંખે તેને તાકી રહ્યું હતું. "શું છે ?" ચશ્માંને નાક ઉપર બરાબર ગોઠવતાં પ્રશ્ન કર્યો. યુગલની પ્રાર્થના સાંભળતાં તેમના ચહેરા પરના ભાવ બદલાઈ ગયા, તેમણે શાંત પરંતુ મક્કમ અવાજે કહ્યું, "જો ભાઈ, આ એક સદ્‌ગૃહસ્થનું ઘર છે. સદાવ્રત નથી ! અહીં રાત રહેવાય નહીં. જલદી જતો રહે નહિ તો કોઈ ઉપાય કરવો પડશે.' થાકેલ - હારેલ યુગલ ફરીથી રસ્તો માપતું હતું.

એક ઘર પાસેથી આવી ઊભેલા યુગલના નાકને, અંદર તળાતા ઘૂઘરાની સુગંધ તર કરી રહી હતી. તેમની હાંકના ઉત્તરમાં ગૃહિણી હાથ ખંખેરતી બહાર આવી. આર્દ સ્વરે યુગલની વિનંતી શરૂ થતાં જ તે તાડૂકી, અલ્યા ! અહીં સૂવાની વાત કરે છે ? અહીં અમારે જ આખી રાતની મજૂરીછે, ને તારે અહીં સૂવાની સગવડ જોઈએ છે ? હાલતો થા હાલતો. નહીં તો ભારે પડી જશે. ક્યાંથી હાલ્યા આવેછે આવા ! મારે ઘૂઘરા બળે છે કહેતાં તે ઝડપથી ઘરમાં દોડી.

વારંવારના જાકારાથી તેમની હિંમત ભાંગી ગઈ. તેમના વિશ્વાસની સાથે જ જાણે શારીરિક શક્તિ પણ જવાબ દઈ રહી હતી. તેમની આંખોમાંથી ધસી આવતાં અશ્રુના પૂરને ખાળવાનો તેમણે પ્રયત્ન કર્યો. પ્રાર્થના કરવાની જાણે કે તેમનામાં હામ રહી ન હતી. પરંતુ હજી આશાની વીરડી સૂકાઈ ન હોય તેમ તેઓ ધ્યેયહીન દિશામાં ચાલી રહ્યાં હતાં. પણ તેઓ ક્યાં સુધી જઈ શકે ? ઉપરા ઉપરી અપમાન અને જાકારાએ

યુવતીની ચેતના હરી લીધી. થાક અને નિરાશાને કારણે તે બેહોશ થઈને માર્ગમાં જ પોતાનો સાથી સંભાળે તે પહેલાં ફસડાઈ પડી. દુઃખી યુવક એકદમ બેબાકળો બની ગયો. ત્યાં નજીકમાં આવેલી એક ઝૂંપડામાંથી એક પુરુષ બહાર આવ્યો. તેણે આ યુગલની દુર્દશા જોઈ. તેના હાલ પણ કોઈ સારા ન હતા. થીગડાં મારેલાં તેનાં વસ્ત્રોમાંથી ગરીબી ડોકિયાં કરી રહી હતી. તેણે આ યુગલની નજીક આવી પરિસ્થિતિ જાણવાનો પ્રયાસ કર્યો. યુવાનના મુખેથી દર્દભરી કથની સાંભળી તેનું હૃદય રડી ઊઠ્યું. તેણે કહ્યું, “મારી પાસે અન્ય સગવડ તો નથી, પણ પેલી દેખાય તે નાની ઝૂંપડીમાં એક નાની ખાટલી તથા ગોંદડી છે. તમને વાંધો ન હોય તો તમને નાતાલની આગલી રાત્રિ મારી સાથે ગાળવાનું આમંત્રણ છે.”

આભારી હૃદયે તે યુગલે આમંત્રણ સ્વીકારી લીધું અને બંને જણ યુવતીને ઉપાડીને નાનીશી ઝૂંપડીમાં ગયા. ત્યાં ત્રણ નાની રોટલી પણ હતી અને પછી ત્રણેએ સાથે મળીને ઈશ્વરને ધન્યવાદ આપ્યો. અને બજારુ મીઠાઈઓથી અધિક સ્વાદિષ્ઠ એવું ભોજન લીધું. ત્યાં તો પ્રભુ ઈસુના જન્મની છડી પોકારતો દેવળનો ઘંટ રણકવા લાગ્યો અને સ્તુતિગાનનો ગુંજારવ શરૂ થયો.

•••

# આવારા

*કુ. ભારતી એફ. પટેલ, વ્યારા*

એ ભૂખ્યો હતો, છતાં એને ભૂખ નહોતી. ન જાણે ક્યાંયે ભાગી ગઈ હતી એની ભૂખ. એ સવારનાં પહોરમાં ઊઠ્યો હતો. ઊઠતાંની જોડે 'મમ્મી'ના દર્શન થયાં. એકાદ પ્રેમભર્યા બોલ માટે એ તરસી ઊઠ્યો પણ ... એ તો કેટલું બધું અશક્ય હતું ? છતાં વર્ષોથી વહાલ ઉત્સુક હૈયું જાણે પોકાર પાડતું હતું. માના એક બે પ્રેમાળ શબ્દો સાંભળવા, "બેટા ઊઠી ગયો ? ચાલ જલદી જલદી બ્રશ કરી નાંખ. આજકાલ બહુ મોડો ઊઠે છે. જરા ધ્યાન રાખજે. તારી પરીક્ષા નજીક આવી ગઈ છે. મળસ્કે ઊઠીને વાંચવાનું રાખ." અથવા તો "પ્રદીપ બેટા આજે કૉલેજ પર નથી જવું ? આમ પડી રહેશે તો કોલેજ જવાનો ટાઈમ થઈ જશે વગેરે... "

પરંતુ હજી કંઈ વિચારે એ પહેલાં તો કર્કશ શબ્દો એને ખાવા ધાયા હોય તેમ લાગ્યું. "સાંભળતો કેમ નથી ? જલદી ઊઠ. અત્યાર સુધી પથારીમાં જ પડી રહ્યો છે ? અમે મૂઆં વહેલી સવારે ઊઠીને કામમાં લાગી જઈએ છીએ અને છતાં કામ ઘટતું નથી. ત્યારે આ રાવસાહેબ તો પથારીમાં જ પડ્યા પાથર્યા રહે છે." "અરે શું થયું ?" પપ્પા આવ્યા.

"શું થયું એમ પૂછો છો ? જુઓને તમારા આ બેટાને ? કેવો પડ્યો છે ? આ બિસ્તરમાં ? સૂર્યવંશી ના જોયો હોય તો મોટો ! હજી કામ કેટલું બાકી છે ? વાસણ માંજવાના પડ્યા છે, ઊઠાડોને એને ? "ચાલ પ્રદીપ ઊઠી જા. મમ્મીને મદદ કર."

પપ્પા એના બોલ પૂરા કરે તે પહેલાં જ પ્રદીપ ઊઠી ગયો હતો. એણે એની પથારી સમેટી લીધી. એક તરફ ગાદલાં મૂક્યા પછી ઝડપથી

દાતણ-પાણીની ક્રિયા પતાવી, ચા પી લીધી. વાડામાં કપ-રકાબી મૂકવા ગયો તો વાસણોનો ઢગ ખડકાયેલો હતો. એ જાણતો હતો કે એણે જ તે સાફ કરવાં પડશે. ઝટપથી એણે વાસણ ઉટકી નાખ્યાં. તે દરમિયાન પણ કેટલાંયે બોલ સાંભળ્યાં. એકપણ અક્ષર બોલ્યા વિના મૂંગા-મૂંગા એણે સઘળું સહન કર્યું.

આવું તો રોજ બનતું, પરંતુ આજે કંઈક વધારે પડતું બન્યું. એ પણ કેટલું સાંભળે ? પ્રદીપ ખરેખર કંટાળી ગયો હતો. દિવસ આખો ખરાબ રીતે પસાર કર્યો. પેટ તો અપર માના એ વિષભર્યા શબ્દોથી જ ભરાઈ ગયું હતું. પછી એને ભૂખ ક્યાં લાગે ?

એ કેટલીય વાર રોતી મૃત મમ્મીના ફોટા પાસે જઈને દિલનો ભાર હળવો કરતો. જ્યારે એનું દિલ ખૂબ ઉદાસ થતું, ત્યારે એ બાઈબલ લઈને બેસી જતો. એમાંના શબ્દોને સહારે જ એ જીવી રહ્યો હતો એમ કહેવું ખોટું નથી. ઘણી વારે એ ઉદાસીના ઊંડા વમળમાં અટવાઈ જતો. ખાસ કરીને જ્યારે એ મમ્મીના ફોટા પાસે જતો ત્યારે ફોટાની સામે નજર માંડતાં જ એની બાલ્યાવસ્થા સાંભરી આવતી.

એનું બાળપણ ખૂબ આનંદ અને ઉમંગ વચ્ચે વિત્યું હતું. નહોતી કોઈ જવાબદારી કે ચિંતા. એ કિશોરાવસ્થામાં પ્રવેશ્યો ત્યાં સુધી એને જાણે કશી જવાબદારી ન હતી. હોય પણ ક્યાંથી ? વહાલી પ્રેમાળ એવી મઝાની મમ્મી હતી. પાણી કહેતાં દૂધ લાવીને ધરે એવો તો એનો સ્વભાવ. સ્કૂલેથી આવતો દફતર એક તરફ ફેંકીને "મમ્મી..." કહીને એના ગળામાં બાઝી પડતો. મમ્મી એને ચૂમીઓથી નવડાવી દેતી. હાઈસ્કૂલનાં પગથિયાં ચડ્યો છતાં એની એ જ ટેવ હતી. ક્યારેક મમ્મી ખોટો ગુસ્સો કરતી. "આવો મોટો થયો છે પણ અક્કલ આવી નથી !"

"અને તારા જેવી મમ્મી મળે તો મને અક્કલ પણ જોઈતી નથી." પ્રદીપ વચ્ચે જ ટપકી પડતો.

એ સાંભળીને એની ભાવુક-લાગણીશીલ મમ્મી એને ફરીથી છાતી સરસો ચાંપી લેતી અને આશીર્વાદ દેતી કે "બેટા સો વરસનો થજે." પરંતુ જે મમ્મીએ આશીર્વાદ દીધો હતો, તે સો વર્ષ પૂરા કર્યા વિના જ દેવબાપની ગોદમાં પોઢી ગઈ. એના લાડલા દીકરાને મૂકીને ! ત્યારે પ્રદીપ ખૂબ જ રડ્યો હતો.

ત્યાર બાદ એના પપ્પાએ બીજાં લગ્ન કર્યાં. એની બીજી મમ્મી આવી. પણ બંને મમ્મીઓ વચ્ચે કેટલો બધો તફાવત હતો ! એકના મુખ પર હંમેશ સૌમ્ય વિલસતું જ્યારે બીજી તરફ કોઈને પણ ઘૃણા કે ગુસ્સો ઉત્પન્ન થાય તેવું કરડાકીભર્યું મુખ. જેની પાસેથી કદી પણ પ્રેમાળ શબ્દોની આશા જ ના રાખી શકાય.

એવી એની 'મમ્મી' એના જીવનમાં પ્રવેશી. જીવનમાં જાણે પાનખર પ્રવેશી ગઈ. પપ્પા-મમ્મીનું કહ્યું જ કરતા. મમ્મી પ્રદીપને પોતાનો દુશ્મન હોય તેવું વર્તન દાખવતી. કેટલુંય કામ કરાવતી. પપ્પા પણ એવું જ વર્તન દાખવતા. અપર માની ખોટી ભંભેરણીથી પ્રદીપે પપ્પાના હાથનો માર પણ સહ્યો હતો. કોલેજની ફીના પૈસા પણ કમને કાઢતા. કોલેજ લાઈફ જોડે પ્રદીપને જાણે કશી જ નિસ્બત જ નહોતી. એણે અભ્યાસ માટે ટાઈમ કાઢવા જલદી કામ પતાવવું પડતું. બે જોડ કપડાંથી આખું વર્ષ કાઢવાનું હતું. આવું તો ઘણુંયે હતું.

જ્યારે મમ્મીને એ જોતો ત્યારે એને ભૂતકાળ યાદ આવતો. એ બોર જેવડાં આંસુએ રોતો. એનું દર્દ માત્ર ઈશ્વર અને પોતે જ જાણતા હતા. કેટલીક વાર ખૂબ દુ:ખભર્યું દિલ થાય ત્યારે એ મુકેશનાં દર્દભર્યાં ગીતો ગાઈ ઊઠતો : 'જિન્દા હું ઈસ તરહ કે ગમે જિંદગી નહીં. જલતા હુઆ દિયા હું મગર રોશની નહીં..' વગેરે. આવા દર્દીલા ગીતો એ રસ્તા પર પસાર થતાં પણ ગાયા કરતો. ફળિયાનાં લોકો એને આવારા ગણતા. કોઈ દિલનું દર્દ જોવા આવ્યું નહિ. બસ, 'આવારા'નું ઉપનામ આપી

દીધું. ખોટી ખોટી વાતોથી એને બદનામી જ મળતી રહી. ઘરનું વાતાવરણ તો તંગ હતું જ. તે ઉપરાંત લોકો પણ એને જાણે કે તિરસ્કૃત દૃષ્ટિએ જોતાં. એ સૌથી નિરાળો જ રહેતો. લોકો એને ટોણાં મારતાં. એની કોઈ ભૂલ ન હોવા છતાં - પણ અજબ જેવું ખરું પણ સાવ સાચું.

બસ એવી જ જિંદગી એને સાથ દેતી રહી. પપ્પાને તો એવી કશી પડીં નહોતી. પપ્પા અને પ્રદીપ વચ્ચે જાણે કે મમ્મી દીવાલ બનીને ઊભી હતી.

પ્રદીપનો રાગ ખૂબ સૂરીલો હતો. એના ક્લાસમાં તે ઘણીવાર ગાતો અને 'વાહ વાહ' મેળવી જતો. પ્રોફેસર્સને પણ ખબર હતી કે, એનો રાગ મધુર છે. આથી કોલેજનાં ગેધરીંગમાં ગાવા માટે એને કહેવામાં આવ્યું. પ્રદીપે તો પહેલાં ખૂબ ના પાડી. પરંતુ છેવટે સૌના આગ્રહ આગળ એણે નમતું જોખ્યું. પછી તો એને પ્રેકટીસ માટે રોકાવાનું રહેતું.

એક વાર આમ જ પ્રેકટીસ કરતાં ખૂબ મોડું થઈ ગયું. લગભગ સાંજે સાડા સાત પછી એ ઘરે આવ્યો. પપ્પા રાતાપીળા થઈ ગયા હતા. મમ્મી બળતામાં ઘી હોમતી હતી. પ્રદીપને કંઈ અશુભ થયાનાં ભણકારા વાગી ગયા હતા.

"ક્યાં ગયો હતો ?" પપ્પા તાડૂક્યા.

"ગીતની પ્રેકટીસ.... "

"ગીતની પ્રેકટીસ ? સાચું બોલ, તું હવે આવારા બનતો જાય છે. લોકો શી વાતો કરે છે ખબર નથી ?" "પણ પપ્પા મેં શું કર્યું ?" પ્રદીપ એકશ્વાસે બોલી ગયો.

"શું કર્યું ? અત્યાર સુધી ઘરમાં ન્હોતો ક્યાં રખડતો હતો ? ખોટાં બહાનાં બતાવે છે કેમ ?"

"પપ્પા... પપ્પા તમને દિલ નથી. તમે પથ્થર છો. પથ્થર જે કદી પીગળે નહિ..."

"બસ" .... કહેતાંની સાથે જ પપ્પાનો સણસણતો તમાચો પ્રદીપના ગાલ પર પડ્યો.

"મારો તમારે મારવું હોય એટલું. આજે હું બોલ્યા વિના રહીશ નહિ. તમને મારતાં અને ખિજાતાં સિવાય આવડે છે શું ?"

પ્રદીપ પોતા પરનો કાબૂ ગુમાવી બેઠો હતો. અને મમ્મી-પપ્પા બંનેના હાથે માર ખાતો રહ્યો. છતાં તે બોલતો રહ્યો.

"મને પણ દિલ છે. મને પણ લાગણી છે. એક મમ્મી હતી જે મને પ્રેમ કરતી હતી. પપ્પા દુનિયામાં મારું બીજું કાંઈ નથી. સિવાય મારો પ્રભુ..."

"તો જા અત્યારે જ તારું મોં કાળું કર. શા માટે ઊભો છે ? નીકળી જા આ ઘરમાંથી." મમ્મી તાડૂકી, "જે ઘરમાં ખાધું તેનું ખોદે છે ?"

પ્રદીપનાં મોંમાં રીસભર્યો શબ્દ આવી ગયો. છતાં મહાપ્રયત્ને તેણે સંયમ રાખ્યો.

પછી પોતાનો થોડો ઘણો સામાન-કપડાં ચોપડા હતા તે લઈને એ નીકળી ગયો. શહેરમાં એના ત્રણચાર મિત્રો હતા. એણે પ્રથમ હરીશને ત્યાં જવાનું વિચાર્યું. એ હરીશના ઘરે ગયો. હરીશ એને આશ્ચર્યથી જોઈ રહ્યો. "કોણ પ્રદીપ તું ? આટલી રાતે અને આ જોડે સામાન લઈને ક્યાં જવા નીકળ્યો ?" હરીશ આશ્ચર્યથી પૂછી રહ્યો.

"દોસ્ત અત્યારે કંઈ વાત કહેવાના મારા હોશ નથી રહ્યા. વળી હું થાકેલો છું. આજની રાત મને પડી રહેવા દેશે ને ?"

"પ્રદીપ તું તો મારો જૂનો મિત્ર છે. તું જાણે છે કે હું તારે માટે કંઈ પણ કરી છૂટવા તૈયાર રહું છું પણ..."

અને આ 'પણ' પ્રદીપને ધ્રૂજાવી ગયો.

"પણ શું ?"

"સોરી પ્રદીપ." પ્રદીપને એક ખુરશી પર બેસાડી સામેની ખુરશી પર બેસતાં હરીશે ઉમેર્યું, "તું જોઈ શકે છે. આ રૂમ નાનકડી છે. તું એ પણ જાણે છે કે હું એકલો જ અહીં સ્ટડી કરવા માટે રહું છું. આજે ઘેરથી મમ્મી અને સિસ્ટર આવનાર છે માટે."

"ઓ.કે. તને ખોટી તકલીફ..." કહીને પ્રદીપ ઊભો થઈ ગયો. એને રૂમમાંની હવા જાણે ગૂંગળાવી મારતી હતી.

"બેસ તો ખરો ઠંડુ - ગરમ કશું લેવું નથી ?"

"ના હવે જાઉં !" કહીને જવાબની રાહ પણ જોયા વિના પ્રદીપ પગથિયાં ઊતરી ગયો.

હરીશના મુખ પર લુચ્ચું સ્મિત પથરાયેલ હતું. પ્રદીપને માટે સવાલ હતો કે ક્યાં જવું ? એને બીજો મિત્ર રાજેન યાદ આવ્યો.

રાજેન જરૂર એને સહારો આપશે. એકવાર તે માંદો હતો ત્યારે દિવસના કેટલીવાર આવીને ખબર કાઢી જતો ! હવે તો એ સહારો આપશે જ.

આવું વિચારીને પ્રદીપે રાજેનના દ્વારે પ્રયાણ કર્યું. ડોરબેલ વગાડી.

"કો...ણ ?" રાજેનનાં મમ્મીનો અવાજ હતો.

"એ તો હું આન્ટી, પ્રદીપ."

બારણું ખૂલ્યું. રાજેનના મમ્મી એને જોઈ રહ્યાં. રાજેનની બહેન રીટા રાજેનને બોલાવી લાવી.

"રાજુ ભાઈ તમારા દોસ્ત આવ્યા છે."

"કોણ ?..."

"અરે, પ્રદીપભાઈ વળી બીજું કોણ ?"

"હત, એ બુધ્ધુ અત્યારે અહીં ક્યાં ?"

"તમારા મિત્ર માટે આવો શબ્દ વાપરો છો ?" ૧૨ વર્ષની રીટા

આશ્ચર્યસહિત રાજેનને જોઈ રહી.

"નહીં તો બીજું શું ?" અને રાજેન પ્રદીપ પાસે પહોંચી ગયો. .

"હેલો.... પ્રદીપ.... !"

"હેલો .... રાજેન, કેમ છે ?"

"છે... ઠીક ચાલે છે. હા પણ અત્યારે કેમ આવવું થયું ? વળી આ સાથે સરસામગ્રી કોની છે ?"

"આશ્ચર્ય થાય તેવું જ છે. પરંતુ હું હવે હંમેશ માટે મારું ઘર છોડીને ચાલ્યો આવું છું."

"શી વાત કરે છે ? મને કશી સમજ પડતી નથી."

"તું જોઈ શકે છે અને ખાસ વાત એ કે હું આજે વિસામો શોધવા જ આવ્યો છું."

"બેટા, તને ના નહિ પડાય, પરંતુ બેટા, આજે તો અમે રાજેનના મોસાળ જનાર છીએ. અત્યારે ૧૦ ની ટ્રેનમાં..."

"અચ્છા ...?" પ્રદીપ કટાક્ષથી બોલ્યો, "તો હું જાઉં છું.... " કહીને તરત જ ચાલતી પકડી. ચાલતાં ચાલતાં એણે સાંભળ્યું !

"આવારા ક્યાંનો ?"

ના જાણે જૂઠું બોલતાં કોઈને શરમ નડતી ન હતી. ઈશ્વરની જરાપણ બીક નહીં. એને હવે કોઈ માર્ગ સૂઝતો નહોતો. પોતાનું કહી શકાય એવું એનું આ દુનિયામાં કોઈ રહ્યું ન હતું. એ રસ્તે ચાલતો જ રહ્યો. સામેથી કેટલાક મિશનેરીભાઈઓ આવતા દેખાયા. તેઓ એને ઓળખતા હતા. આટલી રાતે સૂટકેસસહિત એને નિરાશાથી જતો જોઈ તેમને પણ આશ્ચર્ય થયું. તેમણે કારણ પૂછ્યું. પ્રદીપે સઘળી હકીકત જણાવી દીધી. મિશનેરીઓ એમની જોડે એને લઈ ગયા. પ્રદીપે મનોમન ઈશ્વરનો ખૂબ ખૂબ આભાર માન્યો.

આમ ને આમ ૩-૪ મહિના થઈ ગયા. પ્રદીપ કોલેજ પર જતો, પરંતુ એના ઘરમાં એની ખબર પડી નહીં.

પરંતુ એક દિવસ દુર્ઘટના બની. પ્રદીપ કોલેજથી એકલો જ આવી રહ્યો હતો. એકાંત હતું. ક્યાંકથી એક હડકાયું કૂતરું દોડી આવ્યું. પ્રદીપને ખ્યાલ પણ ના આવે તે પહેલાં કરડી ગયું. થોડા અંતરે ચાલ્યો. પણ પછી રસ્તાની બાજુ પર જ ઢળી પડ્યો. પાછળથી મિત્રો આવ્યા. તેમણે એને હોસ્પિટલમાં ખસેડ્યો. રિએક્શન જેવું થઈ ગયું હતું. થોડા દિવસ હોસ્પિટલમાં રહેવું પડ્યું.

એ સંપૂર્ણ સાજો થયા પછી એને રજા મળી ગઈ. એને લેવા મિશનેરીભાઈઓ તેમ જ કેટલાક મિત્રો આવ્યા હતા. એક મિત્રે એના કાનમાં ધીમેથી કંઈક કહ્યું, "હેં?" ના ઉદ્‌ગાર સાથે પ્રદીપ એક રૂમ તરફ દોડયો. એ રૂમમાં પપ્પા અને મમ્મી હતાં. મમ્મીની હાલત ગંભીર હતી. તાવથી શરીર ધીખતું હતું. એ મમ્મી પાસે જઇને બેસી ગયો પોતાં મૂકવાં.

"બેટા..રહેવા દે બેટા...મેં તારા પર શું નથી વિતાવી? ઈશ્વર મને સાચો પાઠ શીખવી રહ્યો છે. મારી સેવા તું કરે? બેટા! મેં તારા પર કેટલા સિતમ ગુજાર્યા હતા? "ના મમ્મી, ના એવું ના બોલો. હું તમારો બેટો છું. "હાં..હાં બેટા તું મારો જ દીકરો છે." મમ્મી અશકત હોવા છતાં પણ અચાનક પ્રદીપને વળગીને ખૂબ રોવા માંડી. પપ્પાએ પણ આંખ આડે રૂમાલ દાબી દીધો.

•••

# અભિપ્રાય

*કુ. ભારતી એફ. પટેલ, વ્યારા*

આછો તડકો બારીની જાળી વડે ચળાઇને ૬ નંબરના વોર્ડમાં ફેલાઇ ચૂકયો હતો. અશેશ મચ્છરદાનીમાં સહેજ સળવળ્યો. એણે આંખો ખોલવા પ્રયાસ કર્યો. આંખોનાં પોપચાં સહેજ ઊંચકાયા. અધખુલ્લી આંખે અશેષ સફેદ દીવાલને તાકી રહ્યો. એણે બેસવાનો પ્રયાસ કર્યો. પણ શરીરમાં ખૂબ થાક વર્તાતો હતો. પડખું ફરતાં જ શરીરમાં દર્દ ફરી વળ્યું.

"હું કયાં છું?" એ અધખુલ્લી આંખે બબડયો.

"તમે અમારી મિશન હોસ્પિટલમાં છો." એક શ્વેત વસ્ત્રધારી નર્સે એને ઉત્તર આપ્યો.

અશેષ કાંઇ યાદ કરવા મથી રહ્યો. કશું જ યાદ આવતું ન હતું ના...કશું જ નહીં. "હું...અહીં શી રીતે?

"તમને ટ્રક અકસ્માત થયો હતો."

"ઓહ !"

પછી ડૉકટરે પ્રશ્ન કર્યો.

"તમારું નામ કહેશો?"

"મારું નામ..મારું નામ છે જ ક્યાં ?" એ પાગલની જેમ હસી પડયો, અને પછી બાળકની જેમ રોઇ પડયો. "ના....ના મને મારું નામ યાદ નથી."

મગજને કસીને એણે પોતાનું નામ યાદ કરી જોયું પણ નામ યાદ આવતું ન હતું !

"લાગે છે આ યુવાન પોતાની સ્મૃતિ ગુમાવી બેઠો છે. એની પરિચિત વસ્તુઓ, પરિચિત માનવીઓને એ નિહાળે તો કદાચ એની સ્મૃતિ એના સ્થાને ફરી શકે છે." ડૉકટર મોઝીસ બોલ્યા.

"યેસ સર..."નર્સે એમાં હકાર ભણ્યો.

"આ પેશન્ટને અડધા કલાક પછી ઘેનનું ઇંજેકશન આપી દેજો." કહીને ડૉકટર મોઝીસ ચાલવા લાગ્યા. ૬ નંબરના વોર્ડના દ્વાર આગળ ફરી ડૉકટર મોઝીસ ઊભા રહ્યા.

"મિસિસ જેકવેલીના, શેમ્યુલ ૨૪ નંબરના વોર્ડમાં ડયૂટી પર છે એને મારી કેબિનમાં મોકલી આપો.

પાછળ જોયા વિના એમણે નર્સને આદેશ આપ્યો.

"યેસ...સર..."

૬૭ વર્ષના ડૉકટર મોઝીસ ૬ નંબરનો વોર્ડ છોડી ગયા.

અશેષને લાગ્યું કે ડૉકટરે ઉચ્ચારેલ નામ કંઇક જાણીતું લાગી રહ્યું છે. જેકવેલીના....છતાં એને યાદ ન આવ્યું કે આ નામ કોનું હોઇ શકે? મસ્તિક પર જોર દેવા છતાં એને આ નામનું માલિક કોણ હોઇ શકે તે યાદ જ ન આવ્યું. હતાશ થઇને પલંગ પર પડી રહ્યો.

અડધા કલાક પછી પેલી શ્વેત વસ્ત્રધારી નર્સ એને ઇંજેકશન આપીને ચાલી ગઇ. એ પોતાનું ભાન ગુમાવી રહ્યો હતો.

જયારે અશેષ ભાનમાં આવ્યો ત્યારે દર્દ કંઇક ઓછું થયું હતું. ડૉકટર મોઝીસ એની પાસે બેઠા હતા. નર્સની પીઠ અશેષ તરફ હતી. જે વોશબેસીન પાસે બેસીને ગ્લાસ ભરી રહી હતી.

"જેકવેલીના, પેશન્ટના જમવાની વ્યવસ્થા કરો." કહીને ડોકટર ચાલી ગયા. એમની કાર્યદક્ષતા જોઇને જ એમને રીટાયર્ડ થવા છતાં સર્વિસ પર રાખવામાં આવ્યા હતા.

જેકવેલીના કે જેને અત્યારે જ ૬ નંબરના વોર્ડની ડયૂટી સોંપવામાં આવી હતી. એણે પલંગ સામે ટેબલ ખસેડીને તેના પર જમવાની ડિશ રાખી દીધી.

"જમી લો." એણે અશેષને ટેકો આપીને બેઠો કર્યો. ચમચી વડે એ અશેષના મુખમાં કોળિયો મૂકવા લાગી.

અશેષને જમાડતાં એ વિચારે ચઢી. આ અશેષ..! જેકવેલીનાની આંખોમાં ભીનાશ વ્યાપી. કેટલા બદલાઇ ગયા છે ? શા હાલ બનાવી દીધા છે એમણે ? દાઢી વધી ગઇ છે. આંખો ઊંડી જતી રહી છે.

"તમે....તમે જ મિસ જેકવેલીના છો ?

"હા...!" જેકવેલીનાનું ગળું રૂંધાઇ રહ્યું હતું. એને લાગ્યું કે એનાથી રડી પડાશે. ક્ષણભર એને થયું કે પોતે કહી દે. અશેષ હું મિસિસ જેકવેલીના બનીને રહી ગઇ છું. વાસ્તવમાં હું તમારી જેકી છું."

છતાં એણે પોતાની જાત ઉપર કાબૂ રાખ્યો. "મેં તમને જોયાં છે...પણ કયાં ?" અશેષ ફરી યાદ કરવા પ્રયાસ કરવા લાગ્યો.

"હવે તમે આરામ કરો. હું બાજુના વોર્ડમાં જઇ આવું."

"તમે મારી પાસે નહીં બેસો ? ન જાણે કેમ તમારા સાનિધ્યમાં મને કાંઇક સાંત્વના સાંપડે છે."

જેકવેલીના અશેષની યાચનાભરી આંખો નિહાળી રહી.

"મિસિસ જેકવેલીના હું વિચારું છું કે હવે મારી જિંદગીનો અર્થ જ રહ્યો નથી. હું મારો આત્મવિશ્વાસ ગુમાવી બેઠો છું."

"ધૈર્ય રાખો. સઘળું ઠીક થઇ રહેશે શાને આવા વિચારો મનમાં લાવો છો ?"

"વિચારું નહીં તો શું કરું ? માનવી જયાં પોતાની સ્મૃતિ જ ગુમાવી બેસે ત્યાં એ જીવીને કરે પણ શું ?

"એવું ન બોલો. જીવનની ક્ષણો વિચારીને વેડફી દેવા માટે નથી. તમારી જિંદગીને અર્થ મળી શકે છે. કંઇક સારું વિચારશો, કે જે ઉન્નતિના માર્ગે દોરી શકે."

"મિસિસ જેકવેલીના...."

"મને માત્ર 'જેકી' કહેશો તે ગમશે."

"જેકી..જેકી...ઓહ ! હું વિચારું છું કે આ નામ પણ મારાથી ખૂબ પરિચિત છે. તમારો અવાજ પણ એટલો જ પરિચિત છે."

"ચાલો, હવે ઇંજેકશનનો સમય થઇ ગયો."

જેકવેલીનાએ ઘેનનું ઇંજેકશન મૂકયું.

"મને આ તમારા સોયા પર ચીઢ ચડે છે. કારણ કે જે મને શાંતિ આપી શકે છે, તેની જોડે બે વાતો કરવામાં ડિસ્ટર્બ કરે છે." અશેષ હસ્યો. જેકવેલીના દર્દીલું હસી.

અશેષની આંખો ઊંઘથી ઘેરાવા લાગી હતી. રાતનો સન્નાટો વાતાવરણમાં ફેલાઇ ચૂકયો હતો. હોસ્પિટલની આસપાસનાં વૃક્ષોની ડાળીઓ એકબીજી સાથે અથડાઇને અજબ ધ્વનિ ઉત્પન્ન કરતી હતી.

જેકવેલીનાની આંખોમાં ઊંઘનું નામ ન હતું. આજે ઊંઘ આવશે પણ નહીં, એમ એ વિચારી રહી. અશેષના શબ્દો એને ઘેરી વળ્યા હતા.

અશેષની સ્મૃતિ ફરી લાવવી જ રહી. છેવટે અશેષ એનો પતિ હતો. હા અશેષ સેમ્યુલ જોડે એ લગ્નગ્રંથિથી ખ્રિસ્તી રીતરિવાજો મુજબ જોડાઇ ચૂકી હતી. અશેષ માટે એને માત્ર હમદર્દી જ હતી ? ના. એના દિલમાં અશેષ માટે અફાટ પ્રેમનો સાગર છલકાતો હતો !

અશેષ શારીરિક રીતે ઘણો બદલાઇ ચૂકયો હતો. શું માનસિક રીતે પણ એનામાં એટલો જ ફેરફાર થયો હશે ? ખબર નહીં. એ વિચારી રહી.

બાકી અશેષ વધુ પડતું પ્રગતિકારક માનસ ધરાવતો હતો. એનાં મંતવ્યો હંમેશ કરતાં ભિન્ન.

અશેષ જોડે ઘણી વાતો થતી. અશેષ માનતો કે જિંદગી જીવવી એટલે બસ હરવું-ફરવું, પિક્ચર જોવા, મોજમઝા કરવી, જીવનની જેટલી ખુશીઓ દુન્યવી લોકો માટે જરૂરી છે, એવી દરેક ખુશી માણી લેવી, જિંદગીનું બીજું નામ જ રંગીની છે. એ કહેતો, "પૈસા હાથમાં આવે તો જિંદગીની ખુશીઓ આપણા પગ ચાટવા આતુર રહે છે."

જેકવેલીના એવું માનતી નહીં.

એ કહેતી, "કોઇ પણ બાબતનો અતિરેક સારો નહીં. જયાં અતિરેક હોય છે ત્યાંથી સારો આનંદ વિદાય લે છે.તમારી પાસે પૈસો હશે ત્યારે ઇચ્છિત દરેક ચીજ તમારા હાથમાં આવશે. પછી તમે શાની આશામાં રાચશો? ઇચ્છેલી દરેક ચીજ જડી જતાં તેનું મૂલ્ય ઘટી જાયછે. મનવાંચ્છિત દરેક ચીજ જડી જાય તો મનોરથો અને અરમાનોનું મૃત્યુ થઇ જશે. શા માટે હાથે કરીને જિંદગીને નીરસ બનાવવા માગો છો?"

"તારી આ ફિલસૂફી તારી પાસે રાખ જેકી. જીવન શું છે એ તને નહીં સમજાય. કામનો બોજ માથે લઇને ફર્યા કરવો એને તું જિંદગી કહે છે? ઓફિસમાં બેસીને આખો દિવસ થોથાં ઊથલાવવા એને તું જિંદગી કહે છે? ગુલામીની પણ લોકોને એક આદત શી થઈ ગઈ છે. સૌ અબુદ્ધ છે. કોઈ સમજદાર નથી."

"પણ જિંદગી માત્ર મોજમઝાનું નામ નથી. એમાં ઈશ્વરનું સ્થાન પણ જરૂરી છે. ખ્રિસ્તને જીવનમાં પ્રથમ અને ઉચ્ચ સ્થાને બિરાજમાન થવા દેવો જોઈએ. જ્યાં પ્રભુની કોઈ ગણના નથી, ત્યાં આનંદ નથી. આત્માનો આનંદ જ ખરો આનંદ છે. અને ત્યારે જ પ્રાપ્ત થાય છે કે જ્યારે ઈશ્વરની સ્તુતિ કરીએ, એણે દર્શાવેલ માર્ગ પર ચાલીએ."

"ના, જેકી ના. જિંદગીનો તારા માટેનો અભિપ્રાય બિલકુલ ખોટો છે. જિંદગી શું છે તે સમજવાને તું અસમર્થ છે."

જેકવેલીના પછી ચૂપ જ રહેતી.

બંને વચ્ચે અનેક બાબતે મતભેદ થતા. પછી અશેષને જુગારની લત લાગી. એ મોડી રાત સુધી જુગાર ખેલતો, શરાબ પીતો પણ થયો. રાતે આવીને જેકવેલીનાએ એના હાથનો માર સહેવો પડતો. એક સુશિક્ષિત અને બુદ્ધિશાળી યુવાન શેતાની યુક્તિઓને લઈને પોતાની વિવેકબુદ્ધિ ખોઈ બેઠો હતો. આવું ક્યાંય સુધી ચાલ્યું.

છેવટે એક દિવસ કંટાળીને જેકવેલીનાએ અશેષનો સાથ છોડ્યો. પિયર જવાને બદલે એણે મિશનની હૉસ્પિટલમાં નર્સની નોકરી ડૉક્ટર મોઝીસની મદદથી મેળવી લીધી. ડૉક્ટર જેક્વેલીનાની સઘળી હકીકતથી વાકેફ હતા.

અશેષની ડાયરી વાંચી હતી, અને એમને ખાતરી થઈ ચૂકી હતી કે ઘવાયેલ પેશન્ટ અશેષ સેમ્યુઅલ તે જ મિસિસ જેક્વેલીનાના પતિ છે.

લગ્નની શરૂઆતમાં અશેષ પત્નીને ખૂબ પ્યાર કરતો. "જેકી" લાડલા નામથી એને બોલાવતો. પરંતુ પાછળથી મિત્રોની બૂરીસંગતને કારણે એણે જીવનમાં અનીતિને નોતરી લીધી.

જેક્વેલીનાના ગૃહત્યાગ પછી અશેષ પર કોઈ અંકુશ રાખનાર ન હતું. એ વધુ બગડ્યો. જિંદગી ~ વધુ રંગીન લાગી. એ શરાબ અને જુગારમાં ડૂબતો જ રહ્યો, ત્યાં સુધી કે પોતાની નોકરી પણ ગુમાવી દીધી.

આ વાતની જેકવેલીનાને જાણ થઈ હતી. હૃદયમાં એક પીડા ઊતરી આવી હતી. એ અશેષ પાસે જવાનું વિચારી રહી હતી, ત્યારે અશેષ જ એની પાસે આવી પહોંચ્યો હતો. પણ કેવી પરિસ્થિતિ વચ્ચે એ જીવી રહ્યો હતો ?

જિંદગી વિશેના અલગ અભિપ્રાયોએ બંનેને અલગ કરી દીધાં હતાં.

અગર અશેષની સ્મૃતિને ફરી લાવવી જ હોય તો એ માટે પોતે જ પરિશ્રમ કરવો પડશે એવું એ વિચારી રહી.

અશેષનું શરીર સળવળ્યું. એ ભાનમાં આવી ગયો હતો. એની આંખો જેકવેલીના પર મંડાઈ ગઈ હતી. જેકવેલીના એની નજીક ગઈ. અશેષના વાળમાં એની આંગળીઓ ફરી રહી.

"જાગી ગયા ?"

"હા, પાણી આપશો ?"

જેકવેલીનાએ પાણી આપ્યું. એ વિચારી રહી હતી કે શરૂઆત ક્યાંથી કરવી. વળી, અશેષ એને જોઈને કંઈક ભારપૂર્વક યાદ કરી રહ્યો હતો.

જેકવેલીનાએ મનોમન ઈશ્વરને પ્રાર્થના કરી. અને બોલી, "એક વાત પૂછું ?"

"બોલો."

"તમને કશું જ યાદ નથી ?"

"હું પ્રયત્ન કરી રહ્યોછું. તમને જોઈને મને લાગેછે કે આપણે ખૂબ પરિચિત છીએ." "મારી સામે જુઓ. ધ્યાનથી જુઓ. યાદ કરો કે એ દિવસો જ્યારે તમે મને જેકી કહીને બોલાવતા હતા. અશેષ...અશેષ હું તમારી પત્ની છું. આપણું એ મઝાનું ઘર યાદ કરો..."

પછી જેક્વેલીનાએ વીતાવેલ કારણોની યાદી અશેષ સામે ધરી દીધી. અશેષની સ્મૃતિ સળવળી ઊઠી.

એને સમગ્ર અતીત યાદ આવી રહ્યો હતો. અતીત તૂટેલા કાચના ટુકડાઓની માફક નજર સમક્ષ વેરાઈ ગયો હતો. જેક્વેલીના એ જ "જેકી" છે, એ તે જાણી ચૂક્યો હતો.

શરીરની પીડા ઘટી ચૂકી હતી અને મનની ખુશી બેવડાઈ ગઈ હતી.

"જેકી. આપણા અતીતને લઈને હું શરમિંદોછું. તને દુઃખી કરવામાં મેં કશું જ બાકી રાખ્યું ન હતું. તારા ચાલી ગયા પછી મને થયેલું કે હું કેટલો ફ્રી છું ? હવે તને કોઈ રોકટોક કરનાર રહ્યું નથી. ઈશ્વરને તો હું

ક્યારનોય ભૂલી ચૂક્યો હતો. મેં એશ આરામની જિંદગી વીતાવવા માંડી. ઑફિસ પણ જતો નહીં. નશામાં ચૂર રહેતો. મેં મારી નોકરી પણ ગુમાવી દીધી. મારો ગમ વધી ગયો. આથી શરાબ પીને હું રસ્તે ચાલતો હતો. ત્યારે ટ્રક અકસ્માત નડ્યો. પછીની વાત તું જાણેછે જેકી. જિંદગી માટેનો તારો અભિપ્રાય સાચો હતો તે હવે હું સમજ્યોછું. મારો અભિપ્રાય નથી. તું મને માફ કરશે ને જેકી ?"

"હું માફ કરનાર કોણ ? ઈશ્વરે તમને ક્યારનીય ક્ષમા બક્ષી છે."

ખરેખર ? અશેષની આંખો છલકાઈ ગઈ હતી.

"હા... અશેષ..." કહીને ખુશીથી છલકતી આંખે જેકી અશેષને ભેટી પડી.

પછી "૯" નંબરના વોર્ડવાળા પેશન્ટની જાગ્રત થયેલ સ્મૃતિના ખુશખબર આપવા એ ડૉકટર મોઝીરાની કેબિનમાં દોડી ગઈ !

●●●

# આત્મસંતોષ

*કુ. ભારતી એફ. પટેલ, વ્યારા*

"વિકેશ ક્રિશ્ચિયન ટી.વાય.બી.કોમ." એનાઉન્સર હજી બોલી રહે તે પહેલાં કૉલેજનો સેન્ટ્રલ હૉલ તાળીઓના ગડગડાટથી ગાજી ઊઠ્યો.

વાંકડિયા વાળ વચ્ચે સોહતો ગોરો ચહેરો, ચમકીલી આંખો, અને ઊંચા-ભરાવદાર શરીર સૌષ્ઠવવાળો એક યુવાન સ્ટેજ પર ઊભો રહીને મુસ્તાન વેરી રહ્યો હતો. તેમ જ હાથ ઊંચા કરીને સૌનું અભિવાદન ઝીલી રહ્યો હતો.

થોડી ક્ષણો પછી હૉલ મૌનમાં ડૂબી ગયો. માત્ર એક અવાજ ત્યાં ગુંજી રહ્યો. ઈશ્વરનું એક મધુર ભજન વિકેશ ગાઈ રહ્યો હતો.

ઓડિયન્સ સ્તબ્ધ બનીને આ મધુર ભજનને માણી રહ્યું. સ્ટેજની બરાબર સામેની ત્રીજી બેન્ચ પર બેઠેલી પંજાબી શુટમાં સજ્જ રૂપાળી યુવતી ખૂબ જ તલ્લીન થઈને સાંભળી રહી હતી.

ગીત પૂરું થયું કે, તરત જ એ અવાજો બોલી ઊઠ્યાં...

"વન્સમોર વિકી, વી વર્નટ વિકી."

અવનવા વેશ-પરિવેશ ધારણ કરીને કોલેજનાં યુવક-યુવતીઓ પોતાની કોલેજની "મ્યુઝીકલ ઈવનીંગ" માણવા હાજર હતાં.

ફરી એકવાર વિકેશે ગીત ગાવું પડ્યું. અને બીજીવાર ગીત પૂરું થયું કે પેલી યુવતી પોતાની જગાએથી ઊઠીને તરત જ સ્ટેજ ભણી દોડી, હાથમાંનું ગુલાબનું ફૂલ વિકેશને પકડાવી દેતાં, એ બોલી, "કોંગ્રેચ્યુલેશન વિકી. હાર્ટી કોંગ્રેચ્યુ"...

ક્ષણભર વિકેશ ગુલાબનાં ફૂલને આશ્ચર્યથી તાકી રહ્યો. પછી યુવતી તરફ નજર નોંધીને સહેજ સ્મિતસહ એ બોલ્યો. "તમારું નામ ?"

"જિજ્ઞા-જિજ્ઞા ક્રિસ્ટી, સેકન્ડ ઈયર બી.કોમ.માં છું."

જિજ્ઞા સહેજ શરમાઈને પોતાનો પરિચય આપીને ઝડપથી ચાલી ગઈ. વિકેશના બીજા પ્રશંસકો પણ ત્યાં હાજર હતા. એટલે પોતાને ગુલાબ પકડાવી ગયેલી અને ભીડમાં ખોવાઈ ગયેલી રૂપાળી જિજ્ઞા ફરી એકવાર જોવાનાં વિકેશનાં ફાંફાં નિષ્ફળ ગયાં.

બીજે દિવસે લૉનમાં સખીઓ જોડે એણે જિજ્ઞાને બેઠેલી જોઈ. જિજ્ઞાની નજર પણ ત્યાં ગઈ અને એનું દિલ એક ધબકારો ચૂકી ગયું.

વિકેશ મિત્રો સાથે જિજ્ઞા પાસે ગયો. વાતો પછી તો રોજ રોજ મઝાની વાતો થવા લાગી. હવે જિજ્ઞા અને વિકેશ બંને મળવા લાગ્યા. ગાર્ડન, રેસ્ટોરાંટ એકાંત ખૂણે, પિક્ચરનાં લાસ્ટ શૉમાં.... બંનેને થયું કે તેઓ એક બીજા વિના જીવી શકે તેમ નથી. કૉલેજમાં બંનેના પ્રણય-પ્રકરણની ચર્ચા થવા લાગી હતી. એટલે બંનેએ પોતપોતાનાં વડીલોને એ અંગે વાત કરી.

જિજ્ઞાના પિતાને થયું કે પોતાની દીકરી ખૂબ જ લાડકોડમાં ઊછરી છે. બે પુત્રો પછીની એ એક દીકરી છે. એટલે મધ્યમ પરિસ્થિતિમાં જીવતા વિકેશનાં સંયુક્ત કુટુંબ સાથે એ પ્રતિકૂળ સંજોગો વચ્ચે જીવી શકશે કે કેમ ?

જો કે વિકેશને પણ આ પ્રશ્ન તો મનમાં જાગ્યો જ હતો. એણે જિજ્ઞા આગળ આ વાતની ચોખવટ કરી હતી, અને જિજ્ઞાને પોતાને ઘરે પણ ઘણી વાર લઈ ગયો હતો. એણે જિજ્ઞાને કહ્યું હતું. "જિગી, જો અત્યારથી જ તને મારા કુટુંબનો પરિચય આપી દઉં છું. તું ખૂબ સુખમાં ઊછરી છે. તારા ઘરે તારી દરેક ઇચ્છા પૂરી થતી હશે, એમાં શક નથી. પણ આપણે સંસાર માંડીએ પછી કદાચ તારે થોડો ત્યાગ પણ કરવો પડે...."

વિકેશને વધુ બોલવા દીધા વિના જિજ્ઞા હસતાં હસતાં બોલી, "મારે કંઈ જ સાંભળવું નથી. વિકી, આઈ લવ યુ" અને તારે માટે કંઈપણ કરવા તૈયાર છું. મારા બધા શોખ-મારી મહત્વાકાંક્ષાઓને તિલાંજલિ આપી દઈશ.

વિકેશનું મન આનંદથી તર થઈ ગયું. હસીને એ બોલ્યો, "અચ્છા, એમ વાત છે ? તો પછી અત્યારથી જ પ્રેકટીસ કરવા માંડ."

"ઓ, શ્યોર વિકી, તું જેમ કહેશે એમ જ થશે."

ભણતર પૂરું થયા પછી વિકેશને સર્વિસ મળી ગઈ.

અને વિકી-જિજ્ઞા ધામધૂમથી પરણી ગયાં.

રિસેપ્શન પાર્ટીમાં કોલેજનાં કેટલાંયે યુવાન મિત્રો આવ્યાં હતાં. જેમની આંખો આ રૂપાળા યુગલ પર મંડાઈ રહી ! કેવું સુંદર કપલ છે ? એવી વાત એમની આંખો દ્વારા કહેવાઈ રહ્યું.

આ બધું કેવું મીઠું મીઠું લાગતું હતું ? ક્ષણભર જિજ્ઞાને થયું કે ફરી એકવાર એ કોલેજમાં ચાલી જાય ! ... પણ હવે એ વાત શક્ય ન હતી. ફરી જિજ્ઞા વાસ્તવમાં સરી પડી.

લગભગ કલાકથી એ વિકેશની રાહ જોઈ રહી હતી. સાડા સાત થયા પણ હજી વિકેશનો પત્તો ન હતો. જિજ્ઞાનું મન ખાટું થઈ ગયું. એટલું જ નહીં પણ વિકેશ પર એને ખૂબ ગુસ્સોયે ચડ્યો. વિકેશ જો આવે તો એને કંઈ કંઈ સંભળાવી દેવાનું એને મન થઈ આવ્યું.

સવારે વિકેશ ઑફિસ જવાનો હતો. ત્યારે જિજ્ઞાએ એની સમક્ષ પિકચર જોવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. "વિકી, કેટલાએક મહિનાથી આપણે ફરવા ગયાં નથી. પિકચર-નાટકમાં ગયાં નથી. હું તો બોર થઈ રહી છું. આજે તો કોઈપણ હિસાબે મને ફર્સ્ટ શોમાં 'નૂરી જોવા લઈ જાવ.'

"પણ જિજ્ઞા, આજે ઑફિસમાં રજા નથી. અચાનક શેના માનમાં

તને પિક્ચર જોવાનું મન થઈ આવ્યું ?" "કહીને વિકેશ સ્મિત પાથરીને જિજ્ઞાને તાકી રહ્યો."

એટલે રોષભર્યા સ્વરે જિજ્ઞા બોલી ઊઠી. "આ કંઈ તમારો સવાલ છે ? બસ મન થયું. એક જ પ્રકારે જીવાતી જિંદગી મને પસંદ નથી. લાઈફમાં ક્યારેક "ચેઈન્જ" પણ જોઈએ ને ? મારે તો રોજ સવારે ઊઠ્યાં તે સાંજ સુધી બસ કામ, કામ ને કામ, જ. બાજુમાં મિનાક્ષી કેટલી સુખી છે ? ઘરમાં નોકર-ચાકર, રહેવા માટે બંગલો, ફરવાને કાર, ઉપરાંત મોજ-મઝા માટે ટી.વી., સ્ટીરિયો વગેરે..."

"ઓહ જિગી, તું વાસ્તવિકતા પર પગલાં માંડવાનું શીખ. આપણને એ બધું પોષાય એમ છે ? છતાં આપણી રીતે આપણે સુખી છીએ. જિગી હું તને ચાહું છું.... પછી ...."

"ના, માત્ર ચાહવાથી કે પ્રેમ કરવાથી મારી આરઝુઓ પૂર્ણ થવાની છે ?"

પછી વિકેશ કંઈ બોલી શક્યો ન હતો. એનો વાંકડિયા વાળ વચ્ચે સોહતો ગોરો ચહેરો અને કાળી ભમ્મર આંખો ઉપર જાણે ઉદાસીએ વર્ચસ્વ જમાવી દીધું હતું. એનું દિલ એને ડંખવા લાગ્યું કે પોતે પોતાની રૂપાળી પત્નીની ઇચ્છાઓ પૂરી કરી શકતો નથી. એનું મન હણાઈ જતું હતું. છેવટે પિકચરમાં જવાની 'હા' કહીને એ ચાલી ગયો.

જિજ્ઞાએ રસોઈ જલદી પતાવી દીધી. પછી એ તૈયાર થવા લાગી. એણે મનપસંદ નીલા રંગની સાડી કાઢી. મૅચિંગ બ્લાઉઝ પરિધાન કર્યું. સુંદર રીતે વાળ હોળીને એ અરીસા સમક્ષ પોતાનું પ્રતિબિંબ નિહાળી રહી. પોતાના રૂપ પર એને પોતાને જ ગર્વ થયો.

આતુરતાપૂર્વક જિજ્ઞા વિકેશનો રસ્તો માપવા લાગી. પણ વિકેશ ન જાણે કેમ હજી દેખાયો નહિ. સાંજના સાડા સાત સુધી વિકેશ ન દેખાયો

ત્યારે જિજ્ઞાએ પોતાનો સઘળો શણગાર ઉતારી દીધો. એની આંખોમાં આંસુ આવી ગયાં. સોહામણું મુખ રડવાથી લાલ થઈ ગયું. ગ્લાનિથી એનું દિલ ભરાઈ આવ્યું.

એક મેગેઝિન લઈને એ પલંગમાં પડી પડી વિકેશને દોષ દેવા લાગી. એના પુરાણા દિવસો યાદ આવ્યા. પોતે મોહમાં પડીને વિકેશ તરફ શા માટે આકર્ષાઈ ગઈ? શું એ રૂપાળો હતો એટલે? એ પલંગમાં જ પડી રહી.

લગભગ વીસેક મિનિટમાં વિકેશ આવ્યો. એ થાકીને લોથપોથ થઈ ગયેલો જણાતો હતો. પલંગમાં પડ્યાં પડ્યાં જ જિજ્ઞાએ ત્રાંસી આંખે જોયું. છતાં કંઈ જાણતી જ નથી એમ બતાવવા એ મેગેઝિનમાંનું લખાણ વાંચવાનો ડોળ કરતી પડી રહી. પણ કાળા અક્ષરોની જગાએ એને વિકેશનો થાકેલો ચહેરો દેખાવા લાગ્યો.

ઘડીભર થયું પણ ખરું કે ઊઠીને એને પાણી આપું. પગ દાબી આપું, પ્રેમથી પૂછું કે, શું થયું છે મારા વિકીને?"

પણ બળજબરીથી મનની ભાવનાને મનમાં જ દબાવીને પડી રહી. દિલના બીજા ખૂણેથી અવાજ ઊઠ્યો, ના જિજ્ઞા ના. તું તારી મેળે પડી રહેને? શા માટે તારે એકલીએ દરકાર કરવી જોઈએ. તારી કૂણી લાગણીનો એણે વિચાર કર્યો? તારે માટે એટલું જ લાગતું હોત તો તારી લાગણીનો વિચાર કરીને આજે એ પિક્ચર માટે વહેલો ન આવી જાત? તું પણ તારું પાણી બતાવ. તને પણ સ્વમાન છે કે નહીં?"

અને જિજ્ઞા પડખું ફેરવીને ફરી વાંચવામાં પડી. વિકેશે તેને પૂછ્યું, "જિગી, મારાથી રિસાઈ છે? ખોટું લાગ્યું છે? જિગી, સાંભળ તો... આજે અમારા સ્ટાફનાં એક ભાઈને ઑફિસ છૂટ્યાં પછી અકસ્માત થયો. તેને હૉસ્પિટલમાં લઈ જતાં વાર લાગી. તેમ જ તેના ઘરની વ્યક્તિઓને જાણ કરી. એ ભાઈ પાસે કોઈ હાજર નહતું. ત્યાં સુધી હું હતો એટલે..."

છતાં જિજ્ઞાના ચહેરા પર કોઈ પરિવર્તન ન આવ્યું. પેટ પકડીને એ બોલ્યો. "ઓ જિગી, મને બહુ ભૂખ લાગી છે."

જિજ્ઞાએ ચૂપચાપ પીરસી દીધું. એવામાં પડોશી મિનાક્ષીબહેન રડમસ ચહેરે દાખલ થયાં. મિનાક્ષીને જોઈને બંને ઊભાં થઈ ગયાં. મિનાક્ષી અચાનક જિજ્ઞાને વળગીને રડવા લાગી.

"અરે, શું થયું મીનાબહેન ? કેમ આમ ભાંગી પડ્યાં છો ?" પણ મીનાક્ષીના હીબકાં જ સંભળાયાં. વિકેશ ભાણું ઢાંકીને, હાથ ધોઈને બીજા રૂમમાં ચાલી ગયો.

"કંઈક માંડીને વાત કરો તો સમજાયને ..."

જિજ્ઞાએ પ્રેમથી મીનાક્ષીના માથે હાથ ફેરવ્યા કર્યો.

સાંત્વન મળવાથી કે કેમ પણ મીનાક્ષી જોરથી રડી પડી. થોડી વારે શાંત થતાં એણે જણાવ્યું કે એના પતિ રાજેશને જેલ થઈ છે. એ દાણચોરીમાં સંડોવાયો હતો. મીનાક્ષીને પણ આ વાતની જાણ ન હતી. ઘરનું બધું રાચરચીલું આવી રીતે જ વસાવ્યું હતું. એટલું જ નહીં પણ રાજેશ અનીતિમાન જીવન જીવતો હતો. એ લગભગ ઘરની બહાર રહેતો.

મીનાક્ષીએ રડતાં રડતાં બધું જ જણાવ્યું કે એની પાસે સુખ-વૈભવનાં અનેક સાધનો હતાં પણ દિલને જે જોઈતું હતું તે રાજેશનો પ્રેમ ન હતો. પછી મીનાક્ષીએ, વિકેશ જિજ્ઞા પર કેટલો પ્રેમ દર્શાવતો હતો તેનો ઉલ્લેખ કરીને કહ્યું કે, જિજ્ઞા કેટલી સુખી છે ? એને વિકેશ જેવો પ્રેમાળ પતિ મળ્યો છે.

મીનાક્ષીને સમજાવીને, દિલાસો દઈને જિજ્ઞા ઘરે મૂકી આવી. મીનાક્ષીના ઘેરથી પાછાં ફરતાં એનું દિલ પશ્ચાત્તાપથી ભરાઈ ગયું. એ વિચારવા લાગી કે ભલે પોતાની પાસે અઢળક સંપત્તિ નથી પણ અતિ કીમતી એવો પતિનો પ્રેમ છે. એ સંપત્તિ નાનીસૂની છે ? પોતે સુખી છે.

પોતે એમ માનતી હતી કે પ્રેમથી બધું મળી જતું નથી. પણ આ મીનાક્ષી જોને ? શું નથી એની પાસે ? બધું જ છે છતાં પતિનો પ્રેમ મેળવવા વલખાં મારે છે ? જ્યારે વિકેશ મારો વિકી તો ખોટા ધંધાને બદલે એક સારા કાર્ય માટે રોકાયો હતો. ખ્રિસ્તી જીવન જીવતાં એને આવડે છે. રડનારાઓની સાથે રડવાનાં ખ્રિસ્તી ભક્તના સંદેશાને વિકીએ પચાવી જાણ્યો છે.

પોતે થાકેલો હોવા છતાં પોતાનું દુઃખ ભૂલીને એ મને મનાવવા લાગ્યો. એનાથી બનતું બધું જ મારે માટે કરે છે, વળી એણે તો મને અગાઉથી જ કહ્યું હતું કે ત્યાગ કરવો પડશે. ખ્રિસ્ત પ્રભુએ સારા જગત માટે પોતાનું બલિદાન દીધું શા માટે ? જગત પર, જગતના પાપી લોકો પર ઈસુને પ્રેમ હતો. માટે, મને પણ જો મારા વિકી માટે પ્યાર છે - તો મારે શા માટે મારા નકામાં શોખોને તિલાંજલિ ન આપવી જોઈએ ? પિક્ચર ન જોયું એટલે કાંઈ જિંદગી તો નથી બગડી ગઈને ?

"ઓહ ! મારો વિકી મને ખૂબ જ પ્રેમ કરેછે. મારે એને નિરાશ ન કરવો જોઈએ. જે તે પરિસ્થિતિ વચ્ચે સંતોષથી જીવી લઈશ. અને અહીં મને દુઃખ પણ કઈ વાતનું છે ?

જિજ્ઞાનું મન પુલકિત થઈ ઊઠ્યું. ઘરના દ્વાર પર ઊભો વિકેશ એની જ ઇંતેજારી કરી રહ્યો હતો. જિજ્ઞાને દોડી જઈને, પોતાનાં આ સોહામણાં ને પ્રેમાળ પતિને વળગી પડવાનું મન થયું.

એ ઘરમાં પ્રવેશી કે વિકેશની પ્રશ્નાર્થભરી નજરે એને તાકી રહી, "વિકી, મને માફ કરો. તમારા પ્રેમની કદર હવે મને થઈ છે." કહી જિગી આનંદથી હસી રહી. તેના મુખ પર આત્મસંતોષની આભા દીપી રહી. વિકેશ પણ મીઠી મુસ્કાન વેરીને, સ્નેહ નીતરતી આંખે જિજ્ઞાની આંખોમાં તાકી રહ્યો !

●●●

## હિરણ્યની ભાવના

*કુ. ભારતીબહેન એફ. પટેલ, વ્યારા*

આજે નાતાલ છે. હૃદયમાં ઊર્મિઓનો ઓઘ વહે છે. લાગણીના એ વહી જતાં વારિને ખાળવાની મને લગીરે ઇચ્છા નથી. હા, હું એ જ કહેવા માંગુ છું કે હિરણ્ય મને ખૂબ ગમે છે. હિરણ્ય મારા પતિ છે. તેથી હું ધન્ય બની છું. હૃદયના અગાધ ઊંડાણથી હું એમને ચાહું છું.''

થોડા દિવસો પર હું હિરણ્ય પર ખૂબ રોષે ભરાઈ હતી. મને થતું કે હિરણ્યને મારી કશી ફિકર જ નથી. એમને તો માત્ર ધર્મ પ્રત્યે જ અનુરાગ છે.

વાત એમ હતી કે તે દિવસે હિરણ્ય સોફા પર આડા પડ્યા હતા. મેં એમને કહ્યું, ''ચાલો, હિરુ, આજે એક મૂવી જોઈ નાખીએ. અહીં આવ્યા પછી એક પણ મૂવી જોવા ગઈ નથી.

સોફા પર બેસી જતાં હિરણ્ય બોલ્યા, ''ભાવના, શું ફિલ્મ જોયા વિના ચાલે જ નહીં ?''

''તમે 'હા' કે 'ના' કહોને ?''

''સાચું કહું તો ફિલ્મમાં એક્ટરોની કેટલીક હરકતો મને પસંદ નથી. ફિલ્મ વાસ્તવિકતાથી પણ વેગળી હોય છે. ગેરરસ્તે દોરનારી હોય છે. છતાં તારે જો જોવી જ હોય....''

''રહેવા દો. આવું આવું કહ્યા પછી નામરજીથી હા કહો તેનો શો અર્થ ?''

તે સાંજે પડોશમાંના રીટાબહેને બળતામાં ઘી હોમવા જેવું કર્યું.

"અરે, ભાવનાબહેન, ચાલો આવવું છે પિકચરમાં ? 'રૂપમ'માં કયું પિકચર ચાલે છે એ તો તમને ખબર હશે જ." રીટાબહેનનાં મુખ પર એવો આનંદ હતો જાણે થોડી સેકંડો પર જ એમણે સિક્સર ફટકાર્યો હોય ! "જાવ તમે હું નથી આવવાની." મેં પડેલા મોઢે કહ્યું. ક્યાંય સુધી રીટાબહેન અને રમેશચંદ્રને હું જતાં જોઈ રહી. બંને અપ-ટુ-ડેટ થઈને નીકળ્યાં હતાં. એમનાં વસ્ત્રોમાંથી ઊઠેલી પરફ્યુમની મીઠી સુગંધે મારા મનને વિચલિત કરી દીધું !

આ રીટાબહેન અને રમેશચંદ્ર અઠવાડિયામાં નહીં તો યે બે વાર પિકચર જોવા જાય છે. એક-બે વાર કલબમાં જાય. કોઈ એક દિવસ કોઈને ત્યાં ગેસ્ટ બને અને ડિનર લે અથવા કોઈનાં યજમાન બનીને કોઈને આમંત્રણ આપે. આજકાલ વળી રીટાબહેનને ડિસ્કોનો ચસ્કો લાગ્યો છે.

ખેર ! મને એમની અદેખાઈ આવ્યા વિના ન રહી. મારે તો બસ આ ઘરને ઘર જ ! ક્યાંય જવાનું જ નહિ. બહુ બહુ તો ચર્ચ. મારું મન ગ્લાનિથી ભરાઈ ગયું.

બીજે દિવસે રીટાબહેને મને પિકચરની સ્ટોરી કહી ઉમેર્યું, "ઓ ભાવનાબહેન, હિરણ્યભાઈ તો બહુ બિઝી રહેતા હોય એમ લાગે છે. બિચારાજીને તમારી મનોકામનાઓ પૂરી કરવાનો સમય રહેતો નથી ખરું ને ? મેં તો ક્યારેય તમને બહાર ફરતાં જોયાં જ નથી ?"

"શું થાય રીટાબહેન ?" મારા મુખમાંથી અનાયાસ જ એક નિશ્વાસ સરી ગયો. "એમને તો ધાર્મિક કાર્યોમાં જ વધુ રસ છે. એટલે મારો ખ્યાલ ક્યાંથી રહે ? પિકચરના નામથી જ એ તો ભડકે છે."

"ઓહ ગોડ! વેરી બેડ ! આ યુગમાં પણ માણસો પિકચરનાં નામથી ભડકે છે એ જાણીને હું તો બેભાન થઈ જાઉં એવું લાગે છે. આ જુઓને અમને તો વીકમાં બે વાર પિકચરમાં ગયા વિના ના ચાલે."

"તમારી તો વાત થાય કે ?"

"હા, ભાવનાબહેન અમોને એવું જ લાગે છે. પણ મને થાય છે કે હિરણ્યભાઈ પિકચર, કલબ, પાર્ટી વગેરેથી દૂર કેમ ભાગે છે? કદાચ તમારા સાસુજીની ચઢવણી પણ હોય." "શી ખબર?"

"મને કશી જ ગતાગમ પડતી નથી." અને મારું દિલ ઉદાસ થઈ ગયું.

રાતે હિરણ્ય આવ્યા. એમના મુખ પર થાક વરતાતો હતો. મેં કમને ઊઠતી હોઉં તેમ ઊઠીને જમવાનું પીરસ્યું. એમણે મને જમવાનો આગ્રહ કર્યો. "તું પણ જમવાની બાકી છે ને?"

"મને ભૂખ નથી" હું બોલવા ખાતર બોલી.

"અરે, 'ભૂખ નથી.' કહીને તારે આ શરીર પર જુલમ ગુજારવો છે? ચાલ, આવી જા." બાજુની ખુરશી પર એમણે મને બેસાડી દીધી.

એમના આ વર્તનથી મારો ગુસ્સો બાષ્પની જેમ ઊડી ગયો. રીટાબહેનના શબ્દો પણ ક્યાંય વિલીન થઈ ગયા. પરંતુ બીજા દિવસે મેં ચોપાટી પર ફરવા જવાનો પ્રસ્તાવ મૂક્યો. તે પણ એમણે ઠુકરાવી દીધો. ત્યારે મને એમના પર ખૂબ ગુસ્સો આવ્યો.

"ભાવુ, તું મને સમજવાની કોશિષ કર. હું જે કંઈ કરું છું તે ઈશ્વરના મહિમાર્થે કરું છું. આપણે આજે ઈવનીંગ વૉક કેન્સલ કરીએ. કાલે દૂર સુધી ફરવા જઈશું."

"ઈશ્વર, ઈશ્વર-ઈશ્વર હું તો હવે કંટાળી ગઈ છું. શું ઈશ્વરના કાર્યની જવાબદારી તમારે માથે જ આવી પડી છે? કોઈ બીજું છે જ નહીં કે તમે સર્વિસ પરથી આવીને આરામ કરવાને બદલે આમ દોડાદોડ કરો છો?"

"હિરણ્ય મારો ગુસ્સો જોઈને સહેજ ખિન્ન થઈ ગયા, છતાં સ્મિત કરતાં બોલ્યા: "આપણને ઈશ્વર જ્યાં સુધી બળ આપે ત્યાં સુધી સેવાકાર્યમાં રહેવું જોઈએ. જેટલું પણ આપણે પ્રભુને માટે કરીએ છીએ એટલું ઓછું

છે. ઈશ્વરની વાણી સાંભળીને આપણો પ્રત્યુત્તર એ હોવો જોઈએ કે 'પ્રભુ, હું આ રહ્યો, મને મોકલ.' ખ્રિસ્તના અગણિત ઉપકારોને આપણે ન ભૂલવા જોઈએ."

"પણ સર્વિસ પરથી તમે થાકીને આવો પછી આરામ કરવાનું નામ નહિ અને મિટીંગોની પરંપરા ચાલુ જ હોય. તમારી પોતાની પણ ચિંતા ન રાખો !"

"ઓહ ! તને મારો ખ્યાલ છે એ વાતથી જ મને રાહત થઈ જાય છે."

હવે મારે શું કહેવું એમને !

નાતાલને થોડા દિવસોની વાર હતી. ત્યાં એક રાતે મેં રીટાબહેનનાં ઘરમાં કોલાહલ થતો સાંભળ્યો. મારપીટનો અવાજ પણ આવતો હતો. હું હજુ બોલું તે પહેલાં મમ્મી (સાસુ) અને હિરણ્ય દોડતાં ગયાં. "રમેશભાઈ, બારણું ખોલો." કહેતાં દ્વારને ધક્કો દીધો. બારણું ખુલ્લું હતું. ધક્કો દેતાં ખૂલી ગયું.

અંદરના દશ્યનું વર્ણન હિરણ્યે મારી આગળ કર્યું ત્યારે હું અવાક્ બની ગઈ. ચકચૂર બનેલા રમેશચંદ્ર રીટાબહેનને મારતા હતા. રીટાબહેનનાં વસ્ત્રો પણ ફાટી ગયાં હતાં. રમેશચંદ્ર ખૂબ જ નશામાં હતા.

માંડમાંડ છોડાવીને મારા સાસુ રીટાબહેનને અમારા ઘરે લઈ આવ્યાં. રીટાબહેન મારી ગોદમાં માથું ઢાળીને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યાં અને બોલ્યાં, "ભાવનાબહેન મને માફ કરો. તમારું સુખીજીવન હું જોઈ શકતી ન હતી. હું તો ખૂબ દુઃખી છું. ખુશમાં રહેવાનો ડોળ કરતી હતી. માત્ર તમારા મનમાં ઈર્ષા પેદા કરવા હિરણ્યભાઈ જેવા સજ્જનને જોઈને મારો જીવ બળી જતો હતો. કારણ કે રમેશે મને કદી સુખી કરી નથી. લોકો આગળ મોભો જાળવવા એ મારા શોખ પૂરા કરે છે. પણ મનની શાંતિ મારી પાસે નથી. એ મને ઘણીવાર મારપીટ કરે છે પણ હું તમારાથી અને અન્ય લોકોથી એ વાત ગુપ્ત રાખતી." "પણ રીટાબહેન તમે તો કહેતા હતા ને કે..."

મને બોલતી અટકાવીને એ બોલ્યા. "હું તમારી આગળ ખોટું બોલતી હતી. પિક્ચર, કલબ, પાર્ટી વગેરે સ્થળે મને કોઈ આનંદ મળતો નહિ. રમેશને મન હું એક રમકડું જ છું."

રીટાબહેનનાં ગયાં પછી મને સચ્ચાઈનું ભાન થઈ ગયું. હિરણ્ય પ્રત્યેના મારા અયોગ્ય વર્તન બદલ પારાવાર પશ્ચાત્તાપ થવા લાગ્યો. હિરણ્ય જેવા પતિ મળ્યા તેના ગૌરવથી હજી પણ મારું રોમેરોમ પુલકિત થઈ ઊઠે છે. "હું હિરણ્યની ભાવના છું. એમ કહેતાં મને આનંદ અને ગૌરવની લાગણી થાય છે. હા. હિરણ્ય જેવા સારા યુવાન મારાં પતિ છે આથી હું ઈશ્વરની આભારી છું."

મનમાં પસ્તાવાની સરિતા વહેવા લાગી. લગ્ન પહેલાંનો ડેડી (સસરા)નો પ્રેમ યાદ આવ્યો. મારા માટે તેઓ સગી દીકરી જેવું હેત રાખતા. હું પણ એમને 'અંકલ-અંકલ' કહેતાં થાકતી જ નહિ. આજે પણ ડેડી મારા પર ખૂબ હેત રાખે છે. હું આજે એમના ઘરમાં વહુ બની ગઈ છું. એમણે મારી પાસે કેવી કેવી અપેક્ષાઓ રાખી હશે? એમને પણ મેં દુઃખી કર્યા એ વાતે મારું દિલ ખૂબ ઉદાસ થઈ ગયું.

ખરું પૂછો તો હું હિરણ્યના પ્રેમમાં પડી ગઈ હતી. મેં એમને જોયા નહોતા. ડેડી (સસરા)ના મુખે એમની વાતો જ સાભળતી હતી. પણ એમના વિષેની વાતો સાંભળી સાંભળીને મારું દિલ એમની તરફ ઢળી ગયું હતું. હું મનોમન હિરણ્યને ચાહવા લાગી હતી. હિરણ્યને પણ આ વાતની જાણ ન હતી. એમના સિવાય અન્યને પતિ તરીકે હું કલ્પી શકતી જ ન હતી.

મને યાદ આવ્યું કે હિરણ્ય વિના જિંદગી જીવાશે નહિ. એ ખ્યાલથી મેં કેવા ભયંકર વિચારો કરી નાખ્યા હતા! અરે! એને એક નજરે પણ નિહાળ્યા નહોતા ત્યારથી હૃદયમાં કેવી હલચલ મચી ગઈ હતી. કોલેજમાં કે ધાર્મિક પરિષદોમાં અનેક યુવાનોના સંપર્કમાં આવવાનું થતું છતાં કોઈને માટે નહીં અને ન જોયેલા હિરણ્ય માટે જ મને લાગણી સ્નેહ જાગ્યાં હતાં.

એવા હિરણને પ્રાપ્ત કર્યા પછી હું એમને મારા વર્તનથી ખુશ રાખવાને બદલે દુઃખી કરી રહી હતી. એ વાતનો મને વસવસો થયો.

સાચે જ મારી મમ્મીના શબ્દો યાદ આવ્યા. એ હંમેશા કહેતી કે, "બેટા, જે ઘરે તું જાય ત્યાં અમારું અને ખાસ કરીને આપણા ખ્રિસ્ત પ્રભુનું નામ રોશન થાય એવું વર્તન રાખજે."

આ બધું યાદ આવતાં મારુ દિલ રડી ઊઠ્યું ! મારી આંખોમાં આંસુ ઊમટી આવ્યાં. થયું કે બીજું તો ઠીક પણ હું એક ખ્રિસ્તી ઘરની યુવતી છેવટે કયા મોંઢે મેં હિરણ્ય જેવા ઈશ્વર-સમર્પિત પતિ આગળ પિક્ચરની વાત કરી ? મારે તો મારું જીવન પ્રભુને સમર્પિત કરી દેવું જોઇએ. ખ્રિસ્તના મહિમા માટે મારી જિંદગીની ક્ષણો વપરાવી જોઇએ. એને બદલે દુન્યવી વાનાંઓ પાછળ જીવનની કીમતી પળોને વેડફી દેવા હું તૈયાર થઇ હતી.

થોડા દિવસો પર ડેડીએ સ્વાપર્ણ માટે આગળ આવવાનું કહ્યું હતું ત્યારે પણ મેં મારું જીવન સંપૂર્ણ રીતે ઈશ્વરને સોંપવામાં આનાકાની કરી હતી. "હે પ્રભુ, મને માફ કરો."

થોડા દિવસો પછી નાતાલ આવવાની હતી. મને લાગ્યું કે એ પવિત્ર દિવસે જ હું મારું જીવન ખ્રિસ્તને કેમ અર્પણ ન કરું ?

અને હા, આજે નાતાલ છે. મારો નિર્ણય અફર છે. હું સ્વાર્પણ કરવા માગું છું. હિરણ્યને કારણે જ હું ઈશ્વરની વધુ નજીક આવી હોઉં એવું અનુભવું છું. ઈશ્વરે હિરણ્યને નિમિત બનાવીને મને એમના રાહમાં ચાલવાનું આમંત્રણ આપ્યું છે.

આજે નાતાલના-ખ્રિસ્ત જયંતીના પવિત્ર પર્વના દિવસે હું ખૂબ ખુશ છું. દુન્યવી બાબતોનો મોહ સાપની કાંચળીની પેઠે મેં દૂર ફગાવી દીધો છે. મને એમાં રસ પણ રહ્યો નથી. મને માત્ર ઈશ્વરના મહિમા માટેનું સાધન બનવું ગમે છે. કારણ કે, હું હિરણ્યની ભાવનાઓ સમજયા?

●●●

# જિંદગી

*કુ. ભારતી એફ. પટેલ, વ્યારા*

રૂપલ...રૂપલ એટલે કોણ ? રૂપલ એટલે રૂપનો કટકો ! એનું રૂપ ભલભલાને પાગલ કરી દે. એનાં રૂપનું તેજ જેના પર પડતું તે પોતાને પાવન સમજતું. ડોસીઓ એને જોઈને કહેતી. "માળું કેવું પડે. રૂપલને ઘડતાં ઈશ્વરે દિ'રાત એક કર્યા હશે..." યુવાનોના મુખમાંથી 'હાય' નીકળી જતી. કોઈ 'જેન્ટલમેન' એને જોતા તો એના મુખમાંથી નીકળી જ જતું "વ્હોટ એ ચાર્મિંગ ગર્લ !"

આ રૂપલની રૂપની ખ્યાતિ ચારેકોર ફેલાયેલી હતી. રૂપલને કશાની ખોટ નહતી. એના પિયરમાં એક હોટલ હતી અને વેપાર પણ ચાલતો હતો. આથી રૂપલ મનમોજી થઈને ફરતી હતી.

આ રૂપલ હતી રૂપાળી અને તેમાંયે એને પ્રતાપ જેવો પ્રેમાળ પતિ મળ્યો હતો. પ્રતાપ ખ્રિસ્તી કુટુંબનો એક સંસ્કારી યુવક હતો. એને રૂપલ માટે ખૂબ જ લાગણી અને પ્રેમ હતો. જોકે એણે પણ રૂપલના રૂપ પર વારી જઈને જ એની સાથે લગ્ન કર્યાં હતાં.

પ્રતાપ રૂપલને જોઈને ફુલ્યો સમાતો નહોતો. એ રૂપલને કહેતો : "રૂપલ, જાણે છે તને જોઈને હું શું વિચારું છું ?"

રૂપલ એની વાતોમાં રસ ધરાવતી નહિ. એ કહેતી. "હજુ તો કપડાં ધોવાના પડ્યાંછે. મને તમારી વાતો સાંભળવાનો બિલકુલ ટાઈમ નથી."

બિચારો પ્રતાપ નિરાશ તો થતો. છતાં સહન કરી લેતો. રૂપલને

પ્રતાપ જોડે મનમેળ નહોતો. ન જાણે કેમ પણ એને કદીયે પોતાના પતિ માટે આદર કે પ્રેમની લાગણી જ નહોતી ઉદ્ભવી. આને લીધે એ સાસરિયામાં કોઈની જોડે ભળતી પણ નહિ.

ક્યારેક નણંદ કહે કે, ભાભી જરા ચા મૂકી દેજો. હું જરા પાણી લેવા નળે જાઉં છું. તો ગુસ્સે થઈને એ કહેતી. "મારે શરીર છે, યંત્ર નથી. શું તમને જ થાક લાગતો હોય અને મને નહિ ?" આમ નાની નાની વાતોમાં એ કચવાટ કર્યા કરતી.

પ્રતાપ સંયુક્ત કુટુંબમાં રહેતો હતો. કુટુંબમાં બીજાં સભ્યો પણ હતાં. ભાભીઓ પણ હળીમળીને રહેતી. પરંતુ રૂપલને એ સંયુક્ત કુટુંબમાં રહેવું પાલવે તેમ ન હતું. એ પ્રતાપને અલગ રહેવા હંમેશા ટકોર કરતી. પરંતુ પ્રતાપને માટે મા-બાપ કે ભાઈબહેનોથી અલગ રહેવાની કલ્પના પણ દુઃખકર હતી. પોતાના સ્વાર્થ ખાતર એ અલગ ઘર માંડે તેમાં ખ્રિસ્ત રાજી રહે ખરા ? આ સંયુક્ત કુટુંબમાં હંમેશા પ્રાર્થના તેમ જ શાસ્ત્રવાચન થતાં. આથી બાઇબલને આધારે જ પ્રતાપનું સંસ્કાર સિંચન થયું હતું. એ કદીયે પોતાનો સ્વાર્થ જોવાનું શીખ્યો ન હતો.

લગ્ન બાદ છ મહિના તો લડાઈ ઝઘડામાં જ વીત્યા. રૂપલ ખાસ કરીને મૂંગો ઝઘડો કરતી, એ પ્રતાપ જોડે ઘણીવાર અબોલા પણ લેતી. પ્રતાપનું દિલ ચૂરચૂર થઈ જતું. પણ રૂપલને ક્યાં એની પરવા હતી !

એક દિવસ પ્રતાપ ઑફિસેથી થાકીને આવ્યો હતો. એણે રૂપલ પાસે પાણી માગ્યું. રૂપલે પાણી તો ના આપ્યું અને ઉપરથી કહ્યું. "જુઓ, મેં તમને કેટલીયે વાર કહ્યું છે કે, આપણે અલગ ઘરમાં રહીએ, પરંતુ તમે કદીયે દાદ દીધી છે ? મારી તો તમને પરવા...."

પ્રતાપના હાથ બૂટની દોરી છોડતાં અટકી ગયા. "પણ તું સાંભળ તો ખરી. પહેલેથી હું આ કુટુંબમાં સૌની સાથે રહ્યો છું. હવે અલગ થાઉં તો એમને પણ કેવું લાગે ? અહીં તને શાનું દુઃખ છે ?" "ના... હું તો

અહીં બહુ સુખમાં છું. અહીં તો નોકર ચાકર કામ કરેછે." રૂપલ કટાક્ષપૂર્ણ સ્વરે અભિનય સાથે બોલી. એણે ઉમેર્યું. "મારા ઘરે જે કામ મેં નહોતું કર્યું તે અહીં કરવું પડે છે. અને... મારા ઘરે તો મનફાવે તેમ પૈસા વાપરતી હતી. અહીં તો એક રાતી પાઈ પણ વાપરવા મળતી નથી. તમારી ૩૦૦/- રૂપરડી મારે શા ખપની ?"

"રૂપલ..." પ્રતાપનો ક્રોધ સીમા વટાવી ગયો. એનો એક તમાચો રૂપલના ગાલ પર પડ્યો." "ખબરદાર.... જો સામું બોલી છે તો. અહીં કાંઈ ભાજીમૂળા નથી, કે તું મનફાવે તેમ ઉખેડીને ફેંકી દે..." અને બસ થઈ રહ્યું. રૂપલ પિયર ચાલી ગઈ. લગ્ન પછીના માત્ર છ મહિના સાસરે રહીને એ પિયર ચાલી ગઈ.

પિયરમાં સૌ એને વીંટળાઈ રહ્યાં. કોઈને એની ભૂલ ના દેખાઈ. પિયરિયાં કહેતાં : "શું આટલા માટે આપણે એમને દીકરી દીધી'તી. આપણું માન રાખ્યા વિના આપણી દીકરીને એ પ્રતાપના બચ્ચાએ તમાચો માર્યો ?"... મા બોલી. "શું સમજે છે એ એનાં મનમાં ? દીકરી દીધી'તી તમાચો મારવા એમ ?" અને રૂપલને પિયરમાં સારો એવો આવકાર મળ્યો.

રૂપલ પિયરમાં રહેવા લાગી. કદીયે મા-બાપે કહ્યું નહિ કે, "બેટા, પુત્રી તો સાસરે જ શોભે. એનું સર્વસ્વ એનો પતિ જ હોય છે. સાસરિયામાં ગમે તેવી મુસીબત પડે તો પણ હસતા મુખે સહન કરવી જોઈએ. સ્ત્રી તો સહનશક્તિની મૂર્તિ કહેવાય. તું સૌની સાથે સંપીને તારા સાસરામાં સૌના દિલ જીતી લે. તું આમ રિસાઈને ચાલી આવે તો ખ્રિસ્ત પણ નારાજ થાય. ખ્રિસ્ત કેવું મોટું મન ધરાવતા હતા ? તારે પણ એવું મન રાખતાં શીખવું જોઈએ."

આવાં વાક્યો કદીયે એમનાં મુખમાં ન આવ્યું. તેઓ તો ઊલટું દીકરીને કહેતાં કે, તેં જે કર્યું તે ઠીક છે !

બીજી તરફ પ્રતાપને પોતાના વર્તન બદલ પસ્તાવો થતો હતો. પોતે રૂપલને તમાચો માર્યો તે ઠીક નથી કર્યું. એને સમજાવવાની પોતાની ફરજ હતી. વળી મમ્મી, પપ્પા પણ દબાણ કરતાં હતાં કે, વહુને તેડી લાવ. છેવટે પ્રતાપ રૂપલને તેડવા એને ગામ ગયો. પહેલાં તો રૂપલે ખૂબ આનાકાની કરી. છતાં ના છૂટકે એ તૈયાર થઈ.

પરંતુ રૂપલ એનાં ઘરમાં ભળી જ નહિ, એનું વર્તન પહેલાં જેવું જ હતું. પરંતુ જ્યારે સૌને ખબર પડી કે, રૂપલ 'મા' બનનાર છે. ત્યારે સાસરિયામાં સૌ આનંદમાં ડૂબી ગયાં. કોઈને એની ક્ષતિઓ વિશે કાંઈ ફરિયાદ નહોતી. કોઈનાં દિલમાં લેશમાત્ર કડવાશ નહોતી. 'ઘરની વહુ મા બનશે.' એ વિચારે સાસુ-સસરા ખૂબ ખુશ રહેતાં. પ્રતાપ તો પોતાને 'પપ્પા' કહેનાર કોઈ હશે એ કલ્પનાથી જ આનંદવિભોર થઈ ગયો હતો.

પછી રૂપલ પ્રસૂતિ માટે ફરી પિયર સિધાવી ગઈ. જ્યારે પ્રતાપને 'પુત્રી જન્મ'ની ખબર પડી, ત્યારે તરત જ તેણે બપોરની બસ પકડી અને પોતાના સાસરા ભણી ડગ માંડી દીધાં. દીકરીનું રૂપ જોઈને પ્રતાપ ઝૂમી ઊઠ્યો. રૂપલને એણે કહ્યું પણ ખરું. "રૂપલ, આ તો તારી જ કાર્બન કોપી છે, પરંતુ ફૂલાઈશ નહીં હોં. શરીરનો બાંધો તો મારા જેવો જ થશે. અને ... અને આનું નામ હું શું રાખીશ ખબર છે ?"

"શું !" બિલકુલ ઉત્સાહ વિના રૂપલે પૂછયું.

"પિન્કી... હું તો એને પિન્કી જ કહીશ." અને પુત્રી પરથી પત્ની તરફ નજર ખસેડી. પરંતુ ત્યારે રૂપલ જાણે ભારે તંદ્રામાં ડૂબી ગઈ હોય તેમ આંખો મીંચીને પડી રહી. પ્રતાપની વાતો સાંભળવામાં એને જાણે રસ જ નહોતો.

પિન્કી ચાર મહિનાની થઈ છતાં રૂપલ સાસરે આવી નહોતી. આથી પ્રતાપે જ એને તેડવા જવાનું વિચાર્યું. એ ફરીથી રૂપલના ઘરે જવા મિત્ર સાથે નીકળ્યો. પરંતુ રૂપલના ઘરનું વાતાવરણ એને તંગ લાગ્યું.

એણે રૂપલને કહ્યું, "રૂપલ, હું તને અને આપણી પિન્કીને તેડવા આવ્યો છું." "મારે નથી આવવું." રૂપલ સ્પષ્ટ શબ્દોમાં બોલી ગઈ. પ્રતાપને ઓશિયાળા થઈ જવા જેવું લાગ્યું.

"પણ રૂપલ તું સમજતી કેમ નથી ? હવે તો તું જરા ગંભીરતાથી વિચાર."

"એણે કશું વિચારવાનું નથી. તમારે પિન્કી જોઈતી હોય તો લઈ જાવ." ચાર મહિનાની પિન્કી તરફ આંગળી ચીંધતા રૂપલની બહેન પ્રમિલા બોલી.

પ્રતાપ લાચાર બની ગયો. ચાર મહિનાની દીકરીને એ લઈ જઈને ભાભીઓને કે મા-બાપને ભારરૂપ થવા માગતો નહોતો. ઉદાસ હૃદયે એ ફરી પોતાના ઘેર જવા નીકળ્યો. એના દિલમાં વેદના માતી નહતી. કોઈક એના સમગ્ર દેહ પર ધીમે ધીમે કરવત ચલાવી રહ્યું હોય એવું તે મનહૂસ કરી રહ્યો. એ મા-બાપને કદીયે આવી બાબતો વિશે જણાવતો નહીં. એમનાં દિલ દુઃખવવાનું એને પાલવે તેમ નહોતું. પરંતુ એનો એક જિગરી દોસ્ત હતો. એ સેમસન હતો. એ હંમેશા એને સાથ આપતો. માત્ર સુખમાં જ નહિ પ્રતાપના દુઃખમાં પણ ભાગીદાર હતો. એણે પણ "ભાભી"ને ઘણું સમજાવ્યા. છતાં પથ્થર પર પાણી. પ્રતાપની વેદના જોઈને સેમસનનું હૈયું પણ દર્દથી ભરાઈ જતું. એ પ્રતાપને આશ્વાસન દેતો. એના દિલની શાંતિ માટે મનોમન ઈશ્વરને પ્રાર્થના કર્યા કરતો. એ સિવાય બિચારો બીજું કરી પણ શું શકે ? મિત્રધર્મ બજાવ્યાનો એને સંતોષ રહેતો.

પ્રતાપ વિચારોમાં જ ખોવાયેલો રહેતો. રૂપલ... તારી પાસે રૂપ છે-ગુણ નથી. રૂપની જેમ ગુણ હોત તો "સોનામાં સુગંધ ભળ્યા" જેવું થાત. તને મારે માટે લાગણી હોત તો ? તો આજે મારે આમ એકલવાયી જિંદગી વિતાવવી ના પડી હોત. આ જિંદગીમાં રહ્યું છે જ શું ? જેને હું 'મારું' સમજતો હતો તે પણ પરાયું જ રહ્યું. તારા માટેના સ્નેહને લીધે મેં

તને ક્ષમા બક્ષી. તેં મને શું આપ્યું ? માત્ર દર્દનો સાગર કે બીજુ કાંઈ ? રૂપલ, તું આ નથી સારું કરી રહી. તને એક દિવસ પસ્તાવો થશે અને ત્યારે ઘણું મોડું થઈ ગયું હશે. રૂપલ ... તેં મારી જિંદગીને વેરણછેરણ કરી મૂકી. શું તને મારા માટે જરાયે લાગણી નથી ? તું તારા આંતરમનને ચકાસી જો. તારા દિલને જ પૂછ : શું દિલના કોઈ ખૂણામાં પણ મારા માટે કૂણી લાગણી નથી ? હું તને હજુ ચાહું છું. રૂપલ. મારા દિલમાં તારે માટે કડવાશ નથી. તું ચાલી આવ. એકવાર પિન્કીને લઈને આવ રૂપલ.... મારે મારી પિન્કીને જોવી છે. તું ચાલી આવ રૂપલ...."

એનું દિલ ચિત્કારી ઊઠ્યું. અચાનક એને હાંફ ચઢી. પછી એ બેભાન બનીને પલંગમાં પડી રહ્યો. પાછળથી એ ગંભીર માંદગીમાં પટકાયો. એને બોલવાના હોશ પણ ના રહ્યા.

"રૂપલ, પ્રતાપ ખૂબ જ ગંભીર બીમારી ભોગવી રહ્યો છે. જો આ પત્ર વાંચ." પ્રમિલા તુચ્છકારભર્યું હસી.

રૂપલે "માધુરી"માંથી માથું ઊંચું કર્યું.

"ફેંક એ લેટરને કચરાપેટીમાં" કહીને એણે ફરીથી "માધુરી"માં માથું ખોસી દીધું. ત્યાં જ પિન્કીના રોવાનો અવાજ સાંભળ્યો.

"અરે પ્રમિલા, જરા જોને, ટ્વિંકલ જાગી ગઈ લાગેછે. એને અહીં લઈ આવ."

પ્રમિલા એને ઊંચકીને લાવી. રૂપલને "પિન્કી" નામ પસંદ નહોતું. આથી એ પોતાની લાડકીને "ટ્વિંકલ" કહેતી. ઘડીભર એ દીકરીનાં મુખને તાકી રહી. રૂમમાં એકલી જ હતી. પોતાની પુત્રીના મુખને એ એકીટશે નિહાળી રહી. અસ્સલ રૂપલ જ... પણ શરીરનો બાંધો ખરેખર પ્રતાપ જેવો સૌષ્ઠવભર્યો હતો. પ્રતાપ... પોતાની પુત્રીનો પિતા હતો. એની લાડકી ટ્વિંકલના પપ્પા ગંભીર-ગંભીર માંદગી ભોગવે છે ? ઓહ... એક નિશ્વાસ એના મુખમાંથી નીકળી ગયો. એક ઠેસ દિલને

લાગી. એણે પત્ર લીધો. "પ્રતાપ ખૂબ જ બીમાર છે. તમને અને પિન્કીને ખૂબ યાદ કરે છે. જલદી ચાલી આવો..." અક્ષરો નજર સામેથી ખસતા નહોતા. એણે ફરીથી પત્ર વાંચ્યો.

પોતાનો પતિ બીમાર હોય-ગંભીર માંદગી ભોગવતો હોય અને પોતે નિરાંતે બેસી રહે એ કેટલે અંશે શોભાસ્પદ છે? કદાચ "કંઈક" થઈ ગયું તો પોતાની બાળકી કોને પપ્પા કહેશે? પોતે શા માટે સુહાગી જિંદગીને વેડફી રહી છે? સંસારના ખાલીપણામાં એ પ્રેમનો રંગ પૂરીને જિંદગીને આનંદદાયક શા માટે નથી બનાવતી? પોતાને પ્રેમાળ પતિ છે. એણે કેટલાયે ઉપકારો કર્યા છે. તે ભૂલીને માત્ર એના એક તમાચાને શા માટે યાદ રાખવો જોઈએ? મારી ભૂલ હતી. મેં એમને જે કષ્ટ આપ્યું તેના પ્રમાણમાં એક તમાચાનો શો હિસાબ? ઓહ! પોતાની જિંદગી કઈ દિશામાં પ્રયાણ કરી રહી છે તેનું પોતાને જ ક્યાં ભાન છે? પોતાનું યૌવન આજે છે. આ મહેકતું રૂપ આજે છે. કાલે આ રૂપ-યૌવનનું કુસુમ કરમાઈ જશે. ત્યારે મારા તરફ નજર નાખવાની કોઈનેય ફુરસદ પણ નહિ હોય, અને ત્યારે હું તડપી ઊઠીશ. મારા પ્રતાપની એક પ્યારભરી દૃષ્ટિ માટે.... પણ .... પણ એ જ દુનિયામાંથી ના... ના, મારે કારણે એ દુઃખી થાય. ઓહ પ્રભુ, એની આંખોમાં અશ્રુના પૂર ઊમટ્યાં હતાં.

એ વિચારી રહી; મારે જિંદગી પતિ જોડે કાઢવાની છે. મા-બાપ કે ભાઈ-બહેન જોડે નહિ. જ્યારે પોતાની જિંદગીનો સંધિકાળ આવશે ત્યારે શું મા-બાપ દુનિયામાં હશે? શું આ ભાઈ-બહેન પોતાને સહારો આપશે? પોતાની બાળકીનું ભાવિ અનિશ્ચિત છે. મેં રૂપના અભિમાનમાં ખોટું પગલું ભર્યું. ના... મારા આવા અસંસ્કારી કુટુંબનો ઓછાયો પણ હું મારી બાળકી પર ના પડવા દઉં. મારા કુટુંબમાં ધાર્મિકતા કેમ નથી? ખ્રિસ્તી માત્ર નામના જ છે. ખ્રિસ્તી જીવનનું કોઈ લક્ષણ મારા કુટુંબમાં નથી જ. હું મારા કુટુંબ માટે પ્રાર્થના કરીશ. જરૂર એમનું પરિવર્તન થશે.

મેં તો મારી જિંદગી બગાડી જ નાખી - જોડે પ્રતાપની જિંદગીમાં પણ વિષ રેડ્યું. પ્રભુ તો કહે છે કે, પત્નીએ પતિની આજ્ઞાઓ માનવી. પ્રતાપે ક્યારેય પોતાને આજ્ઞા કરી નથી. એ તો પ્રેમથી બોલવાનું જ શીખ્યો હતો. એ કેવી મીઠી મજાક કરતો ! પોતે રિસાઈ જતી તો મનાવવા માટે કેવી યુક્તિઓ કરતો ? ના, ના મમ્મી-પપ્પાએ જે કહેવું હોય તે કહે. ભાઈ-બહેન ગમે તે કહે, મારે મારા પ્રતાપ પાસે જવું છે. હા, હું અબ ઘડી જ જઈશ. એણે મનોમન ઈશ્વરને પ્રાર્થના કરી. એને પૂરો વિશ્વાસ હતો કે, પ્રતાપ એની રાહ જોતો હશે.

એણે સૂટકેસ તૈયાર કરી. બેબીને પણ તૈયાર કરી. પ્રમિલાએ પૂછ્યું, "ક્યાં જવાની તૈયારી કરી ?"

રૂપલે સ્વસ્થતાથી ઉત્તર વાળ્યો, "પિન્કી"ના પપ્પાના ઘરે. અને એણે માતાપિતાને તેમ જ ભાઈઓને પણ જાણ કરી કે, પોતે સાસરી જઈ રહી છે. સૌએ એને રોકવાનો પ્રયાસ કર્યો. રૂપલનાં કુટુંબી સ્વાર્થના સગાં હતાં. તેઓ ઇચ્છતાં હતાં કે પ્રતાપ છૂટાછેડાનું પગલું ભરે તો બેબીના ભરણપોષણ પેટે પૈસા મળી શકે. આથી જ તેઓ રૂપલને વારી રહ્યાં હતાં. પરંતુ રૂપલનાં મનોચક્ષુ ખુલી ગયાં હતાં. પ્રતાપ માટે પ્રેમનું ઝરણું એના દિલમાં પૂરજોશમાં વહી રહ્યું હતું. એ એકની બે ન થઈ અને સાસરે જવા નીકળી પડી.

એ સાસરે પહોંચી તો જાણે કશું જ ના બન્યું હોય તેમ ઘરનાં કુટુંબીજનોએ હેતથી એને આવકારી. વળી, સ્ટેશન પર તો દિયર લેવા આવ્યો હતો. એમને કદાચ ખાતરી જ હતી કે એ આવશે જ ! પિન્કી તો એકના હાથમાંથી બીજાનાં હાથમાં ખેલતી હતી.

રૂપલ સીધી પ્રતાપના રૂમમાં ગઈ. પલંગ પર પ્રતાપ વિચારમગ્ન થઈને સૂતો હતો. એનું મુખ નિસ્તેજ લાગતું હતું. ક્ષણભર રૂપલ સહાનુભૂતિપૂર્વક એને જોઈ રહી. એનું દિલ ભરાઈ આવ્યું. એણે પ્રતાપના

પગ પકડી લીધા, પ્રતાપ ચોંકી ગયો. રૂપલ કશું બોલી શકી નહીં. માત્ર એનાં આંસુ જ પ્રતાપ સાથે વાતો કરી રહ્યાં હતાં. પ્રતાપે બેસવાનો પ્રયાસ કર્યો, રૂપલે એને ટેકો આપ્યો.

"રો નહિ રૂપલ... આપણે ભવિષ્યને ઊજળું બનાવીએ. આપણા ભાવિ જીવનને આકાશમાં આનંદ ને ઉલ્લાસનો દિવાકર ચમકશે. એ રોશનીમાં તારો પ્રેમ અને આપણી પિન્કીનો કિલકિલાટ વધારો કરશે. ભૂતકાળને ભૂલી જા. મારા દિલમાં તારા માટે પહેલાં જેટલું જ સ્થાન છે. હું હજી તને ચાહું છું..." અને ત્યાં તો પિન્કીને લઈને ભાભી આવ્યાં. એણે ચુંબનોથી પિન્કીને નવડાવી દીધી.

અને ત્યારે પ્રભાકરનાં કિરણોથી ખુશ થયેલી વસુંધરાના મુખ પર સ્મિત વર્તાઈ રહ્યું હતું.

•••

6BGV2

Printed by " Mercury " ☎ : 5624029